

# દાનિયેલનું પુસ્તક

અને

# પ્રભુનું પુનરાગમન

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

IBGD2

# દાનિયેલનું પુસ્તક
# અને
# પ્રભુનું પુનરાગમન

લેખક : રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
એમ.એ.(જર્નાલિઝમ) યુ.એસ.એ.
કનાન, મિશન રોડ, નડિયાદ-૩૮૭૦૦૨.

: પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

# દાનિયેલનું પુસ્તક
# અને
# પ્રભુનું પુનરાગમન

: પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

◆

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર - ૧૯૮૨

પુન : મુદ્રણ : જુન ૨૦૦૩

◆

કિંમત રૂા. ૩૫-૦૦

મુદ્રક :

સુરમીલ એસ. ક્રિશ્ચિયન

૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,

ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.

ફોન : ૨૭૭૩૫૨૫

# બે બોલ

દાનિયેલનું પુસ્તક સામાન્ય રીતે સમજવું અઘરું છે. જો કે તેમની અમુક ઘટના નાનપણથી આપણને મોઢે છે. જ્યારે પુસ્તક રહસ્યોથી ભરેલું છે. જેને પ્રભુના પુનરાગમનની વાત સાથે સીધો સંબંધ છે.

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન સાહેબે ''દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન'' એ વિષય પર છણાવટ કરતું માહિતીસભર તથા સચિત્ર પુસ્તક આપણી સમક્ષ મુક્યું છે. આ તેની બીજી આવૃતિ છે.

લેખકે પ્રભુના પુનરાગમન સંબંધી ઘણું લખાણ અત્યાર સુધી લખ્યું છે. તેથી આ વિષયનું તેમની દૃષ્ટિમાં જે મહત્વ છે તથા આજના સમયમાં તેનું જે મહત્વ છે તે સમજાય છે. આ પુસ્તક દ્વારા તેઓએ દાનિયેલના પુસ્તકને સમજવામાં ઘણી બધી મદદ કરી છે.

આ દ્વિતિય આવૃતિના સમયે તથા જે સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તેમાં આ પુસ્તક નું જે મહત્વ છે તેના સંદર્ભમાં આનંદની લાગણી અનુભવતા તમારા હાથમાં આ પુસ્તક મુક્યું છે.

પ્રભુના સેવક સાહિત્ય દ્વારા કરેલી ખ્રિસ્તી સમાજની મોટી સેવા માટે પ્રભુના આભારી છીએ તથા તેઓના ઋણી છીએ. પ્રભુ આ પુસ્તકના વાંચન દ્વારા તેના વાંચકોને ઉત્તેજન અને દોરવણી પુરા પાડે એ જ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પ્રસંગે આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રીમતી વિનીબહેન સેમ્યૂઅલ બેન્જામીન (યુ. એસ. એ.) તરફથી રૂા. ૧૦,૦૦૦/- તથા શ્રી કલેરાબહેન ક્રિશ્ચિયન (યુ. એસ. એ.) તરફથી રૂા. ૧૦,૬૦૦/- નું દાન મળ્યું છે. તેઓનો આભાર માનું છું તમારી દાન ની સેવાદ્વારા પ્રભુનો મહિમા થાય એજ પ્રાર્થના છે.

સાહિત્ય સેવા સદન<br>એલિસબ્રીજ,<br>અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ્રેમભાવથી<br>**રેવ. હેમંતકુમાર જે. પરમાર**<br>સેક્રેટરી

## મારે કહેવાનું કે-



આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત જલદી આવવાના છે. તેમણે જ કહ્યું હતું ને કે, "જુઓ, હું થોડી વારમાં આવું છું." ચોક્કસ ક્યારે આવશે તે તો કોણ કહી શકે ? તારીખ પણ કોણ આપી શકે ? પરંતુ તેમણે કહ્યું હતું, "એમ જ જ્યારે તમે પણ તે બધાં થતાં જુઓ, ત્યારે તમારે જાણવું કે તે પાસે એટલે બારણા આગળ જ છે" (માથ્થી ૨૪:૩૨-૩૩. લૂક ૨૧:૨૯-૩૧).

પ્રભુના લોકો વધારે જાગ્રત બને અને તૈયાર રહે, તેમ જ જેઓ પ્રભુથી દૂર છે તેઓ વહેલા પ્રભુની પાસે આવે, તે હેતુથી આ પુસ્તક લખાયું છે. દાનિયેલના પુસ્તકમાં જગતનાં થનારાં રાજ્યો, - અને ખાસ કરીને અંત સમયે ગોઠવાનાર રાજકીય તખ્તો ભવિષ્યવચનોના રૂપમાં આપવામાં આવ્યો છે, અને પુનરાગમનને સ્પર્શતાં ઘણાં ભવિષ્યકથનો પણ આપ્યાં છે. વળી, પ્રકટીકરણનું પુસ્તક સમજવાની ચાવી દાનિયેલના પુસ્તકમાં મળે છે. તેથી આ પુસ્તક વાચકો અને બાઈબલપ્રેમીઓને સાદર કરું છું. પ્રભુ ઈસુના પુનરાગમનની શ્રેણીનું આ પહેલું પુસ્તક છે.

લેખકનાં પુસ્તકો બાઈબલપ્રેમીઓએ ભારે ઉમળકાથી આવકારી લીધાં છે, તેથી હૈયાના ઊંડાણથી સૌનો આભાર માનું છું.

**- જયાનંદ આઈ. ચૌહાન**

# અનુક્રમણિકા


મારે કહેવાનું કે - iii

અનુક્રમણિકા v-vii

**ભાગ પહેલો** પૃષ્ઠ

૧. પુસ્તકના લેખક વિશે કંઈક ૧

૨. પુસ્તકની ભાષા ૪

૩. આ પુસ્તકનો લેખક દાનિયેલ હતો કે બીજો કોઈ ? ૪

૪. ભવિષ્યવચનોનો અભ્યાસ અને દાનિયેલનું પુસ્તક ૯

૫. 'દાનિયેલ' અને 'પ્રકટીકરણ' એકબીજાનાં પૂરક ૧૦

૬. પ્રભુ ઈસુના પુનરાગમનનો અભ્યાસ શા માટે ? ૧૨

૭. દાનિયેલના પુસ્તકની રૂપરેખા ૧૩

૮. આપણા અભ્યાસનું ક્ષેત્ર ૧૭

૯. ઇતિહાસનાં વહેણનું સંચાલન કોણ કરે છે? ૧૮

**ભાગ બીજો**

૧૦. નબૂખાદનેસ્સારે સ્વપ્નમાં જોયેલી મૂર્તિ: ૨૨
ભવિષ્યમાં થનારાં ચાર સામ્રાજ્યો; અંતકાળનાં દશ રાજ્યો;
અને છેલ્લે આકાશનું રાજ્ય.

૧. પહેલું સામ્રાજ્ય : ખાલદી વંશ (સોનાનું માથું) ૨૬

૨. બીજું સામ્રાજ્ય: માદી-ફારસીઓ (રૂપાનાં છાતી અને ભુજ) ૨૯

ક. દુનિયાની અજાયબીસમું બાબિલોન શહેર ૩૧

ખ. માદી રાજા કોરેશ ખાલદીઓનું રાજ્ય જીતી લે છે. ૩૩

ગ. કોરેશ યહૂદીઓને છુટકારો પમાડે છે:
મંદિર પુનઃ બાંધવા પરવાનો. ૩૬

૩. ત્રીજું સામ્રાજ્ય : ગ્રીકો (પિત્તળનું પેટ અને જાંઘભાગ)
મહાન એલેકઝાન્ડર અને ગ્રીક સલ્તનત ૩૭
૪. ચોથું સામ્રાજ્ય : રોમનું લોખંડી રાજ્ય (લોખંડના પગ) ૩૯
૫. રોમન રાજ્યનું થનારું ઉત્થાન : અંતના સમયમાં થનારાં
દશ રાજ્યો: (પગની પાટલીનાં દશ આંગળાં) ૪૧
ક. દશ રાજ્યો ૪૩
ઌ ફૂટનોટ : યુરોપનાં સંયુક્ત રાજ્યોની વસતી ૪૭
આરબસંઘની વસતી ૪૭
૬. વગર હાથોએ કોતરી કાઢવામાં આવેલી શિલા :
આખી પૃથ્વીમાં આકાશનું રાજ્ય.
ક. (i) આ શિલા હજી સુધી કોતરી કાઢવામાં આવી નથી. ૫૨
(ii) મંડળી કે ખ્રિસ્તી ધર્મ દ્વારા આ ભવિષ્યવાણી
પૂરી થઈ નથી. ૫૩

૧૧. દાનિયેલને થયેલું ચાર જાનવરો વિશેનું સંદર્શન.
ભવિષ્યમાં થનારાં ચાર મહાસામ્રાજ્યો અને તેમનો અંત. ૫૪
મહાસમુદ્ર; આકાશના ચાર વાયુ.
૧. પહેલું પ્રાણી : સિંહ - (ખાલદી વંશ અને બાબિલોનનું
સામ્રાજ્ય) ૫૭
૨. બીજું પ્રાણી: રીંછ - (માદી-ફારસી સામ્રાજ્ય) ૫૯
૩. ત્રીજું પ્રાણી : ચિત્તો - (ગ્રીસનું સામ્રાજ્ય) ૬૦
૪. ચોથું પ્રાણી : ભયંકર પ્રાણી - (રોમનું લોખંડી સામ્રાજ્ય) ૬૩
૫. દશ શિંગડાં, અને ફૂટી નીકળેલું બીજું એક શિંગડું :
(પાછલા સમયમાં થનારા દશ રાજાઓ: અને બીજો એક રાજા) ૬૬

૬. ખ્રિસ્તનું આવવું, ખ્રિસ્તવિરોધીનો નાશ, અને આકાશી રાજ્યની સ્થાપના. ૭૦

(i) એક જ વિષય વિશે ભવિષ્યકથન : બે પ્રકારની રજૂઆત ૭૧

૧૨. દાનિયેલના આઠમા અધ્યાયનું સંદર્શન : ૭૨

૧. બે શિંગડાંવાળો મેંઢો ( માદી-ફારસી સામ્રાજ્ય ) ૭૪

૨. બકરો ( ગ્રીસના સામ્રાજ્યનો મહાન એલેકઝાન્ડર ) ૭૪

૩. ચાર શિંગડાં ( ગ્રીસના સામ્રાજ્યના ચાર ભાગલા ) ૭૫

૪. નાનું શિંગડું ( અંતકાળમાં આવનાર ખ્રિસ્તવિરોધી ) ૭૫

૫. ઉપરની ચારે બાબતના ખુલાસા આપતી કલમો ૭૫

૬. ખુલાસો : ૭૬

ક. મેંઢો, બકરો, ચાર શિંગડા, નાનું શિંગડું – એ બધાંનો અર્થ:

૭. બે હજાર ત્રણસો સાંજ સવાર ૮૭

૧૩. દાનિયેલના નવમા અધ્યાયમાંનું સંદર્શન : ૮૯

'સિત્તેર અઠવાડિયા' સંબંધી ભવિષ્યવચન ( નહેમ્યાના સમયમાં યરુશાલેમને ફરી બાંધવાના હુકમથી માંડીને પ્રભુ ઈસુના પુનરાગમન સુધીના સમય અંગે ભવિષ્યવચનો ).

૧. આ[illegible]પાઠ વિશે પ્રસ્તાવના ૮૯

૨. 'સિત્તેર અઠવાડિયાં' અંગે ભવિષ્યવચનો આપવાની જરૂર કેમ ઊભી થઈ ? ૯૦

૩. 'સિત્તેર અઠવાડિયાં' સંબંધીનું ભવિષ્યવચન ૯૫

૧૪. દાનિયેલના પુસ્તકના ૧૦ માથી ૧૨ મા અધ્યાયોનો અછડતો ખુલાસો. ૧૨૫

૧. દશમો અધ્યાય ૧૨૫

૨. અગિયારમો અધ્યાય ૧૨૬

૩. બારમો અધ્યાય ૧૩૩

# ભાગ પહેલો

## ૧. પુસ્તકના લેખક વિશે કંઈક

દાનિયેલના પુસ્તકનો લેખક દાનિયેલ પોતે જ હતો. પુસ્તકમાંથી ઘણી વાર તેણે પોતાનો ઉલ્લેખ કર્યો છે. (દાખલા તરીકે ૭:૮, ૯, ૧૩, ૧૫, ૧૬, ૨૨, ૨૮. ૮:૧, ૨, ૫, ૧૮, ૨૭. ૯:૨, ૩, ૨૦. ૧૦:૨, ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૮. ૧૧ : ૧, ઈત્યાદિ.)

આ પુસ્તક ઈ. પૂર્વે લગભગ ૫૩૩ના અરસામાં લખાયું હતું. પ્રબોધક દાનિયેલ ભારતના ગૌતમ બુદ્ધ કરતાં લગભગ ૬૧ વર્ષ મોટો હતો. ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. પૂર્વે ૫૬૬માં થયો હતો, જ્યારે દાનિયેલ ઈ. પૂર્વે ૬૨૭ અથવા ૬૨૬માં જનમ્યો હતો. ગૌતમ જ્યારે જ્ઞાનની શોધમાં વનોવન અને દેશેદેશમાં ભ્રમણ કરતા હતા, એ અરસામાં દાનિયેલે આ પુસ્તક લખ્યું.

ખાલદી વંશનો બાબેલનો રાજા નબૂખાદનેસ્સાર ઈ. પૂર્વે ૬૦૬માં પાલેસ્તાઈનમાંના યહૂદિયાના રાજા યહોયાકીમ પર મોટું લશ્કર લઈને ચઢી આવ્યો. તે યહૂદિયા પર ભારે વિજય મેળવીને ઘણાબધા ચુનંદા યહૂદી જુવાનોને બંદિ તરીકે લઈ ગયો. એમાં દાનિયેલ અને એના ત્રણ મિત્રો (શાદ્રાખ, મેશાક, અને અબેદ-નગો) પણ હતા. આ બધા જુવાનો કાં તો રાજવંશી હતા, અથવા તો અમીરવર્ગના હતા. તેઓ બધા સર્વ બાબતમાં જ્ઞાનસંપન્ન, વિદ્યાપારંગત, વિજ્ઞાનમાં પ્રવીણ, નીરોગી અને ખૂબસૂરત હતા. બંદિઓ ઉપરાંત, નબૂખાદનેસ્સારે યરુશાલેમના મંદિરનાં સોનારૂપાનાં પાત્રો તેમ જ ઘણું બધું દ્રવ્ય પણ યહૂદિયામાંથી એકત્ર કર્યું, અને પોતાની સાથે બાબિલોન લઈ ગયો.

દાનિયેલ તથા અન્ય જુવાનોને બાબિલોનમાં લઈ જઈ સર્વ પ્રકારની વિદ્યામાં પારંગત કરવામાં આવ્યા, અને ખાલદી ભાષા પણ શીખવવામાં આવી. પાછળથી દાનિયેલ અને તેના મિત્રો ખાલદી રાજ્યમાં મોટી મોટી પદવીઓએ પહોંચ્યા હતા. દાનિયેલને

'બેલ્ટશાસ્સાર' એવું ખાલદી નામ પણ આપવામાં આવ્યું હતું. તે યહૂદાના કુળનો હતો.

દાનિયેલ કદાચ વીસ-એકવીસ વર્ષની ભરયુવાન વયે બાબિલોનમાં લવાયો હશે. પછીનાં વર્ષોમાં તો તે ખૂબ ઊંચી પદવીએ પહોંચી ગયો હતો. બાબિલોનના સામ્રાજ્યનો વિસ્તાર આખી દુનિયા પર હતો, અને નબૂખાદનેસ્સારની આણ પૃથ્વી ઉપર સર્વત્ર વર્તાતી હતી. એવા મહાસામ્રાજ્ય ઉપર ત્રણ સરસૂબાઓ નીમવામાં આવ્યા હતા, અને દાનિયેલ તેઓમાંનો એક હતો, માદી દાર્યાવેશ રાજાએ તો તેને આખા સામ્રાજ્ય ઉપર મુખ્ય અધિકારી તરીકે નીમ્યો હતો. (૬:૩). આ સમયે દાનિયેલની ઉમર આશરે ૯૦ વર્ષની થઈ હશે. પરમેશ્વરના વચન પ્રમાણે યહૂદીઓ ઉપર કોપ તરીકે આવેલા સિત્તેર વર્ષના બંદિવાસના ગાળા દરમિયાન દાનિયેલ બાબિલોનમાં જ હતો. પાછલો કેટલોક સમય તેણે ઈરાનમાં કાઢ્યો હતો.

બાઇબલમાં દાનિયેલને ઈશ્વરના 'અતિ પ્રિય' માણસ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. ગાબ્રિયેલ દૂત તેને કહે છે, ''કેમ કે તું અતિ પ્રિય છે'' (૯:૨૩. ૧૦:૧૧,૧૯). તેનું જીવન પણ કેટલું બધું કલંક રહિત અને આદર્શ હતું ! પ્રભુ ઈસુને બાદ કરતાં, બાઇબલમાં કોઈ માણસને દોષ કે કલંક વગરનો બતાવ્યો હોય તો તે આ દાનિયેલ હતો. તેના દુશ્મનો પણ તેના જીવન સામે આંગળી ચીંધી શક્યા નહોતા, કે કોઈ દોષ કાઢી શક્યા નહોતા (૬:૪).

દાનિયેલ રાજા-મહારાજાઓ સાથે બેસનાર માણસ હતો, રાજ્યમાં તેણે રાજાથી બીજા નંબરનો હોદ્દો ભોગવ્યો હતો, અને તેણે ઘણું ભવ્ય જાહેર જીવન ગાળ્યું હતું. વળી તે રાજનીતિજ્ઞ, રાજદ્વારી અને નિપુણ અધિકારી હતો. છતાં તેનું જીવન નિર્મળ અને ભવ્ય હતું. સવિશેષ તેણે અતિ ધાર્મિક અને ઊંડું આત્મિક જીવન ગાળ્યું હતું. તે ઈશ્વરના પરમ સાન્નિધ્યમાં ચાલનારો અને સર્વ પ્રસંગોમાં તથા સર્વ કાર્યોમાં ઈશ્વરને રીઝવનાર વ્યક્તિ હતો. ઈશ્વરને સર્વપ્રથમ સ્થાન આપનારો

હોવાથી તે પોતાનાં સર્વ કામકાજ, ચુકાદા, અને વ્યવહારમાં તેમ જ રાજ્યનાં વહીવટી કામકાજોમાં આદર્શ જીવન ગાળી શક્યો.

ઈશ્વરે તેને પોતાનું દર્શન આપ્યું હતું, અને દૂતો તેની સાથે વાત કરતા હતા. તે ઈશ્વર અને દૂતો સન્મુખ ઊભો રહેનારો, તેમ જ રાય તથા રંક સાથે પ્રેમાળ માનવી તરીકે રહેનારો, અને વળી સિંહોની મધ્યે એ જ પરમપ્રસન્ન ચિત્તે વસનારો પ્રભુનો 'અતિ પ્રિય' ભક્ત હતો. સિંહો પણ તેની તહેનાતમાં ઘેટાં જેવા બની રહેતા. આ કેવો ભવ્ય માણસ! આ કેવો અદ્‌ભુત માણસ!

એથીયે વધુ, છેક ઈ. પૂર્વે ૫૮૦ થી માંડીને પ્રભુ ઈસુના પુનરાગમન તેમ જ પૃથ્વી પરના, પ્રભુના સહસ્ત્રાબદી (એક હજાર વર્ષના) રાજ્યકાળ સુધીનાં રાજ્યોના ઉદય અને અસ્તકાળ, તેઓની ખાસિયતો, તથા સમગ્ર રાજ્યોના આખરી વિનાશ, અને એ પછી આકાશી રાજ્યની પૃથ્વી પર સ્થાપના - એ લાંબા યુગ સુધીનાં સંદર્શનો પ્રભુએ તેને ભવિષ્યકથનોના રૂપમાં જણાવ્યાં હતાં. તેણે એ ભવિષ્યવાણીઓ, પ્રભુ પાસેથી પામીને, પ્રભુપ્રેમીઓ માટે બાઈબલ ધરી દીધાં! એવો મહાપુરુષ આ 'દાનિયેલના પુસ્તક'નો લેખક હતો.

તેના મૃત્યુ સંબંધી બાઈબલમાં કંઈ જ ઉલ્લેખ નથી, પણ લગભગ સોની આસપાસની ઉંમરે તે ઈરાનમાં જ મૃત્યુ પામ્યો હોવો જોઈએ (૧૨:૧૩). કદાચ તે ઈ. પૂર્વે ૫૩૦ ના અરસામાં મૃત્યુ પામ્યો હશે. ઈરાની (ફારસી) કોરેશ રાજા બાબિલોનની ગાદી પર ઈ. પૂર્વે ૫૩૬માં આવ્યો, અને તેણે સિત્તેર વર્ષનો બંદિવાસ પૂરો થતાં એ જ સાલમાં આખી દુનિયાના યહૂદીઓ જોગ ઢંઢેરો પિટાવ્યો. ઢંઢેરામાં કોરેશે જાહેર કર્યું કે, જે બધાને યરુશાલેમનું મંદિર ફરી બાંધવા જવું હોય તે જાય. અને લગભગ ૫૦,૦૦૦ જેટલા યહૂદીઓ યરુશાલેમ ગયા (૨ કાળવૃત્તાંત ૩૬:૨૨ - એઝરા ૧:૧૧). એ દિવસો દાનિયેલ જોવા પામ્યો હશે. પણ અતિ વૃદ્ધ હોવાથી તે પોતે તો યરુશાલેમ જઈ શક્યો નહિ હોય, પણ ઈરાનમાં જ મૃત્યુકાળ સુધી રહ્યો હશે.

## ૨. પુસ્તકની ભાષા

મૂળ જૂનો કરાર આખો હિબ્રૂ ભાષામાં લખવામાં આવ્યો છે. પરંતુ દાનિયેલના પુસ્તકમાં અમુક ભાગ હિબ્રૂમાં અને અમુક ભાગ અરામી ભાષામાં લખવામાં આવ્યો છે. પહેલો આખો અધ્યાય અને બીજા અધ્યાયની શરૂઆતની ત્રણ કલમો, તેમ જ આઠમાથી માંડીને બારમા અધ્યાય સુધીનો ભાગ હિબ્રૂ ભાષામાં લખવામાં આવ્યો છે. પણ બીજા અધ્યાયની ચોથી કલમથી માંડીને સાતમા અધ્યાયની આખરની કલમ સુધીનો ભાગ અરામી ભાષામાં લખવામાં આવ્યો છે. અરામી ભાષા અરામ યા સિરિયા દેશની પુરાણી ભાષા છે. દાનિયેલ અને તેના મિત્રો ખાલદીઓના દેશમાં બાબિલોનિયામાં લવાયા હતા. અને એ ખાલદી લોકોની ખાલદી ભાષા આ અરામી ભાષાને છેક મળતી આવતી હતી. તે સમયે વેપાર અને આંતરરાષ્ટ્રીય વ્યવહારની ભાષા ખાલદી હતી.

આ ઉપરાંત પુસ્તકમાં ૧૫ પર્શિયન (ફારસી) ભાષાના, અને ત્રણ ગ્રીક ભાષાના શબ્દો પણ આવે છે. આ ત્રણ ગ્રીક શબ્દો તે સંગીતનાં વાજિંત્રોનાં ગ્રીક નામો છે. કદાચ નબૂખાદનેસ્સારે આ વાંજિત્રો ગ્રીસ દેશમાંથી આણ્યાં હશે કે કે પછી ગ્રીક વાદકો આ વાંજિત્રો નબૂખાદનેસ્સારના દરબારમાં વગાડતા હશે. એને કારણે આ ત્રણ ગ્રીક શબ્દો વપરાયા હોય એમ બને.

## ૩. આ પુસ્તકનો લેખક દાનિયેલ હતો કે બીજો કોઈ ?

બાઈબલનાં ત્રણ પુસ્તકો ઉપર ટીકાકારોના અને શેતાનના સૌથી વધારે પ્રહારો થયા છે તે પુસ્તકો : ઉત્પત્તિ, દાનિયેલ, અને પ્રકટીકરણ છે. દાનિયેલનું પુસ્તક ઈ. પૂર્વે છઠ્ઠી સદીમાં લખાયું એ માન્યતા ઉપર સૌથી પહેલો પ્રહાર પોર્ફિરી (ઈ. સ. ૨૩૨ - ૩૦૩) એ કર્યો હતો. એ ખ્રિસ્તી ધર્મનો કટ્ટો વિરોધી હતો. એનું કહેવું હતું કે અંત્યોખસ એપિફાનસ (ઈ. પૂર્વે ૧૭૫ - ૧૬૩) ના રાજ્યકાળ પછી કોઈ અજાણ્યા યહૂદીએ દાનિયેલનું આ પુસ્તક લખ્યું. આ મતનો પાછળથી ૧૮મી અને ૧૯મી સદીના અભ્યાસકોએ ખૂબ ખૂબ પ્રચાર કર્યો.

આ પુસ્તક ઈ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં દાનિયેલે નહિ, પણ ઈ. પૂર્વે બીજી સદીમાં કોઈ અજાણ્યા યહૂદીએ લખ્યું એમ માનવાને ઉપરના ટીકાકારો તથા અભ્યાસકારો નીચે પ્રમાણે કારણો આપે છે : પુસ્તકમાં આપવામાં આવેલાં ભવિષ્યકથનનો એવાં અક્ષરશઃ અને ઝીણામાં ઝીણી વિગત પ્રમાણે પૂરાં થયાં છે, એ જ મુદ્દો પુસ્તકની બનાવટ પુરવાર કરે છે. એટલે ભવિષ્ય વચનો આ રીતે અક્ષરશઃ પૂરાં થઈ જ ન શકે; પણ એ બધી બીનાઓ ઇતિહાસમાં બની ગયા પછી જ કોઈ માણસે (અજાણ્યા યહૂદીએ) એ બનાવોની વિગતવાર ભવિષ્યવાણીઓના રૂપમાં, એટલે કે બનાવો બન્યા અગાઉ સેંકડો વર્ષો પહેલાં આગાહીઓ લખતો હોય એમ આ પુસ્તક લખ્યું.

વળી આ ટીકાકારોનું કહેવું છે કે પુસ્તકમાં વપરાયેલા પર્શિયન (ફારસી) અને ગ્રીક (હેલેની) શબ્દોની જાણ ઈ. પૂર્વે ૬ઠ્ઠી સદીના યહૂદી લેખકને ન હોઈ શકે. ત્રીજું કારણ તેઓ આપે છે કે, ૨:૪ - ૭:૨૮ માં વપરાયેલી અરામી ભાષા દાનિયેલના સમય પછીની છે, એટલે દાનિયેલ એવી અરામી ભાષા વાપરે જ નહિ, માટે એના લેખક બહુ પાછળના સમયમાં થયો હશે. ચોથું કારણ તેઓ આવું આપે છે : આ પુસ્તકની દાનિયેલના સમયની કેટલીક વિગતો ઇતિહાસની નજરે ખોટી છે. માટે આ પુસ્તક દાનિયેલે નહિ, પણ બસો - ત્રણસો વરસ પાછળથી કોઈએ લખ્યું.

પણ આ બધી ટીકાઓ અને વિરોધી માન્યતાઓની સામે સચોટ રદિયા આપી શકાય તેમ છે. પુસ્તકમાં આપેલી ભવિષ્યવાણીઓ સૈકાંઓ અગાઉથી ઈશ્વરના આત્માએ દાનિયેલ પ્રબોધક મારફતે લખાવી. દાનિયેલના પુસ્તકમાંની અને અન્ય પુસ્તકોમાં આપેલી ભવિષ્યવાણીઓ આજના આપણા સમયમાં પણ પૂરી થતી આપણે જોઈ શકીએ છીએ. પ્રભુના આત્માએ ભવિષ્યવાણીઓ લખાવી, માટે જ એ બધી અક્ષરશઃ પૂરી થઈ. દાનિયેલ પર્શિયન (ફારસી) રાજ્યકાળ દરમિયાન અધિકારી તરીકે હતો, એટલે પર્શિયન (ફારસી) ભાષાથી તે ખૂબ સારી રીતે પરિચિત હતો, અને એનો જાણકાર હતો. માટે એણે

જાતે દાનિયેલના પુસ્તકના પર્શિયન (ફારસી) શબ્દો વાપર્યા હતા.

વળી પુસ્તકમાં વપરાયેલા અમુક ગ્રીક શબ્દો તે દાનિયેલે જ વાપર્યા હશે એમાં કોઈ શક નથી. કારણ, દાનિયેલની અગાઉ સોએક વર્ષોથી પગારદાર (ભાડૂતી) ગ્રીક સૈનિકોની આશ્શૂરી લશ્કરમાં એઝારહાદ્દોનની સરદારી નીચે (ઈ. પૂર્વે ૬૬૩) ભરતી કરાતી હતી. એમ જ નબૂખાદનેસ્સારના બાબિલોની લશ્કરમાં પણ પગારદાર ગ્રીક સૈનિકોની ભરતી થયેલી હતી. એટલે લશ્કરમાં અને રાજ્યમાં અમુક ગ્રીક શબ્દો પ્રચલિત હતા. દાનિયેલ એ શબ્દોથી પરિચિત હોઈને તેણે જ પોતાના પુસ્તકમાં એ શબ્દો વાપર્યા હશે.

વળી દાનિયેલના સમયમાં બનેલી બીનાઓ વિશેની ઈતિહાસ વિશેની ક્ષતિઓ અંગેનો વિરોધીઓનો મુદ્દો પણ હવે તદ્દન લૂલો થઈ ગયો છે. કારણ, ઈ. પૂર્વે પાંચમી અને છઠ્ઠી સદી અંગેની પુરાવિદ્યા શોધખોળોમાં મળી આવેલી માહિતીઓએ તદ્દન સ્પષ્ટ કરી દીધું છે કે દાનિયેલના પુસ્તકમાં આપેલી માહિતીઓ ઈતિહાસની નજરે બિલકુલ સાચી છે. દાખલા તરીકે નબોનિદસની તવારીખ. જગતના ઈતિહાસકારો કહેતા કે બાબિલોનની ગાદી ઉપર બેલ્શાસ્સાર જેવો કોઈ રાજા થઈ ગયો નથી, અને બાઈબલ (દાનિયેલના પુસ્તક) ની બેલ્શાસ્સારની વાત સાચી નથી. પણ પુરાવિદ્યાના ખોદકામ દ્વારા મળી આવેલી માટીની પાટીઓમાં શંકુલિપિનાં લખાણો ઉકેલતાં ખાતરી થઈ કે બેલ્શાસ્સાર અને એનો પિતા નબોનિદસ બંને જણ સહ-રાજવી હતા, અને એમ બાઈબલનું કથન સત્ય ઠર્યું, - બેલ્શાસ્સાર બાબિલોનમાં અને નબોનિદસ અરબસ્તાનમાં એક જ સમયે રાજ્ય કરતા હતા.

વળી અરામી ભાષા અંગેની દલીલ પણ તદ્દન ખોટી છે. ઈ. પૂર્વે પાંચમી સદીનાં પુરાવિદ્યા સંશોધનોમાં મળી આવેલાં અરામી લખાણોએ બતાવી આપ્યું છે કે, દાનિયેલના પુસ્તકમાં વપરાયેલી અરામી ભાષા ''શાહી અરામી ભાષા'' હતી, અને દાનિયેલના સમયમાં પશ્ચિમ એશિયામાં અરામી ભાષાની આ પ્રકારની લઢણ (શાહી અરામી ભાષા) ઘણી પ્રચલિત હતી.

ગ્રીક ભાષાના જે ગણ્યાગાંઠયા શબ્દો દાનિયેલના પુસ્તકમાં વપરાયા છે, એ મુદ્દો દાનિયેલને પુસ્તકના લેખક તરીકે વધુ પ્રસ્થાપિત કરે છે. કારણ, જો પુસ્તક ઈ. પૂર્વે ૧૬૮ પછી લખાયું હોય તો એ અરસામાં ગ્રીકોનું વિશ્વરાજ્ય દુનિયાભરમાં પ્રસરેલું હતું, અને પાલેસ્તાઈન ઉપર પણ ગ્રીકોની સંપૂર્ણ સત્તા હતી. અને જો આ પુસ્તક એ સમયે લખાયું હોત તો માત્ર જૂજ ગ્રીક શબ્દો નહિ, પણ ઢગલાબંધ ગ્રીક શબ્દો વપરાયા હોત. એ જ સાબિત કરે છે કે આ પુસ્તકનો લેખક દાનિયેલ હતો.

કેટલાક ટીકાકારોનું કહેવું એવું છે કે દાનિયેલે આ પુસ્તક લખ્યું નથી, પણ બહુ પાછલા સમયમાં, એટલે કે યરુશાલેમ પર હલ્લો કરનાર અને યહૂદીઓને ભયંકર રીતે રંજાડનાર સિરિયાના રાજા અંત્યોખસ એપિફાનસના રાજ્યકાળ પછીથી ઈ. પૂર્વે ૧૬૮માં કોઈ અજાણ્યા લેખકે આ પુસ્તક લખ્યું. કદાચ એ સમયમાં મક્કાબીકાળમાં આ લખાયું. આ પુસ્તકમાં ભવિષ્યકથનોરૂપે આપવામાં આવેલા બનાવો બની ગયા પછી, એ જ બનાવોને ભવિષ્યકથનોના રૂપમાં લખીને આ પુસ્તક લખ્યું. વળી આ ટીકાકારોનું કહેવું છે કે આ પુસ્તકની કેટલીયે બાબતો તદ્દન કપોળકલ્પિત છે. સતાવણી વેઠી રહેલા યહૂદીઓને દિલાસો, પ્રેરણા અને હિંમત મળે એવા હેતુથી આ પુસ્તક કોઈ અજાણ્યા લેખકે ઉપજાવી કાઢ્યું, અને અગાઉ થઈ ગયેલા કોઈ દાનિયેલની વાત વણી કાઢી, અને લેખક તરીકે તેનું નામ મૂકી દીધું.

પરંતુ ટીકાકારોના ઉપરોક્ત મંતવ્યમાં કંઈ જ તથ્ય નથી. દાનિયેલનું પુસ્તક અંત્યોખસ એપિફાનસની કારકિર્દીનાં વર્ષો (ઈ. પૂર્વે ૧૭૫-૧૬૫) પહેલાં પણ અસ્તિત્વમાં હતું. તે સમયે હસ્તી ધરાવતાં જૂના કરારનાં પુસ્તકોનો હિબ્રૂ ભાષામાંથી ગ્રીક ભાષામાં તરજુમો (સપ્તતિ તરજુમો) ઈ. પૂર્વે ૨૮૫માં પૂરો કરાયો હતો, અને તેમાં દાનિયેલનું પુસ્તક પણ આવતું હતું. અંત્યોખસ એપિફાનસના સમય પહેલાં, એટલે કે ઈ. પૂર્વે ૧૭૫-૧૬૫ પહેલાં લગભગ એક સદી કરતાંયે વધુ વર્ષ અગાઉ હયાતી ધરાવતું હતું.

ઈસ્વી સનની પહેલી સદીમાં જોસીફસ નામનો યહૂદી

ઇતિહાસકાર થઈ ગયો. ઈસવી સન ૭૦માં યહૂદીઓની સામે રોમનો સેનાપતિ તિતસ મોટી ચઢાઈ લાવ્યો હતો, તેમાં જોસીફસ પણ લડયો હતો. તેણે પોતાના ઇતિહાસમાં યહૂદી પ્રજાનો આખો ઇતિહાસ છેક આબ્રાહમથી માંડીને ઈ.સ. ૭૦માં યરુશાલેમના થયેલા વિનાશ સુધીનો આપ્યો છે. એ ઇતિહાસમાં અંત્યોખસ એપિફાનસની સામે યહૂદીઓ જે બળથી ઝઝૂમ્યા, તે વિશે લખતાં આ ઇતિહાસકાર લખે છે કે, એ બધું "દાનિયેલના પુસ્તકમાં ૪૦૮ વર્ષો પહેલાં આપવામાં આવેલાં ભવિષ્યકથનો પ્રમાણે બન્યું." જોસીફસના આ કથનનો અર્થ એવો થયો કે દાનિયેલનું પુસ્તક ઈ. પૂર્વે લગભગ છઠ્ઠી સદીની પહેલી પચ્ચીસી (૫૮૦-૫૭૦) દરમિયાન લખાયું.

જોસીફસ પોતાના લખેલા ઇતિહાસમાં બીજી પણ એક અગત્યની વાત લખે છે, જે ઉપરની વાતને અનુમોદન આપે છે. તે જણાવે છે કે, દાનિયેલના પુસ્તકમાં જેના વિશે ભવિષ્યકથનો આપવામાં આવ્યાં હતાં (દાનિયેલ ૮:૩-૮, ૨૦-૨૨), તે મહાન એલેકઝાન્ડર (સિકંદર) જ્યારે રાજ્યો જીતતો જીતતો ઈ. પૂર્વે ૩૩૨માં યરુશાલેમમાં આવ્યો, ત્યારે યહૂદીઓના વડા યાજક જદુઆએ તેને એ ભવિષ્યકથનો બતાવ્યાં. આ જોઈને તે એટલો બધો પ્રભાવિત બની ગયો કે, યરુશાલેમ શહેર પર હલ્લો કરવાનું પડતું મૂકીને તે આગળ ચાલ્યો ગયો. જોસીફસના આ ઉલ્લેખનો અર્થ પણ એવો થયો કે એલેકઝાન્ડર ઈ. પૂર્વે ૩૩૨ માં યરુશાલેમમાં આવ્યો ત્યાર પહેલાં દાનિયેલનું પુસ્તક અચૂક હયાતી ધરાવતું હોવું જોઈએ.

દાનિયેલના પુસ્તકનો લેખક દાનિયેલ જ છે, એ પોતાના કથન દ્વારા પ્રભુ ઈસુએ ખરું ઠરાવ્યું છે. માથ્થી ૨૪ : ૧૫માં પ્રભુ ઇસુના આ પ્રમાણે શબ્દો છે: "એ માટે ઉજ્જડની અમંગળપણાની નિશાની સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે,...." પ્રભુ ઈસુના આ શબ્દો બતાવે છે કે દાનિયેલ નામનો માણસ એક મોટો પ્રબોધક થઈ ગયો, અને એનાં ભવિષ્યકથનોમાં દાનિયેલે 'ઉજ્જડની અમંગળપણાની નિશાની' વિશે જણાવ્યું છે. આમ, પ્રભુ ઈસુ દાનિયેલના પુસ્તકના લેખક તરીકે દાનિયેલને અધિકારયુક્ત બહાલી આપે છે; દાનિયેલ જેવો એક પ્રબોધક

થઈ ગયો એ પણ માન્ય રાખે છે; અને દાનિયેલની ભવિષ્યવાણીમાં ઉલ્લેખવામાં આવેલી 'ઉજ્જડની અમંગળપણાની નિશાની' ને પણ પૂરેપૂરી માન્ય રાખે છે.

દાનિયેલના સમકાલીન પ્રબોધક હઝકીએલે પોતાના પુસ્તકમાં દાનિયેલનું નામ આપ્યું છે, અને દાનિયેલ જેવો માણસ થઈ ગયો, અને એ ઘણો જ ધાર્મિક અને નીતિવાન માણસ હતો, એવું હઝકીએલે બતાવ્યું છે. હઝકીએલ ૧૪ : ૧૪ માં તેણે આમ લખ્યું છે: ''ત્યારે જોકે નૂહ, દાનિયેલ તથા અયૂબ, એ ત્રણ માણસો તેમાં હોય તોપણ તેઓ પોતાની નેકીથી ફકત પોતાના જ જીવ બચાવશે, એમ પ્રભુ યહોવા કહે છે.'' એ જ શબ્દોની પુનરુકિત ૨૦મી કલમમાં પણ આપી છે. વળી હઝકીએલ ૨૮:૩ માં પ્રબોધકે દાનિયેલના નામનો ઉલ્લેખ કર્યો છે. દાનિયેલના પુસ્તકની હિબ્રૂ ભાષા અને હઝકીએલના પુસ્તકની હિબ્રૂ ભાષા તદ્દન સરખી છે. એ બતાવે છે કે, બંને જણ સમકાલીન હતા.

દાનિયેલ જ આ પુસ્તકનો લેખક હતો એ હકીકત આ બધી દલીલો અને પુરાવા દ્વારા પુરવાર થાય છે. મહાન પ્રબોધક અને પ્રભુનો ''અતિ-પ્રિય'' દાનિયેલ જ આ પુસ્તકનો લેખક હતો તેમાં કોઈ શક નથી.

## ૪. ભવિષ્યવચનોનો અભ્યાસ અને દાનિયેલનું પુસ્તક

બાઈબલનાં ભવિષ્યવચનોના અભ્યાસ માટે દાનિયેલના પુસ્તકનું સ્થાન અનોખું છે. આ પુસ્તકની ૯:૨૪-૨૭ કલમો તો બાઈબલની મોટા ભાગની ભવિષ્યવાણીઓના કરોડરજ્જુ સમાન છે. વળી પ્રકટીકરણનું પુસ્તક સમજવા માટે દાનિયેલનું પુસ્તક અતિ અગત્યનું બની રહે છે. દાનિયેલનું પુસ્તક બાઈબલનાં ભવિષ્યવચનોના પાયારૂપ તેમ જ રૂપરેખાસમ ગણાય છે. ખાસ કરીને જગતનાં થઈ ગયેલાં ચાર મહાસામ્રાજ્યો વિશેની ભવિષ્યવાણીઓ બાઈબલના કોઈપણ પુસ્તક કરતાં અહીં દાનિયેલના પુસ્તકમાં વધુ વિગતવાર આપવામાં આવી છે. તેમ જ પ્રભુ ઈસુના પુનરાગમનની નજદીકમાં થનારા રાજકીય બનાવો, અને પ્રભુ ઈસુના ગગનમાં ઊતરવાથી માંડીને ત્યાંથી પૃથ્વી ઉપરના ઉતરણના સમય વચ્ચેના ગાળાના બનાવો વિશે પણ ટૂંકા અને ઝડપી ઉલ્લેખ આપવામાં આવ્યા છે.

બાઇબલ ઈશ્વરની પ્રેરણાથી લખાયેલું અજોડ પુસ્તક છે એની એક મોટામાં મોટી સાબિતી બાઇબલનાં ભવિષ્યકથનો છે. પિતરના બીજા પત્રમાં એ વાત કેવી સરસ રીતે આપવામાં આવી છે ! ''વળી અમારી પાસે એથી વધારે ખાતરીપૂર્વક વાત, એટલે ભવિષ્યવચન, છે; તેને અંધારે ઠેકાણે પ્રકાશ કરનાર દીવાના જેવાં જાણીને જ્યાં સુધી પોહ ફાટે ને સવારનો તારો તમારાં અંતઃકરણોમાં ઊગે, ત્યાં સુધી તમે તેના પર ચિત્ત લગાડો તો સારું. પ્રથમ તમારે એ જાણવું કે, પવિત્ર લેખમાંનું કોઈપણ ભવિષ્યવચન મનુષ્યપ્રેરિત નથી. કેમ કે ભવિષ્યવચન માણસની ઇચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો દેવનાં વચન બોલ્યાં'' (૨ પિતર ૧:૧૯-૨૧). અને દાનિયેલનું પુસ્તક એની મહામોટી સાબિતી છે.

## ૫. 'દાનિયેલ' અને 'પ્રકટીકરણ' એકબીજાનાં પૂરક

દાનિયેલનું પુસ્તક અને પ્રકટીકરણનું પુસ્તક એકબીજાનાં પૂરક છે. બંને વચ્ચે ભારે સામ્ય છે. દાનિયેલના પુસ્તકમાં ''વિદેશીઓના સમયો'' વિશે, જગતનાં ચાર વિદેશી સામ્રાજ્યો વિશે, અને પાછલા કાળમાં રોમન રાજ્યના પુનઃઉત્થાન તેમ જ ખ્રિસ્તવિરોધી વિશે વિસ્તારથી, તથા જુદાં જુદાં રૂપકો દ્વારા, ભવિષ્યવચનો આપવામાં આવ્યાં છે. ખ્રિસ્તની મંડળી વિશે ઉલ્લેખ સરખોયે આ પુસ્તકમાં નથી. જૂના કરારના કોઈપણ પ્રબોધકને મંડળીરૂપી મર્મ જણાવવામાં આવ્યો નહોતો, અને તેમણે આ વિષયમાં કોઈ ભવિષ્યવચન કહ્યું પણ નથી. બીજું, જોકે યહૂદીઓને ધ્યાનમાં રાખીને આ પુસ્તક લખવામાં આવ્યું હોવા છતાં એમાં યહૂદીઓ વિશે કે, યહૂદીઓના રાજ્ય યા ઇતિહાસ અંગે કંઈ ખાસ લખવામાં આવ્યું નથી.

'પ્રકટીકરણ'માં ખ્રિસ્તની મંડળી વિશે શરૂઆતમાં પહેલા ત્રણ અધ્યાયમાં આપવામાં આવ્યું છે. એ પછી ૪:૨ થી મંડળી પૃથ્વી ઉપર નથી. પણ સ્વર્ગમાં લઈ લેવામાં આવેલી બતાવી છે. પછી કલમ ૪:૨થી માંડીને છેક ૧૮મા અધ્યાય સુધી મંડળીના ગગનગમન પછીનાં સાત વર્ષોમાં ભવિષ્યમાં બનનાર બીનાઓ વિશેની ઝીણવટભરી આગાહીઓ આપવામાં આવી છે. પછી ૧૯મા અધ્યાયમાં પ્રભુ ઈસુના **પ્રાગટ્ય**

એટલે કે તેમના પૃથ્વી પરના ઉતરણ વિશે આપવામાં આવ્યું છે. તેમની સાથે તેમના સંતો (મંડળી) પણ પૃથ્વી પર ઊતરતા બતાવ્યા છે. અને એ વિભાગનો અંત હાર-માગેદ્દોનના યુદ્ધમાં આવે છે. વીસમા અધ્યાયમાં આટલી બાબતો આપવામાં આવી છે; શેતાનને એક હજાર વર્ષ માટે બાંધવામાં આવે છે; પ્રભુ ઈસુ પૃથ્વી પર સહસ્રાબ્દી (એક હજાર વર્ષનું) રાજ્ય કરે છે; પછી શેતાનને છોડ્યો; શેતાને આખા જગતને ભમાવ્યું; પછી તેને અગ્નિ તથા ગંધકની ખાઈમાં નાખવામાં આવ્યો; અને બાકીનાં મૂએલાંનું ઊઠવું, તેઓનો ન્યાયકાળ અને અનંત સજા. એકવીસમા અધ્યાયમાં નવાં આકાશ તથા પૃથ્વી તથા નવું યરુશાલેમ; અને બાવીસમા અધ્યાયમાં અનંતકાળની શરૂઆતને ભવિષ્યવચનોરૂપે રજૂ કરવામાં આવી છે.

પ્રકટીકરણના ૪ થી ૧૯ અધ્યાયોની રૂપરેખા દાનિયેલ ૯:૨૪-૨૭માં સ્પષ્ટ રીતે આપવામાં આવી છે. એ કલમો દ્વારા જ આપણે ખ્રિસ્તવિરોધીના યહૂદીઓ સાથેના કરાર વિશે, **'ગગનગમન'** અને **'પ્રાગટ્ય'** વચ્ચેના સાત વર્ષના ગાળા વિશે અને **ઉજ્જડની અમંગળપણાની નિશાની** વિશે, તેમ જ મહાવિપત્તિ વિશે જાણી શકીએ છીએ. અને એ મળેલી સમજણ યા ચાવી દ્વારા પ્રકટીકરણને બરાબર સમજી શકીએ છીએ. આમ, પ્રકટીકરણને સમજવાની ચાવી આપણને દાનિયેલમાંથી મળી રહે છે. બંને પુસ્તકોની ભવિષ્યવાણીઓ સમજવા બંનેને સાથે સાથે જોવાં તપાસવાં એ ખૂબ લાભદાયી અને અર્થપૂર્ણ બની રહે છે.

આપણે ઉપર જોઈ ગયા ફક્ત પૃથ્વીમાંથી જ નહિ, પણ સારાયે વિશ્વભરમાંથી ભૂંડા શેતાનને અને તેની સર્વ ભૂંડાઈને કાયમને માટે દૂર કરી દેવા માટે પ્રભુના પુનરાગમનની ખૂબ જરૂર છે (પ્રકટીકરણ ૨૦:૭-૧૦). ન્યાયીપણાનું અને પરમશાંતિનું સામ્રાજ્ય ત્યારે જ સ્થાપી શકાશે; ત્યારે જ યુદ્ધો કાયમને માટે બંધ થશે; ત્યારે જ વેર, ઈર્ષા અને સર્વ પાપમય સ્વભાવ દૂર કરાશે.

આવા પરમ અગત્યના વિષયનો, એટલે કે પ્રભુના પુનરાગમન વિશેનો અભ્યાસ કેટલો સવિશેષ કરવો જરૂરી છે !

પણ દાનિયેલના પુસ્તકમાં પ્રભુના પુનરાગમન વિશેનાં ભવિષ્યકથનો ત્રણ વિષયોની આસપાસ ગૂંથાયેલાં છે : ઈઝરાયલ પ્રજા; ઈઝરાયલનો દેશ વચનનો પ્રદેશ; અને દાઉદની ગાદી પુનઃસ્થાપિત કરવી. ખાસ કરીને બાઈબલનાં બધાં ભવિષ્યકથનોની કરોડ સમાન એવાં દાનિયેલ ૯:૨૪-૨૭ નાં સૂત્રો ઉપરોક્ત ત્રણે બાબતોને ધ્યાનમાં રાખીને લખવામાં આવ્યાં છે. જગતનાં ચાર મહાસામ્રાજ્યો વિશે દાનિયેલના બીજા અધ્યાયમાં તેમ જ સાતમા તથા આઠમા અધ્યાયમાં ભવિષ્યકથનોરૂપે રજૂઆત કરવામાં આવી છે, તે પણ ઉપરોક્ત ત્રણ વિષયોને અનુલક્ષીને જ છે, તેમ દાનિયેલ ૯:૨૪-૨૭ તો બાઈબલની મોટા ભાગની ભવિષ્યવાણીઓની 'કરોડ' સમાન બની રહે છે. તો, આવા એક અતિ અગત્યના પુસ્તકનો અને એમાં આપેલી ભવિષ્યવાણીઓનો આપણે આ પુસ્તકમાં અભ્યાસ કરવાના છીએ. આપણા આ પુસ્તકનો મુખ્ય હેતુ આ પુસ્તકમાં 'પ્રભુના પુનરાગમન સંબંધીનાં ભવિષ્યવચનોનો રૂપરેખારૂપ અભ્યાસ' કરવાનો છે. એટલે આ પુસ્તકમાંના બધાં જ ભવિષ્યકથનો આપણે નહિ જોઈએ. પુસ્તકની કેટલીક બાબતોને પડતી મૂકીને ભવિષ્યકથનોનાં ફક્ત ચાર જૂથ આપણા અભ્યાસ માટે આપણે લઈશું: (૧) નબૂખાદનેસ્સારના સ્વપ્નની પ્રચંડ મૂર્તિ, દાનિયેલ ૨:૩૧-૪૫; (૨) ચાર હિંસક પ્રાણીઓ, દાનિયેલ ૭:૧-૨૮; (૩) બે શિંગડાંવાળો, મેંઢો, અને રૂંઆંવાળો બકરો, દાનિયેલ ૮:૧-૨૫; અને (૪) યહૂદીઓના રાષ્ટ્રીય ઇતિહાસમાંનાં ૭૦ 'અઠવાડિયાં,' દાનિયેલ ૯:૨૪-૨૭.

## ૬. પ્રભુ ઈસુના પુનરાગમનનો અભ્યાસ શા માટે ?

પ્રભુ ઈસુનું પુનરાગમન એ બાઈબલના થોડાક મહાન અને અતિ અગત્યના વિષયોમાંનો એક છે. બાઈબલમાં ૧૮૪૫ વખત પ્રભુના પુનરાગમન વિશે શીખવ્યું છે. એમાંથી માત્ર ૩૧૮ વખત નવા કરારમાં છે, જ્યારે જૂના કરારમાં આ શિક્ષણ વિપુલપણે અને વિવિધ પ્રકારે આપવામાં આવ્યું છે. જૂના કરારનાં ૧૭ પુસ્તકોનો મુખ્ય વિષય 'પ્રભુનું પુનરાગમન' છે. નવા કરારના એક આખા પત્રનું શિક્ષણ આ વિશે જ છે. નવા કરારના સરેરાશ દર ૧૦ અધ્યાયે ૭ અધ્યાય પુનરાગમન વિશે

છે. પુનરાગમનને એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે, કારણ, એ એક મહાન વિષય છે.

બાઈબલનાં બધાં જ ભવિષ્યકથનોનું કેન્દ્રસ્થાન પ્રભુનું પુનરાગમન છે. મનુષ્યના પાપને લઈને માણસ પતિત બન્યું, અને સારીયે સૃષ્ટિ વ્યર્થપણાને સ્વાધીન કરાઈ (ઉત્પત્તિ ૩:૧૭. રોમન ૮:૧૮-૨૫). એ માનવીને પાપરહિત બનાવીને પાપરહિત વાતાવરણમાં મૂકવામાં આવે માટે પ્રભુના પુનરાગમનની જરૂર છે. અને એ હેતુ પૂરો કરવા માટે પાપમાં લાવનાર શેતાનને કાયમને માટે દૂર કરવા પ્રભુના પુનરાગમનની જરૂર છે. અને રોગ, દુઃખ, મૃત્યુ અને સર્વ વિટંબણા દૂર કરવા, તમામ સૃષ્ટિને શુદ્ધ કરવા અને શાપની અસરોમાંથી મુક્ત કરવા પ્રભુના પુનરાગમનની જરૂર છે. ''અને આખી સૃષ્ટિ પણ તમામ નિસાસા નાખીને પ્રસૂતિની વેદનાથી કષ્ટાય છે,'' અને એ એવી આશા રાખી રહી છે કે ''પોતે નાશના દાસત્વમાંથી મુક્ત થઈને દેવનાં છોકરાંના મહિમાની સાથે રહેલી મુક્તિ પામે'' (રોમન ૮:૨૧, ૨૨). અને આ સૃષ્ટિ પણ પ્રભુના પુનરાગમન વખતે જ નાશના દાસત્વમાંથી, હા, શાપની અસરોમાંથી મુકત કરાશે, એટલે પ્રભુનું પુનરાગમન અતિ જરૂરી છે.

## ૭. દાનિયેલના પુસ્તકની રૂપરેખા

સ્વાભાવિક રીતે જ દાનિયેલના પુસ્તકના બે ભાગ પડી જાય છે. પુસ્તકના બાર અધ્યાયોમાંથી પહેલા છ અધ્યાયોમાં ઐતિહાસિક વિગતો આપવામાં આવી છે, અને બાકીના છ અધ્યાયોમાં ભવિષ્યકથનો આપવામાં આવ્યાં છે. આમ છતાં, પહેલા ભાગના ઐતિહાસિક વિગતોવાળા છ અધ્યાયોમાંથી બીજા અધ્યાયમાં થોડીક ઇતિહાસની વાત છે, અને બાકીની ભવિષ્યવાણી છે.

પુસ્તકની રૂપરેખા નીચે પ્રમાણે મૂકી શકાય :

**I. બાબિલોનમાં દાનિયેલનો શરૂઆતનો સમય.**

૧. દાનિયેલ નબૂખાદનેસ્સારના મહેલમાં. ૧:૧-૭.

૨. દાનિયેલનું અર્પિત જીવન. ૧:૮-૧૬.

૩. દાનિયેલ ઈશ્વરની અને રાજાની નજરમાં કૃપા પામ્યો. ૧:૧૭-૨૧.

## II. નબૂખાદનેસ્સારને આવેલું ભવ્ય મૂર્તિનું સ્વપ્ન. ૨:૧-૪૯.

૧. ભુલાયેલું સ્વપ્ન, અને રાજ્યના જ્ઞાનીઓ. ૨:૧-૧૩.
૨. દાનિયેલે માગેલી મુદત. ૨:૧૪-૧૮.
૩. ઈશ્વરે સ્વપ્ન અને તેનો મર્મ દાનિયેલને જણાવ્યાં. ૨:૧૯-૨૩.
૪. દાનિયેલ રાજાને સ્વપ્ન કહી જણાવે છે, અને એનો ખુલાસો રજૂ કરે છે. ૨:૨૪-૪૫.
 ક. દાનિયેલ રાજાની હજૂરમાં લવાયો. ૨:૨૪-૩૦.
 ખ. સ્વપ્નની રજૂઆત. ૨:૩૧-૩૫.
 ગ. પ્રથમ વિશ્વરાજ્ય વિશે ખુલાસો. ૨:૩૬-૩૮.
  નબૂખાદનેસ્સાર અને વિશ્વરાજ્ય. (સરખાવો ૭:૪)
 ઘ. બીજા અને ત્રીજા વિશ્વરાજ્યો વિશે ખુલાસો. ૨:૩૯.
  માદી-ફારસીઓ (સરખાવો ૭:૫. ૮:૨૦), અને ગ્રીસ (સરખાવો ૭:૬. ૮:૨૧).
 ચ. ચોથું વિશ્વરાજ્ય, રોમ. ૨:૪૦-૪૩.
  (સરખાવો ૭:૭. ૯:૨૫).
 છ. પૃથ્વી પર ખ્રિસ્તનું થનારું વિશ્વરાજ્ય. ૨:૪૪-૪૫.
૫. દાનિયેલને મળેલી બઢતી. ૨:૪૬-૪૯.

## III. ત્રણ હિબ્રૂ યુવાનોનો અગ્નિની ભઠ્ઠીમાંથી છુટકારો. ૩:૧-૩૦.

૧. વિશ્વાસની કસોટી: (મૂર્તિને નમવાની ના.) ૩:૧-૧૨.
૨. વિશ્વાસનો પ્રત્યક્ષ પુરાવો: (અગ્નિ-ભઠ્ઠીમાં) ૩:૧૩-૧૮.
૩. વિશ્વાસ સાચો પુરવાર થયો: (ભઠ્ઠીમાંથી ઈશ્વરે કરેલો ઉદ્ધાર.) ૩:૧૯-૨૮.
૪. નબૂખાદનેસ્સારનો ઈશ્વરની તરફેણનો ઢંઢેરો અને ત્રણેય હિબ્રૂઓને બઢતી. ૩:૨૯-૩૦.

**IV. નબૂખાદનેસ્સારને વિશાળ વૃક્ષનું સ્વપ્ન. ૪:૧-૩૭.**

૧. સર્વ પ્રજાઓ જોગ નબૂખાદનેસ્સારની જાહેરાત. ૪:૧ - ૩.

૨. નબૂખાદનેસ્સારના સ્વપ્નની રજૂઆત. ૪:૪ - ૧૮.

૩. દાનિયેલ સ્વપ્નનો ખુલાસો કરે છે. ૪:૧૯ - ૨૭.

૪. સ્વપ્ન પ્રમાણે નબૂખાદનેસ્સારના જીવનમાં બને છે. ૪:૨૮ - ૩૭.

ક. રાજા પર આવી પડેલી વિપત્તિ. ૪:૨૮ - ૩૫.

ખ. ગાદી પર રાજાની પુનઃસ્થાપના. ૪:૩૬ - ૩૭.

**V. બેલ્શાસ્સારની મિજબાની. ૫:૧-૩૧.**

૧. બેલ્શાસ્સારની મિજબાની; અમીર - ઉમરાવો સાથે મદિરામાં ચકચૂર; યરુશાલેમના મંદિરનાં પાત્રો અભડાવ્યાં. ૫:૧ - ૪.

૨. અલૌકિક હાથે મિજબાનીના ઓરડા પર લખેલો લેખ. ૫:૫ - ૬.

૩. દાનિયેલ લખાણનો અર્થ સમજાવે છે (પતનની આગાહી). ૫:૭ - ૨૯.

૪. દારિયસ બાબિલોનના રાજ્યનો કબજો લે છે. ૫:૩૦ - ૩૧.

**VI. દાનિયેલ સિંહોના બિલમાં. ૬:૧-૨૮.**

૧. દારિયસની હકૂમતમાં દાનિયેલને બઢતી. ૬:૧ - ૩.

૨. સરસૂબાઓ અને સૂબાઓએ દાનિયેલ વિરુદ્ધ ઘડેલું કાવતરું. ૬:૪ - ૯.

૩. દાનિયેલની પ્રાર્થના. ૬:૧૦ - ૧૧.

૪. દાનિયેલ સિંહોના બિલમાં. ૬:૧૨ - ૧૭.

૫. દાનિયેલનો બચાવ. ૬:૧૮ - ૨૪.

૬. દુનિયાની પ્રજાઓ જોગ દારિયસનો હુકમ. ૬:૨૫ - ૨૮.

**VII. દાનિયેલનું સંદર્શન - (ચાર પ્રાણીઓ અને 'વયોવૃદ્ધની' ન્યાયસભા વિશે). ૭:૧-૨૮.**

૧. દાનિયેલનું સંદર્શન, (પ્રસ્તાવના). ૭:૧ - ૩. (સરખાવો ૨:૩૧ - ૪૩).

૨. સિંહરૂપ પ્રથમ વિશ્વરાજ્ય, (બાબિલોન). ૭:૪ (સરખાવો ૨:૩૭, ૩૮).

૩. રીંછરૂપ બીજું વિશ્વરાજ્ય, (માદી-ફારસી). ૭:૫ (સરખાવો ૨:૩૯, ૮:૨૦)

૪. ચિત્તારૂપ ત્રીજું વિશ્વરાજ્ય, (ગ્રીસ). ૭:૬. (સરખાવો ૨:૩૯. ૮:૨૧-૨૨. ૧૦:૨૦. ૧૧:૨-૪).

૫. વિચિત્ર પ્રાણીરૂપ ચોથું વિશ્વરાજ્ય, (રોમન). ૭:૭. (સરખાવો ૭:૨૩, ૨૪. ૨:૪૦-૪૩. ૯:૨૬).

૬. ચોથા પ્રાણીનાં દશ શિંગડાં અને એમાંનું એક નાનું શિંગડું (રોમન રાજ્યના જૂના વિસ્તારમાં અંતકાળમાં થનાર દશ રાજાઓ અને નાના શિંગડાંસમો ખ્રિસ્તવિરોધી). ૭:૮. જુઓ કલમો ૨૪-૨૭, અને ૧૪.

૭. આકાશના દરબારનું સંદર્શન. (માણસનો દીકરો પોતાના મહિમામાં આવશે.) ૭:૯-૧૪. (પ્રભુ ઈસુને રાજ્યપ્રાપ્તિનું દશ્ય). (સરખાવો માથ્થી ૨૪ : ૨૭-૩૦. ૨૫ : ૩૧-૩૪. પ્રકટી. ૧૯:૧૧-૨૧).

૮. સંદર્શનનો ખુલાસો. ૭:૧૫-૨૩.

૯. શેતાનનો દુર્ભાષણ કરનાર આગેવાન (ખ્રિસ્તવિરોધી) ૭:૨૪-૨૮.

**VIII. મેંઢા (ઘેટા), બકરા, અને નાના શિંગડાં વિશે દાનિયેલને થયેલું સંદર્શન. ૮:૧-૨૭.**

૧. સંદર્શન ૮:૧-૧૪.

૨. સંદર્શનનો ખુલાસો. ૮:૧૫-૨૭.

ક. મેંઢો (માદી-ફારસી વિશ્વરાજ્ય). ૮:૧૫-૨૦.

ખ. બકરો (ગ્રીસનું વિશ્વરાજ્ય). ૮:૨૧-૨૨.

ગ. નાનું શિંગડું (ખ્રિસ્તવિરોધી જે પ્રભુ ઈસુના પૃથ્વી પર આવ્યા પહેલાં વિશ્વસત્તા હાથ ધરશે). ૮:૨૩-૨૫.

૩. સંદર્શનથી દાનિયેલને થયેલી અસર. ૮:૨૬-૨૭.

**IX. વર્ષોનાં સિત્તેર સપ્તાહ (અઠવાડિયાં) વિશે દાનિયેલની ભવિષ્યવાણી. ૯:૧ ૨૭.**

૧. પૂર્વભૂમિકા (સિત્તેર વર્ષના બંદિપ્રવાસ વિશે સમજવા દાર્યાવેશના સમયમાં મનન). ૯:૧-૨.

૨. દાનિયેલની પ્રાર્થના અને પોતાના લોકો વતી પાપકબૂલાત. ૯:૩-૧૯.

૩. વર્ષોનાં સિત્તેર સપ્તાહ વિશેનું ભવિષ્યકથન. ૯:૨૦-૨૭.

**X. ભવિષ્યકાળ વિશે દાનિયેલનું વિશાળ દર્શન. ૧૦:૧-૧૨:૧૩.**

૧. ઈશ્વરના મહિમાનું દર્શન. ૧૦:૧-૯.

૨. દૂતો અને અપદૂતો વચ્ચે સંઘર્ષ. ૧૦:૧૦-૨૧.

ક. સંઘર્ષ. ૧૦:૧૦-૧૩.

ખ. દાનિયેલને સમજણ અને સામર્થ્ય અપાયાં. ૧૦:૧૪-૨૧.

૩. જુદી જુદી પ્રજાઓ અંગેની ભવિષ્યવાણી. ૧૧:૨-૪૫.

ક. ઈરાન વિશે. ૧૧:૨.

ખ. ગ્રીસ વિશે. ૧૧:૩-૪.

ગ. ઉત્તરના અને દક્ષિણના રાજાઓ વિશે. ૧૧:૫-૨૦.

ઘ. સિરિયાના અંત્યોખસ એપિફાનસ વિશે (એ ઇઝરાયેલને હેરાનપરેશાન કરશે.) ૧૧ : ૨૧-૩૫.

ચ. ખ્રિસ્તવિરોધી વિશે. ૧૧ : ૩૬-૪૫.

૪. ઇઝરાયલ વિશેનાં ભવિષ્યવચન. ૧૨ : ૧-૧૩.

ક. મહાવિપત્તિ. ૧૨ : ૧.

ખ. પુનરુત્થાનો. ૧૨:૨-૩.

ગ. દાનિયેલને ઈશ્વરનો આખરી સંદેશો. ૧૨:૪-૧૩.

## ૮. આપણા અભ્યાસનું ક્ષેત્ર

આપણા આ અભ્યાસનું ક્ષેત્ર માત્ર પ્રભુ ઈસુના પુનરાગમનના સંદર્ભમાં દાનિયેલનું પુસ્તક જે કંઈ જણાવે છે તે જોવાનો છે. એટલે

અહીં આપણે આખા દાનિયેલના પુસ્તકનો અભ્યાસ કરવાના નથી. પ્રભુ ઈસુના પુનરાગમનના સંદર્ભમાં દાનિયેલનો બીજો, સાતમો, આઠમો અને નવમો – એ અધ્યાયોનો જ અભ્યાસ આપણે કરીશું.

## ૯. ઈતિહાસનાં વહેણનું સંચાલન કોણ કરે છે ?

ઈતિહાસનું સંચાલન કોણ કરે છે? ઈતિહાસના તખ્તાને કોણ ચલાવે છે ? જગતમાં બનતા બનાવો આપોઆપ બની જાય છે ? – 'દૈવયોગે' બને છે ?– કે ચક્રવર્તીઓના તુક્કાઓને કારણે બને છે ? દુનિયાના ઈતિહાસનાં હજારો વર્ષોનાં પાનાં એ માત્ર અમુક અમુક માનવીઓના આપખુદ નિર્ણયોને લઈને લખાય છે? –કે બધાંની પાછળ કોઈનું અજોડ સંચાલન છે ? ઘણીબધી વખતે તો તદ્દન બદલાઈ જાય છે. તો એનું સંચાલન કોણ કરતું હશે ?

દાનિયેલના પુસ્તકનો બીજો, સાતમો, અને આઠમો અધ્યાય એ બાબતો વિશેનો પડદો ઊંચકે છે, અને જગતના સર્વ બનાવો પાછળ કયો હાથ અને કયું બળ કામ કરી રહ્યાં છે તે સ્પષ્ટ છે. દાનિયેલનું પુસ્તક રાજાઓ અને રાજ્યો, સામ્રાજ્યો અને સલ્તનતોથી ભરેલું છે. ગાદીઓ અને ગાદીપતિઓની એકાએક હેરફેર કેમ થાય છે એ આ પુસ્તકનાં પાનાંઓ પર વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. વીતી ગયેલા ઈતિહાસનું પૃથક્કરણ કરીને એ બાબતો અહીં જણાવી નથી. પણ જગતના ઈતિહાસની પાછળ જે આયોજક અને સંચાલક છે તેજ પોતે, અગાઉથી હવે પછી શું શું બનવાનું છે તેની ઝીણી ઝીણી વિગતો સાથે, ભવિષ્યકથનોરૂપે સેંકડો વર્ષ અગાઉથી જાહેરાત કરે છે. ત્રિકાળજ્ઞાની અને સર્વશક્તિમાન ઈશ્વર જ આ સંચાલક છે, અને તેમણે જ ભવિષ્યકથનોરૂપે ઈતિહાસનાં વહેણનું આયોજન કર્યું છે, અને તે પોતે જ સેંકડો વર્ષ પૂર્વે ભવિષ્યકથનોના રૂપમાં એ બધું આ પુસ્તકમાં જણાવે છે.

દાનિયેલ ૨:૨૦–૨૨માં આ પ્રમાણે આપ્યું છે: "દાનિયેલે કહ્યું કે, ઈશ્વરનું નામ સદાકાળ સ્તુત્ય હો;.... તે સમયોને તથા ઋતુઓને બદલી નાખે છે; તે રાજાઓને પદભ્રષ્ટ કરે છે, ને રાજાઓને ગાદીએ બેસાડે છે. તે જ્ઞાનીઓને જ્ઞાન તથા બુદ્ધિમાનોને અક્કલ આપે છે. તે ગહન અને ગૂહ્ય વાતો ખુલ્લી કરે છે; અંધકારમાં જે કંઈ હોય તે તે જાણે છે, ને પ્રકાશ તેની સાથે રહે છે."

વળી ચક્રવર્તી સમ્રાટ નબૂખાદનેસ્સાર પોતાને થયેલા ખાસ અનુભવ ઉપરથી આ પ્રમાણે લખે છે: ''તે મુદતને અંતે મેં નબૂખાદનેસ્સારે મારી આંખો આકાશ તરફ ઊંચી કરી, એટલે મારી સમજશક્તિ મારામાં પાછી આવી, ને મેં પરાત્પર ઈશ્વરને ધન્યવાદ આપ્યો, અને જે સર્વકાળ જીવે છે તેની મેં સ્તુતિ કરીને તેને માન આપ્યું; કેમ કે તેનો અધિકાર સર્વકાળનો અધિકાર, ને તેનું રાજ્ય પેઢી દરપેઢીનું છે. પૃથ્વીના સર્વ રહેવાસીઓ તેની આગળ કંઈ જ લેખામાં નથી. તે આકાશના સૈન્યમાં તથા પૃથ્વીના રહેવાસીઓમાં પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે; કોઈ તેનો હાથ અટકાવી શકતો નથી,..'' (દાનિયેલ ૪:૩૪ ૩૫).

ભક્ત યશાયા પણ એવું જ કથન કરે છે: ''ઈશ્વરની નજરમાં પ્રજાઓ તો ડોલમાંથી ટપકતા ટીપા જેવી, ને ત્રાજવાની રજ સમાન ગણાયેલી છે; દ્વીપો ઊડી જતી રજકણ જેવા છે.....સર્વ પ્રજાઓ તેની આગળ કંઈ વિસાતમાં નથી; તેણે તેઓને શૂન્યરૂપ તથા નહિ જેવી ગણી છે. .... તે તો પૃથ્વી ઉપરના નભોમંડળ પર બિરાજનાર, અને એની નજરમાં તેના રહેવાસીઓ તીડ સમાન છે. તે મલમલના (પડદાની) પેઠે આકાશોને પ્રસારે છે, ને રહેવા માટેના તંબુની પેઠે તેઓને તાણે છે. અધિપતિઓને નહિ સરખા કરનાર તે છે. પૃથ્વીના ન્યાયાધીશોને તે શૂન્ય જેવા કરે છે....'' (યશાયા ૪૦:૧૫, ૧૭, ૨૨, ૨૩).

ઈશ્વરના સનાતન ઠરાવો જ સરવાળે પૂરા થાય છે. સારા સંજોગો કે માઠા સંજોગો - એ બધાને ઈશ્વર પોતાના સનાતન ઠરાવો પૂરા કરવા માટે વાપરી જાણે છે. યૂસફના ભાઈઓએ યૂસફને ખાડામાં નાખી દીધો, વેચી દીધો, અને પોટીફારે એને જેલમાં પૂરી દીધો. પણ ઈશ્વરે એ બધા સારામાઠા સંજોગો વાપરીને ઈઝરાયલ પ્રજાને બચાવવા માટે વાપર્યા! તેથી સંત પાઉલ રોમન ૮:૨૮-૨૯માં આ પ્રમાણે લખે છે: ''વળી આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે તે (ઈશ્વર) એકંદરે સઘળું મળીને ફાયદાકારક ઉપજાવે છે. કેમ કે જેઓને તે અગાઉથી જાણતો હતો, તેઓને વિશે તેણે (ઈશ્વરે) અગાઉથી ઠરાવ્યું પણ હતું કે, તેઓ

તે (ઈશ્વર)ના દીકરાની પ્રતિમા જેવા થાય....''

તો એનો અર્થ એવો થાય કે, હંમેશાં ઈશ્વરના ઠરાવો પ્રમાણે જ થાય છે, અને માણસને પસંદગીનું સ્વાતંત્ર્ય નથી, અથવા તો મુક્તેચ્છા નથી ? - અને મુક્તેચ્છા હોય તો માણસ એ વાપરી શકતો નથી ? ના, મુક્તેચ્છા તો પ્રભુએ માણસને આપેલી મહાનમાં મહાન બક્ષિસ છે. અને માણસ એ બક્ષિસનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરે એવું ઈશ્વર ઇચ્છે છે.

ઇતિહાસ તો **'ક્વીન ઈલિઝાબેથ'** કે એવી કોઈ મોટી સ્ટીમર સમાન છે. આપણે માણસો એમાં બેઠેલા મુસાફરો તરીકે ગમે ત્યાં મુક્તપણે હરીફરી શકીએ છીએ, જે દિશામાં જવું હોય, જ્યાં બેસવું-ઊઠવું હોય, તે પ્રમાણે મુક્ત રીતે વિહરી શકીએ છીએ. પણ સ્ટીમરની વહનની દિશા આપણે બદલી શકતાં નથી. એમ જ ઇતિહાસરૂપી સ્ટીમરમાં બેઠાં બેઠાં આપણે આપણી મુક્તેચ્છા પ્રમાણે હરીફરી વિહરી અને વર્તી શકીએ છીએ, પણ ઇતિહાસના વહેણની દિશા આપણે બદલી કે ફેરવી શકતાં નથી.

નબૂખાદનેસ્સારને એક મહાન સમ્રાટ બનવાની તક ઈશ્વરે આપી. અને શરૂઆતમાં તો ઈશ્વરના આયોજન સામે એ ઝઝૂમ્યો પણ ખરો, પણ આખરે પોતાની રાજીખુશીથી અને મુક્તેચ્છા વાપરીને તે ઈશ્વરને આધીન બન્યો, અને ઈશ્વરનો સાચો ઉપાસક ખરા હૃદયથી બન્યો.

ઈશ્વર ઇતિહાસના વહેણને જાણે છે, અને એનું સંચાલન તથા નિયંત્રણ કરે છે, એટલું જ નહિ, પણ તે દયાળુ બનીને એની યોજના આપણને અગાઉ જણાવે છે પણ ખરા. આમોસ ૩:૭માં પ્રબોધક આમ કહે છેઃ ''ખચીત પ્રભુ યહોવા પોતાનો મર્મ( = પોતાની યોજના) પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ.'' અંગ્રેજી 'ન્યૂ ઈંગ્લિશ બાઈબલ' (N.E.B.) માં એ વાક્ય વધુ સ્પષ્ટ બન્યું છે, અને 'ગુડ ન્યુઝ બાઈબલ'માં તો એથીયે વધારે સ્પષ્ટ આ પ્રમાણે છે:

> **"The Sovereign Lord never does anything without revealing His plan to his servants the prophets."**

જૂના કરારના પ્રબોધકોને ઈશ્વરે ઇતિહાસના આયોજન અંગેની અગાઉથી જાણ કરી હતી. એમાં દાનિયેલ પણ હતો. ભવિષ્યમાં ઇતિહાસના તખ્તા ઉપર ક્યાં ક્યાં મહાસામ્રાજ્યો થશે, ઇઝરાયલ લોકોનું ભાવિ કેવું હશે, પ્રભુ ઈસુનું પ્રથમાગમન તેમ જ પુનરાગમન ક્યારે થશે, તે સમયે ઇતિહાસની કરવટ કેવી બદલાઈ હશે, શેતાનનો માણસ (ખ્રિસ્તવિરોધી) ક્યારે આવશે, કેવો હશે, શું શું કરશે, અને દુનિયાનાં રાજ્યોનો આખરી અંજામ કેવો થશે, - એ બધી બાબતો ઝીણી વિગતોસહ ઈશ્વરે દાનિયેલને જણાવી હતી. અને દાનિયેલે પોતાના પુસ્તકમાં એ આખું આયોજન ભવિષ્યવાણીઓના રૂપમાં ઉતાર્યું છે. દેશોના રાજાઓ, રાષ્ટ્રપ્રમુખો અને વડાપ્રધાનો, ભાવિમાં શું થશે એ બધા વિશે આમતેમ ફાંફાં મારવાને બદલે દાનિયેલના પુસ્તકમાં અને બાઇબલનાં અન્ય પુસ્તકોમાં કેમ જોતાં નહિ હોય ? કદાચ ''આ જગતના દેવે (શેતાને) અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે'' (૨ કોરિંથી ૪:૪). પણ એ બધા દેશનેતાઓ તો, પોતાની મુક્તેચ્છા વાપરીને સ્વેચ્છાપૂર્વક ઇતિહાસના વહેણની ચોપાટનાં પ્યાદાં બની રહે છે ! પણ વિશ્વાસ કરનારાંને સંત પિતર શું કહે છે તે સાંભળો :

''વળી અમારી પાસે એથી (દૃશ્ય પુરાવા કરતાં) વધારે ખાતરીપૂર્વક વાત, એટલે **ભવિષ્યવચન,** છે; તેને અંધારે ઠેકાણે પ્રકાશ કરનાર દીવાના જેવાં જાણીને જ્યાં સુધી પોહ ફાટે (=પુનરુત્થાનની પ્રભાત થાય) ને સવારનો તારો (પ્રભુ ઈસુ) તમારાં અંતઃકરણોમાં ઊગે, ત્યાં સુધી તમે તેના પર ચિત્ત લગાડો તો સારું! પ્રથમ તમારે એ જાણવું કે, પવિત્ર લેખમાંનું કોઈ પણ ભવિષ્યવચન મનુષ્યપ્રેરિત નથી, કેમ કે ભવિષ્યવચન માણસની ઇચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો દેવનાં વચન બોલ્યાં'' (૨ પિતર ૧:૧૯-૨૧). ★


## ભાગ બીજો

### ૧૦. નબૂખાદનેસ્સારે સ્વપ્નમાં જોયેલી મૂર્તિ

### (દાનિયેલ ૨:૩૧-૪૫)

૩૧ "હે રાજા, આપે સ્વપ્નમાં એક મોટી મૂર્તિ જોઈ. આ ભવ્ય મૂર્તિનો ઝગઝગાટ અત્યુત્તમ હતો, તે આપની આગળ ઊભી હતી; તેનું સ્વરૂપ ભયંકર હતું. ૩૨ એ પ્રતિમાનું માથું તો ચોખ્ખા સોનાનું હતું. તેની છાતી ને તેના ભુજ રૂપાનાં, તેનું પેટ ને તેનો જાંઘભાગ પિત્તળનાં, ૩૩ તેના પગ લોઢાના, તેના પગની પાટલીઓનો કેટલોક ભાગ લોઢાનો ને કેટલોક ભાગ માટીનો [હતો]. ૩૪ આપ જોતા હતા, એટલામાં [કોઈ માણસના] હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, ને તેણે તે [મૂર્તિ] ની પાટલીઓ જે લોઢાની તથા માટીની હતી, તેમના પર મારો ચલાવ્યો, ને તેમને ભાંગીને તેમના ટુકડેટુકડા કર્યા. ૩૫ ત્યાર પછી લોઢું, માટી, પિત્તળ, રૂપું તથા સોનું તમામને ભાંગીને ચૂરેચૂરા કરવામાં આવ્યાં, તે ઉનાળાના ખળામાંના ભૂસા જેવાં થઈ ગયાં; અને પવન તેમને એવી રીતે [ઉરાડી] લઈ ગયો કે તેમનું ઠામઠેકાણું રહ્યું નહિ. જે શિલાએ મૂર્તિને ભાંગી નાખી તેનો એક મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ."

બાબેલના રાજા નબૂખાદનેસ્સારને, એની કારકિર્દીના બીજા વર્ષે, એટલે ઈ. પૂર્વે ૬૦૩માં, પોતાના પલંગ પર સૂતાં સૂતાં એક પ્રચંડ મૂર્તિનું સ્વપ્ન આવ્યું. મૂર્તિ ધાતુઓની બનેલી અને ભવ્ય હતી. એનો ઝગઝગાટ અત્યુત્તમ હતો. એ જુદી જુદી ધાતુઓની બનેલી હતી. ભવિષ્યમાં શું બનવાનું હતું તેની જાણ ઈશ્વરે આ મૂર્તિ દ્વારા નબૂખાદનેસ્સારને કરી હતી. જગતની પ્રજાઓના ભાવિ ઈતિહાસને ભવિષ્યકથનોની રૂપરેખા દ્વારા અહીં રજૂ કરવામાં આવ્યો હતો. અહીં છેક નબૂખાદનેસ્સારના રાજ્યકાળથી માંડીને પ્રભુના પુનરાગમન સુધીનો ભાવિ ઈતિહાસ ભવિષ્યકથનોરૂપે દર્શાવવામાં આવ્યો છે. અને ઈતિહાસને ઇઝરાયલ પ્રજાના ભાવિ સાથે જોડવામાં આવ્યો છે.



ચિત્ર ૧
નબૂખાદનેસ્સારે સ્વપ્નમાં જોયેલી મૂર્તિ
(દાનિયેલ ૨ : ૩૧-૪૫)

રાજા પોતાનું સ્વપ્ન ભૂલી ગયો હતો. તેના મહાસમ્રાજ્યમાંથી કોઈપણ વ્યક્તિ તેને આ સ્વપ્ન અને એનો ખુલાસો બતાવી શક્યું નહિ. એટલે રાજાએ રાજ્યના સર્વજ્ઞાનીઓ, મંત્રવિદ્યા જાણનારાઓ, જાદુગરો, અને જોષીઓનો નાશ કરવાનું ફરમાન કાઢ્યું. એવામાં યહૂદી દાનિયેલ રાજાની હજૂરમાં આવીને સ્વપ્નની વિગતો તેમ જ સ્વપ્નનો ખુલાસો કરી બતાવે છે. આ સ્વપ્નમાં ભવિષ્યમાં થનારાં જગતનાં ચાર વિશ્વસામ્રાજ્યો ભવિષ્યકથનોરૂપે આપવામાં આવ્યાં છે.

જગતના ઈતિહાસમાં આ ચાર વિશ્વસામ્રાજ્યો સિવાય બીજું કોઈ વિશ્વસત્તા ધરાવનારું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું નથી. ફ્રાન્સના નેપોલિયને આખું જગત જીતી લઈ વિશ્વસામ્રાજ્ય રચવા સ્વપ્ન સેવ્યું હતું. પણ એ સાકાર ન બન્યું. જર્મની (ડુઈસલેન્ડ) ના હિટલરની પણ એવી જ યોજના હતી, પણ તે ફળી નહિ. દાનિયેલનો ખુલાસો આપણે જોઈએ.

૧. **પહેલું વિશ્વસામ્રાજ્ય : ખાલદી રાજા નબૂખાદનેસ્સારનું બાબિલોનનું રાજ્ય.**

૩૭ "હે રાજા, આપ રાજાધિરાજ છો, આપને આકાશના દેવે રાજ્ય, સત્તા, બળ તથા પ્રતાપ આપ્યાં છે. ૩૮ જ્યાં જ્યાં માણસો વસે છે, ત્યાં ત્યાં તેણે વનચર જનાવરોને તથા ખેચર પક્ષીઓને આપના હાથમાં આપ્યાં છે, ને તે સર્વ ઉપર આપને અધિકાર આપ્યો છે. **પેલું સોનાનું માથું તે તો આપ છો.**"

૨. **બીજું વિશ્વસામ્રાજ્ય : માદીઓ તથા ફારસીઓનું બાબિલોનમાં અને ઈરાનમાં રાજ્ય,** સ્વપ્નની મૂર્તિની છાતી તથા ભુજાનો રૂપાનો ભાગ આ બીજું સામ્રાજ્ય સૂચવે છે.

૩. **ત્રીજું વિશ્વસામ્રાજ્ય : મહાન એલેકઝાન્ડરના હાથમાં ગ્રીસનું રાજ્ય.** પિત્તળનાં બનેલાં પેટ અને જાંઘભાગ આ ત્રીજું સામ્રાજ્ય દર્શાવે છે.

૩૯ "આપના પછી આપના કરતાં ઊતરતું એવું બીજું રાજ્ય થશે અને તે પછી ત્રીજું પિત્તળનું રાજ્ય થશે, કે જે આખી પૃથ્વી પર હકૂમત ચલાવશે."

**૪. અ. ચોથું વિશ્વસામ્રાજ્યઃ રોમનું લોખંડી રાજ્ય.**

૪૦ ''ચોથું રાજ્ય લોઢા જેવું મજબૂત થશે; કેમ કે લોઢું સર્વ વસ્તુઓને ભાંગી ચૂરા કરે છે ને કચરે છે. અને જેમ લોઢું બધાંને કચરી નાખે છે તેમ તે બધાંને ભાંગીને ભૂકો કરશે ને કચરી નાખશે.''

**૪. બ. રોમન રાજ્યનું ઉત્થાન : અંતના સમયમાં થનારાં દશ રાજ્યો.**

૪૧ ''જેમ આપે પગની પાટલીઓ તથા તેનાં આંગળાંનો કેટલોક ભાગ કુંભારની માટીનો ને બાકીનો ભાગ લોઢાનો જોયો, તેમ તે રાજ્ય (રોમન સામ્રાજ્ય) ના ભાગલા પડી જશે. પણ જેમ આપે લોઢાની સાથે ચીકણી માટી ભેળેલી જોઈ, તેમ તે (રાજ્યમાં) કેટલેક અંશે લોઢાનું બળ હશે. ૪૨. વળી જેમ પગનાં આંગળાંનો કેટલોક ભાગ લોઢાનો ને બાકીનો ભાગ માટીનો હતો, તેમ તે રાજ્યનો એક ભાગ બળવાન થશે ને બાકીનો ભાગ તકલેદી થશે. ૪૩ વળી જેમ આપે લોઢા સાથે ચીકણી માટી ભેળેલી જોઈ, તેમ તેઓ (બીજા) માણસોના સંતાન સાથે ભેળસેળ થશે. પણ જેમ માટી લોઢા સાથે મળી જતી નથી તેમ તેઓ એકબીજાને વળગી રહેશે નહિ.''

**૫. આકાશનું રાજ્ય.** આ ''આકાશનું રાજ્ય'' પૃથ્વીનાં સર્વ રાજ્યનો કાયમને માટે વિનાશ કરશે.

૪૪ ''તે રાજાઓની કારકિર્દીમાં આકાશનો દેવ એક રાજ્ય સ્થાપન કરશે કે જેનો નાશ કદી થશે નહિ, ને તેની હકૂમત અન્ય પ્રજાના કબજામાં સોંપાશે નહિ; પણ તે આ સઘળાં રાજ્યોને ભાંગીને ચૂરા કરીને તેમનો ક્ષય કરશે, ને તે સર્વકાળ ટકશે. ૪૫ આપે જોયું કે પેલી શિલા પર્વતમાંથી કોઈ માણસના હાથ અડક્યા વગર કાપી કાઢવામાં આવી, ને તેણે લોઢાને, પિત્તળને, માટીને, રૂપાને તથા સોનાને ભાંગીને ચૂરેચૂરા કર્યા; તે ઉપરથી હવે પછી શું થવાનું છે તે મહાન ઈશ્વરે રાજાને વિદિત કર્યું છે. એ સ્વપ્ન નક્કી છે, ને તેનો ખુલાસો ખરેખરો છે.''

**જગતમાં ભવિષ્યમાં થનારાં ચાર સામ્રાજ્યો,**
**અંતકાળનાં દશ રાજ્યો,**
**અને છેલ્લે આકાશનું રાજ્ય.**

**૧. પહેલું સામ્રાજ્ય : ખાલદી વંશ. સોનાનું માથું ઈ. પૂર્વે ૬૦૪ થી ૫૩૮.**

દાનિયેલ ૨:૩૮ ''પેલું સોનાનું માથું તે તો આપ છો.'' ઇતિહાસની શરૂઆતથી આજ સુધી આખી દુનિયા પર અધિકાર ધરાવતાં માત્ર ચાર સામ્રાજ્યો થઈ ગયાં. બાબિલોનનું ખાલદીઓનું રાજ્ય; માદી-ફારસીઓનું રાજ્ય; મહાન એલેકઝાન્ડરથી માંડીને ગ્રીકોનું રાજ્ય; અને છેલ્લે રોમનું લોખંડી રાજ્ય. એ ચાર સિવાય બીજી કોઈ વિશ્વવ્યાપી સત્તા થઈ નથી. અંગ્રેજો વિશે કહેવાતું હતું કે, 'એમના રાજમાં સૂર્ય કદી આથમતો નથી!'' એમ છતાં પણ, અંગ્રેજોનું રાજ્ય સારાયે વિશ્વ પર સત્તા ધરાવતું કદી બન્યું નથી. નેપોલિયને, વિલ્યમ કૈસરે, હિટલરે અને એવા કેટલાયે વિશ્વસામ્રાજ્ય સ્થાપવા અનેક પ્રયત્નો અત્યાર સુધીમાં કર્યા, પણ સૌ કોઈ નિષ્ફળ નીવડયા.

ખાલદી વંશી નબૂખાદનેસ્સાર એના પિતા નબોપોલાસ્સારના મૃત્યુ (ઈ.પૂર્વે ૬૦૫) પછી, એટલે ઈ. પૂર્વે ૬૦૪ માં બાબિલોનની ગાદી પર તખ્તારૂઢ થયો. એની આણ તે સમયના આખા વિશ્વ પર વર્તાતી હતી. તેણે બાબિલોન શહેરને દુનિયાની અજાયબી જેવું બનાવ્યું હતું. ઈશ્વરે તેને આ સત્તાસ્થાને નીમ્યો હતો તે વિશેનું ભવિષ્યકથન યિર્મેયા પ્રબોધકે આ પ્રમાણે આપ્યું છે

''વળી તેઓને પોતપોતાની સરકારોને કહેવાની આજ્ઞા આપ કે, સૈન્યોનો દેવ યહોવા, ઇઝરાયલનો દેવ, કહે છે કે, મેં મારી મહાન શક્તિથી તથા મારા લાંબા કરેલા ભુજથી પૃથ્વીને, ને પૃથ્વીના પૃષ્ઠ પરનાં મનુષ્યોને તથા પશુઓને પણ ઉત્પન્ન કર્યાં; અને મને યોગ્ય લાગે તેને હું તે આપું છું. હવે મેં આ બધા દેશો મારા દાસ બાબેલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં આપ્યા છે. અને તેની સેવા કરવા સારુ રાનમાંનાં પશુઓ પણ મેં તેને આપ્યાં છે. **તેના દેશને માટે નિર્માણ થયેલો સમય આવે, ત્યાં સુધી સર્વ પ્રજાઓ તેની, તેના પુત્રની**

તથા તેના પૌત્રની સેવા કરશે. પરંતુ ત્યાર પછી ઘણી પ્રજાઓ તથા મોટા રાજાઓ તેની પાસે સેવા કરાવશે'' (યિર્મેયા ૨૭:૪-૭).

આ ભવિષ્યકથનમાં આપ્યું છે તેમ નબૂખાદનેસ્સાર ગાદી પર આવ્યો, અને એના પછી એનો પુત્ર રાજા થયો, અને એ પછી એનો પૌત્ર બેલ્શાસ્સાર બાબિલોનની ગાદી પર બેઠો. બસ, એ પછી ઉપરના ભવિષ્યકથન પ્રમાણે ખાલદી વંશના હાથમાંથી ગાદી જતી રહી, અને માદી-ફારસીઓએ લઈ લીધી. નબૂખાદનેસ્સાર ઈ. પૂર્વે ૬૦૪ માં સમ્રાટ બનીને બાબિલોનની ગાદી પર બેઠો, અને ઈ. પૂર્વે ૫૬૧ સુધી એટલે કે ૪૪ વર્ષ સુધી રાજ્ય કર્યું. એના પછી એનો પુત્ર એવીલ-મરોદાખ ગાદી પર આવ્યો. પણ બે જ વર્ષના ટૂંકા રાજ્યકાળ પછી એના બનેવી નેરીગ્લીસ્સારે તેને મારી નાખ્યો. નેરીગ્લીસ્સારે ચારેક વર્ષ સુધી ગાદી કબ્જે રાખી, અને ઈ. પૂર્વે ૫૫૬ ના યુદ્ધમાં તે માર્યો ગયો. એના પછી એનો કમઅક્કલ અને દુર્બળ દીકરો લોબોરોસોઆર્ખેદ નવેક માસ જેટલું ગાદી પર રહ્યો. એને નબૂખાદનેસ્સારના બીજા જમાઈ નબોનિદસે મારી નાખ્યો, અને પોત તખ્તારૂઢ બન્યો. નબોનિદસે નેરીગ્લીસ્સારની વિધવા (નબૂખાદનેસ્સારની દીકરી) સાથે લગ્ન કર્યાં હતાં. એણે એવીલમરોદાખના પુત્ર, અને નબૂખાદનેસ્સારના પૌત્ર બેલ્શાસ્સારને દત્તક લીધો હતો. તેણે ૧૭ વર્ષ રાજ કર્યું.

નબોનિદસના આ ૧૭ વર્ષના રાજકાળ દરમિયાન લગભગ બધો જ સમય ફારસી પ્રજાના હુમલાના ભણકારા વાગ્યા કરતા હતા. નબૂખાદનેસ્સારના મૃત્યુ પછીના બીજા વર્ષથી ફારસીઓના હુમલા અવારનવાર થયા કરતા હતા. એટલે નબોનિદસ પોતે તો વિશાળ રાજ્યને ટકાવી રાખવા, અને શત્રુઓને ભગાડવા દૂરના દેશોમાં ઘૂમતો રહેતો. મોટે ભાગે અરબસ્તાનમાં રહીને તે વહીવટ કરતો. દરમિયાન તેણે પોતાના દત્તક પુત્ર (અને નબૂખાદનેસ્સારના પૌત્ર) બેલ્શાસ્સારને સહરાજવી તરીકે બાબિલોનની ગાદી સોંપી હતી. દાનિયેલને આખા રાજ્યમાં ત્રીજા નંબરનો અધિકારી બનાવવામાં આવ્યો (૫:૭), તે આ ઇતિહાસ ઉપરથી સમજાશે કે કેમ બીજા નંબરનો નહિ, પણ ત્રીજા નંબરનો અધિકારી ઠરાવ્યો. ઈ. પૂર્વે ૫૩૮માં બેલ્શાસ્સારના મરણ પછી ખાલદી

યુગનો અંત આવ્યો, અને ગાદી માદી-ફારસી સમ્રાટોના હાથમાં ગઈ. એ કેવી રીતે બન્યું તે ઇતિહાસની એક રસિક બીના છે. આપણે થોડી વારમાં એ જોઈશું.

પ્રભુ ઈસુએ લૂક ૨૧:૨૪ માં **"વિદેશીઓના સમયો"** નો ઉલ્લેખ કર્યો છે, અને યરુશાલેમના થનાર નાશ વિશે આગાહી કરતાં કહ્યું કે, "તેઓ (યહૂદીઓ) તરવારની ધારથી માર્યા જશે, અને ગુલામ થઈને બધા દેશોમાં લઈ જવામાં આવશે; **અને વિદેશીઓના સમયો પૂરા નહિ થશે, ત્યાં સુધી યરુશાલેમ વિદેશીઓથી ખૂંદી નંખાશે."** એટલે કે એ **"વિદેશીઓના સમયો"** દરમિયાન યરુશાલેમની સંપૂર્ણ સત્તા યહૂદીઓના હાથમાં નહિ હોય, પણ વિદેશીઓના હાથમાં સત્તા હશે. આ **"વિદેશીઓના સમયો"** ઈ. પૂર્વે ૬૦૬માં નબૂખાદનેસ્સારે યરુશાલેમ જીતી લીધું, અને ઘણાબધા યહૂદીઓને (દાનિયેલ સુદ્ધાં) બાબિલોન લઈ ગયો, ત્યારથી શરૂ થયા, તે હજી પણ **"વિદેશીઓના સમયો"** ચાલે છે, અને પ્રભુ ઈસુ પૃથ્વી પર આવીને યરુશાલેમમાં એક હજાર વર્ષનું રાજ્ય સ્થાપશે, ત્યાં સુધી રહેશે. અને હજાર વર્ષનું રાજ્ય શરૂ થાય કે તરત **"વિદેશીઓના સમયો"** પૂરા થશે. સોનાના માથા (એટલે ઈ. પૂર્વે ૬૦૬)થી તે પગનાં દશ આંગળાંનો સમય એ **"વિદેશીઓના સમયો"** છે. એ મૂર્તિનો સદંતર નાશ થશે, અને શિલા પૃથ્વીને ભરી દેશે ત્યાં સુધી **વિદેશીઓના સમયો** ટકશે. મૂર્તિ **"વિદેશીઓના સમયો"** સૂચવે છે.

કેટલાક લોકો પ્રશ્ન કરે છે કે, હવે તો 'ઇઝ્રાયલનું રાજ્ય' સ્થપાયું છે, અને યરુશાલેમ તેમના હાથમાં (૧૯૬૭થી) આવ્યું છે, તો **"વિદેશીઓના સમયો"** પૂરા થયેલા ન ગણાય ? ના, હજી મંદિરનો ભાગ એટલે કે યરુશાલેમનું કેન્દ્ર, અથવા શહેરનું હૃદય, વિદેશીઓના હાથમાં છે; ત્યાં મુસ્લિમ મસ્જિદ છે. અને મહાવિપત્તિકાળમાં ફરી એક વાર યહૂદીઓને દેશબહાર નાસી જવું પડશે (પ્રકટી. ૧૨:૬, ૧૪). એવામાં પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી પર ઊતરી એક હજાર વર્ષનું રાજ સ્થાપશે, એ સમયે યહૂદીઓ યરુશાલેમમાં પાછા ફર્યા હશે. એ સમયે **"વિદેશીઓના સમયો"** નો અંત આવશે. અને યરુશાલેમ સંપૂર્ણ

રીતે યહૂદી અધિકાર નીચે આવશે.

**૨. બીજું સામ્રાજ્ય : માદી-ફારસીઓ. ઈ. પૂર્વે ૫૩૮-૩૩૩ રૂપાનાં છાતી અને ભુજ.**

ખાલદી વંશનો છેલ્લો સમ્રાટ બેલ્શાસ્સાર મરાયો ત્યારથી માદી ફારસી રાજ્ય એટલે કે બીજું સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. એ વિશે દાનિયેલે ૫:૩૦-૩૧ માં આમ લખ્યું છે: "તે જ રાત્રે ખાલદીઓનો રાજા બેલ્શાસ્સાર માર્યો ગયો. તેનું રાજ્ય માદી દાર્યાવેશ કે જે સુમારે બાસઠ વર્ષની વયનો હતો તેના હાથમાં આવ્યું." ખરી રીતે ફારસી સરદાર કોરેશે ખાલદી બેલ્શાસ્સારનું રાજ્ય જીતી લીધું, પણ તેણે પોતે એ રાજ્યનો હવાલો ન સંભાળતાં પોતાના કાકા દાર્યાવેશને હાકેમ તરીકે નીમ્યો. એનાં બે કારણ હતાં: માદી-ફારસી રાજ્યમાં વધારે જૂનું માદી રાજ્ય હતું, અને દાર્યાવેશ પોતે માદી વંશી હતો, એટલે વિવેકની ખાતર કોરેશે દાર્યાવેશને આ રાજ્ય સોંપ્યું. બીજું કારણ, કોરેશને બીજા કેટલાક દેશોમાં માંડેલાં યુદ્ધ પૂરાં કરવાનાં હતાં, એટલે બાબિલોનની સત્તા કોરેશે કાકા દાર્યાવેશને ઈ. પૂર્વે ૫૩૮માં સોંપી.

સ્વપ્નની મૂર્તિનો છાતીનો ભાગ અને બે હાથ ચાંદીના હતાં, તે આ માદી-ફારસી રાજ્ય દર્શાવે છે. મૂર્તિના બે હાથ રાજ્યનાં બે પડખાં, માદી તથા ફારસી પડખાં સૂચવે છે. દાનિયેલે ખુલાસામાં નબૂખાદનેસ્સારને કહ્યું હતું કે, "આપના પછી આપના કરતાં ઊતરતું એવું બીજું રાજ્ય થશે" (૨:૩૯). એ ભવિષ્યકથન પ્રમાણે આ માદી-ફારસી રાજ્યવૈભવ, ગૌરવ અને મહિમામાં ખાલદી રાજ્ય કરતાં ઊતરતી કક્ષાનું નીવડયું. કોરેશ રાજાએ અનેક રાજ્યો જીત્યાં હતાં, એટલે બાબિલોનના રાજ કરતાં માદી-ફારસી રાજ્ય વિસ્તારની દષ્ટિએ મોટું હતું, પણ એનો મહિમા ઊતરતી કક્ષાનો હતો.

દાનિયેલને સિંહોના બીલમાં પૂરવામાં આવ્યો ત્યારે બાબિલોનમાં જે રાજા હતો તે આ માદી દાર્યાવેશ રાજા, કોરેશના કાકા. એણે માત્ર બે જ વર્ષ રાજ્ય કર્યું (ઈ. પૂર્વે ૫૩૮-૫૩૬). એના મૃત્યુ પછી કોરેશે બાબિલોનની ગાદીનો હવાલો સંભાળ્યો. એ જ અરસા (ઈ. પૂર્વે ૫૩૬)માં કોરેશનો પિતા કામ્બીસીસ પણ મરણ પામ્યો.

એટલે કોરેશે ઈરાનની ગાદી પણ સંભાળી લીધી. આ કોરેશ રાજાના જન્મ પહેલાં ૧૨૫ વર્ષ અગાઉ, અને તેણે રાજ્ય લીધું તેનાં ૧૭૫ વર્ષ અગાઉ, યશાયા પ્રબોધકના મુખ દ્વારા ઈશ્વરે કોરેશ વિશે નીચે પ્રમાણેનું અદ્ભુત ભવિષ્યકથન કર્યું હતું. એનો એકેએક શબ્દ ઊંડો અર્થગર્ભિત છે :

"તે જ કોરેશ વિશે કહે છે કે, તે મારો ઘેટાંપાળક છે, તે મારો બધો મનોરથ પૂરો કરશે; વળી તે યરુશાલેમ વિશે કહે છે કે, તું [ફરી] બંધાઈશ; અને મંદિરનો પાયો નાખવામાં આવશે.

"યહોવા કહે છે કે, કોરેશ મારો અભિષિક્ત છે, તેની આગળ દેશોને તાબે કરવા સારુ મેં તેનો જમણો હાથ પકડી રાખ્યો છે, તેની આગળ હું રાજાઓની કમરો ઢીલી કરી નાખીશ; જેથી દરવાજા ઉઘાડવામાં આવશે, ને કમાડો બંધ કરવામાં આવશે નહિ. [ વળી યહોવા તેને એવું કહે છે કે ] , હું તારી આગળ જઈશ, ને ટીબાટેકરાને સપાટ કરીશ. હું પિત્તળનાં કમાડોના કકડેકકડા કરી નાખીશ, ને લોઢાની ભૂંગળોને કાપી નાખીશ. હું તને અંધકારમાં રાખેલા ખજાના તથા ગુપ્ત ઠેકાણામાં છુપાવેલું દ્રવ્ય આપીશ, જેથી તું જાણે કે હું તારું નામ લઈને તને બોલાવનાર ઇઝરાયલનો દેવ યહોવા છું. મારા સેવક યાકૂબને લીધે, ને મારા પસંદ કરેલા ઇઝરાયલને લીધે, મેં તો તારું નામ લઈને તને બોલાવ્યો છે. જોકે તેં મને ઓળખ્યો નથી, તોપણ મેં તને અટક આપી છે. હું જ યહોવા છું, ને બીજો કોઈ નથી; મારા સિવાય કોઈ દેવ નથી; જોકે તેં મને ઓળખ્યો નથી, તોપણ હું તારી કમર બાંધીશ; એથી તેઓ જાણે કે ઉગમણથી તે આથમણ સુધી મારા વિના કોઈ નથી. હું જ યહોવા છું, ને બીજો કોઈ નથી" (યશાયા ૪૪:૨૮-૪૫:૬).

આ ભવિષ્યકથન ૧૭૫ વર્ષો પછી ઈ. પૂર્વે ૫૩૮માં પૂરું થયું. ખાલદી રાજા બેલ્શાસ્સારનું રાજ કોઈપણ જાતના યુદ્ધ વગર, ફારસી કોરેશે લઈ લીધું. ઉપર આપેલા ભવિષ્યકથનની ઝીણી અને અજાયબ જેવી વિગતો તેમ જ આશ્ચર્યકારક ઘટના સમજવા પ્રથમ બાબિલોન શહેરની રચના તથા વ્યવસ્થા વિશે જોવું લાભદાયી થશે.

જળપ્રલય સમયના નૂહનો પ્રપૌત્ર અને હામનો પૌત્ર નિમ્રોદ

બાબિલોન શહેરનો આદિ સ્થાપક હતો. આજથી લગભગ સાડાચાર હજાર વર્ષો પહેલાંની એ વાત થઈ. ઈ. પૂર્વે ૬૨૫માં બાબિલોનનું રાજ્ય નબોપોલાસ્સારે સ્થાપ્યું હતું, અને એમાં ખાલદી વંશની આણ વર્તાતી હતી. નબોપોલાસ્સારનો રાજ્યકાળ ઈ. પૂર્વે ૬૨૫ થી ઈ. પૂર્વે ૬૦૫ સુધીનો હતો. એના પછી એનો વિશ્વવિખ્યાત પુત્ર નબૂખાદનેસ્સાર ઈ. પૂર્વે ૬૦૪માં ગાદી પર આવ્યો. પ્રાચીન સમયનો એ સૌથી મહાન સમ્રાટ હતો. એણે બાબિલોન નગરને નવેસરથી બંધાવ્યું, અને એની સુંદરતા ખૂબ વધારી દીધી, જેથી દુનિયામાં કદી, હા, આ વીસમી સદીમાં પણ જોવા ન મળે એવું એ અજાયબ શહેર બની ગયું.

**ક. દુનિયાની અજાયબીસમું બાબિલોન શહેર**

આ બાબિલોન શહેર ચોખંડું હતું, અને એની પ્રત્યેક બાજુ ૧૫ માઈલની હતી, એટલે કે એની આસપાસનો ઘેરાવો ૬૦ માઈલનો હતો. એની આસપાસ પાતળી ઈંટોની બનાવેલી ૮૭ ફૂટ પહોળી, અને પુરાણા ઇતિહાસકાર હિરેડોટસના લખવા પ્રમાણે, ૩૫૦ ફૂટ ઊંચી એવી દીવાલ હતી. આ કોટ ઉપર ૨૫૦ બુરજ હતા. આ કોટ ઉપર એકસામટા છ રથો એક હારમાં દોડી શકતા. કોટની ફરતી બહારની બાજુ સળંગ પાણીની ખાઈ બનાવવામાં આવી હતી, અને એને યુફ્રેતિસ નદીનાં પાણી કાયમ ભરેલી રાખતાં હતાં, જેથી બહારથી કોઈ દુશ્મન શહેરમાં પ્રવેશી શકે નહિ. કોટની દીવાલમાં આવતા દરવાજાઓને અડીને આ ખાઈ ઉપર ઉઠાવી અને પાડી શકાય એવા પુલ રચવામાં આવ્યા હતા.

શહેરની અંદરના ભાગમાં કોટની પાસે બીજો કોટ બાંધવામાં આવ્યો હતો જે સાંકડો હોવા છતાં બહારના કોટથી ઝાઝો ઊતરતો નહોતો. આ સમચોરસ શહેરમાં, પ્રત્યેક ૧૫૦ ફૂટ પહોળા એવા, પચીસ માર્ગો ઉત્તરથી દક્ષિણ સુધી હતા, અને એવા જ પચીસ બીજા માર્ગો, આગલા માર્ગોને કાટખૂણે સ્પર્શતા પૂર્વ-પશ્ચિમે હતા. આને કારણ આખું શહેર ૬૭૬ સરખા ચોરસ ભાગોમાં વહેંચાઈ જતું, અને એ પ્રત્યેક ભાગ દરેક દિશામાં ૧૦૫૬ વાર અથવા ૩/૫ માઈલ લંબાઈવાળો બની જતો. શહેરમાં મકાનો ત્રણ અને ચચ્ચાર મજલાનાં હતાં. સિમેન્ટની જગાએ ડામર વપરાતો.

આ ઉપરાંત આખાયે શહેરને ફરતો અને કોટોની વચ્ચે થઈને જતો એક ઘણો પહોળો માર્ગ પણ બનાવવામાં આવ્યો હતો. પેલા પચીસ આડા અને પચીસ ઊભા માર્ગો શહેરની અંદરના ચોપાસી ચોડા માર્ગમાં પડતા. આ મોટા માર્ગ સાથે પેલા માર્ગોનું જ્યાં જ્યાં મિલન થતું ત્યાં ત્યાં કોટની અંદર બે કમાડવાળા ચળકતા પિત્તળના અતિ ભવ્ય દરવાજા મૂકવામાં આવ્યા હતા. સૂર્ય ઊગતાં કે આથમતાં એ દરવાજા ઉઘાડવામાં આવતા કે બંધ કરવામાં આવતા ત્યારે જાણે અગ્નિજવાળાનાં પત્તાં ન હોય એવું લાગતું. શહેરના કોટમાં પ્રત્યેક બાજુએ પચીસ એમ કુલ આવા એકસો દરવાજા હતા.

શહેરને બે સરખા ભાગમાં વહેંચી નાખતી યુફ્રેતિસ નદી કર્ણરેખાકારે શહેરના એક ખૂણાથી બીજા ખૂણા તરફ જતી હતી. આ નદીના બંને કિનારે દીવાલો ઊભી કરવામાં આવી હતી, અને નદી જે જે સ્થળે મુખ્ય માર્ગોને સ્પર્શતી તે તે સ્થળે દરવાજા રાખવામાં આવ્યા હતા. એમ આ બંને દીવાલોમાં પચીસ પચીસ દરવાજા હતા. દરેક દરવાજે ઢાળ મૂકવામાં આવ્યો હતો. ત્યાંથી છેક નદીનાં પાણી સુધી જવાતું. નદીની આ દીવાલોની બહારની બાજુએ તેમ જ અંદરની બાજુએ, શહેરના અંદરના ભાગમાં નદીની બંને તરફ, ભવ્ય ડક્કા અથવા ઓવારા બાંધવામાં આવ્યા હતા. મુખ્ય રસ્તા નદીને અડતા ત્યાં ત્યાં સામે કિનારે જવા હોડીઓ ફરતી રહેતી હતી, અને કેન્દ્રીય માર્ગને નદી સ્પર્શતી હતી ત્યાં વિશાળ પુલ નાખવામાં આવ્યો હતો, અને પુલને બંને છેડે સુંદર મહેલ બાંધવામાં આવ્યો હતો. આ મહેલ નદીના બંને કિનારે આવેલો હતો, અને પેલો પુલ બંને તરફના મહેલને જોડતો હતો. એટલું જ નહિ, પણ બંને તરફના મહેલને નદીના પ્રવાહની નીચેની ભૂમિમાં સુરંગ દ્વારા જોડવામાં આવ્યો હતો. એ સુરંગ યા બોગદામાં જુદા જુદા અંતરે મિજબાની માટે નરદમ પિત્તળના જંગી ઓરડાઓ રચવામાં આવ્યા હતા.

મહેલની પાસે 'બેલનો મિનારો' બાંધવામાં આવ્યો હતો. એ મિનારાને, પ્રત્યેક ૭૫ ફૂટ ઊંચો એવા એકબીજાની ઉપર બાંધવામાં આવેલા, આઠ બુરજોનો બનાવવામાં આવ્યો હતો. અને એ એકબીજા ઉપર આવેલા આઠેય બુરજોને વીંટાતાં અને છેક ટોચે લઈ જતાં પગથિયાં

બનાવવામાં આવ્યાં હતાં. અને છેક ટોચે ૬૦ફૂટની ઊંચાઈનું મંદિર બાંધવામાં આવ્યું હતું. આમ મિનારા અને મંદિરની મળીને કુલ ઊંચાઈ ૬૬૦ ફૂટ અથવા એક ફર્લાંગ (૧/૮ માઈલ) થતી હતી.

આ મંદિરમાં દુનિયામાં જોટો ન મળે એવું અતિ કિંમતી રાચરચીલું રાખવામાં આવ્યું હતું. એની અંદરની ૪૫ ફૂટ ઊંચી એવી એક સોનાની મૂર્તિની કિમંત રૂપિયા ૧૪ કરોડની આંકવામાં આવતી. અને પૂજા માટે વપરાતા પવિત્ર વાસણો તથા સાધનોની કિંમત રૂપિયા ૧૬૦ કરોડની આંકવામાં આવતી.

આવી મહાન નગરી બાબિલોનને ફારસી રાજા કોરેશે કેવી રીતે લીધી તેનું વર્ણન, ઝેનોફોન નામના ગ્રીક ઈતિહાસકારે ઈ. પૂર્વે ચોથી સદીમાં 'સાયરોપાઈદિયા' લખ્યું, તેમાં તે આ પ્રમાણે લખે છે. ઝેનોફોનના જ શબ્દો ગુજરાતી અનુવાદમાં નીચે ટાંક્યા છે:

**ખ. માદી રાજા કોરેશ ખાલદીઓનું રાજ્ય જીતી લે છે.**

''કોરેશ (અં. સાયરસ) જ્યારે બાબિલોન પહોંચ્યો (ઈ.સ. પૂર્વે ૫૩૯માં), ત્યારે બાબિલોનના દરવાજાઓની નીચે થઈને યુફ્રેતિસ નદીનાં જે પાણી વહેતાં હતાં, તેમને બીજી તરફ વાળી દેવાના હેતુથી તેણે છૂપી રીતે નહેરો ખોદાવી. ઘણા સમયથી આ નવી નહેરો બનાવવાનું કાર્ય ખાનગી રીતે ચાલતું હતું. એ કાર્ય પૂરું થયા પછી કોરેશ કોઈ યોગ્ય અને સાનુકૂળ સંજોગોની રાહ જોતો બેઠો. અને બેલ્શાસ્સાર અને એના અમીરઉમરાવો બધા ઉજાણીમાં પડયા હતા, તે સમય સાનુકૂળ લગતાં કોરેશ તેમ જ માદી-ફારસી લશ્કર છૂપી રીતે નદીના કોરા પટમાં થઈને નદી પર આવેલા દરવાજાઓમાં પ્રવેશ્યાં અને ઝપાટાબંધ રાજમહેલ તરફ ધસ્યાં, ત્યારે તેણે બાબિલોનમાં ચાલી રહેલી ઉજાણી વિશે, તેમ જ બધા બાબિલોનવાસીઓ દારૂમાં ચકચૂર હતા, અને આખી રાત એમાં આળોટયા હતા, એ બધા વિશે સાંભળ્યું.'' જ્યાં બેલ્શાસ્સારે દીવાલ પર હસ્તલેખ જોયો હતો, એ રાજમહેલે આવી પહોંચતાં તેઓ ''અંદર ઘૂસી ગયા અને ભાગનારાઓનો પીછો પકડતાં અને લોકોને મારતાં મારતાં તેઓ આગળ વધ્યા, અને તેઓ રાજા પાસે આવી પહોંચ્યા, ત્યારે તેને તલવાર તાણીને ઊભેલી સ્થિતિમાં જોયો.... (તેઓએ) તેને

પકડયો.'' પયગંબર દાનિયેલે લખ્યું છે એમ જ એ રાત્રે બેલ્શાસ્સાર મારી નંખાયો.

ઉપર જોયું તેમ માદી રાજા કોરેશે પોતાના લશ્કરની સહાયથી યુફ્રેતિસ નદીનો પ્રવાહ છૂપી રીતે ખોદાવેલી નહેરો તરફ વાળી લીધો. યુફ્રેતિસ બાબિલોન શહેરમાં કર્ણરેખાકારે શહેરના એક ખૂણાથી બીજા ખૂણા તરફ વહેતી હતી. પરંતુ નદીનો પ્રવાહ નહેરો દ્વારા અન્ય દિશામાં વાળી દીધો હોવાથી નદીનો પટ કોરો થઈ ગયો હતો તેમાં થઈને કોરેશ તથા તેનું લશ્કર બાબિલોન શહેરમાં પ્રવેશ્યું. કોરેશે પોતાના લશ્કરના ત્રણ ભાગ પાડી દીધા હતા : પહેલો ભાગ નવી બનાવેલી નહેરોમાં યુફ્રેતિસનાં પાણી વાળે; બીજો ભાગ ઉત્તરે કોરા થયેલા પટમાં થઈને શહેરમાં પ્રવેશે; અને ત્રીજો ભાગ દક્ષિણે એટલે નીચલાણમાં કોરી થયેલી નદીના પટમાં થઈને શહેરમાં ઘૂસે.

પણ શહેરના દરવાજાઓ વિશે શું ? કોરેશ તથા લશ્કર આ બંધ દરવાજાઓમાં થઈને કેવી રીતે પ્રવેશી શકે ? પણ આમ બન્યું હતું : ખાલદી રાજા બેલ્શાસ્સાર તેના અમીર - ઉમરાવો સાથે કેટલાય દિવસની ભવ્ય ઉજાણીમાં રોકાયો હતો. અને આ ખાસ રાત્રે બેલ્શાસ્સાર તથા રાજ્યના તમામ અધિકારીઓ દારૂમાં ચકચૂર પડયા હતા. અને એમના અનુકરણમાં સામાન્ય અધિકારીઓ તેમ જ હલકી પદવીવાળા કાર્યકરો પણ ચકચૂર હતા. અને તે રાત્રે નદી પરના અને બહારથી આવવાના દરવાજા બંધ કરવાનું રહી ગયું હતું. આગળ જોયું તેમ ભવિષ્યકથન એવું જ હતું: ''દરવાજા ઉઘાડવામાં આવશે, અને કમાડો બંધ કરવામાં આવશે નહિ... ટીંબાટેકરાને સપાટ કરીશ (નદીના પ્રવાહ વિશે); હું પિત્તળના દરવાજાના કકડેકકડા કરી નાખીશ, અને લોઢાની ભૂંગળોને કાપી નાખીશ.''

વળી ભવિષ્યકથનમાં કહ્યું હતું કે, ''હું તને અંધકારમાં (નદીનાં પાણીની નીચે) રાખેલા ખજાના તથા ગુપ્ત ઠેકાણામાં છુપાવેલું દ્રવ્ય આપીશ...'' અને એમ એક જ રાતમાં બાબિલોનના એ બધા ધનભંડારો કોરેશના હાથમાં આવ્યા, - કોઈ લડાઈ લડયા વગર.

શાંતિ થઈ ત્યારે કોરેશે પોતાના પિતાને ઈરાનમાં મળવા જવા વિચાર્યું. ગ્રીક ઇતિહાસકાર ઝેનોફોન જણાવે છે : ''જયારે તેઓ

મિડિયામાં આવ્યા ત્યારે કોરેશ પોતાના કાકા સીઆઝરેસને મળવા ફંટાયો. તેઓ એકબીજાને ભેટયા પછી કોરેશે (કાકા) સીઆઝરેસને કહ્યું કે, બાબિલોનમાં તમારે માટે ખાનગી ઘર તથા મહેલો અલગ રાખવામાં આવ્યાં છે, અને જ્યારે તમે ત્યાં (બાબિલોનમાં) જાઓ, ત્યારે તમે તમારા પોતાના ઘરમાં રહેજો.'' સીઆઝરેસ મિડિયા (માદાઈ)નો રાજા હતો. મિડિયા ઈરાન કરતાં નાનું રાજ્ય હતું.

પહેલી સદીનો યહૂદી ઇતિહાસકાર જોસીફસ પોતાના લખાણમાં જણાવે છે કે આ સીઆઝરેસ રાજા એ જ માદી દાર્યાવેશ (અં. દારિયસ) છે (એન્ટીકવીટીઝ ઓફ ધ જ્યુઝ ક. ૧૧:૪). કોરેશ બાબિલોન જીતી લીધા પછી પોતાના પિતાને મળવા ઈરાન ગયો ત્યારે દાર્યાવેશે બાબિલોનની ગાદી પર રાજ કર્યું હતું. કોરેશ પોતે બીજા દેશો સાથે આદરેલાં યુદ્ધ પૂરાં કરવા ગયો.

ઈ.પૂર્વે ૫૩૬માં દાર્યાવેશ મરી ગયો, અને કોરેશનો પિતા કામ્બીસીસ પણ એ જ સાલમાં મરી ગયો. એટલે ઈ. પૂર્વે ૫૩૬માં કોરેશ બંને રાજ્યોનો સમ્રાટ બન્યો.

ઉપર આપણે યશાયા ૪૪:૨૮-૪૫:૬ સુધીમાં જોઈ ગયા કે ઈશ્વરે કોરેશ રાજાના જન્મ પૂર્વે ૧૨૫ વર્ષ અગાઉથી તેના વિશે ભવિષ્યવચન આપીને તેને તેડયો હતો. કોરેશ પાસે બે કામ કરાવવાને ઈશ્વરે તેને અગાઉથી નિર્માણ કર્યો હતો: (૧) બાબિલોન ઉપર હુમલો કરીને તેને જીતી લેવા માટે, કારણ, યહોવાના વચન પ્રમાણે (યિર્મે યા ૨૭:૭) ખાલદી વંશનો ઘડો ભરાઈ ચૂક્યો હતો, અને ઈશ્વર હવે વિશ્વસામ્રાજ્યની ગાદી માદી-ફારસી રાજાઓને આપવા માગતો હતો. (૨) બાબેલના બંદિપ્રવાસનાં ૭૦ વર્ષ હવે પૂરાં થવા આવ્યાં હતાં, એટલે કોરેશ ગાદી પર આવીને યહૂદીઓને યહોવાનું મંદિર બાંધવા યરુશાલેમ જવા દેવાનું ફરમાન બહાર પાડે. કોરેશ યહૂદી નહોતો તેમ જ યહોવાનો ઉપાસક પણ નહોતો. છતાં તેણે ગાદી પર આવતાંની સાથે જ એ જાહેર ફરમાન બહાર પાડ્યું.

યહૂદીઓને બાબેલના બંદિપ્રવાસમાં આવ્યાને હવે ૭૦ વર્ષ પૂરાં થયાં હતાં. નબૂખાદનેસ્સારે યહૂદીઓ અને યરુશાલેમ પર પહેલો હુમલો ઈ. પૂર્વે ૬૦૬ માં કર્યો, કેટલાકને બંદિ તરીકે બાબિલોન લઈ ગયો,

ત્યારથી ૭૦ વર્ષનો બંદિવાસ શરૂ થયો. અને હવે ઈ. પૂર્વે ૫૩૬માં, જ્યારે દાર્યાવેશ રાજાનું મૃત્યુ થાય છે, અને કોરેશ રાજા બાબિલોનની ગાદી સંભાળી લે છે, તે જ સમયે ૭૦ વર્ષ પૂરાં થાય છે (ઈ. પૂર્વે ૬૦૬ - ૫૩૬ = ૭૦). આ ઈશ્વરીય કેવી યોજના કે બંદિવાસનાં ૭૦ વર્ષ પૂરાં થાય છે તે જ સમયે ખાલદી રાજા બેલ્શાસ્સારનું પતન થાય છે, અને પરમેશ્વરે આપેલાં અગમવચનો પ્રમાણે ફારસી કોરેશ સત્તાસ્થાને બિરાજે છે! - અને યહૂદીઓને યરૂશાલેમનું મંદિર બાંધવા જવા માટેનો પરવાનો આપે છે; એટલું જ નહિ, પણ અઢળક દ્રવ્ય અને સરસામાન પણ આપે છે!

**ગ. કોરેશ યહૂદીઓને છુટકારો આપે છે: મંદિર પુનઃ બાંધવા પરવાનો.**

આ કોરેશ રાજાએ યહૂદીઓ પર રહેમનજર રાખી, અને આ યહૂદીઓમાંથી જેઓને પોતાના વતન પાછા જવું હોય તેમને જવા દીધા (ઈ. સ. પૂર્વે ૫૩૬). વળી તેણે યરુશાલેમનું મંદિર અને શહેરનો કોટ ફરીથી બાંધવા આર્થિક સહાય પણ આપી. એ ઉપરાંત નબૂખાદનેસ્સાર રાજા જે સોનું અને સોનારૂપાનાં પાત્રો યરુશાલેમના મંદિરમાંથી લૂંટી લાવ્યો હતો, તે બધું કોરેશે યહૂદીઓને પાછું આપ્યું. આ સમયે લગભગ ૪૨,૩૬૦ યહૂદીઓ ઝરૂબ્બાબેલ સાથે વતનમાં પાછા આવ્યા હતા.

બાઇબલમાં કોરેશ રાજાએ યહૂદીઓને આપેલી આ મુક્તિ વિશે આ પ્રમાણેનું વર્ણન એઝરા ૧:૧-૧૧માં આપવામાં આવ્યું છે:

"ઈરાનના રાજા કોરેશને પહેલે વર્ષે, યહોવાએ (પરમેશ્વરે), યિર્મેયાના મુખથી [અપાયેલું] યહોવા (પરમેશ્વર) નું વચન પૂરું કરવા માટે, કોરેશ રાજાના મનમાં એવી પ્રેરણા કરી કે, તેણે પોતાના આખા રાજ્યમાં લિખિત ઢંઢેરો પિટાવ્યો. તેમાં તેણે તે કહ્યું કે, આકાશના દેવ યહોવાએ (પરમેશ્વરે) મને પૃથ્વીનાં સર્વ રાજ્યો આપ્યાં છે, અને યહૂદિયામાંના યરુશાલેમમાં તેને સારુ મંદિર બાંધવાની મને આજ્ઞા આપી છે. તેના સર્વ લોકોમાંનો જે કોઈ તમારામાં હોય, તેનો ઈશ્વર તેની સાથે હો, અને તે યહૂદિયાના યરુશાલેમમાં જઈને ઇઝરાયલના દેવ યહોવા (પરમેશ્વર)નું મંદિર બાંધે, (યહોવા તે જ [ખરો] ઈશ્વર છે). કોઈ પણ સ્થળે એમાંનો જે કોઈ બાકી રહેલો હોય, તેને ત્યાંના લોકો યરુશાલેમમાંના ઈશ્વરના મંદિરને માટે ઐચ્છિકાર્પણો ઉપરાંત સોનુંરૂપું. સરસામાન અને પશુઓ આપીને તેની સહાય કરે.

"ત્યારે યરુશાલેમમાં યહોવા (પરમેશ્વર)નું મંદિર બાંધવાને જવા સારુ જે કોઈના મનમાં ઈશ્વરે પ્રેરણા કરી હતી તે સર્વ, યહૂદા તથા બિન્યામીનના પિતૃઓનાં કુટુંબોના વડીલો, યાજકો અને લેવીઓ તત્પર થયા. તેઓની આસપાસના લોકોએ સર્વ ઐચ્છિકાર્પણ ઉપરાંત, સોના-રૂપાનાં પાત્રો, સરસામાન, પશુઓ, તથા મૂલ્યવાન પદાર્થો આપીને તેઓનો ઉમંગ વધાર્યો.

"વળી યહોવા (પરમેશ્વર) ના મંદિરનાં પાત્રો નબૂખાદનેસ્સારે યરુશાલેમમાંથી લાવીને પોતાના ઈશ્વરના મંદિરમાં મૂક્યાં હતાં, તે કોરેશ રાજાએ મંગાવી લીધાં. તેણે મિથ્રદાથ ખજાનચીની પાસે તેઓને બહાર કઢાવીને યહૂદિયાના અધિકારી શેરબાસ્સારને ગણી અપાવ્યાં." (જુઓ એઝરા ૧:૭,૮). આમ, ઈશ્વરે અગમવાણી દ્વારા કહ્યું હતું તે પૂરું થયું કે, "મારા સેવક યાકૂબને લીધે, ને મારા પસંદ કરેલા ઇઝરાયલને લીધે, મેં તો તારું (કોરેશનું) નામ લઈને તને (કોરેશને) બોલાવ્યો છે" (યશાયા ૪૫:૪).

આ ફારસી કોરેશ સમ્રાટે સાત વર્ષ સુધી આ વિશ્વસામ્રાજ્ય ઉપર રાજ્ય કર્યા પછી સામ્રાજ્યની ધુરા પોતાના પુત્ર કામ્બીસીસને સોંપી દીધી. કામ્બીસીસે પણ સાત વર્ષ અને પાંચ મહિના સુધી (ઈ. પૂર્વે ૫૨૨ સુધી) સામ્રાજ્યનું સંચાલન કર્યું. એ પછી માદી-ફારસી વંશના બીજા આઠ જેટલા, ઓછાવત્તા રાજ્યકાળના રાજાઓ આવી ગયા. એ યુગનો છેલ્લો રાજા દારિયસ કોડોમાનસ ઈ. પૂર્વે ૩૩૫માં ગાદી ઉપર આવ્યો. પણ માત્ર બે જ વર્ષ પછી મહાન એલેકઝાન્ડરે (સિકંદરે) ઈ. પૂર્વે ૩૩૩માં માદી-ફારસીઓના હાથમાંથી સામ્રાજ્ય જીતી લીધું અને એમ નબૂખાદનેસ્સારના સ્વપ્નની મૂર્તિના રૂપાના છાતી તથા ભુજના માદી-ફારસી સામ્રાજ્યનો અંત આવી ગયો. એમ, માદી-ફારસી વંશનો રાજ્યકાળ ઈ. પૂર્વે ૫૩૮ થી ૩૩૩ સુધી, એટલે કે ૨૦૫ વર્ષ ટક્યો. અને હવે મૂર્તિના પિત્તળના પેટ તથા જાંઘભાગવાળા ગ્રીસના સામ્રાજ્યનો યુગ બેઠો.

**૩. ત્રીજું વિશ્વસામ્રાજ્ય : ગ્રીકો (પિત્તળનું પેટ અને જાંઘભાગ). મહાન એલેકઝાન્ડર અને ગ્રીક સલ્તનત.**

મહાન એલેકઝાન્ડર એના પિતાના મૃત્યુ પછી માત્ર ૨૦ વર્ષની ઉંમરે ફૂટતી જુવાનીમાં માસેડોનિયા (મકદોનિયા)ની ગાદી પર આરૂઢ

થયો. એનો જન્મ ઈ. પૂર્વે ૩૫૬માં થયો હતો. પિતાનું નામ ફિલિપ, અને એની માતાનું નામ ઑલિમ્પિયાસ હતું. આ ઑલિમ્પિયાસ એપિરસના રાજા નિયોપ્ટોલેમસની દીકરી હતી. એલેકઝાન્ડરનો શિક્ષક પ્રખ્યાત એરિસ્ટોટલ હતો, જેણે એલેકઝાન્ડરને સર્વ વિદ્યામાં પારંગત કર્યો હતો. ગાદી પર આવીને એણે ગ્રીસને કબજે કર્યું, અને એ પછી ૩૦,૦૦૦ નું પાયદળ અને ૫,૦૦૦ નું હયદળ લઈને ફારસી રાજ્ય સામે ચઢાઈ કરી, અને પૂર્વે ૩૩૪માં દારિયસ કોડોમાનસના લશ્કરને ગ્રેનીકસ આગળ મહાત કર્યું, એમ જ ઈ. પૂર્વે ૩૩૩માં ઈસસ આગળ પણ એ લશ્કરને હરાવ્યું. વળી તૈગ્રીસ કાંઠેના અર્બેલા આગળ ઈ. પૂર્વે ૩૩૧ માં દારિયસને એના જંગી લશ્કર સાથે સખત પરાજય પમાડયો. અને હવે તે મહાન વિશ્વસામ્રાજ્યનો સમ્રાટ બનીને બાબિલોનથી રાજ કરવા લાગ્યો. એ છેક ભારત સુધી આવ્યો હતો, અને પંજાબના પોરસ રાજા સાથે મૈત્રી કરી હતી.

એલેકઝાન્ડરે તે જમાનાની લગભગ આખી દુનિયા પાસે પોતાની આણ સ્વીકારાવી હતી. એના વિશે એક પ્રચલિત વાત છે કે, જ્યારે જીતવાનો કોઈ મુલક બાકી ન રહ્યો ત્યારે એક નદીને કાંઠે બેસીને બાળકની પેઠે રડી પડયો કે, ''હવે હું શું કરું ? - જીતવાનો તો હવે કોઈ દેશ બાકી ન રહ્યો!'' એ બાબિલોન પાછો ફર્યો, અને એવામાં એને કલણભૂમિનો તાવ લાગુ પડયો, અને માત્ર ૧૧ દિવસમાં ૩૩ વર્ષની ભરજુવાનીમાં, ઈ. પૂર્વે ૩૨૩માં, મૃત્યુ પામ્યો. કોઈ એક ખરતો તારો આકાશના એક છેડેથી નીકળી આવી, ભવ્ય તેજ-લિસોટો સર્જાવી, બીજે છેડે એકાએક અદશ્ય થઈ જાય, એમ આ એલેકઝાન્ડર એકાએક ઝબકી નીકળી વીજળીવેગે પ્રસરીને એકાએક પાછો કાળનો કોળિયો બની ગયો ! બાબિલોનની ગાદી ઉપર તે માત્ર ૧૦ વર્ષ સુધી રાજ્ય કરી શકયો.

એલેકઝાન્ડરના મૃત્યુ પછી એના સામ્રાજ્યના ચાર ભાગલા પડી ગયા, કારણ, એના ચાર આગેવાન સરદારોએ ચાર ભાગમાં રાજ્ય વહેંચી લીધું. આ ચાર ભાગલા આ પ્રમાણે પડયાઃ થ્રેસ (એસિયા માઈનર); માસેડોનિયા (મકદોનિયા), સિરિયા (અરામ), અને ઈજિપ્ત (મિસર). સામ્રાજયના આ ચાર ભાગલા સ્વપ્નની મૂર્તિમાં જોવા મળતા નથી, પણ સાતમા અધ્યાયમાં આપવામાં આવેલા ચિત્તારૂપી ત્રીજા

પ્રાણી યા શ્વાપદમાં એ ભાગલા દર્શાવવામાં આવ્યા છે. એ ચિત્તાને ચાર માથાં અને ચાર પાંખો હતી. સાતમો અધ્યાય જોઈશું ત્યારે આ ઝીણી માહિતી વિગતવાર જોઈશું. પાછળથી રોમન રાજ્ય બળવાન બનવા લાગ્યું તે સમયોમાં રોમનોએ એક પછી એક આ ચારેય ભાગલાને જીતી લીધા. રોમનોએ સૌથી પહેલો માસેડોનિયાને જીતી લીધો (ઈ. પૂર્વે ૧૬૮માં); ઈ. પૂર્વે ૧૪૬માં ગ્રીસનો પ્રદેશ પણ લીધો. છેલ્લામાં છેલ્લો જિતાયેલો ભાગ તે ઈજિપ્ત (મિસર) હતો. તેનું પતન ઈ. પૂર્વે ૩૦માં થયું. તે પહેલાં રોમન રાજ્ય લગભગ ઈ. પૂર્વે ૬૩થી ચોથું વિશ્વસામ્રાજ્ય બની ચૂક્યું હતું. ગ્રીસનો સામ્રાજ્યકાળ ઈ. પૂર્વે ૩૩૩ થી ઈ. પૂર્વે ૬૩ સુધી, એટલે કે ૨૭૦ વર્ષ રહ્યો.

**૪. ચોથું સામ્રાજ્ય :**

**રોમનું લોખંડી સામ્રાજ્ય : લોખંડના બે પગ.**

આપણે ઉપર જોયું તેમ રોમના લોખંડી સામ્રાજ્યની શરૂઆત ઈ. પૂર્વે ૬૩માં થઈ. આમ તો ઈ. પૂર્વે ૫૧૦ થી ઈ. પૂર્વે ૩૦ સુધી તો રોમ એક બળવાન અને વિસ્તર્યે જતા રીપબ્લિક તરીકે હતું. પણ વિશ્વસામ્રાજ્ય તરીકેની શરૂઆત ઈ. પૂર્વે ૬૩ થી ગણી શકાય; કેટલાક ઈ. પૂર્વે ૩૦ થી પણ ગણે છે.

સ્વપ્નની મૂર્તિના પગ લોખંડના હતા. અને સ્વપ્નના ખુલાસા પ્રમાણે એ ચોથું વિશ્વસામ્રાજ્ય બનવાનું હતું. આ રાજ્ય વિશે દાનિયેલ ૨:૪૦ માં લખવામાં આવ્યું છે કે, ''ચોથું રાજ્ય લોઢા જેવું મજબૂત થશે; કેમ કે લોઢું સર્વ વસ્તુઓને ભાંગીને ચૂરા કરે છે ને કચરે છે. અને જેમ લોઢું બધાંને કચરી નાખે છે, તેમ તે બધાંને ભાંગીને ભૂકો કરશે ને કચરી નાખશે.'' રોમન રાજ્યનો સમગ્ર વર્તાવ એવો જ રહ્યો છે. માણસના શરીરમાં સૌથી લાંબો ભાગ તે તેના પગ છે. એમ રોમનું સામ્રાજ્ય બીજાં બધાં રાજ્યો કરતાં, અતિ ઘણું લાંબું ટક્યું. છેક ઈ. પૂર્વે ૬૩ થી માંડીને ઈ. સ. ૪૭૬ સુધી, લગભગ પાંચસો વર્ષ કરતાં વધારે લાંબો કાળ એ રાજ્ય ટક્યું.

પાછળથી ઈ. સ. ૩૬૪ માં રોમન રાજ્યના બે ભાગલા પડી ગયા. પૂર્વ તરફના ભાગનું પાટનગર કોન્સ્ટાન્ટિનોપલ હતું, અને પશ્ચિમ તરફના ભાગનું પાટનગર રોમ હતું. મૂર્તિના બે પગ રોમન સામ્રાજ્યના આ બે ભાગલા સૂચવે છે.

મહાન હેરોદ* :

આ રોમન સામ્રાજ્યકાળમાં મહાન હેરોદ રાજા યહૂદિયાનો રાજા બનાવવામાં આવ્યો હતો. એ ગાદીએ આવ્યો ઈ. પૂર્વે ૩૭માં, અને મૃત્યુ પામ્યો ઈ. પૂર્વે ૪ માં. પ્રભુ ઈસુનો જન્મ આ હેરોદના મૃત્યુ અગાઉ થોડાક મહિના અગાઉ થયો હશે, કારણ, આ હેરોદે બેથલેહેમમાં અને આસપાસની સીમોનાં બાળકોને મારી નંખાવ્યાં હતાં.

*નવા કરારમાં ઘણાબધાનાં નામ હેરોદ તરીકે આપેલાં હોવાથી કોણ કયો હેરોદ તે ઘણાંને સમજણ પડતી નથી. પરંતુ ઘણા બાઈબલ-વિવેચકો અને અભ્યાસકારો એક બાબત ભૂલી જાય છે કે, ''હેરોદ'' એ અંગત નામ નથી, પણ કૌટુંબિક અટક છે. બાઈબલમાં જે બધાં હેરોદી કુટુંબનાં નામ આવે છે તે બધા 'હેરોદ' તરીકે જ આપ્યાં છે. પણ એમનાં અંગત નામો જુદાં જુદાં છે, જેમ કે, હેરોદ આર્ખેલાઉસ, હેરોદ આન્તિપાસ, હેરોદ ફિલિપ ।।, હેરોદ આગ્રિપા ।, અને હેરોદ આગ્રિપા ।।. આ 'મહાન હેરોદ' (પ્રભુ ઈસુના જન્મ સમયના હેરોદ) પુત્રનું નામ **આન્તિપાસ** હતું. અને એના પિતાનું નામ હેરોદ આન્તિપાતર હતું.

આ અને બીજા બધા હેરોદ અદોમીઓ હતા, એટલે આદમપુત્ર એસાવના વંશના હતા. આ અદોમીઓએ ઈ. પૂર્વે ૧૩૦માં યહૂદી ધર્મ સ્વીકાર્યો અને સુન્નત પણ કરાવી. પણ અસલ યહૂદીઓ આ અદોમીઓને હંમેશાં શંકાની દૃષ્ટિએ જોતા, અને તેમને ''અર્ધા યહૂદીઓ'' અથવા અધકચરા યહૂદીઓ ગણતા. આ 'મહાન હેરોદ' જાતે અદોમી, ધર્મે યહૂદી, પણ વર્તનમાં વિધર્મી હતો, અને ચારિત્રમાં 'રાક્ષસ' હતો. આખા રાજ્યકાળ દરમિયાન એ ખંધાઈથી જ વર્ત્યો છે. એ અદેખો, ઘાતકી અને બદલાખોર હતો. એક આપખુદ યા સરમુખત્યારની જેમ વર્તતો. એણે શંકાને લીધે કુટુંબનાં કેટલાંય માણસોને મારી નાખ્યાં હતાં. એને નવ દશ પત્નીઓ હતી, અને જરાક શંકાને લીધે એણે પોતાની સૌથી માનીતી પત્ની મિરિયમને અને તેના બંને ભાઈઓને મારી નંખાવ્યા હતા. અરે, એ હેરોદ જ્યારે મરણપથારીએ હતો ત્યારે, મરવાના માત્ર પાંચ જ દિવસ અગાઉ, એણે પોતાના પુત્ર આન્તિપાતરને મારી નંખાવ્યો હતો.

૫. રોમન રાજ્યનું થનારું ઉત્થાન.
અંતના સમયમાં થનારા દશ રાજ્યો.
પગની પાટલીનાં દશ આંગળાં. ૨:૪૧-૪૩.

૪૧ "જેમ આપે પગની પાટલીઓ તથા તેનાં આંગળાંનો કેટલોક ભાગ કુંભારની માટીનો ને બાકીનો ભાગ લોઢાનો જોયો, તેમ તે રાજ્ય (રોમન સામ્રાજ્ય) ના ભાગલા પડી જશે. પણ જેમ આપે લોઢાની સાથે ચીકણી માટી ભેળેલી જોઈ, તેમ તે [રાજ્ય] માં કેટલેક અંશે લોઢાનું બળ હશે. ૪૨ વળી જેમ પગનાં આંગળાંનો કેટલોક ભાગ લોઢાનો ને બાકીનો ભાગ માટીનો હતો, તેમ તે રાજ્યનો એક ભાગ બળવાન થશે ને બાકીનો ભાગ તકલેદી થશે. ૪૩ વળી જેમ આપે લોઢા સાથે ચીકણી માટી ભેળેલી જોઈ, તેમ તેઓ (બીજા) માણસોના સંતાન સાથે ભેળસેળ થશે. પણ જેમ માટી લોઢા સાથે મળી જતી નથી, તેમ તેઓ એકબીજાને વળગી રહેશે નહિ" (૨:૪૧-૪૩).

રોમન સામ્રાજ્યના બે ભાગલા પડયા એ વિશે તો આપણે જોઈ ગયા. પણ, ઉપરની કલમોમાં આપ્યું છે તેમ, એ સામ્રાજ્યના દશ

---

પત્ની મિરિયમને અને તેના બંને ભાઈઓને મારી નંખાવ્યા હતા, અરે, એ હેરોદ જ્યારે મરણપથારીએ હતો ત્યારે, મરવાના માત્ર પાંચ જ દિવસ અગાઉ, એણે પોતાના પુત્ર આન્તિપાતરને મારી નંખાવ્યો હતો. એણે જ બેથલેહેમનાં બાળકોનો સંહાર કરાવ્યો હતો. રોમન સમ્રાટ ઑગસ્તસ તો આ હેરોદ વિશે મશ્કરીમાં કહેતો કે, હેરોદના પુત્ર તરીકે હોવા કરતાં એના ભૂંડ તરીકે રહેવું-જીવવું વધારે સહીસલામત ગણાય.

આ હેરોદ જાણતો હતો કે પોતે મરી જશે ત્યારે મહેલનાં કે રાજ્યનાં કોઈ માણસો એના મરણને રડશે નહિ કે શોક કરશે નહિ. એટલે પોતે મરણપથારી પર હતો, અને પોતે મરવાનો જ છે એની એને ખાતરી થઈ ચૂકી હતી તે સમયે, તેણે યહૂદી પ્રજાના બધા આગેવાનોને બોલાવ્યા, અને તેમને મોટા મકાનમાં પૂરી દીધા, અને ઉપરથી સિપાઈઓનો ચોકીપહેરો મુકાવી દીધો. અને તેણે એવો હુકમ જાહેર કર્યો કે, જે ઘડીએ પોતા (હેરોદ)નું મૃત્યુ થાય તે ઘડીએ આ બધા યહૂદી આગેવાનોનો

સંહાર કરી દેવો, જેથી એ બહાને પણ આખા દેશમાં રડારોળ થાય ! એટલે જાણે કે એના મૃત્યુ ટાણે દેશભરમાં વિલાપ થાય ! ભાગલા થઈ જશે એવું એમાં આપેલું ભવિષ્યકથન આજ સુધી પૂરું થયું નથી. એનું કારણ, જૂના કરારના કોઈપણ પ્રબોધકે "મંડળીના જમાના" વિશે સંદર્શન જોયું નહોતું કે, એ "મંડળીના જમાના" વિશે ભવિષ્યવાણી પણ ભાખી નહોતી. એટલે "મંડળીના જમાના" પહેલાંની બીનાઓ અને "મંડળીના જમાના" પછી બનનારી બીનાઓને સળંગ સાથે સાથે દર્શાવી છે. એવું જ આ દશ આંગળાંરૂપી દશ રાજાઓ (અથવા રાજ્યો) ની બાબતમાં પણ છે. રોમના સામ્રાજ્યના બંને ભાગલા ઈ. સ. ૪૭૬ સુધીમાં ખતમ થઈ ગયા; રોમન રાજ્યનું નામનિશાન ભૂંસાઈ ગયું. અને એ પછી "મંડળીનો જમાનો" આવ્યો. અને હવે તો એ જમાનો પૂરો થવા આવતો લાગે છે. પણ પેલાં "દશ આંગળાં" અંગેનું ભવિષ્યકથનનું શું થાય છે તે જોવાનું રહ્યું.

આ થનાર દશ રાજાઓ (અથવા રાજ્યો) તે ભૂતકાળના રોમન સામ્રાજ્યના મૂળ વિસ્તારમાં થનારા છે, એવું બાઈબલ સૂચવે છે. એટલે યુરોપમાં અસલ રોમન વિસ્તાર હતો, ત્યાં રોમન રાજ્ય ફરી પાછું પુનરુત્થાન પામશે, એટલે કે ફરીથી અસ્તિત્વમાં આવશે. અને તે સમયે આ દસ રાજ્યો અસ્તિત્વમાં આવેલાં હશે, અને તેઓ એકબીજા સાથે જોડાવા પ્રયત્ન કરશે. એ સમય હવે આપણા હયાતીકાળમાં આવ્યો છે. એ વિશે આપણે જોઈએ. એ દશ રાજ્યોની કેટલીક ઝીણી વિગતો દાનિયેલના સાતમા અધ્યાયમાં આપેલાં ચાર પ્રાણીઓ (શ્વાપદો) ના સંદર્શનમાં આપી છે, તે બધી આપણે સાતમો અધ્યાય અભ્યાસ માટે જોઈશું ત્યારે એ વિગતો વિશે જોઈશું.

આપણે ઉપર જોઈ ગયા તેમ રોમન સામ્રાજ્યનું પતન ઈ.સ. ૪૭૬મા થયું. રોમન સામ્રાજ્યના આ પતનના કારણરૂપ જુદી જુદી ૧૦ જાતિઓ સંકળાયેલી છે. આ જાતિઓએ અલગ અલગ હુમલાઓ અવારનવાર કરીને સામ્રાજ્યને નબળું પાડી દીધું. અને સમયના વહેણમાં તેઓએ પોતપોતાનાં અલગ અલગ રાજ્યો સ્થાપ્યાં. એ જાતિઓની નામાવલી આ પ્રમાણે છે: વિશીગોથ, લોમ્બાર્ડો, વેન્ડાલો, બરગન્ડીઓ, સેકસનો, હેરૂલાઈ, ફ્રેન્કો, સ્યુવી, એલમની, અને ઓસ્ટ્રોગોથો છે. આજનું યુરોપ આ ૧૦ જાતિઓનાં અલગ અલગ રાજ્યોનું પરિણામ

છે. એ સ્થપાયેલાં રાજ્યો આજના ફ્રાન્સ, બ્રિટન, સ્પેન, આયર્લૅંડ, ન્યૂઝીલૅન્ડ, ઈટલી, સ્વીઝ, પોર્ટુગીઝ, ઈત્યાદિના રૂપમાં ફેરવાયાં. આ રાજ્યોમાં કેટલાંક લોખંડની જેમ બળવાન છે, જ્યારે કેટલાંક 'ચીકણી માટીસમાં' નબળાં છે.

ઉપર આપવામાં આવેલી કલમોમાં જણાવ્યું છે તેમ યુરોપનાં રાજ્યોએ અરસપરસ અનેક રીતે ભેળસેળ થઈને મોટી સત્તા ઊભી કરવા ઇચ્છયું છે, પણ એકતા શક્ય બની નથી. "વળી, જેમ આપે લોઢા સાથે ચીકણી માટી ભેળેલી જોઈ, તેમ તેઓ બીજા માણસોના સંતાન સાથે ભેળસેળ થશે; પણ જેમ માટી લોઢા સાથે મળી જતી નથી, તેમ તેઓ એકબીજાને વળગી રહેશે નહિ" (૨:૪૩). તેઓએ અનેક વાર અનેક નામો તળે કે, અનેક પ્રસંગો ધ્યાનમાં રાખીને અનેક સંધિઓ અને કરારો એકબીજાની સાથે કર્યાં છે, અને પાછાં ફોક પણ કર્યાં છે. લગ્નસંબંધો બાંધીને અને આ તે રીતે સગાંસંબંધ બાંધીને પણ ભેળસેળ થવા પ્રયત્નો કર્યાં છે, પણ તેમાંયે તેઓ એકતાનું બળ પ્રગટાવી શક્યા નથી. આ રાજ્યોમાં જુદી જુદી જાતિના લોકો ભળેલા હોવાથી પણ તેઓ, લોહ અને માટીની પેઠે, એક થઈ શકતાં નથી.

ઈતિહાસની તવારીખોમાં અનેક જણે વિશ્વરાજ્ય સ્થાપવા પ્રયત્ન કર્યા, અને આખા યુરોપને એક ઝંડા નીચે લાવવાનું સ્વપ્ન સેવ્યું. પણ એમાં કોઈ સફળ થયા નહિ. ફ્રાન્સનો ચાર્લ્સ, નેપોલિયન બોનાપાર્ટ, જર્મનીનો વિલ્યમ કૈસર (૧૯૧૪), જર્મનીનો એડોલ્ફ હેર હીટલર (૧૯૩૯-૧૯૪૪), અને એવા અનેક. રાણી વિકટોરિયાના સમયમાં યુરોપનાં લગભગ બધાં રાજ્યો ઉપરનાં રાજારાણીઓ જુદી જુદી સગાઈથી અરસપરસ સગપણ ધરાવતાં હતાં. ખુદ નેપોલિયને પોતાની પત્ની જોસફીનને ફારગતિ આપીને ઓસ્ટ્રિયાની રાજકુંવરી સાથે પરણ્યો હતો. એમાં પણ યુરોપનું એકીકરણ કરવાનો તેનો હેતુ હતો.

**ક. દશ રાજ્યો:**

આ દશ રાજ્યો વિશે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં લખાયેલાં ભવિષ્યવચનો ચાલુ વીસમી સદીના પાછલા ભાગમાં પૂરાં થવા માટે

એનાં મંડાણ મંડાઈ ચૂક્યાં છે. આ દશ રાજ્યોની શરૂઆત થઈ ચૂકી છે. યુરોપ બહારની દુનિયામાં ચારપાંચ સદીઓ સુધી રોમનું લોખંડી સામ્રાજ્ય પ્રસરેલું હતું તે દુનિયાને બાદ કરતાં મૂળ યુરોપ ખંડમાં જ્યાં રોમન સામ્રાજ્ય પ્રસરેલું હતું તે દુનિયાને બાદ કરતાં મૂળ યુરોપ ખંડમાં જ્યાં રોમન સામ્રાજ્ય શરૂઆતમાં પાંગર્યું હતું, એ યુરોપ ખંડમાં આ છેલ્લા સમયોમાં રોમન રાજ્ય ઉત્થાન પામી ચૂક્યું છે. યુરોપનાં દશ રાજ્યોનું જોડાણ ૧૯૮૧ના જાન્યુઆરીની પહેલીએ પૂરું થયું છે. એને 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' (EEC) તરીકે અથવા યુરોપીય કોમન માર્કેટ (યુરોપનું મજિયારું બજાર) તરીકે ઓળખવામાં આવે છે.

છેક ૧૯૫૨ અગાઉથી એની વાટાઘાટો ચાલતી હતી. યુરોપનાં રાજ્યો બધાં ખૂબ નાનાં નાનાં છે, એટલે દુનિયાના વ્યાપાર બજારમાં એની પહોંચ ઝાઝી લાગતી નહોતી. પશ્ચિમના દેશોમાંથી અમેરિકા (યુ.એસ.એ.) મોટા ભાગનો વ્યાપારી લાભ ખાટી જતું હતું. યુરોપનાં નાનાં નાનાં રાજ્યોને આ ફટકો ભારે પડી જતો હતો, અને એનો ઉગાર-ઈલાજ શો કરવો તે વિશે તેઓ ચિંતિત હતાં. દુનિયાના વેપારનો મોટો હિસ્સો મેળવવાને માટે તેઓ બધાએ એક રાજ્ય બનવા આયોજન કર્યું.

બીજી બાજુ રશિયા એક પછી એક એમ યુરોપનાં રાજ્યોને ગળી જઈ તેમને સામ્યવાદી બનાવી રહ્યું હતું. એ સામ્યવાદની નાગચૂડનો ભરડો વાગી ગયેલાં દેશોની સ્વતંત્રતા જતી રહી હતી, અને તેઓ પોતાના જ મુલકોમાં ઓશિયાળું જીવન જીવતા હતા. દાખલા તરીકે, પોલાંડ, યુક્રેન, ઝેકોસ્લોવેકિયા, રૂમાનિયા, પૂર્વ જર્મની, આર્મિનિયા, પ્રુસિયા, અને ઑસ્ટ્રિયા - યુરોપના એ બધા સામ્યવાદના કોળિયા બની ગયેલા દેશો છે. આવા મૃત્યુ-ભરડામાંથી બચવા માટે યુરોપના બીજા (ખાસ કરીને પશ્ચિમ યુરોપના) દેશોએ રશિયા સામે એક થવાને 'એકતા'નું આયોજન કર્યું. અમેરિકામાં જેમ 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા' (યુ.એસ.એ.) છે, તેમ યુરોપમાં 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ યુરોપ (યુ.એસ.ઈ.) સ્થાપવા તેમણે નિર્ધાર કર્યો.

આમ, અમેરિકા અને રશિયાની સામે યુરોપનાં કેટલાંક રાજ્યો

(યા દેશોનું) એકતાનું સ્વપ્ન તા. ૧ - ૧ - ૧૯૫૮ રોજ સાકાર બન્યું. એ દિવસે યુરોપનાં છ રાજ્યો ''રોમની સંધિ'' (ટ્રીટી ઑફ રોમ) કરીને એકતાના બંધનમાં બંધાયાં. ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, ઈટલી, હોલાંડ (નેધરલેન્ડ), લક્ષમબર્ગ, અને બેલ્જિયમ, આ 'રોમની સંધિ' દ્વારા જોડાયાં. એમણે 'સંધિ'નું નામ 'રોમની સંધિ' આપ્યું એ પણ કેટલું બધું સૂચક છે! દાનિયેલે પોતાના ખુલાસામાં એ આપ્યું છે કે એ 'ચોથું રોમનું લોખંડી સામ્રાજ્ય' ફરી ઉત્થાન પામશે, અને પગની પાટલીઓનાં આંગળાં જેમ દશ રાજાઓ ઊભા થશે, ને તેઓ એક થવા પ્રયત્ન કરશે.

એ પછી પંદર વર્ષ પસાર થઈ ગયા બાદ એ છ રાજ્યોની સાથે બીજાં ત્રણ રાજ્યો (યા દેશ) ભળ્યાં. તા. ૧ - ૧ - ૧૯૭૩ના ઈંગ્લાંડ, આયર્લાંડ, અને ડેન્માર્ક 'રોમની સંધિ' મારફતે તેમની સાથે જોડાયાં. એમ હવે કુલ નવ રાજ્યો થયાં. એ વખતે નોર્વે એમાં જોડાવા માગતું હતું, પણ કારણોસર છેલ્લી ઘડીએ એણે પીછેહઠ કરી અને નીકળી ગયું. આ પછી કેટલાંક વર્ષો પસાર થઈ ગયાં. જોકે ગ્રીસ દેશ એના **સંબંધી સભાસદ** તરીકે છેક ૧૯૬૨ થી હતું, પણ એણે ૧૯૭૯માં પેલી સંધિ પર સહી કરી, અને ૧૯૮૦ના નવેમ્બરમાં એ પણ જોડાયું. આ પ્રલંબ વિલંબનું કારણ એટલું જ કે, ગ્રીસમાં ૧૯૬૭ થી ૧૯૭૪ સુધી લશ્કરી રાજ હતું, એટલે જોડાણ સંબંધીની પ્રક્રિયા ખોળંભે પડી હતી; જોકે આમાં ઈશ્વરીય હેતુ ખરો જ. સંયુક્ત મંડળે તા. ૧ - ૧ - ૮૧ રોજ એને (ગ્રીસને) મતાધિકાર આપ્યો. અને ગ્રીસ એનું પૂરેપૂરું સભ્ય બન્યું. આમ દશ આંગળાં પ્રમાણે દશ દેશો (રાજ્યો) આ 'રોમની સંધિ' માં જોડાઈને એક બન્યા. ૧૯૮૬માં સ્પેન અને પોર્ટુગલ પણ જોડાયાં. એટલે EECની સભ્ય સંખ્યા ૧૨ થઈ. રાજકીય અને આર્થિક એકતાનું એમનું ધ્યેય આખરે પૂરું થયું.

જેમ અમેરિકામાં જોડાયેલાં જુદાં જુદાં રાજ્યો (સ્ટેટ્સ) ના ચૂંટાયેલા પ્રતિનિધિઓની એક સંયુક્ત પાર્લામેન્ટ છે, જેને 'કોંગ્રેસ' કહેવામાં આવે છે, તેમ આ રાજ્યોએ પોતાની એક પાર્લામેન્ટ પણ ચૂંટી કાઢી. તા. ૧૦ - ૬ - ૧૯૮૦ના રોજ તેઓએ (તે સમયે નવ સ્ટેટ્સ

જોડાયેલાં હતાં તે નવ સ્ટેટ્સે) પોતાની પ્રથમ યુરોપીય સંસદ (પાર્લામેન્ટ) માટે ચૂંટણી કરી. આ સંસદમાં કુલ ૪૧૦ પ્રતિનિધિઓ ચૂંટવાના હતા. એમાં બ્રિટનને ૮૧ સભ્યો ચૂંટીને મોકલવાના હતા. આ યુરોપીય પાર્લામેન્ટમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાવા માટે નવ દેશોના ૪૦૦૦ ઉમેદવારો ચૂંટણીમાં ઊભા હતા. આ બધા દેશોના અઢાર કરોડ લોકોએ તા. ૧૦-૬-૧૯૮૦ના રોજ આ ચૂંટણી કરી પણ ખરી. અને એની યાદગીરીમાં સંયુક્ત રીતે ખાસ ચલણી સિક્કા પણ પાડ્યા.

ગ્રીસનું રાજ્ય એમાં જોડાયાથી હવે આ સંયુક્ત રાજ્યોની કુલ વસતી સત્તાવીસ કરોડની બની ગઈ છે. આમ, દુનિયામાં અન્ય મહાબળોની સાથે આ બીજું એક મહાબળ ઊભું થયું છે. વિશ્વ આ મહાબળની નોંધ લીધા સિવાય રહી શકે તેમ નથી, કારણ, એ નવા બળની બહુ મોટી અસરો આખા વિશ્વ પર પડવાની છે. પરંતુ બાઇબલની ભવિષ્યવાણીઓ (દાનિયેલ, પ્રકટીકરણ) ની દષ્ટિએ પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં આ દશ રાજ્યો મહામોટો ભાગ ભજવવાનાં છે. ખ્રિસ્તવિરોધી આ દશ સંયુક્ત રાજ્યોમાંથી આવવાનો છે, અને પૃથ્વી પર ભારે હાહાકાર મચાવવાનો છે. તે વિશે આપણે દાનિયેલના સાતમા અને આઠમા અધ્યાયના અભ્યાસ નીચે જોઈશું.

દુનિયાના મુખ્ય દેશોનું વસતીબળ આપણે જોઈએ: ચીનની વસ્તી એકસો (૧૦૦) કરોડની છે; ભારતની પાંસઠ (૬૫) કરોડની; રશિયાની (યુરોપના સામ્યવાદી દેશોને અંદર ગણતાં) પચ્ચીસ (૨૫) કરોડની; આરબસંઘની (એમાં બધા આરબ દેશોની વસતી ગણી લેતાં) ચૌદ (૧૪) કરોડ; અમેરિકા-યુ.એસ.એ.ની ત્રેવીસ (૨૩) કરોડ; અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ યુરોપ (યુરોપીય કોમન માર્કેટ) ની સત્તાવીસ (૨૭) કરોડની છે. (આ બધી વસ્તીગણતરી ૧૯૭૬ પ્રમાણેની છે. ભારતની વસતી ૧૯૭૬માં ૬૨ કરોડની હતી, એટલે '૮૦ પ્રમાણે ૬૫ કરોડ મૂકી છે.) આમ, યુરોપનાં આ સંયુક્ત સ્ટેટ્સ એકત્ર થઈને એક મહાસત્તા અને મહાબળ બની રહ્યું છે.★

* યુરોપનાં સંયુક્ત રાજ્યોની વસતી

| | | |
|---|---|---|
| પશ્ચિમ જર્મની | ૬૨,૧૦૦,૦૦૦ | |
| ગ્રીસ | ૯,૦૦૦,૦૦૦ | |
| હોલાંડ (નેધરલૅન્ડ્ઝ) | ૧૩,૮૩૮,૦૦૦ | |
| ઈટાલી | ૫૬,૩૦૦,૦૦૦ | |
| લક્ષમબર્ગ | ૪૦૦,૦૦૦ | |
| બેલ્જિયમ | ૯,૮૦૦,૦૦૦ | |
| યુનાઈટેડ કિંગ્ડમ (ગ્રેટ બ્રિટન અને ઉત્તર આયર્લાંડ) | ૫૬,૧૦૦,૦૦૦ | |
| ફ્રાન્સ | ૫૩,૧૦૦,૦૦૦ | |
| ડેન્માર્ક | ૫,૧૦૦,૦૦૦ | |
| | | ૨,૬૫૭૩૮,૦૦૦ |

આરબસંઘની વસતી

| | | |
|---|---|---|
| લિબિયા | ૨,૫૦૦,૦૦૦ | |
| સિરિયા | ૭,૬૦૦,૦૦૦ | |
| સાઉદી અરેબિયા | ૬,૪૦૦,૦૦૦ | |
| જોર્ડન | ૨,૮૦૦,૦૦૦ | |
| લબાનોન | ૨,૭૦૦,૦૦૦ | |
| ઈરાક | ૧૧,૪૦૦,૦૦૦ | |
| કુવેત | ૧,૧૦૦,૦૦૦ | |
| ટ્યુનિસિયા | ૫,૯૦૦,૦૦૦ | |
| મોરોક્કો | ૧૭,૯૦૦,૦૦૦ | |
| અલ્જિરિયા | ૧૭,૩૦૦,૦૦૦ | |
| સુદાન | ૧૮,૨૦૦,૦૦૦ | |
| ઉ. યમન | ૬,૯૦૦,૦૦૦ | |
| ઓમાન | ૮૦૦,૦૦૦ | |
| કુવેત | ૧,૧૦૦,૦૦૦ | |
| યુનાઈટેડ આરબ અમિરાત | ૬૫૬,૦૦૦ | |
| દ.યમન (રશિયા તરફથી બન્યું છે) | ૧,૭૦૦,૦૦૦ | |
| ઈજિપ્ત (મિસર) | ૩૮,૧૦૦,૦૦૦ | |
| | | ૧,૪૩,૦૫૬,૦૦૦ |

(ઇઝરાયલ સાથે સંધિ કરી હોવાથી આરબ દેશો મિસરને આરબસંઘમાં ગણવા આનાકાની કરે છે.)

વેપારની બાબતમાં દુનિયામાં એનો હવે પહેલો નંબર આવે છે. દુનિયાના ૯૦ કરતાં વધારે દેશો સાથે આ 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' એ વેપારી કરારો કર્યા છે. સામ્યવાદી દેશો સાથે પણ અમેરિકા કરે તેના કરતાં ચારગણો વેપાર આ ઈ.ઈ.સી. કરે છે. આ 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' (ઈ.ઈ.સી.)નું સહિયારું ઉત્પાદન યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા જેટલું બની ગયું છે, અને ટૂંક સમયમાં એને પણ વટાવી જશે. પરદેશો સાથેના વેપારમાં તો આ 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' યુ.એસ. અમેરિકાથી ક્યાંયે આગળ વધી ગઈ છે. ઈ.સ. ૧૯૭૯માં પરદેશ સાથેનો તેનો વેપાર યુ.એસ. અમેરિકા કરતાં રૂપિયા ૧,૪૦,૮૦૮ કરોડ (૧૭૬૦૦ કરોડ ડોલર્સ) નો વધી ગયો હતો.

દુનિયાની તમામ આયાતોના ચોથા ભાગની આયાત આ ઈ.ઈ.સીને ફાળે જાય છે; અને દુનિયાની નિકાસના લગભગ ૨૨ ટકા આ ઈ.ઈ.સી. કરે છે. ગ્રીસ અંદર જોડાયા પછી એનો દરિયાકાંઠાનો વિસ્તાર ઘણો વધી ગયો છે, એટલે આ કંઠારપ્રદેશમાં થઈને વહાણવટા દ્વારાનો વેપાર ઘણો વધી જશે. ગ્રીસનાં પોતાનાં ૪૦૦૦ વહાણનો કાફલો છે, અને વહાણવટામાં તે એક્કો છે. આને લીધે દુનિયાના વેપારી વહાણવટાની 'ટન' બંધી ધારણશક્તિનો પૂરો ત્રીજો ભાગ આ ઈ.ઈ.સી.નો હશે! આ કંઈ જેવું તેવું 'બળ' ન કહેવાય!

આ 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' (ઈ.ઈ.સી.) અથવા 'યુરોપનાં સંયુક્ત રાજ્યો'નું વડું મથક હાલ તો બેલ્જિયમના બ્રસેલ્સ શહેરમાં છે. ત્યાં આ દશે દેશોના કમિશનરોનું મંડળ છે, જે બધું સંચાલન કરે છે. આ કમિશનરોના કમિશનમંડળમાં કુલ ૧૪ કમિશનરો છે. દુનિયાના એકસો કરતાં વધારે દેશોના પ્રતિનિધિઓ પણ અહીં આ વડી ઑફિસમાં અધિકારયુક્ત પ્રતિનિધિત્વ ધરાવે છે. તેઓની પોતાની આગવી એલચી કચેરીઓ પણ અહીં બ્રસેલ્સમાં છે.

આ 'યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી' (ઈ.ઈ.સી.) ને કંઈ પ્રશ્નો નથી એવું નથી. પ્રશ્નો તો અનેક છે. હાલમાં આ દશ દેશોમાં નિ

પ્રકારની આંતરિક સરકારો છે. તેમનો સહકાર બધી વાતોમાં મેળવવો એ જેવું તેવું કાર્ય નથી. વળી ભાષાકીય મુસીબતો પણ અનેક છે. દરેક દેશને પોતાની આગવી ભાષા છે, એટલે બ્રસેલ્સના વડા મથકમાં સાત જેટલી અધિકારયુક્ત ભાષાઓમાં કામ ચાલે છે.

લંડનનું 'વૉલ સ્ટ્રીટ જર્નલ' આ ઈ.ઈ.સી.ની ભાષાકીય મુશ્કેલી વિશે વિવેચન કરતાં જાન્યુઆરી ૧૨,૧૯૮૧ના અંકમાં લખે છેકે, "(ઈ.ઈ.સી.ના) અધિકારયુક્ત હેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે ભાષાનો આ ગૂંચવાડો એટલો બધો વધી પણ જાય કે એને કાબૂમાં રાખવો અનહદ કઠણ બની જાય." વહીવટી કાર્યો અને નિર્ણયો માટે વિવિધ ભાષાઓ દ્વારા કામ પાર પાડવું એ ભગીરથ વ્યવસ્થા માગી લે છે. સંસદો અને સમિતિઓમાં વકતવ્યો અને મંતવ્યો માટે દુભાષિયાઓ, અને લખાણોના અનુવાદો માટે ભાષાંતરકર્તાઓનું એક નાનુંશું લશ્કર ઈ.ઈ.સી.ની કમિશન ઑફિસમાં રાખવું પડે છે. આ કમિશન ઑફિસમાં રાખવામાં આવેલા કામદારોના કાફલાનો લગભગ ત્રીજો ભાગ આ દુભાષિયા અને ભાષાંતરકારોનો છે. ઈ.ઈ.સી.ની મીટિંગોમાં તત્ક્ષણ દુભાષિયા તરીકે કામગીરી બજાવવા ૩૦૩ જેટલા પૂર્ણસમયી અને વેતનીં તરજુમા કરનારાઓ રાખવામાં આવ્યા છે, અને એ ઉપરાંત બીજા, ગમે તે સમયે ઓચિંતા વાપરી શકાય એવા, ૨૦૦ જેટલા અનુવાદકો પણ રાખવામાં આવ્યા છે. આ તો રાષ્ટ્રસંઘ (યુનો) માં રાખવામાં આવેલા દુભાષિયાઓના કાફલા કરતાં પણ મોટો કાફલો થયો! ઈ.ઈ.સી.ની ગૌણ ભાષાઓમાં એકસાથે બે ભાષાઓમાં તરજુમા કરનાર અનુવાદકોની ખૂબ જરૂર છે, જેમ કે ડેનિશ ભાષામાંથી ગ્રીક ભાષામાં અને ગ્રીકમાંથી ડેનિશમાં, એવા દ્વિભાષી અનુવાદકોની તાતી જરૂર છે. આ ઉપરાંત લખાણોના અનુવાદોની કપરી કામગીરી ઈ.ઈ.સી.ના ૫૮૦ અનુવાદકોને શિરે રહે છે. તેમને જુદી જુદી અધિકારયુક્ત ભાષાઓમાં દર વર્ષે પાંચ લાખ જેટલાં અધિકારયુક્ત લખાણોના તરજુમા કરવાના હોય છે. હવે ગ્રીસનું રાજ્ય જોડાયા પછી તો બીજા ૧૨૦ જેટલા અનુવાદકો નવા લેવામાં આવ્યા છે.

દાનિયેલના બીજા તેમ જ સાતમા અધ્યાયોમાં જે 'દશ આંગળાં'

અને 'દશ શિંગડાં' ના રૂપે યુરોપનાં દશ રાજ્યો વિશેનું ભવિષ્યકથન આપવામાં આવ્યું છે, એ આપણે ઉપર જોયું તેમ, હાલમાં 'રોમની સંધિ' નીચે એકત્ર થયેલાં તથા એક બનેલાં યુરોપનાં દશ રાજ્યોમાં પૂરું થતું લાગે છે. કોઈ એમ કદાચ કહે કે, ''ના, ના, ભવિષ્યમાં ફરી એક વાર એવી જ પરિસ્થિતિ પાછી ઊભી થશે એમાં ભવિષ્યકથન પૂરું થશે.'' પણ એવી વિચારસરણીને અમે ટેકો આપતા નથી. એનું કારણ, ફક્ત આ 'દશ રાજ્યો'ની એક જ બાબત અમે ધ્યાનમાં રાખતા નથી; પણ અને બધી દિશામાંથી ઊભી થયેલી પરિસ્થિતિ એક જ ચિત્ર ઊભું કરે છે, હા, એક જ સૂર કાઢે છે કે, પ્રભુ ઈસુના પુનરાગમનનો સમય છેક પાસે આવી ગયો છે! અને પ્રભુ ઈસુ 'બારણા આગળ જ' છે (માથ્થી ૨૪ : ૩૩). રાજકીય તખ્તો, બે હજાર વર્ષ પછી ઇઝરાયલનું રાજ્ય પાછું સ્થપાવું, ધર્મનો ફલક, નીતિનું ભયંકર અધઃપતન, પ્રજાઓ અને દેશોના વણઊકલ્યા પ્રશ્નોના થતા ખડકલા, પ્રાકૃતિક ભૂગોળમાં થતા દેખીતા ફેરફારો, અને વિજ્ઞાનની શાખા-પ્રશાખાઓમાં જોવા મળતા નિષ્કર્ષો એ જ એક નિશાન બતાવે છે કે, પુનરાગમન પાસે છે.

આ 'દશ રાજ્યો' સંબંધી બીજી ઝીણી ઝીણી વિગતો, ભવિષ્યકથનોના રૂપમાં દાનિયેલના સાતમા તેમ જ આઠમા અધ્યાયોમાં આપવામાં આવી છે તે વિશે આપણે, એ અધ્યાયો વિશે જોઈશું તે વખતે તપાસીશું.

**૬. વગર હાથોએ કોતરી કાઢવામાં આવેલી શિલા, ૨:૩૪-૩૫, ૪૪-૪૫.**

**આખી પૃથ્વીમાં આકાશનું રાજ્ય.**

૩૪ ''આપ જોતા હતા, એટલામાં [કોઈ માણસના] હાથ અડક્યા વગર એક શિલા કાપી કાઢવામાં આવી, ને તેણે તે [મૂર્તિ] ની પાટલીઓ જે લોઢાની તથા માટીની હતી, તેમના પર મારો ચલાવ્યો, ને તેમને ભાંગીને તેમના ટુકડેટુકડા કર્યા. ૩૫. ત્યાર પછી લોઢું, માટી, પિત્તળ, રૂપું, તથા સોનું તમામને ભાંગીને ચૂરેચૂરા કરવામાં આવ્યાં, તે ઉનાળાના ખળામાંના ભૂસા જેવાં થઈ ગયાં; અને પવન તેમને એવી રીતે ઉરાડી લઈ ગયો કે તેમનું ઠામઠેકાણું રહ્યું નહિ; જે શિલાએ મૂર્તિને ભાંગી નાખી

તેનો એક મોટો પર્વત થઈ ગયો, ને તેથી આખી પૃથ્વી ભરાઈ ગઈ'' (૨:૩૪-૩૫)

૪૪ ''તે રાજાઓની કારકિર્દીમાં આકાશનો દેવ એક રાજ્ય સ્થાપન કરશે કે જેનો નાશ કદી થશે નહિ, ને તેની હકૂમત અન્ય પ્રજાના કબજામાં સોંપાશે નહિ. પણ તે આ સઘળાં રાજ્યોને ભાંગીને ચૂરા કરીને તેમનો ક્ષય કરશે, ને તે સર્વકાળ ટકશે. ૪૫ આપે જોયું કે પેલી શિલા પર્વતમાંથી કોઈ [માણસના] હાથ [અડક્યા] વગર કાપી કાઢવામાં આવી, ને તેણે લોઢાને, પિત્તળને, માટીને, રૂપાને તથા સોનાને ભાંગીને ચૂરેચૂરા કર્યા. તે ઉપરથી હવે પછી શું થવાનું છે તે મહાન ઈશ્વરે રાજાને વિદિત કર્યું છે. એ સ્વપ્ન નક્કી છે, ને તેનો ખુલાસો ખરેખરો છે'' (૨:૪૪-૪૫).

''કોઈ [માણસના]. હાથ [અડક્યા] વગર એક શિલા કાપી કાઢવામાં આવી'', એટલે કે કોઈ માણસોનું જીતેલું કે માણસોએ સ્થાપેલું, કે કેળવણી યા સંસ્કૃતિ દ્વારા સ્થાપવામાં આવેલું એ રાજ્ય નહિ હોય, પણ માણસોના કોઈપણ પ્રકારના પ્રયત્નો સિવાય ઈશ્વરે પોતે સ્થાપેલું રાજ્ય. માણસોનાં રાજ્યોમાં અને માણસોના ઇતિહાસમાં ઈશ્વર દરમિયાનગીરી કરશે, અને માણસોનાં રાજ્યોનો વિનાશ કરીને એમને ઠેકાણે ઈશ્વર પોતે આખી પૃથ્વી પર પોતે રાજ્ય સ્થાપશે અને એ ''આકાશી રાજ્ય'' આખી પૃથ્વીને ભરી દેશે, એટલે કે આખી પૃથ્વી પર પ્રભુ ઈસુનું રાજ્ય થશે. માત્ર પ્રભુ ઈસુની સત્તા આખી પૃથ્વી પર ચાલશે એમ નહિ, પણ પ્રભુ ઈસુ ખરેખર પૃથ્વી પર ઊતરીને યરુશાલેમમાંથી આખી પૃથ્વી ઉપર રાજ્ય કરશે. યરુશાલેમ શહેર એમનું રાજધાની નગર બનશે. આ કલમોમાં આપેલી ''શિલા'' એ 'આકાશનું રાજ્ય' છે.

આ 'શિલા' બાબિલોનના રાજ્ય પર, એટલે કે મૂર્તિના શિર પર પ્રહાર નહિ કરે, કે ચાંદીના ભાગરૂપ માદી-ફારસી રાજ્ય પર, કે પિત્તળરૂપ ગ્રીસન. રાજ્ય પર, કે લોખંડી રોમન રાજ્ય પર મારો નહિ ચલાવે, કેમ કે એ સામ્રાજ્યો ભૂતકાળમાં હતાં, અને ભૂતકાળમાં વિલીન પણ થઈ ગયાં. પણ પ્રભુ ઈસુના પૃથ્વી પર પાછા આવવાને સમયે રોમના

પુરાણા સામ્રાજ્યના યુરોપીય પ્રદેશોમાં ઉત્થાન પામેલાં દશ રાજ્યો (દશ આંગળાં) પર મારો ચલાવશે. એમ મૂર્તિ ટકી શકશે નહિ, એટલે કે જગતની માનવી હકૂમતનાં રાજ્યો ટકી શકશે નહિ.

પિસ્તાળીસમી કલમમાં આપ્યું છે કે, ''તેણે લોઢાને, પિત્તળને, માટીને, રૂપાને, તથા સોનાને ભાંગીને ચૂરેચૂરા કર્યા,'' એનો અર્થ એવો નથી થતો કે બાબિલોનનું, માદી-ફારસીનું, ઈત્યાદિનાં રાજ્ય આ સમયે હશે. એનો અર્થ એટલો જ છે કે અગાઉ થઈ ગયેલાં રાજ્યોનાં ગુણલક્ષણો આ છેલ્લા તબક્કાનાં રાજ્યોમાં હશે. પ્રકટીકરણ ૧૩:૨ માં એ વાત સ્પષ્ટ કરી છેઃ ''જે શ્વાપદને મેં જોયું તે ચિત્તાના જેવું હતું. તેના પગ રીંછના પગ જેવા હતા, અને તેનું મોં સિંહના મોં જેવું હતું.'' આમ, આ આખરી **ખ્રિસ્તવિરોધી**ના રાજ્યને દાનિયેલ સાતમા અધ્યાયમાં આપેલાં બધાં પ્રાણીઓ (શ્વાપદો)નાં ગુણલક્ષણ હતાં.

આ છેલ્લાં દશ રાજ્યોનો નાશ કર્યો, એટલે માનવી હાથોથી સ્થપાયેલાં કે જિતાયેલાં રાજ્યોનો સર્વનાશ કર્યો, એમ સમજવાનું છે.

**ક. (i) આ 'શિલા' હજી સુધી કોતરી કાઢવામાં આવી નથી.**

આ **'શિલા'** આ છેલ્લા સમયમાં કોતરી કાઢવામાં આવશે, એટલે કે આ છેલ્લા સમયમાં પ્રભુ ઈસુનું પુનરાગમન થશે. કેટલાક લોકો એમ માને છે કે પ્રભુ ઈસુના પ્રથમ આગમન સમયે, એટલે કે ગભાણથી ક્રૂસ સુધીના તેમના સમયમાં આ **'શિલા'** કોતરી કાઢવામાં આવી છે, અને સુવાર્તાપ્રચાર દ્વારા તે આખી પૃથ્વીને ભરી દેશે. **'મંડળી'** એ શિલા છે. અને આ **'મંડળી'** આખી પૃથ્વીને ભરી દેશે. પણ આ માન્યતા ખરી નથી, એનાં કારણો જોઈએઃ

પ્રભુ ઈસુનું પહેલી વખતનું આવવું તે 'લોખંડના પગો' સમય (રોમન રાજ્યના સમય) માં થયું. લૂક ૨:૧ માં લખવામાં આવ્યું છે કે, રોમન સમ્રાટ ઑગસ્તસ કૈસરના સમયમાં દુનિયાભરમાં કર ભરવા અને નામ નોંધાવવા માટે પોતપોતાના વતનમાં જવાનું ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું. એ રોમન રાજ્યકાળમાં પ્રભુ ઈસુએ તે રોમન સામ્રાજ્યનો નાશ કર્યો નથી, અને આકાશી રાજ્ય સ્થાપ્યું નથી. ઊલટું, તેમણે તો ''જે કાઈસારનાં તે કાઈસારને ભરી આપો,'' એમ કહ્યું હતું. એ સમયમાં પ્રભુ ઈસુએ 'વિદેશી રાજ્યો'નો સર્વનાશ કર્યો જ નથી.

પ્રભુ ઈસુનો જન્મ ગભાણમાં થયો ત્યારે રોમન સમ્રાટને તો એની ખબર પણ નહોતી. વળી, પ્રભુ ઈસુ ક્રૂસ પર જડાયા ત્યારે રોમન સામ્રાજ્યને કોઈ આંચ પણ આવી નહોતી. અને પ્રભુ ઈસુના મૃત્યુ તેમ જ ઉત્થાન પછી લગભગ સાડાચારસો વર્ષ લગી રોમન રાજ્ય ચાલુ રહ્યું હતું. પ્રભુ ઈસુનું પ્રથમ આગમન તો નમ્રતા તથા કૃપામય હતું. ઈશ્વરના હલવાન તરીકે તે આવ્યા. પણ તેમનું પુનરાગમન અધિકાર, સત્તા અને સામર્થ્યથી ભરેલું હશે. યહૂદાના કુળના સિંહ તરીકે તે આવશે (પ્રકટી. ૫:૫); ''રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ'' તરીકે તે આવશે (પ્રકટી. ૧૯:૧૬). હજી દાનિયેલ ૨:૩૫માં આપેલી ભવિષ્યવાણી પૂરી થઈ નથી. 'વિદેશીઓનાં રાજ્યો' હજીયે ચાલ્યા કરે છે.

**(ii) મંડળી કે ખ્રિસ્તી ધર્મ દ્વારા આ ભવિષ્યવાણી પૂરી થઈ નથી.**

આખી પૃથ્વી ઉપર સર્વ પ્રજાઓમાં સુવાર્તાનો ફેલાવો કરવામાં આવ્યો છે, પણ હજીયે જગતની પ્રજાઓ શેતાનના હવાલામાં જ છે (માથ્થી ૪:૮,૯). શેતાન આ જગતનો દેવ છે (૨ કોરિંથી ૪:૪). દુનિયાનું કોઈપણ રાજ્ય ખ્રિસ્તના ધોરણે કે ખ્રિસ્તના સિદ્ધાંત પર ચાલતું નથી, પણ શેતાનના સિદ્ધાંતો (સ્વાર્થ, અદેખાઈ, ચરસાચરસી, કાપાકૂપી, હરીફાઈ - એવા સિદ્ધાંતો) પર તમામ રાજ્યો ચાલી રહ્યાં છે. પૃથ્વી પર હાલમાં આકાશી રાજ્ય નથી. આખી દુનિયા ખ્રિસ્તી થઈ નથી, ને થવાની પણ નથી. ઊલટું, પ્રભુ ઈસુએ તો કહ્યું છે કે, ''અન્યાય વધી જવાને કારણે ઘણાનો પ્રેમ ઠંડો થઈ જશે'' (માથ્થી ૨૪:૧૨), અને ''માણસનો દીકરો આવશે, ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું?'' (લૂક ૧૮:૮). રાજા, પ્રભુ ઈસુ પોતે, નહિ આવે ત્યાં સુધી આકાશી રાજ્ય આવવાનું નથી. પ્રભુ ઈસુ આવશે ત્યારે 'વિદેશીઓનાં રાજ્યો'નો નાશ કરશે, અને ખળામાંના ભૂસાની પેઠે તેઓ ઊડી જશે, અને પૃથ્વી પર તેમનું નામનિશાન નહિ રહે (૨:૩૫).

હા, એ આકાશી રાજ્ય હજી આવ્યું નથી. માણસોની પ્રાર્થના હજી ચાલુ જ છે: ''તારું રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તારી

ઈચ્છા પૂરી થાઓ.'' પ્રભુ ઈસુ આવશે ત્યારે તે આ રાજ્ય પૃથ્વી ઉપર સ્થાપશે, અને પાટનગર યરુશાલેમમાંથી તે આખી પૃથ્વી પર રાજ્ય કરશે. ઝખાર્યા પ્રબોધકે ૧૪:૯ માં આ પ્રમાણે કહ્યું છે: ''યહોવા આખી પૃથ્વી ઉપર રાજા થશે.'' ગાબ્રિયેલ દૂતે મરિયમને સંદેશો આપ્યો, તેમાં પ્રભુ ઈસુ વિશે તેણે આવું કહ્યું હતું: ''અને ઈશ્વર પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. તે યાકૂબના ઘર પર **સર્વકાળ રાજ કરશે,** ને તેના રાજ્યનો અંત આવશે નહિ'' (લૂક ૧:૩૨,૩૩). પ્રભુ ઈસુએ પોતે પણ કહ્યું હતું કે, ''જ્યારે માણસનો દીકરો પોતાના મહિમામાં સર્વે પવિત્ર દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે'' (માથ્થી ૨૫:૩૧).

## ૧૧. દાનિયેલને થયેલું ચાર જાનવરો વિશેનું સંદર્શન. ભવિષ્યમાં થનારાં ચાર મહારાજ્યો અને તેમનો અંત. દાનિયેલ ૭:૧-૨૮.

''આ ચાર મોટાં જાનવરો તો ચાર રાજાઓ છે, કે જેઓ પૃથ્વી પર ઊભા થશે.'' (૭:૧૭).

નબૂખાદનેસ્સારને પેલી મૂર્તિના આવેલા સ્વપ્નમાં ભવિષ્યમાં થનારાં ચાર વિશ્વસામ્રાજ્યો વિશે ભવિષ્યકથન આપવામાં આવ્યું છે. અને એ જ ચાર વિશ્વસામ્રાજ્યો વિશે ભવિષ્યકથનના રૂપમાં આ સાતમા અધ્યાયમાં પણ આપવામાં આવ્યું છે. આ સંદર્શન દાનિયેલને થયું હતું. બીજા અધ્યાયમાં આપેલું એનું એ જ ભવિષ્યકથન અહીં સાતમા અધ્યાયમાં જુદી રીતે તથા વધુ વિગતો સાથે આપ્યું છે. નબૂખાદનેસ્સારને મૂર્તિનું સ્વપ્ન એની કારકિર્દીને બીજે વર્ષે આવ્યું હતું. એ પછી, કેટલાક અભ્યાસકોની ગણતરી પ્રમાણે, ૬૨ વર્ષ પછી દાનિયેલને આ સંદર્શન થયું. દાનિયેલના નિવૃત્તિકાળ દરમિયાન આ સંદર્શન તેને થયું લાગે છે. કદાચ એ સમયે દાનિયેલ ૮૫ વર્ષ કે આસપાસની ઉંમરનો હશે. નબૂખાદનેસ્સારને ઈ.પૂર્વે ૬૦૩ માં મૂર્તિનું સ્વપ્ન આવેલું. અને જો ૬૨ વર્ષ પછી દાનિયેલને સંદર્શન થયું તો એ વખતે ઈ. પૂર્વે ૫૪૧ની સાલ હોવા સંભવ છે. આપણે આ સંદર્શન વિગતવાર જોઈએ. **'સ્વપ્ન'**

દ્વારા મળેલા પ્રક્ટીકરણ કરતાં **'સદંર્શન'** દ્વારા મળેલું પ્રક્ટીકરણ ઊંચું ગણાય છે.

**દાનિયેલ ૭:૧-૩.** ૧ "બાબેલના રાજા બેલ્શાસ્સારને પહેલે વર્ષે દાનિયેલને પોતાના બિછાનામાં સ્વપ્ન આવ્યું, ને તેના મગજમાં સંદર્શનો થયાં. તેણે તે સ્વપ્ન લખી દીધું, ને તે બાબતોનો સાર કહી બતાવ્યો. ૨ દાનિયેલે કહ્યું કે, હું રાત્રે મારા સંદર્શનમાં જોતો હતો, ને જુઓ, આકાશના ચાર વાયુ મહા સમુદ્ર ઉપર જોસભર ફૂંકાવા લાગ્યા. ૩ અને ચાર મોટાં જાનવરો, એકબીજાંથી જુદાં, સમુદ્રમાંથી નીકળી આવ્યાં."

**'મહા સમુદ્ર'** એટલે ભૂમધ્ય સમુદ્ર અથવા મેડિટરેનિયન સમુદ્ર. જે ચાર પ્રાણીઓ કે જાનવરો દાનિયેલે સંદર્શનમાં જોયાં તે આ ભૂમધ્ય સમુદ્રની આસપાસના વિસ્તારોમાંથી થયેલાં એવાં ચાર વિશ્વસામ્રાજ્યો છે. નબૂખાદનેસ્સારને આવેલા સ્વપ્નની મૂર્તિ દ્વારા સૂચવાયેલાં ચાર વિશ્વ સામ્રાજ્યો તે પણ આ જ ચાર વિશ્વસામ્રાજ્યો છે.

**'આકાશના ચાર વાયુ'** શેતાનનાં બળો અગર શેતાનની હિલચાલ સૂચવે છે. એફેસી ૨:૨માં શેતાનને 'વાયુની સત્તાના અધિકારી' તરીકે ઓળખાવ્યો છે. વળી એફેસી ૬:૧૦-૧૩ માં શેતાનની સત્તા તથા શેતાનનાં લશ્કરો વિશે લખતાં પાઉલ કહે છે : "આપણું યુદ્ધ આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, **આકાશી સ્થાનોમાં** દુષ્ટતાનાં આત્મિક [લશ્કરોની] સામે છે." શેતાન અને એના અપદૂતોનાં 'દુષ્ટતાનાં આત્મિક લશ્કરો' વાયુમંડળમાં વાસો કરે છે. અને ત્યાં રહીને આખી પૃથ્વી ઉપર તેઓ અશાંતિની હલચલ કરે છે.

બાઈબલમાં ત્રણ આસમાન જણાવવામાં આવ્યાં છે. પાઉલ પણ એનો ઉલ્લેખ કરે છેઃ "સર્વ આકાશો" (એફેસી ૪:૧૦); "ત્રીજા આસમાનમાં" (૨ કોરિંથી ૧૨:૨); એ ત્રીજા આસમાન માટે "પારાદેસમાં" એવો શબ્દ પણ વાપર્યો છે (૨ કોરિંથી ૧૨:૪). પહેલું આસમાન **વાયુમંડળ** છે, જ્યાં શેતાન અને એના દુષ્ટાત્માઓ રહે છે. બીજું આસમાન **ગગનમંડળ** છે, જ્યાં સૂર્ય, ચંદ્ર અને તારાઓ આવેલા

છે. અને ત્રાંજુ આસમાન **પારાદૈસ** યા 'આબ્રાહમ પિતાની ગોદ' પણ કહેવાય છે. ત્રૈક ઈશ્વર પોતે અને તેના દૂતો, તેમ જ પ્રભુના મૃત્યુ પામેલા લોકોના આત્માઓ પણ ત્યાં વસે છે. ગ્રીકમાં એ ત્રણે માટે 'ઉરાનોસ', 'મેસુરાનોસ', અને 'એપુરાનોસ' એમ અનુક્રમે શબ્દો વાપર્યા છે.


શેતાન અને તેનાં ભૂંડાઈનાં લશ્કરો વાયુમંડળમાં વસે છે, અને ત્યાંથી બધે ફરીને અશાંતિ, અરાજકતા, અંધાધૂંધી, અને અજંપાની પરિસ્થિતિ સર્વત્ર ઉત્પન્ન કરે છે. સમુદ્રમાં ઊછળતાં મોજાં અને થતાં તોફાનો સમુદ્રનાં પાણીઓએ ઉત્પન્ન કરેલી પ્રવૃત્તિઓ નથી, પણ બહારનાં બળોએ એ મોજાં અને તોફાનો ઉત્પન્ન કર્યાં હોય છે. જોરદાર અને પ્રચંડ ફૂંકાતા વાયુઓ (અથવા પવનો), વાયુના વંટોળિયા, અથવા સમુદ્રના પેટાળમાં થતા ધરતીકંપો સમુદ્રનાં પાણીમાં મોજાં અને તોફાનોના ઉત્પાત જગવે છે. એમ જ માનવમહેરામણ યા માનવી પ્રજાઓમાં થતી અશાંતિ અને અંધાધૂંધી વાયુમંડળમાં વસેલાં શેતાનનાં બળો ("વાયુની સત્તાનો અધિકારી") જગવે છે. એટલે જ સંદર્શનમાં બતાવ્યું છે કે, "આકાશના ચાર વાયુ મહા સમુદ્ર ઉપર જોસભેર ફૂંકાવા લાગ્યા."

"મહા સમુદ્ર" માણસોની પ્રજાઓ સૂચવે છે. પ્રકટીકરણ ૧૭:૧૫માં આમ આપ્યું છે: "તે મને કહે છે કે, **જે પાણી તેં જોયાં છે,** જ્યાં તે વેશ્યા બેઠેલી છે, **તેઓ પ્રજાઓ, જનસમૂહો, રાજ્યો તથા ભાષાઓ છે."** વળી જુઓ યશાયા ૧૭:૧૨-૧૩. "અરે, ઘણા લોકોનો સમુદાય! સમુદ્રની ગર્જનાની પેઠે તેઓ ગર્જે છે; વળી લોકોનો ઘોંઘાટ! તેઓ દરિયાનાં મોજાંના ઘોંઘાટની પેઠે ઘુઘવાટો કરે છે. લોકો દરિયાનાં મોજાંના ઘોંઘાટની પેઠે ઘુઘવાટો કરશે; તે (ઈશ્વર) તેઓને ધમકાવશે...."

**"શેતાન આ જગતનો અધિકારી" છે** (યોહાન ૧૪:૩૦. ૧૬:૧૧. ૧૨:૩૧), અને **"આ જગતનો દેવ" છે** (૨ કોરિંથી ૪:૪. માથ્થી ૪:૮, ૯). માણસોની પ્રજાઓમાં અને જનસમૂહોમાં શેતાન અને તેનાં "...ો જ યુદ્ધો, વર્ગવિગ્રહો, હડતાળો, ઘેરાઓ,

નવનિર્માણો (!), 'ગો સ્લો', અને એવા અજંપા અને તોફાનો જગવે છે. શેતાનનાં એવાં બધાં પરિબળોમાંથી ચાર વિશ્વસામ્રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં એ બતાવવા દાનિયેલ ૭:૨ - ૩ માં ચાર વાયુઓને કારણે ચાર મોટાં જાનવરો ઉપસ્થિત થતાં દર્શાવ્યાં છે.

**૧. પહેલું પ્રાણી**



ચિત્ર ૨ (દાનિયેલ ૭:૪)

પહેલું પ્રાણી (૭:૪) "સિંહના જેવું હતું, ને તેને ગરૂડના જેવી પાંખો હતી. હું જોતો હતો એટલામાં તેની પાંખો ખેંચી કાઢવામાં આવી, ને તેને જમીન પરથી ઊંચકવામાં આવ્યું, ને માણસની પેઠે તેને બે પગ પર ઊભું રાખવામાં આવ્યું, ને તેને મનુષ્યનું હૃદય આપવામાં આવ્યું."

આ પ્રાણીમાં 'વનરાજ' (પ્રાણીઓના રાજા)ની પ્રતિમા અને 'ગરૂડરાજ' (પંખીઓના રાજા)ની અનુરૂપતા જોઈએ છે. નબૂખાદનેસ્સારના સ્વપ્નમાં પણ મૂર્તિના 'સોનાના માથા'ને ખાલદી રાજા નબૂખાદનેસ્સારના રાજ્ય સાથે સરખાવ્યું છે : દાનિયેલે નબૂખાદનેસ્સારને કહ્યું : "પેલું સોનાનું માથું તે તો આપ છો" (૨:૩૮). આ સિંહ જેવું અને ગરૂડની પાંખોવાળું પ્રાણી એ પણ નબૂખાદનેસ્સારના રાજ્યનો જ ઉલ્લેખ કરે છે. એ શ્રેષ્ઠ રાજ્ય હતું, અને સંપૂર્ણ રાજાશાહીનું પ્રતીક હતું.

એની પાંખો ખેંચી કાઢવામાં આવી, એ ચિત્ર, નબૂખાદનેસ્સાર પોતાના જિતાયેલા પ્રદેશોથી સંતોષી બન્યો અને બીજા બીજા દેશો જીતવાના 'ઉદ્ધયન' થી તે હવે વિરકત બન્યો. તે જંગલમાં હાંકી કઢાયો હતો, ત્યાંથી પાછા આવ્યા બાદ તે શાંતિચાહક બની રહ્યો, અને ઇમારતો બાંધવામાં પોતાનો રસપ્રવાહ વાળ્યો. આ પ્રાણીને મનુષ્યની જેમ બે પગ ઉપર ઊભું રાખવામાં આવ્યું, અને તેને મનુષ્યનું હૃદય આપવામાં આવ્યું, એનો અર્થ જોઈએ : નબૂખાદનેસ્સાર પશુની જેમ જંગલમાં હાંકી કઢાયો હતો ત્યાં તે પરાત્પર ઈશ્વરને ઓળખે છે, ને તેને માન આપે છે (૪:૧૬, ૨૪-૨૭, ૩૪-૩૭). અને તે પરાત્પર પરમેશ્વરની હકૂમતને સ્વીકારે છે. તે હવે સામ્રાજ્ય પર બળથી નહિ, પણ બુદ્ધિથી રાજ્ય કરવા લાગ્યો.

વનરાજ જેવું પ્રાણી અને ગરૂડરાજ જેવી પાંખો, બળદ જેવું શરીર અને મનુષ્ય જેવું મોં (હૃદય) એવા પ્રાણીની પ્રતિમા બાબિલોનમાં,




ચિત્ર ૩ (દાનિયેલ ૪ : ૧૬, ૨૪-૨૭, ૩૪-૩૭)

નિનવેહમાં અને આજે ઘણાં સંગ્રહસ્થાનોમાં જોવા મળે છે. વડોદરાના કમાટી બાગમાં આવેલા સંગ્રહસ્થાનમાં પણ એવી પ્રચંડ આકૃતિ જોવા મળે છે.

૨. બીજું પ્રાણી

"વળી જુઓ, એક જુદી જાતનું બીજું જાનવર રીંછના જેવું હતું. તેની એક બાજુનો પંજો ઊંચો રાખવામાં આવ્યો હતો, ને તેના મોંમાં



ચિત્ર ૪ (દાનિયેલ ૭ : ૫)

તેના દાંતો વચ્ચે ત્રણ પાંસળીઓ હતી. તેઓએ તેને કહ્યું કે, ઊઠ, ઘણા માંસનો ભક્ષ કર" (૭:૫).

આ રીંછસમું પ્રાણી માદી-ફારસી સામ્રાજ્ય સૂચવે છે, જે હજી ભવિષ્યમાં થવાનું હતું. મૂર્તિના સ્વપ્નમાં રૂપાનાં છાતી અને ભૂજ આ જ સામ્રાજ્ય સૂચવે છે. ઈતિહાસના વહનમાં બાબિલોનના ખાલદી સામ્રાજ્ય પછી, આપણે બીજા અધ્યાયના ખુલાસામાં જોયું તેમ, માદીઓ અને ફારસીઓનું સામ્રાજય થયું. ઊંચો કરેલો રીંછનો પંજો બે રાજ્યોમાંથી ફારસી રાજ્ય સૂચવે છે. માદીઓના રાજ્ય કરતાં ફારસી રાજ્ય વધારે બળવાન હતું. મૂર્તિના સ્વપ્નમાં મૂર્તિનો એક ખભો અને હાથ પણ ફારસી રાજ્ય સૂચવે છે.

રીંછના મોંમાં દાંતો વચ્ચે ત્રણ પાસંળી હતી, તે જીતી લેવામાં આવેલાં ત્રણ રાજ્યો સૂચવે છે. લીબિયા, બાબિલોન અને મિસર - એ

ત્રણ રાજ્યોએ માદી-ફારસી સામ્રાજ્યના વિરોધમાં ત્રિપક્ષી સંધિ કરી હતી. પણ માદી-ફારસી સામ્રાજ્યે એમને હરાવીને જીતી લીધાં હતાં. ત્રણ પાંસળીઓ આ ત્રણ રાજ્યો સૂચવે છે, અને રીંછના દાંતની વચ્ચે એટલે માદી-ફારસીઓએ એ ત્રણે રાજ્યોને જીતી લીધાં એ હકીકતના ભવિષ્યકથનરૂપ છે.

રીંછ સિંહના જેવું ચપળ પ્રાણી નથી. વળી તે અકરાંતિયું અને ખાઉધરું હોય છે, અને એની ચાલ સિંહના જેવી રુઆબદાર અને દમામભરેલી નથી હોતી. એમ માદી-ફારસીઓનું રાજ્ય આગલા રાજ્ય કરતાં રુઆબ અને દમામમાં ઊતરતું હતું, પણ દેશો અને પ્રજાઓને જીતવામાં તત્પર અને ક્રૂર હતું. એની રાજ્યસત્તાનું સ્વરૂપ ઊતરતી કક્ષાનું હતું. એ સામ્રાજ્યનો સમય અને બીજી બધી બાબતોની વિગત માટે મૂર્તિના સ્વપ્નના રૂપાના ભાગની સમજૂતી આપવામાં આવી છે તે જોઈ લેવી.

### ૩. ત્રીજું પ્રાણી

''ત્યાર પછી હું જોતો હતો એટલામાં બીજું એક જાનવર ચિત્તાના જેવું દેખાયું. તેની પીઠ પર પક્ષીના જેવી ચાર પાંખો હતી. વળી તે જાનવરને ચાર માથાં હતાં; અને તેને રાજ્યાધિકાર આપવામાં આવ્યો હતો' (૭:૬).

મૂર્તિના સ્વપ્નમાં મૂર્તિનો પેટ તથા જાંઘભાગનો પિત્તળનો ભાગ અને અહીં આપેલું ત્રીજું જાનવર એક જ બાબત સૂચવે છે. મહાન એલેકઝાન્ડર (સિંકદર)ના સામ્રાજ્યને ભવિષ્યકથનરૂપે અહીં આપવામાં આવ્યું છે. આ ભવિષ્યકથન આપવામાં આવ્યું ત્યારે હજી પ્રથમ સામ્રાજ્ય અથવા બાબિલોનના ખાલદી સામ્રાજ્યનો અમલ ચાલતો હતો.

મહાન એલેકઝાન્ડરનું સામ્રાજ્ય ગ્રીસના સામ્રાજ્ય તરીકે ઇતિહાસમાં ઓળખાય છે. ચિત્તાની ઉપમા આ રાજ્યને અહીં આપવામાં આવી છે તે બધી જ રીતે બંધબેસતી છે. ચિત્તો પ્રાણીઓમાં સર્વ કરતાં વધુ ચપળ અને આકર્ષક ચાલવાળો છે. વળી તેની દોડ અતિ



ચિત્ર ૫ (દાનિયેલ ૭ : ૬)

ઝડપી છે. પ્રાણીઓમાં ચિત્તો દોડવામાં અને છલંગમાં સૌથી ઝડપી અને ત્વરિત છે. તે અમુક અંતર સુધી મોટરકારની સાથે પણ દોડી શકે છે. તે વિકરાળ પણ છે.

એલેકઝાન્ડર માટે આ ઉપમા બિલકુલ બંધબેસતી છે. ચિત્તાની ઝડપી ગતિએ અને એની છલંગની જેમ એલેકઝાન્ડર દુનિયાનાં રાજ્યો જીતી લઈને આખા વિશ્વસામ્રાજ્યનો સમ્રાટ બની ગયો. માત્ર બાવીસ વર્ષની ઊગતી જુવાનીમાં તે દુનિયા જીતવા નીકળ્યો, અને ૩૨ વર્ષની ભરયુવાન વયે તે વિશ્વસામ્રાજ્યનો સમ્રાટ બન્યો! (એના વિશે વધુ માટે જુઓ બીજા અધ્યાયના ત્રીજા વિશ્વસામ્રાજ્યના ખુલાસામાં.) બીજાં કોઈ લશ્કરો કરતાં એનું લશ્કર વધુ સુસજ્જ હતું, અને એના સૈનિકો વધુ શૂરાતનવાળા શૂરવીર હતા.

આ પ્રાણીની ચાર પાંખો એલેકઝાન્ડરની અતિ ઝડપી આગેકૂચ સૂચવે છે. દશ જ વર્ષમાં દુનિયાને જીતીને તે સમ્રાટ બન્યો. એને

''**પક્ષીના જેવી** ચાર પાંખો હતી'', પણ ગરૂડના જેવી નહિ. એ બતાવે છે કે એની વિજયી આગેકૂચ નબૂખાદનેસ્સારની શાહી દમામવાળી વિજયી આગેકૂચો જેવી નહોતી. પ્રાણીનાં '**ચાર માથાં**', એલેકઝાન્ડરના મૃત્યુ બાદ એના સામ્રાજ્યના પડેલા ચાર ભાગલા સૂચવે છે. એલેકઝાન્ડર ૩૩ વર્ષની ભરયુવાનીમાં મૃત્યુ પામ્યો, એટલે એના ચાર સરદારોએ એનું રાજ્ય ચાર ભાગલા પાડીને વહેંચી લીધું.

આ ચાર ભાગલા નીચે પ્રમાણે હતાઃ થ્રેસ, માસેડોનિયા (મકદોનિયા), સિરિયા (અરામ), અને ઈજિપ્ત (મિસર). માસેડોનિયા (ગ્રીસ સાથે) કાસ્સાન્ડરે લીધું, થ્રેસ અને બિથુનિયા લીસીમાખસે લીધું, ઈજિપ્ત ટોલેમીએ લીધું, અને સિરિયા સેલ્યુસસ (સેલ્યુકસ)ના હાથમાં આવ્યું. મૂર્તિના સ્વપ્નમાં મૂર્તિના રૂપાના ભાગ (પેટ તથા જાંઘભાગ) માં આ ચાર ભાગલા દર્શાવ્યા નથી. પણ અહીં સાતમા અધ્યાયમાં ચિત્તાનાં ચાર માથાં તરીકે એ ચાર ભાગલા સ્પષ્ટ કર્યા છે.


''**તેને રાજ્યાધિકાર આપવામાં આવ્યો હતો**'' (૭:૬). એલેકઝાન્ડરે પોતાના જ બળથી આ સામ્રાજ્ય મેળવ્યું નહોતું. પણ, જેમ આપણે શરૂઆતે 'ઇતિહાસનાં વહેણનું સંચાલન કોણ કરે છે?'' (પૃ.૧૮) એ મથાળા નીચે જોઈ ગયા તેમ, ઈશ્વરે માદી-ફારસીઓના હાથમાંથી સામ્રાજ્ય લઈને ગ્રીક એલેકઝાન્ડરના હાથમાં સોંપ્યું. માત્ર ૩૦,૦૦૦ સૈનિકો દ્વારા કરોડો લોકોની બનેલી પ્રજાઓને કેવી રીતે માત્ર દશ જ વર્ષમાં જીતી શકે ? પહેલી સદીનો યહૂદી ઇતિહાસકાર જોસીફસ એના પુસ્તક (એન્ટીકવીટીઝ ૧૧:૬) માં લખે છે કે, એલેકઝાન્ડરે યરુશાલેમમાં વડા યાજકનું સન્માન કરીને જણાવ્યું હતું કે પોતે જયારે માસેડોનિયા (મકદોનિયા) માં હતો ત્યારે ત્યાં તેને યરુશાલેમના મંદિરમાં વાસ કરતા ઈશ્વરે દર્શન દીધું હતું અને કહ્યું હતું કે તું એશિયામાં આવ, અને હું તને ફતેહ કરીશ. બીજી પણ એક પ્રચલિત વાત છે કે એલેકઝાન્ડર યરુશાલેમ આવ્યો ત્યારે મંદિરના વડા યાજકે તેને જૂના કરારના એક પુસ્તક (કદાચ દાનિયેલના જ પુસ્તક) માંથી

'એલેકઝાન્ડર આખું વિશ્વસામ્રાજ્ય જીતી લેશે' એ ભવિષ્યવચન વાંચી સંભળાવ્યું, ત્યારે એલેકઝાન્ડર બહુ જ પ્રભાવિત થયો હતો.

**૪. ચોથું પ્રાણી**

૭ ''પછી હું રાતનાં સંદર્શનોમાં જોતો હતો, તો જુઓ, એક ચોથું જાનવર દેખાયું. તે ભયંકર, મજબૂત અને અતિશય બળવાન હતું; તેને લોઢાના મોટા દાંત હતા; તે ફાડી ખાતું તથા ભાંગીને ટુકડેટુકડા કરતું હતું ને બાકી રહેલાઓને પોતાના પગથી કચરી નાખતું હતું; તેની અગાઉનાં સર્વ પશુઓ કરતાં તે જુદું હતું; તેને દશ શિંગડાં હતાં. ૮ હું એ શિંગડાં વિશે વિચાર કરતો હતો એટલામાં, જુઓ, તેઓ મધ્યે એક બીજું નાનું શિંગડું ફૂટી નીકળ્યું કે જેના પ્રતાપથી પહેલામાંના ત્રણ શિંગડાં સમૂળગાં ઊખડી ગયાં. અને જુઓ, આ શિંગડાંમાં માણસની આંખો જેવી આંખો, તથા [બડાઈની] વાતો કરનાર એક મુખ હતું'' (૭:૭-૮):

૧૭'' આ ચાર મોટાં જાનવરો તો ચાર રાજાઓ છે, કે જેઓ પૃથ્વી પર ઊભા થશે. ૧૮ પણ પરાત્પરના પવિત્રો રાજ્ય સંપાદન કરશે, ને તે રાજ્ય સદા, હા, સદાસર્વકાળ ભોગવશે. ૧૯ ત્યારે જે ચોથું જાનવર તે



**ચિત્ર ૬ (દાનિયેલ ૭ : ૭-૮)**

બધાં કરતાં જુદું તથા અતિશય ભયંકર હતું, જેના દાંત લોઢાના ને જેના નખ પિત્તળના હતા, જે ફાડી ખાતું, ભાંગીને ટુકડેટુકડા કરતું, ને બાકી રહેલાને પોતાના પગથી કચરી નાખતું હતું, તેનો ખરો અર્થ ૨૦ તથા તેના માથા પરનાં દશ શિંગડાં તથા પેલું બીજું ફૂટી નીકળેલું શિંગડું કે જેના પ્રતાપથી ત્રણ પડી ગયાં, એટલે જે શિંગડાને આંખો તથા મોટી મોટી [બડાઈની] વાતો કરનાર મુખ હતું, ને જે દેખાવમાં તેની સાથેનાં કરતાં મજબૂત હતું, તેઓનો ખરો અર્થ જાણવાની મેં ઇચ્છા દર્શાવી. ૨૧ તે વયોવૃદ્ધ [પુરુષ] આવ્યો, ને પરાત્પરના પવિત્રોને ન્યાયાધિકાર આપવામાં આવ્યો; અને એવો વખત આવ્યો કે પવિત્રોને રાજ્ય પ્રાપ્ત થયું; ૨૨ ત્યાં સુધી એ જ શિંગડાએ પવિત્રોની સામે યુદ્ધ મચાવીને તેઓના ઉપર જય મેળવ્યો, તે હું જોયા કરતો હતો. ૨૩ પછી તેણે કહ્યું કે, ચોથું જાનવર પૃથ્વી પર એક ચોથું રાજ્ય થવાનું છે તે છે, તે બીજાં બધાં રાજ્યો કરતાં જુદું થશે, તે આખી પૃથ્વીને ફાડી ખાશે, ને તેને કચરી નાખશે, ને તેને ભાંગીને ટુકડેટુકડા કરશે (૭:૧૭-૨૩).

થનાર ચોથા સામ્રાજ્ય (અને એના પ્રતીકસમા ચોથા પ્રાણી) સંબંધી બહુ લંબાણથી વિવેચન આપવામાં આવ્યું છે. કારણ, પહેલા સામ્રાજ્ય દરમિયાન દાનિયેલ પોતે હયાત હતો, એટલે એ પહેલા પ્રાણીનું લંબાણથી વર્ણન કરવાનું રહેતું નથી. વળી, બીજા તથા ત્રીજા પ્રાણી દ્વારા સૂચવાતાં બે રાજ્યો વિશે મૂર્તિવાળા સ્વપ્નના ખુલાસામાં વિસ્તારથી આપવામાં આવ્યું છે, તેમ જ આઠમા અધ્યાયમાં ઝીણી વિગતો વિસ્તારથી આપવામાં આવી છે, એટલે અહીં સાતમા અધ્યાયમાં ચોથા પ્રાણી (અને એ રીતે ચોથા સામ્રાજ્ય) નું લંબાણપૂર્વ વિવેચન કરવામાં આવ્યું છે. વળી અંતના સમયનાં દશ રાજ્યો અન એમાંથી ઊભો થનારો અને વિશ્વવ્યાપી સત્તા ધરાવનારો વિચક્ષણ રાજા આ ચોથા રાજ્યના, છેક પાછલા કાળમાં ઉત્થાન પામનાર રોમન (ચોથા) સામ્રાજયમાંથી આવનાર છે, એટલે આ ચોથા પ્રાણીનું વર્ણન વિસ્તારપૂર્વક અહીં આપવામાં આવ્યું છે. ઈશ્વરનો વિરોધ કરનારો સ્વભાવ આ ચોથા સામ્રાજ્યમાં અતિ જોરથી ભભૂકી ઊઠેલો જણાય છે.

આગલાં ત્રણ સામ્રાજ્યોને ત્રણ પ્રાણીઓનાં નામ આરોપવામાં

આવ્યાં છે. (અનુક્રમે સિંહ, રીંછ, અને ચિત્તો), પણ આ ચોથા સામ્રાજ્યને કોઈ પ્રાણીનું નામ આપવામાં આવ્યું નથી. ચોથું રાજ્ય એટલે કે રોમન સામ્રાજ્ય એટલું તો ભયંકર હશે કે એને કોઈ એક પ્રાણીનું નામ આરોપવા જેવું નથી; બધાં પ્રાણીઓના ગુણધર્મ એનામાં હશે. તેથી તો ત્રણ વખત (૭:૭, ૧૯, ૨૩) એની ઓળખમાં આવા શબ્દો વાપર્યા છે : **"તે બીજાં બધાં રાજ્યો કરતાં જુદું થશે."**

"હું રાત્રે મારા સંદર્શનમાં જોતો હતો" (૭:૨); "એ પછી હું રાતનાં સંદર્શનોમાં જોતો હતો" (૭:૭); અને, "રાતનાં સંદર્શનોમાં હું જોતો હતો" (૭:૧૩), એવા શબ્દોથી શરૂ થતા આ અધ્યાયના ત્રણ ભાગલા પાડવામાં આવ્યા છે. પહેલા ભાગલામાં પહેલાં ત્રણ રાજ્યો સંબંધી આપવામાં આવ્યું છે; બીજા ભાગલામાં માત્ર ચોથા રાજ્ય વિશે આપવામાં આવ્યું છે; અને ત્રીજા ભાગલામાં 'મસીહના રાજ્ય' વિશે આપવામાં આવ્યું છે. પહેલાં ત્રણ રાજ્યો (પ્રાણીઓ) માત્ર સાડાપાંચ સૈકાં (ઈ. પૂર્વે ૬૦૪ થી ૬૩ સુધી) આવરી લે છે, જ્યારે ચોથું રાજ્ય હજારો વર્ષો (ઈ. પૂર્વે ૬૩ થી હજારો વર્ષ) આવરી લે છે. મૂર્તિવાળા સ્વપ્નમાં મૂર્તિના લોખંડી પગોથી માંડીને, પગનાં દશ આંગળાંના સમય સુધીની ભવિષ્યવાણી સમાવી લેવામાં આવી છે. અગાઉનાં રાજ્યોના પ્રતીક ભાગો માત્ર એકેક ધાતુના જ બનેલા જણાવ્યા છે (સોનું, રૂપું, અને પિત્તળ); જ્યારે આ ચોથું સામ્રાજ્ય બે (લોખંડ અને માટી)નું બનેલું બતાવ્યું છે.

મૂર્તિવાળા સ્વપ્નમાંની મૂર્તિના પગ લોખંડના હતા. એની સામે સાતમા અધ્યાયના ચોથા પ્રાણીના દાંત લોખંડના હતા. એ બંને બાબતે રોમના લોખંડી રાજ્યની સૂચવણી કરે છે. એ રોમન રાજ્ય પાછલા કાળમાં ફરી પાછું ઉત્થાન પામશે, અને એમાં દશ રાજાઓ (એટલે કે રાજ્યો) ઊભા થશે, એ મૂર્તિના પગનાં દશ આંગળા અને ચોથા પ્રાણીના માથાનાં દશ શિંગડાં મારફતે બતાવ્યું છે.

મૂર્તિવાળા સ્વપ્નનો ખુલાસો જોતાં આપણે જોઈ ગયા કે, પહેલા તબક્કાના રોમન સામ્રાજ્ય (લોખંડી પગો), અને છેક પાછલા સમયમાં ઉત્થાન પામનાર રોમન સામ્રાજ્ય (એટલે બીજા તબક્કાનાં દશ

આંગળાં) વચ્ચે મંડળીનો યુગ આવે છે. જૂના કરારનો કોઈપણ પ્રબોધક મંડળી વિશે જોઈ શક્યો નહોતો, અને એ વિશે ભવિષ્યકથન પણ આપવામાં આવ્યું નહોતું. આ બાબત માટે અને પાછલા સમયમાં થનારાં દશ રાજ્યો વિશેનો ખુલાસો મૂર્તિવાળા સ્વપ્નના ખુલાસામાં ''પગની પાટલીઓનાં દશ આંગળાં'' વાળા ભાગ (પૃ. ૪૩-૪૫)માં જૂઓ.

**૫. દશ શિંગડાં અને ફૂટી નીકળેલું બીજું એક શિંગડું, (પાછલા સમયમાં થનારા દશ રાજાઓ; અને બીજો એક રાજા) દાનિયેલ ૭:૭-૮, ૧૧-૧૨, ૧૭-૨૭.**

૭ ''તે (ચોથા પ્રાણી) ને દશ શિંગડાં હતાં, ૮ હું એ શિંગડાં વિશે વિચાર કરતો હતો એટલામાં, જુઓ, તેઓ મધ્યે એક બીજું નાનું શિંગડું ફૂટી નીકળ્યું કે જેના પ્રતાપથી પહેલામાંનાં ત્રણ શિંગડાં સમૂળગાં ઊખડી ગયાં; અને જુઓ, આ શિંગડામાં માણસની આંખો જેવી આંખો, તથા બડાઈની વાતો કરનાર એક મુખ હતું.''

૧૧ ''જે શિંગડું મોટી મોટી [બડાઈની] વાતો કરતું હતું તેના અવાજને લીધે હું તે વખતે જોયા કરતો હતો; એ જાનવરને છેક મારી નાખવામાં આવ્યું, ને તેનું શરીર નાશ પામ્યું, ને તેને બાળી નાખવામાં આવ્યું ત્યાં સુધી મેં જોયા કર્યું. ૧૨ બાકીનાં જાનવરોનો તો રાજ્યધિકાર લઈ લેવામાં આવ્યો; પણ તેમની હયાતી એક સમય તથા એક કાળ સુધી કાયમ રાખવામાં આવી.''

૧૭ ''આ ચાર મોટાં જાનવરો તો ચાર રાજાઓ છે કે, જેઓ પૃથ્વી ઉપર ઊભા થશે. ૧૮ પણ પરાત્પરના પવિત્રો રાજ્ય સંપાદન કરશે, ને ત રાજ્ય સદા, હા, સદાસર્વકાળ ભોગવશે. ૧૯ ત્યારે જે ચોથું જાનવર તે બધાં કરતાં જુદું તથા અતિશય ભયંકર હતું, જેના દાંત લોઢાના ને જેના નખ પિત્તળના હતા, જે ફાડી ખાતું, ભાંગીને ટુકડેટુકડા કરતું, ને બાકી રહેલાને પોતાના પગથી કચરી નાખતું હતું, તેનો ખરો અર્થ, ૨૦ તથા તેના માથા પરનાં દશ શિંગડાં તથા પેલું બીજું ફૂટી નીકળેલું શિંગડું કે જેના પ્રતાપથી ત્રણ પડી ગયાં, એટલે જે શિંગડાંને આંખો તથા મોટી મોટી [બડાઈની] વાતો કરનાર મુખ હતું, ને જે દેખાવમાં તેની સાથેનાં કરતાં મજબૂત હતું, તેઓનો ખરો અર્થ જાણવાની મેં ઇચ્છા દર્શાવી.

૨૧ તે વયોવૃદ્ધ [પુરુષ] આવ્યો, ને પરાત્પરના પવિત્રોને ન્યાયાધિકાર આપવામાં આવ્યો; અને એવો વખત આવ્યો કે પવિત્રોને રાજ્ય પ્રાપ્ત થયું; ૨૨ ત્યાં સુધી એ જ શિંગડાએ પવિત્રોની સામે યુદ્ધ મચાવીને તેઓના ઉપર જય મેળવ્યો, તે હું જોયા કરતો હતો.

૨૩ "વળી તેણે કહ્યું કે, ચોથું જાનવર પૃથ્વી પર એક ચોથું રાજ્ય થવાનું છે તે છે. તે બીજાં બધાં રાજ્યો કરતાં જુદું થશે, તે આખી પૃથ્વીને ફાડી ખાશે, ને તેને કચરી નાખશે, ને તેને ભાંગીને ટુકડેટુકડા કરશે. ૨૪ પેલાં દશ શિંગડાં, આ રાજ્યમાંથી દશ રાજાઓ ઉત્પન્ન થશે તે છે; અને તેમના પછી બીજો એક ઉત્પન્ન થશે. તે આગલાઓના કરતાં જુદો થશે, ને તે ત્રણ રાજાઓને તાબે કરશે. ૨૫ તે પરાત્પરની વિરુદ્ધ મોટી મોટી વાતો બોલશે, ને પરાત્પરના પવિત્રોને કાયર કરશે; ને તે [ધાર્મિક] ઉત્સવોના દિવસોને તથા નિયમને ફેરવી નાખવાનો વિચાર કરશે. તેઓ કાળ, તથા કાળો તથા અડધા કાળ સુધી તેના હાથમાં આપવામાં આવશે. ૨૬ પણ ન્યાયસભા ભરાશે, ને તેનું રાજ્ય છીનવી લેવામાં આવશે, અને અંતે તેની પાયમાલી તથા વિનાશ થશે. ૨૭ રાજ્ય તથા સત્તા, ને આખા આકાશ તળેનાં રાજ્યોનું મહત્ત્વ પરાત્પરના પવિત્રોની પ્રજાને આપવામાં આવશે; તેનું રાજ્ય સદા ટકનારું રાજ્ય છે, ને સર્વ રાજ્યો તેની તાબેદારી કરશે તથા તેની આજ્ઞાને આધીન રહેશે."

મંડળીનો જમાનો પૂરો થશે એ સમયે પેલા ચોથા સામ્રાજ્યના મૂળ વિસ્તારમાંથી, એટલે કે, યુરોપમાંથી દશ રાજ્યો ઊભાં થશે, અને તેઓ એકકો કરીને એક સામ્રાજ્ય જમાવવા પ્રયત્નો કરશે. યુરોપનાં આ દશ રાજ્યો એક થઈ ચૂક્યાં છે, અને તે "યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી" (ઈ.ઈ.સી.) અથવા "યુરોપીય કોમન માર્કેટ" (યુરોપના મઝિયારા બજાર) તરીકે અત્યારે ઓળખાય છે. આ બધા વિશે મૂર્તિવાળા સ્વપ્નમાં એનાં દશ આંગળાંના ખુલાસામાં આપણે અગાઉ જોઈ ગયા છીએ (પૃ. ૪૩-૪૫), એટલે એ વિશે અહીં પુનરુક્તિ નહિ કરીએ.

પણ દશ શિંગડાંમાંથી ફૂટેલું પેલું 'નાનું શિંગડું" એ વધારાની હકીકત છે, અને મૂર્તિવાળા સ્વપ્નમાં એ વિગત આપવામાં આવી નથી. આ નાના શિંગડાનો ખુલાસો ૭:૨૪-૨૬ માં આવો આપવામાં આવ્યો છે: "અને તેમના (દશ શિંગડાંના આરોપણવાળા દશ રાજાઓ અથવા

રાજ્યો) પછી બીજો એક ઉત્પન્ન થશે; તે આગલાઓના કરતાં જુદો થશે, ને તે ત્રણ રાજાઓને તાબે કરશે. તે પરાત્પરની વિરુદ્ધ મોટી મોટી વાતો બોલશે, ને પરાત્પરના પવિત્રોને કાયર કરશે; અને તે ધાર્મિક ઉત્સવોના દિવસોને તથા નિયમને ફેરવી નાખવાનો વિચાર કરશે. તેઓ કાળ, કાળો તથા અર્ધાકાળ સુધી તેના હાથમાં આપવામાં આવશે. પણ ન્યાયસભા ભરવામાં આવશે, ને તેનું રાજ્ય છીનવી લેવામાં આવશે, અને અંતે તેની પાયમાલી તથા વિનાશ થશે'' (૭:૨૪-૨૬).

''યુરોપીય ઈકોનોમિક કમ્યુનિટી'' (ઈ.ઈ.સી.) માં અત્યારે યુરોપનાં દશ રાજ્યો ''રોમની સંધિ'' (ટ્રીટી ઓફ રોમ) નીચે ''યુરોપનાં સંયુક્ત રાજ્યો'' (યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ યુરોપ) બન્યાં છે, તેમાંથી એક વિચક્ષણ સર્વોપરી અધિકારી ઊભો થશે, અને આખરે તે વિશ્વસત્તા ધારણ કરશે. આ 'વિશ્વસત્તા' ની વાત આ અધ્યાયમાં નથી આપવામાં આવી, પણ પ્રકટીકરણ ૧૩:૭-૮માં આપવામાં આવી છે: ''વળી દરેક જાતિ તથા પ્રજા તથા ભાષા તથા દેશ પર તેને અધિકાર આપવામાં આવ્યો. જેઓનાં નામ સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં નથી, એવાં પૃથ્વી પર રહેનારાં **સર્વ** તેની આરાધના કરશે.'' આમ, તમામ રાજકીય સત્તા અને ધર્મની સત્તા આ એક વ્યક્તિના હાથમાં આવશે. તે સમયે 'વિશ્વસરકાર' રચાશે, અને આ વ્યક્તિ એનો સર્વસત્તાધીશ બનશે.

વળી જેને **'ખ્રિસ્તવિરોધી'** તરીકે નવા કરારમાં ઓળખાવવામાં આવ્યો છે (૧ યોહાન ૨:૧૮, ૨૨. ૪:૩. ૨ યોહાન ૧:૭) તે આ **'નાનું શિંગડું'** છે. વળી **''વિનાશનો પુત્ર''** (૨ થેસ્સા. ૨:૩), **''અધર્મી''** (૨ થેસ્સા. ૨:૮), અને **''શ્વાપદ''** (પ્રકટી. ૧૩:૧-૮) તે આ ''નાનું શિંગડું'' છે. ''પરાત્પરના પવિત્રોને'' એવું આ સાતમા અધ્યાયમાં પાંચ વખત (દાનિયેલ ૭:૧૮, ૨૧, ૨૫, ૨૭) આપવામાં આવ્યું છે તે 'યહૂદીઓ' માટે છે. યહૂદીઓ 'પરાત્પરના પવિત્રો' છે, અને આ 'ખ્રિસ્તવિરોધી' યા ''નાનું શિંગડું'' યહૂદીઓને હેરાનહેરાન કરશે. વળી એ જ ''નાનું શિંગડું'', દાનિયેલ ૯:૨૭માં આપ્યું છે તેમ, ''ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર **'વેરાન કરનાર'** [આવશે].'' વળી એના જ વિશે પ્રભુ ઈસુએ માથ્થી ૨૪:૧૫માં ઉલ્લેખ

કર્યો છે કે, ''એ માટે ઉજજડની અમંગળપણા[ની નિશાની] જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ....''. વળી એજ વાત ૨ થેસ્સાલોનિકીઓ ૨:૩-૪માં આપવામાં આવી છે : 'કેમ કે એમ થતાં પહેલાં ધર્મત્યાગ થશે તથા **પાપનો માણસ**, એટલે **વિનાશનો પુત્ર**, પ્રગટ થશે. જે દેવ ગણાય છે અથવા જે પૂજ્ય મનાય છે તેની વિરુદ્ધ થઈને તે પોતાને મોટો મનાવે છે; અને એમ દેવ હોવાનો દાવો કરીને તે દેવ તરીકે દેવના મંદિરમાં બેસે છે.'' આ બધી કલમો એક વાત જણાવે છે કે આ ''નાનું શિંગડું'' યા ''ખ્રિસ્તવિરોધી'' યરુશાલેમના મંદિરમાં જઈને ઈશ્વરને સ્થાને બેસશે, અને પોતાની મૂર્તિ ત્યાં ઊભી કરશે.

એના વિશે કેટલું સ્પષ્ટ ભવિષ્યકથન દાનિયેલના પુસ્તકમાં આપવામાં આવ્યું છે ! ૨૪ ''પેલાં દશ શિંગડાં, આ રાજ્યમાંથી દશ રાજાઓ ઉત્પન્ન થશે તે છે. અને તેમના પછી **બીજો એક ઉત્પન્ન થશે;** તે આગલાઓના કરતાં જુદો થશે, ને તે ત્રણ રાજાઓને તાબે કરશે. ૨૫ તે પરાત્પરની વિરુદ્ધ [મોટી મોટી] વાતો બોલશે, ને પરાત્પરના પવિત્રોને કાયર કરશે. અને તે [ધાર્મિક ઉત્સવોના] દિવસોને તથા નિયમને ફેરવી નાખવાનો વિચાર કરશે. તેઓ કાળ, કાળો, તથા અર્ધો કાળ સુધી તેના હાથમાં આપવામાં આવશે'' (૭:૨૪-૨૫).

આ 'ખ્રિસ્તવિરોધી' યરુશાલેમના મંદિરમાં બિરાજમાન થશે, અને મંદિરનાં અર્પણો તથા બલિદાનો બંધ કરાવશે (૯:૨૭), અને પોતાનું પૂજન કરાવશે. ''કાળ, કાળો તથા અર્ધો કાળ સુધી,'' (૭:૨૫), એટલે કે સાડાત્રણ વર્ષ સુધી, તે આવી ઘાતકી રીતે યહૂદીઓ પર સત્તા ચલાવશે, અને તેમને હેરાનપરેશાન કરશે. આ 'સાડાત્રણ વર્ષ' સંબંધી અન્ય સ્થળે પણ ઉલ્લેખ કરવામાં આવ્યા છે : 'સમય, સમયો અને અર્ધો સમય સુધી'' (પ્રકટી. ૧૨:૧૪); ''બારસો સાઠ દિવસ સુધી'' (યહૂદીઓના ૩૬૦ દિવસના વર્ષ લેખે સાડાત્રણ વર્ષ) (પ્રકટી. ૧૨:૬); ''બેંતાળીસ મહિના સુધી'' (પ્રકટી ૧૧:૩. ૧૩:૫) – એ બધા નિર્દેશો આ એક સમય, એટલે સાડાત્રણ વર્ષ સૂચવે છે. પ્રભુ ઈસુ પોતાની મંડળીરૂપી કન્યાને લેવા માટે ગગનમાં ઊતરશે, અને ખ્રિસ્તના લોકો ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી સાત વર્ષ પછી પ્રભુ

ઈસુ પૃથ્વી ઉપર સદેહે ઊતરશે, અને યરુશાલેમને પાટનગર બનાવીને પૃથ્વી ઉપર રાજ્ય કરશે. આ ઉપર જણાવ્યાં તે 'સાત વર્ષ'નો પાછલો અર્ધો ભાગ તે આ સાડાત્રણ વર્ષ.

**૬. ખ્રિસ્તનું આવવું, ખ્રિસ્તવિરોધીનો નાશ કરવો, અને આકાશી રાજ્ય સ્થાપવું.**

આ 'સાડાત્રણ વર્ષ'' પૂરાં થતાં પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે. એમની સાથે તેમની 'મંડળીરૂપી કન્યા' તથા જૂના કરારના સંતો હશે. પ્રભુ ઈસુ આવીને 'ખ્રિસ્તવિરોધી'નો સંહાર કરશે. બીજા થેસ્સાલોનિકા ૨:૮ માં 'ખ્રિસ્તવિરોધી'ના સંહાર વિશે આમ આપવામાં આવ્યું છે: "ત્યાર પછી તે અધર્મી પ્રગટ થશે. પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." અને પૃથ્વીની સર્વ સત્તા તેના હાથમાંથી પ્રભુ ઈસુ લઈ લેશે. એ પછી પ્રભુ ઈસુ એકત્ર થયેલી સર્વ પ્રજાઓનો ન્યાય કરીને "બકરાં પ્રજાઓ" નો નાશ કરશે. અને હવે પ્રભુ ઈસુ યરુશાલેમમાંથી આખી પૃથ્વી પર એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે. એ બધા વિશે દાનિયેલ ૭:૨૬ - ૨૭માં આ પ્રમાણે જણાવ્યું છે :

૨૬ "પણ ન્યાયસભા ભરાશે, ને તેનું રાજ્ય છીનવી લેવામાં આવશે, અને અંતે તેની પાયમાલી તથા વિનાશ થશે. ૨૭ રાજ્ય તથા સત્તા, ને આખા આકાશ તળેનાં રાજ્યોનું મહત્ત્વ પરાત્પરના પવિત્રો (યહૂદીઓ) ની પ્રજાને આપવામાં આવશે; ને તે (ખ્રિસ્ત) નું રાજ્ય સદા ટકનારું રાજ્ય છે, ને સર્વ રાજ્યો તે (ખ્રિસ્ત)ની તાબેદારી કરશે તથા તેની આજ્ઞાને આધીન રહેશે." 'પરાત્પરના પવિત્રો'ની પ્રજાને, એટલે કે, યહૂદીઓને રાજ્ય આપવામાં આવશે એ વચન, અને ૩૨ "તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તે (ખ્રિસ્ત) ને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે. ૩૩ તે યાકૂબના ઘર પર (ઈઝરાયલ લોકો પર) સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ" (લૂક ૧:૩૨, ૩૩) એ વચન બંને એક જ વાત છે. પ્રભુ ઈસુ યરુશાલેમમાંથી રાજ્ય કરશે, જેમાં યહૂદીઓ મોખરાના સ્થાને હશે, અને "ઘેટાં પ્રજાઓ" પૃથ્વીના અન્ય દેશોમાં તે સમયે વસતી હશે. પ્રભુ ઈસુ સાથે ગગનમાંથી ઊતરેલી મંડળી (તેની કન્યા તરીકે)

ખ્રિસ્તની સાથે રાજ્યાસને બેસી રાજ્ય કરશે.

**પ્રભુ ઈસુનું રાજ્ય**

આપણે ઉપર જોઈ ગયા તે જ વાત દાનિયેલ ૭:૧૩ – ૧૪માં પણ જણાવવામાં આવી છે. એમાં જણાવેલો "મનુષ્યપુત્રના જેવો એક પુરુષ" એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત, અને "વયોવૃદ્ધ પુરુષ" એટલે 'ઈશ્વરપિતા'. આ ભવિષ્કથનની કલમો જોઈ લઈએ: ૧૩ "રાતનાં સંદર્શનોમાં હું જોતો હતો, તો જુઓ, આકાશના મેઘો સાથે મનુષ્યપુત્રના જેવો એક પુરુષ પેલા વયોવૃદ્ધ પુરુષની પાસે આવ્યો, ને તેઓ તેને તેની નજીક લાવ્યા. ૧૪ તેને સત્તા, મહિમા તથા રાજ્ય આપવામાં આવ્યાં કે જેથી બધા લોકો, પ્રજાઓ તથા સર્વ ભાષાઓ બોલનારા માણસો તેના તાબેદાર થાય. તેની સત્તા સનાતન તથા અવિચળ છે, ને તેનું રાજ્ય અવિનાશી છે." પરમપિતા પરમેશ્વરની પાસેથી રાજ્ય પામેલા પ્રભુ ઈસુ પૃથ્વી પર રાજ્ય સ્થાપશે અને તે પર રાજ્યાધિકાર ચલાવશે.

**(i) એક જ વિષય વિશે ભવિષ્યકથન : બે પ્રકારની રજૂઆત.**

નબૂખાદનેસ્સારના સ્વપ્નની મૂર્તિ દ્વારા જગતનાં થનારાં ચાર વિશ્વસામ્રાજ્યો વિશે ભવિષ્યવાણી આપવામાં આવી છે. વળી અંતભાગમાં થનારાં દશ રાજ્યો, અને છેવટે આવનાર પ્રભુ ઈસુના રાજ્ય વિશે કહેવામાં આવ્યું છે.

વળી સાતમા અને આઠમા અધ્યાયમાં એ જ ચાર વિશ્વસામ્રાજ્યો, તેમ જ છેવટના ભાગમાં થનારાં દશ રાજ્યો, અને અંતમાં પ્રભુ ઈસુના પૃથ્વી પરના ભાવિ રાજ્ય વિશે દાનિયેલને થયેલાં સંદર્શન દ્વારા ભવિષ્યવાણી આપવામાં આવી છે. પણ અહીં ચાર હિંસક પ્રાણીઓનાં પ્રતીકો દ્વારા આ ભવિષ્યવાણી આપવામાં આવી છે. એમ કેમ? – બે રીતે કેમ રજૂઆત કરી છે?

સ્વપ્નની મૂર્તિ દ્વારાના ભવિષ્યકથનમાં માણસનું દષ્ટિબિંદુ રજૂ કરાયું છે. મૂર્તિના ચાર ભાગો જુદી જુદી કીમતી ધાતુઓના બતાવ્યા છે. એ ધાતુઓનો ઝગઝગાટ, એમની ઊપજતી કીમત, વગેરેમાં માણસો કીમતી ધાતુઓ શોધે છે, એમાં જગતનાં માનવીનો મહિમા અને ગૌરવ છે. શેતાન પ્રભુ ઈસુની પાસે આવે છે, અને તેમને ઊંચા પહાડ પર લઈ

જઈને "જગતનાં સઘળાં રાજ્યો તથા તેઓનો મહિમા તેમને દેખાડે છે, અને તેમને કહે છે કે, "જો તું પગે પડીને મારું ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ" (માથ્થી ૪:૮,૯). પણ સાતમા-આઠમા અધ્યાયોમાં બતાવેલાં ચાર પ્રાણીઓ - એ ઈશ્વરનું દષ્ટિબિંદુ છે. જગતનાં રાજ્યો ઈશ્વરની નજરમાં એકબીજાને ફાડી ખાનાર, એકબીજાને પીંખી નાખનાર ઝનૂની અને ઘાતકી જંગલી પ્રાણીઓ જેવાં છે.

ચાર પ્રાણીઓ દ્વારા ભવિષ્યની બાબતો ખુલ્લી કરવામાં ઝીણી ઝીણી વિગતો રજૂ કરવાનું સરળ બન્યું છે, જેમ કે ચોથા પ્રાણીનાં દશ શિંગડાંમાંથી એક બીજું નાનું શિંગડું (રાજ્ય) ફૂટી નીકળે છે, ઇત્યાદિ.

મૂર્તિના સ્વપ્નમાં ચારે રાજ્યો ઉત્તમતા અને કીમતીપણામાં અને સંસ્કારિતામાં અનુક્રમે રાજ્યો ઊતરતાં જાય છે, જ્યારે બળમાં ચઢિયાતાં બનતાં જાય છે. વળી, રાજ્યકાળની લંબાઈમાં પણ વધતાં જાય છે. માથું સૌથી નાનું, પછી ચડતા ક્રમમાં છાતી, પેટ અને જાંઘભાગ, અને પછી પગ. આખા શરીરમાં પગ સૌથી લાંબા છે. પશુઓવાળા સંદર્શનમાં પણ એવો ક્રમ જોવા મળે છે. વળી આ મૂર્તિનો ઉપલો ભાગ ભારે હોવાથી ગમે ત્યારે ગબડી પડે એવી હતી. સૌથી વજનદાર સોનું તે સૌથી ઉપર, પછી ચાંદી, પિત્તળ અને લોખંડ. પગની પાટલીઓ તો લોખંડ અને માટી મિશ્રિત. આમ, જગતનાં રાજ્યો એવાં જ હોય છે, - ગમે ત્યારે ગબડી પડે એવાં

**૧૨. સંદર્શનનો મેંઢો અને બકરો:**
**માદી-ફારસી અને ગ્રીકોનાં સામ્રાજ્યો, તથા આખરમાં ખ્રિસ્તવિરોધી.**
**દાનિયેલ ૮ મો અધ્યાય.**

**લખાણની ભાષા**

આપણે અગાઉ જોઈ ગયા કે દાનિયેલનું પુસ્તક મુખ્યત્ત્વે બે ભાષામાં લખાયેલું છે. આખો જૂનો કરાર મૂળ હિબ્રૂ ભાષામાં લખાયેલો છે, પણ દાનિયેલ [illegible] પુસ્તક થોડુંક હિબ્રૂમાં અને થોડુંક અરામી ભાષામાં લખાયેલું છે. પહે[illegible] આખો અધ્યાય અને બીજા અધ્યાયની શરૂઆત ત્રણ કલમો, તેમ જ અત્યારના આપણા અભ્યાસના આઠમા અધ્યાયથી માંડીને છેક બારમા અધ્યાય સુધીનો ભાગ હિબ્રૂ ભાષામાં લખ[illegible]

આવ્યો છે. પુસ્તકનો બાકી રહેલો ભાગ, એટલે કે, બીજા અધ્યાયની ચોથી કલમથી માંડીને સાતમા અધ્યાયની આખરની કલમ સુધીનો ભાગ અરામી ભાષામાં લખવામાં આવ્યો છે. અરામી ભાષા ખાલદી ભાષાને મળતી છે.

દાનિયેલ ૧:૧ થી ૨:૩ સુધીનો પાઠ હિબ્રૂમાં છે, કેમ કે એમાં યરુશાલેમનું પતન અને યહૂદીઓના બંદિપ્રવાસ વિશે આપવામાં આવ્યું છે. વળી ૮:૧ થી છેવટ સુધીનો પાઠ પણ હિબ્રૂમાં છે, કેમ કે એમાં યહૂદીઓ, યરુશાલેમ અને મંદિરને ધ્યાનમાં રાખીને ભવિષ્યકથન આપવામાં આવ્યું છે; તેમ જ આવનાર 'ખ્રિસ્તવિરોધી' મંદિરનો નાશ કરશે અને યહૂદીઓ ઉપર ભારે સતાવણી લાવશે એ વિશે ભવિષ્યવાણી આપવામાં આવી છે. ''પાછલા કાળમાં'' દાનિયેલના લોકો ઉપર શું શું વીતવાનું છે એ બધું આ સંદર્શનમાં બતાવ્યું છે. પુસ્તકમાં ૨:૪થી સાતમા અધ્યાયની આખર સુધીનો ભાગ અરામીમાં છે, અને એમાં વિશ્વની વિદેશી રાજ્યસત્તાઓ વિશે આપવામાં આવ્યું છે.

**સંદર્શનનો સમય તથા સ્થળ**

૧ ''બેલ્શાસ્સાર રાજાના **ત્રીજા વર્ષમાં** મને, હા, મને દાનિયેલને, એક સંદર્શન થયું, એટલે પ્રથમ મને જે થયું હતું તેના પછી. ૨ હું સંદર્શનમાં જોતો હતો; તે વખતે હું એલામ પ્રાંતમાંના શુશાન મહેલમાં હતો. મારા સંદર્શનમાં મેં જોયું કે હું ઉલાય નદીની પાસે હતો'' (૮:૧-૨).

આગલા અધ્યાયમાં આપેલું ચાર પ્રાણીઓ સંબંધીનું સંદર્શન બેલ્શાસ્સારના પહેલા વર્ષમાં દાનિયેલે જોયું હતું. અને આપણે જોઈ ગયા કે, એ સંદર્શન ઈ. પૂર્વે ૫૪૧માં થયું હતું; જ્યારે આઠમા અધ્યાયમાં આપવામાં આવેલું આ સંદર્શન બેલ્શાસ્સાર રાજાના ત્રીજા વર્ષમાં થયું હતું (૮:૧). એ જ વર્ષે (ઈ. પૂર્વે ૫૩૮માં) બાબિલોનનું પતન થયું હતું, અને સામ્રાજ્યની સત્તા ખાલદી બેલ્શાસ્સારના હાથમાંથી સરકીને માદી દાર્યાવેશના હાથમાં આવી હતી.

દાનિયેલ આ સંદર્શન વખતે બાબિલોનમાં જ હતો. પણ જાણે તે ઈરાનના એલામ પ્રાંતમાં આવ્યો હોય, અને શુશાન (સૂસા) નગરના મહેલમાં પોતે હોય એવું સંદર્શન તેને થયું. શુશાન ઈરાનના રાજ્યનું પાટનગર હતું. સંદર્શન સમયે જાણે કે પોતે ઉલાય નદી પાસે ઊભો હોય

તેવું તેને દેખાયું. ટૂંક સમયમાં બેલ્શાસ્સારનું સામ્રાજય માદી રાજા દાર્યાવેશના હાથમાં આવનાર હતું, અને એ પછી ઈરાન તેમ જ એની રાજધાની સૂસા અગત્યનો ભાગ ભજવનાર હતાં, તેથી દાનિયેલને સંદર્શન દ્વારા ઈરાનના સૂસા નગરમાં ઉપાડી જવામાં આવ્યો હશે. સૂસા માટે જુઓ નહેમ્યા ૧:૧, અને એસ્તેર ૧:૨-૫.

દાનિયેલને આ સંદર્શન ઉલાય નદીને કાંઠે થયું હતું. પ્લીની એને 'યુલાઉસ' તરીકે લખે છે; ગ્રીકો અને 'ચોસ્પેસ' કહેતા; અને આજે તે 'કેરાહ' અથવા 'કારાસુ' તરીકે ઓળખાય છે. જુદા જુદા પ્રબોધકોને નદીકાંઠે સંદર્શનો થયાં હતાં. દાનિયેલને આ ઉલાય નદીકાંઠે; ફરી દાનિયેલને (૧૦:૪) હિદ્દેકેલ નદીકાંઠે; અને હઝકિયેલને (૧:૧) કબાર નદીએ. કદાચ નદીકાંઠે સભાસ્થાનો બાંધેલાં હતાં તેથીયે હોય. સભાસ્થાનમાં પ્રાર્થના પૂર્વે યહૂદીઓ નદીનાં પાણીમાં હાથ ધોતા હશે. (વળી જુઓ, ગીતશાસ્ત્ર ૧૩૭:૧-૩).

**૧. બે શિંગડાંવાળો મેંઢો (માદી-ફારસી સામ્રાજય)**

૩ "ત્યારે મેં મારી આંખો ઊંચી કરીને જોયું, તો જુઓ, બે શિંગડાંવાળો એક મેંઢો નદી આગળ ઊભો હતો. એ બે શિંગડાં ઊંચાં હતાં; પણ તેમાંનું એક બીજા કરતાં ઊંચું હતું, ને જે વધારે ઊંચું હતું તે પાછળથી ઊગી નીકળ્યું. ૪ મેં તે મેંઢાને પશ્ચિમ તરફ, ઉત્તર તરફ, તથા દક્ષિણ તરફ માથા મારતો જોયો. અને કોઈપણ જાનવર તેની આગળ ટકી શકતું નહોતું, ને તેના હાથમાંથી છોડાવી શકે એવું કોઈ પણ નહોતું. તે પોતાની મરજી પ્રમાણે કરતો હતો, ને બડાઈ કરતો હતો" (૮:૩-૪).

**૨. બકરો (ગ્રીસના સામ્રાજયનો મહાન એલેકઝાન્ડર)**

૫ "હું વિચાર કરતો હતો એટલામાં જુઓ, એક બકરો પશ્ચિમથી નીકળીને આખી પૃથ્વી પર આક્રમણ કરીને આવ્યો. તે જમીન પર પગ પણ મૂકતો નહોતો. એ બકરાને તેની આંખોની વચ્ચે એક વિલક્ષણ શિંગડું હતું. ૬ તે પેલો બે શિંગડાંવાળો મેંઢો, જેને મેં નદી આગળ ઊભેલો જોયો, તેની પાસે આવ્યો, ને પોતાના બળના જોસમાં તેના પર ધસી આવ્યો. ૭ મેં તેને મેંઢાની લગભગ આવી પહોંચતો જોયો, ને તે એના પર બહુ ક્રોધે ભરાયો હતો. તેણે મેંઢાને મારીને તેનાં બંને શિંગડાં ભાંગી નાખ્યાં. તેની સામે ટક્કર લેવાને મેંઢો તદ્દન અશક્ત હતો. તેણે

તો એને જમીન પર પછાડ્યો, ને પોતાના પગથી એને કચરી નાખ્યો; તેના હાથમાંથી મેંઢાને છોડાવી શકે એવો કોઈ નહોતો'' (૮:૫-૭).

**૩. ચાર શિંગડાં (ગ્રીસના સામ્રાજ્યને ચાર સરદારોએ વહેંચી લીધું).**

૮''ત્યારે તે બકરાએ અતિ ઘણું મહત્ત્વ ધારણ કર્યું; પણ તે બળવાન થયો ત્યારે એનું મોટું શિંગડું ભાંગી ગયું; અને તેને બદલે આકાશના ચારે વાયુ તરફ ચાર વિલક્ષણ શિંગડાં તેને ફૂટ્યાં'' (૮:૮).

**૪. નાનું શિંગડું (અંતકાળમાં આવનાર ખ્રિસ્તવિરોધી)**

૯''તેઓમાંના (ચાર શિંગડાંમાંના) એકમાંથી એક નાનું શિંગડું ફૂટી નીકળ્યું. તે દક્ષિણ તરફ તથા પૂર્વ તરફ તથા રળિયામણા દેશો તરફ બહુ જ મોટું થઈ ગયું. ૧૦ તે વધીને આકાશના સૈન્ય સુધી પણ પહોંચ્યું. અને તેણે તે સૈન્યમાંના તથા તારાઓમાંના કેટલાકને નીચે જમીન પર પાડી નાખ્યા, ને તેમને પગે તળે કચરી નાખ્યા. ૧૧ વળી તે વધીને તે સૈન્યના સરદાર સુધી પણ પહોંચ્યું; અને તેણે તેની પાસેથી નિત્યનું દહનિયાર્પણ લઈ લીધું, ને તેનું પવિત્રસ્થાન પાડી નાખવામાં આવ્યું. ૧૨ અપરાધને લીધે સૈન્ય તથા નિત્યનું [દહનિયાર્પણ] તેને હવાલે કરવામાં આવ્યાં. તેણે સત્યને ભૂમિ પર પાડી નાખ્યું, ને તે પોતાની [મરજી મુજબ] વર્ત્યું, ને ફતેહ પામ્યું (૮:૯-૧૨).

**૫. ઉપરની ચારે બાબતના ખુલાસા આપતી કલમો.**
**મેંઢો, બકરો, ચાર શિંગડાં, નાનું શિંગડું - એમના ખુલાસાની કલમો : દાનિયેલ ૮:૧૫-૨૫.**

૧૫''મને, હા, મને દાનિયેલને, એ સંદર્શન થયા પછી એમ થયું કે, તે સમજવા સારુ હું પ્રયત્ન કરતો હતો; તો જુઓ, પુરુષના જેવો આભાસ મારી નજરે પડયો. ૧૬ મેં ઉલાય [ના કાંઠાઓની] વચ્ચે મનુષ્યનો સાદ સાંભળ્યો; તેણે હાંક મારીને કહ્યુ કે, ગ્રાબ્રિયેલ, આ માણસને સંદર્શનની સમજ પાડ. ૧૭ તેથી જ્યાં હું ઊભો હતો ત્યાં તે નજદીક આવ્યો. જ્યારે તે આવ્યો ત્યારે હું બીને ઊંધો પડ્યો; પણ તેણે મને કહ્યું કે, હે મનુષ્યપુત્ર, તું સમજ; કેમ કે આ સંદર્શન અંતકાળ વિશેનું છે. ૧૮ હવે તે મારી સાથે બોલતો હતો ત્યારે હું જમીન પર ઊંધો પડીને ભરનિદ્રામાં પડયો; પણ તેણે મને અડકીને ટટાર બેસાડયો. ૧૯ તેણે

મને કહ્યું, જો, કોપને અંત સમયે જે થવાનું છે તે હું તને જણાવીશ; કેમ કે એ ઠરાવેલા અંતકાળ વિશે છે. ૨૦ જે બે શિંગડાંવાળો મેંઢો તેં જોયો, તેઓ માદાય તથા ઈરાનના રાજાઓ છે. ૨૧ રૂઆંવાળો બકરો યાવાન [એટલે ગ્રીસ] નો રાજા છે. તેની આંખો વચ્ચેનું મોટું શિંગડું તે તો પહેલો રાજા છે. ૨૨ જે ભાંગી ગયું, તથા જેની જગાએ [બીજાં] ચાર રાજ્યો ઊભાં થયાં, તે એક પ્રજા [દર્શાવે છે કે જે] માંથી ચાર રાજ્યો ઉત્પન્ન થશે, પણ તેઓ તેના જેટલાં બળવાન થશે નહિ. ૨૩ તેઓના રાજ્યની આખરે, જ્યારે અપરાધીઓનો ઘડો ભરાયો હશે ત્યારે એક વિકરાળ ચહેરાનો, તથા ગહન વાતો સમજનારો રાજા ઊભો થશે. ૨૪ તે મહા બળવાન થશે પણ પોતાના જ બળથી નહિ. તે અદભુત રીતે નાશ કરશે, ને ફતેહ પામશે ને પોતાની મરજી મુજબ વર્તશે; અને તે પરાક્રમીઓનો તથા પવિત્ર લોકોનો નાશ કરશે. ૨૫ તે પોતાની હોશિયારીથી પોતાના ધારેલા પ્રપંચમાં ફતેહમંદ થશે. તે પોતાના મનમાં બડાઈ કરશે, ને તે ઘણાઓનો [તેઓની] અસાવધ સ્થિતિમાં નાશ કરશે. તે સરદારોના સરદારની સામે પણ બાથ ભીડશે; પણ [કોઈ મનુષ્ય] હાથ વગર તેનો નાશ થશે'' (૮:૧૫-૨૫).

**૬. ખુલાસો:**

**ક. મેંઢો, બકરો, ચાર શિંગડાં, નાનું શિંગડું - એ બધાંનો અર્થ :**


**દાનિયેલ ૮:૩-૧૨, ૧૫-૨૬.**

આ સમગ્ર વિભાગમાં સૌથી પ્રથમ માદી-ફારસી રાજાઓના સામ્રાજ્યની વાત બે શિંગડાંવાળા ઘેટાના રૂપમાં રજૂ કરવામાં આવી છે. આ સંદર્શનનો સમય ઈ. પૂર્વે ૫૩૮નો છે, અને એ જ વર્ષમાં ખાલદી વંશના બેલ્શાસ્સાર રાજાના હાથમાંથી રાજ્ય લઈ લેવાવાનું છે, અને માદી રાજા દાર્યાવેશના હાથમાં જવાનું છે. એટલે હવે સ્વપ્નની પેલી મૂર્તિના સોનાના માથાસમ ખાલદી રાજ્યની વાત આ સંદર્શનમાં આપવામાં આવી નથી. હવે માદી-ફારસી રાજાઓનું સામ્રાજ્ય આવવાનું છે, એટલે આ સંદર્શન જાણે કે ઈરાનના એલામ પ્રાંતના સૂસા નગરમાં આપવામાં આવ્યું હોય એમ દાનિયલને સૂસા (શુશાન) નગરમાં અને

ઉલાય નદીને કાંઠે ઊંચકી લેવાયો હોય તેવો દેખાવ રજૂ કર્યો છે.

ઈરાન (માદી-ફારસી) રાજાઓ પછી ગ્રીકોનું સામ્રાજ્ય આવશે એ બકરાના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. વળી એ સામ્રાજ્યના ચાર ભાગલા પડી જશે એ, તેમ જ અંતકાળના ભાગમાં ''ખ્રિસ્તવિરોધી'' આવીને વિશ્વસત્તા હાથ ધરશે, શેતાનના બળથી તે મહાન બનશે, યહૂદી પ્રજાને ખૂબ રંજાડશે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સામે લડવા તૈયાર થશે. પણ 'કોઈ મનુષ્ય હાથ વગર,' ઈશ્વર પોતે તેનો સંહાર કરશે. હવે આપણે આ બધી બાબતો વિગતવાર જોઈએ.

**બે શિંગડાંવાળો મેંઢો :** ઈરાનના માદી-ફારસી રાજાઓનું સામ્રાજ્ય આ બે શિંગડાંવાળા મેંઢાનો રૂપકાલંકાર વાપરીને દર્શાવવામાં આવ્યું છે. ઈરાનના રાજાઓ મુગટને ઠેકાણે રત્નજડિત સોનાનું ઘેટા (મેંઢા)નું માથું શિર પર ધારણ કરતા હતા. એટલે મેંઢાનું રૂપક ઈરાનને માટે કેટલું બધું બંધબેસતું ઠરે છે! આજે પણ ઈરાનના પર્સિપલીસના સ્તંભો ઉપર આવાં મેંઢાનાં માથાં કંડારેલાં જોવા મળે છે. ઈરાનનું પ્રતીક 'ઘેટો' હતું. ઈરાનના મળી આવેલા સિક્કા ઉપર આજે પણ એક બાજુ ઘેટાનું માથું, અને બીજી બાજૂ સૂતેલું ઘેટું જોવા મળે છે. વળી ઝીન્દાવસ્તા ('અવસ્તા' એટલે ઝોરોસ્ટ્રીય અથવા પારસી 'ધર્મલેખ', અને 'ઝીન્દ' એટલે 'અર્થ' આ ધર્મલેખ) માં ઈજદ બહેરામ (ઈરાનનો રક્ષક આત્મા)




ચિત્ર ૬ (દાનિયેલ ૮ : ૩-૪)

ઘેટાના રૂપમાં ચીતરવામાં આવેલો હોય છે, અને એની ખરીઓ ફાટેલી તથા શિંગડાં અણીદાર હોય છે.

વળી મેંઢા માટેનો હિબ્રૂ શબ્દ અને એલામ (એલામ પ્રાંત), અથવા ઈરાન એક જ મૂળમાંથી બનેલા શબ્દો છે ! આ બધું કેટલું બધું સૂચક છે ! આ મેંઢાને બે શિંગડાં હતાં, અને એમાંનું એક બીજા કરતાં વધારે ઊંચું હતું, અને બીજા કરતાં પાછળથી ઊગ્યું હતું (૮:૩). એ ભવિષ્યકથન હોવા છતાં ઈતિહાસમાં બનેલી બીના સાથે કેટલું બધું સુસંગત છે! માદી અને ફારસી રાજ્યમાં ફારસી રાજાઓ વધુ બળવાન, વધુ સત્તાધીશ અને અન્ય રાજ્યો જીતવામાં વધુ વિજયવાન હતા. એમ જ ફારસી રાજ્ય પાછળથી અસ્તિત્વમાં આવ્યું હતું. સાતમા અધ્યાયમાં 'રીંછ'નો એક પંજો ઊંચો કરેલો દર્શાવ્યો છે (૭:૫), તે આ જ બાબત સૂચવે છે.

નબૂખાદનેસ્સારના સ્વપ્નની મૂર્તિમાં, કે ચાર પ્રાણીઓના સંદર્શનમાં ફક્ત પહેલા રાજ્ય (બાબિલોન) નું નામ આપવામાં આવ્યું છે, અને બાકીનાં ત્રણ રાજ્યોનાં નામ આપવામાં આવ્યાં નથી. પણ આઠમા અધ્યાયમાં ઈરાન (બીજું સામ્રાજ્ય) અને ગ્રીસ (ત્રીજું રાજ્ય) નાં નામ આપવામાં આવ્યાં છે. એ રાજ્યો મૂર્તિમાં અનુક્રમે રૂપાની છાતી તથા ભુજો, અને પેટ તથા જાંઘભાગ તરીકે રજૂ કર્યા છે, અને ચાર પ્રાણીઓમાં અનુક્રમે રીંછ અને ચિત્તાના રૂપમાં રજૂ કર્યાં છે. ''આ મેંઢાને પશ્ચિમ તરફ, ઉત્તર તરફ, તથા દક્ષિણ તરફ માથાં મારતો જોયો'' (૮:૪). રીંછના મોંમાં બતાવેલી ત્રણ પાંસળી દ્વારા પણ એ જ સૂચવવામાં આવ્યું છે. માદી-ફારસી રાજ્યે પશ્ચિમ તરફ બાબિલોન તેમ જ મેસોપોતેમિયા, સિરિયા અને એશિયા માઈનર (લિડિયા) જીતી લીધાં હતાં; **ઉત્તર તરફ** કોલેચિસ, આર્મિનિયા, ઈબેરિયા, અને કાસ્પિયન સમુદ્ર નજદીક રહેતા લોકોને જીતી લીધા હતા; અને દક્ષિણ તરફ મિસર, ઈથિયોપિયા, લિબિયા, (અને દારિયસ - દાર્યાવેશ - ની હકૂમતમાં હિંદ પણ) જીતી લીધાં હતાં.

આ સામ્રાજ્ય એટલું બધું બળવાન બન્યું હતું કે કોઈ પ્રજા તેની સામે ટકી શકતી નહોતી. ચોથી કલમનો પાછલો અર્ધો ભાગ એ જ સૂચવે છે. પણ તેનો નિર્માણ સમય પૂરો થતાં ગ્રીસ દેશનો મહાન

એલેકઝાન્ડર તેને જીતી લે છે. એને વિશેની વધુ માહિતી સ્વપ્નની મૂર્તિના ખુલાસામાં આપી છે.

**બકરો :** 'બકરો' ગ્રીસનું સામ્રાજ્ય સૂચવે છે. ચાર પ્રાણીઓના સંદર્શનમાં ગ્રીસ માટે 'ચિત્તા'નો રૂપકાલંકાર વાપરવામાં આવ્યો છે. એટલે સાતમા અધ્યાયનો 'ચિત્તો' અને આઠમા અધ્યાયનો 'બકરો' એ બંને એક જ રાજ્યનાં પ્રતીકો અંગે રૂપકાલંકાર છે : ગ્રીસ - માસેડોનિયા (મકદોનિયા) નું સામ્રાજ્ય. આ સામ્રાજ્યને આપવામાં આવેલી 'બકરા'ની ઉપમા કેટલી બધી વાજબી છે ! સંસ્કૃતમાં બકરાને માટે **'અજ'** શબ્દ છે. એ ઉપરથી **'અજગર'** એટલે બકરાને ગળી જાય તેવો મોટો સાપ, એ શબ્દ બન્યો છે; વળી, 'અજપાલ' યા 'અજપતિ' એટલે બકરાં પાળનાર ભરવાડ. હિબ્રૂ ભાષામાં પણ **'અઝ'** એટલે બકરો. જૂના કરારમાં ઓછામાં ઓછી ૫૪ વાર આ **'અઝ'** શબ્દ બકરાને માટે હિબ્રૂમાં વપરાયો છે (ઉત્પત્તિ ૨૭:૯, ૧૬. નિર્ગ. ૧૨:૫. ૨૫:૪. ગણના ૭:૧૬. હઝકિ. ૪૩:૨૨, ઇત્યાદિ). ગ્રીક ભાષામાં પણ **'એજ'** એટલે બકરો થાય છે. જોકે નવા કરારમાં બકરા




**ચિત્ર ૮ (દાનિયેલ ૫ : ૬)**

માટે બીજા બીજા શબ્દો ગ્રીકમાં વાપર્યા છે, પણ હિબ્રૂ ૧૧:૩માં 'બકરાના ચામડામાં' માટે **'ઐજીઓન'** ('બકરાના') વાપરેલો શબ્દ **'ઐજ'** (=બકરો) પરથી ઊતરી આવ્યો છે.

બકરા માટે હિબ્રૂ, ગ્રીક, સંસ્કૃત અને ગુજરાતીમાં આ **"અઝ"**,

**"ઐજ,"** અને **"અજ,"** શબ્દો વાપરવામાં આવ્યા છે, અને અહીં ગ્રીસના સામ્રાજ્યને બકરાનું રૂપક આપવામાં આવ્યું છે, એની સાથે ઘણો સંબંધ છે. કારાનુસ નામનો માસેડોનિયાનો પહેલો રાજા થઈ ગયો. એના વિશે એમ કહેવાય છે કે, બકરાંઓ તેને એડેસ્સા તરફ દોરી ગયાં હતાં. એ શહેરને કારાનુસે માસેડોનિયાના રાજ્યની રાજધાની બનાવ્યું, અને 'બકરા' ઉપરથી એ શહેરનું નામ **ઐજ** (અથવા બકરાનગર) રાખ્યું. વળી આ માસેડોનિયા (ગ્રીસ) ના રાજ્યનું રાષ્ટ્રીય પ્રતીક પણ **'બકરો'** હતું. એ દેશના સિક્કા ઉપર પણ બકરાનું નિશાન હતું. એની પાસેનો સમુદ્ર પણ "એજિયન સમુદ્ર" (બકરાનો સમુદ્ર) તરીકે ઓળખાતો હતો. એટલે જ મહાન એલેકઝાન્ડરને તેની પત્ની રોકસાનાથી જન્મેલા પુત્રનું નામ **ઐજસ**, એટલે કે **'અજપુત્ર'** (બકરાનો દીકરો) પાડવામાં આવ્યું. આમ, બાઇબલનાં ભવિષ્યવચનરૂપી સંદર્શનમાં ગ્રીસના સામ્રાજ્યને માટે બકરાનું રૂપક વાપર્યું છે, તે કેટલું બધું સચોટ, વાજબી અને અર્થપૂર્ણ છે !

**"પશ્ચિમથી નીકળીને આખી પૃથ્વી પર આક્રમણ કરીને (આવ્યો)"** (૮:૫). ગ્રીસ દેશ ઈરાન તેમ જ બાબિલોનની પશ્ચિમે આવ્યો છે, અને ત્યાંથી મહાન એલેકઝાન્ડર આવ્યો હતો. અને પશ્ચિમ દિશાથી નીકળી આવીને આ મહાન એલેકઝાન્ડર આક્રમણ કરતો કરતો આવ્યો હતો. આખી પૃથ્વી પર વિજયડંકો વગાડતો વગાડતો તે આવ્યો. એક ખરતો તારો જેમ એક દિશામાંથી ઝબકી ઊઠી બીજી દિશામાં વિલીન થઈ જાય, તેમ માત્ર દશ જ વર્ષમાં આખી પૃથ્વીને જીતી લઈ ૩૩ વર્ષની ભરયુવાન વયે એલેકઝાન્ડર મૃત્યુ પામ્યો.

**"તે જમીન પર પગ પણ મૂકતો ન હતો"** (૮:૫), એટલી ત્વરાથી એ ચારે તરફ ઘૂમી વળ્યો. એનો વેગ એટલો ઝડપી હતો કે જાણે જમીન પર પગ મૂક્યા સિવાય અધ્ધર ઊડતો તે જાણે આગેકૂચ કરતો જતો હતો.

**"એ બકરાને તેની આંખોની વચ્ચે એક વિલક્ષણ શિંગડું હતું"** (૮:૫). ગ્રીસના સામ્રાજ્યમાં મહાન એલેકઝાન્ડર (ઈ. પૂર્વે ૩૫૬ - ૩૨૩) એક વિલક્ષણ શિંગડાસમો હતો. એ બકરો પેલા મેંઢાં સામે "પોતાના બળના જોસમાં તેના પર ધસી આવ્યો.... તે એના પર

બહુ ક્રોધે ભરાયો હતો. તેણે મેંઢાને મારીને તેનાં બંને શિંગડાં ભાંગી નાખ્યાં. તેની સામે ટક્કર લેવાને મેંઢો તદ્દન અશક્ત હતો. તેણે તો એને જમીન પર પછાડ્યો, ને પોતાના પગથી એને કચરી નાખ્યો'' (૮:૬, ૭). એલેકઝાન્ડરે (સિકંદરે) ઈ. પૂર્વે ૩૩૪માં પોતાના માત્ર ૩૫,૦૦૦ના સૈન્ય વડે ફારસી લશ્કરને ગ્રેનીકસને કાંઠે મહાત કર્યું. અને બીજે વર્ષે ઈસસ આગળ પણ ઈરાનના રાજા દારિયસ કોડોમાનસની આગેવાની નીચે આવેલા ૬,૦૦,૦૦૦ (છ લાખ)ના સૈન્યને સખત રીતે પરાજિત કર્યું. એ પછી ફિનિશ્યા અને મિસરને જીત્યા પછી તે સિરિયા (અરામ) આવ્યો, અને તૈગ્રીસ નદી આગળ અર્બેલા પાસે ઈ. પૂર્વે ૩૩૧માં ઈરાની દારિયસને અને એના જંગી લશ્કરને ભયંકર હાર પમાડી. એમાં એલેકઝાઈન્ડરે સૂસામાંથી કેટલું દ્રવ્ય મેળવ્યું તે ખબર નહિ, પણ ચાંદીની પાટો અને અમુક રસાયણના જ રૂા. ૪૦ કરોડ મેળવ્યા.

**''ત્યારે તે બકરાએ અતિ ઘણું મહત્ત્વ ધારણ કર્યું; પણ તે બળવાન થયો ત્યારે એનું મોટું શિંગડું ભાંગી ગયું; અને તેને બદલે આકાશના ચારે વાયુ તરફ ચાર વિલક્ષણ [શિંગડાં] તેને ફૂટ્યાં''** (૮:૮). આખી દુનિયાને માત્ર દશ જ વર્ષમાં મહાત કર્યાને કારણે ગ્રીસનું સામ્રાજ્ય ઘણું જ બળવાન બન્યું, અને મહાન એલેકઝાન્ડર માત્ર ૩૩ વર્ષની વયે ઈ. પૂર્વે ૩૨૩ના જૂનમાં બાબિલોનમાં મૃત્યુ પામ્યો, અને એમ ભવિષ્યકથન પ્રમાણે ''શિંગડું ભાંગી ગયું'', અને ''ચાર વિલક્ષણ [શિંગડાં] તેને ફૂટયાં.'' એટલે કે, એલેકઝાન્ડરના ચાર સરદારોએ સામ્રાજ્યના ચાર ભાગો વહેંચી લીધા. સામ્રાજ્યની ગાદીએ કોણ બેસે, એ પ્રશ્ન ઊભો થયો. અને એમાં જ, પંદર માસના ગાળામાં, એલેકઝાન્ડરના સગા ભાઈ ફિલિપ આરિડયુઅસનું અને એલેકઝાન્ડરના બે દીકરા (એલેકઝાન્ડર ઐજસ અને હરક્યુલસ) ની હત્યા થઈ. અને ચાર સરદારોએ રાજ્યને વહેંચી લીધું, - ભવિષ્યકથનમાં કહ્યું હતું તેમ જ.

**ચાર શિંગડાં :** ચાર સરદારો આ પ્રમાણે છે :

**સેલ્યુકસે** પૂર્વના પ્રદેશો, એટલે સિરિયા, બાબિલોનિયા, મિડિયા, ઇત્યાદિ કબજે કર્યા.

**કાસાન્દરે** પશ્ચિમના પ્રદેશો, એટલે માસેડોન, થેસ્સાલે, અને ગ્રીસ

કબજે કર્યા.

**ટોલેમીએ** દક્ષિણના પ્રદેશો, એટલે મિસર, સૈપ્રસ, ઇત્યાદિ કબજે કર્યા.

**લીસીમાખસે** ઉત્તરના પ્રદેશો, એટલે થ્રેસ, કાપાદોકિયા, અને એશિયા માઈનરના ઉત્તર ભાગો કબજે કરી લીધા.

આ ''ચાર શિંગડાં'' એટલે કે ચાર રાજ્યો (માસેડોનિયા, થ્રેસ, સિરિયા અને મિસર) કાળના પ્રવાહમાં, પાછળ ઉદયાચલે ચમકવા લાગેલા રોમન સામ્રાજ્યમાં, તણાઈ ગયાં. સૌથી છેલ્લે મિસર (ઈજિપ્ત) પણ ઈ. પૂર્વે ૩૦માં તણાયું. આમ, ગ્રીક સામ્રાજ્યના પડેલા ચાર ભાગલા આખરે રોમની ચઢતી થતાં રોમન સામ્રાજ્યમાં સમાઈ ગયા. પૂર્વના દેશોમાં 'શિંગડું' એટલે સત્તા, અને ખાસ કરીને રાજકીય સત્તા સૂચવે છે. બાઈબલમાં જૂના તેમ જ નવા કરારમાં મુખ્યત્વે ભવિષ્યકથનોમાં એ અર્થમાં આ શબ્દનો ઉપયોગ થયો છે. ગીતશાસ્ત્રમાં પણ લગભગ એ જ અર્થમાં આ શબ્દનો વપરાશ થયો છે.

**નાનું શિંગડું** (૮:૯-૧૨):આઠમા અધ્યાયમાં જણાવવામાં આવેલું આ **નાનું શિંગડું** બાઇબલ - અભ્યાસકોમાં બહુ વિવાદાસ્પદ બની ગયું છે. સાતમાં અધ્યાયમાં ત્રીજા પ્રાણી 'ચિત્તા' (ગ્રીસ) પછી મહા ભયંકર એવું ચોથું પ્રાણી (રોમ) આપવામાં આવ્યું છે. અને એ ચોથા પ્રાણીને ઊગેલાં દશ શિંગડાંમાંથી 'નાનું શિંગડું' ફૂટી નીકળે છે. વળી બીજા અધ્યાયમાં પણ મૂર્તિના 'બે પગો' રૂપી ચોથા રાજ્ય એટલે રોમન સામ્રાજ્યના વિસ્તારમાંથી દશ આંગળાં આપવામાં આવેલાં હતાં. પણ આ આઠમા અધ્યાયમાં 'મેંઢા' અને 'બકરા'ના રૂપમાં, ચાર સામ્રાજ્યોમાંથી, બીજું અને ત્રીજું સામ્રાજ્ય આપવામાં આવ્યું છે, જ્યારે ચોથા રોમન સામ્રાજ્ય વિશે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અને 'નાનું શિંગડું' જાણે કે ત્રીજા ગ્રીક સામ્રાજ્યના પડેલા ચાર ભાગલામાંથી નીકળી આવતું હોય એમ લાગે છે.

એને લીધે કેટલાક અભ્યાસકો એવું અર્થઘટન કરે છે કે આઠમા અધ્યાયનું આ 'નાનું શિંગડું' તે છેક અંતના સમયમાં, પ્રભુના પુનરાગમનના સમયમાં, આવનાર 'ખ્રિસ્તવિરોધી' નહિ, પણ ગ્રીસના

સામ્રાજ્યના ચાર ભાગલામાંથી નીકળી આવનાર કોઈ એક રાજા હશે, જે યહૂદીઓ ઉપર ભારે જુલ્મ ગુજારશે, યરુશાલેમના મંદિરને ભ્રષ્ટ કરશે, "નિત્યનું [દહનિયાર્પણ] તેને હવાલે કરવામાં આવશે, અને સત્યને ભૂમિ ઉપર પાડી નાખશે." અંત્યોખસ એપિફાનસ નામનો સિરિયાનો એક રાજા થઈ ગયો, જે કલમ ૯-૧૨ માં આપેલા રાજા સાથે મળતો આવે છે. એનો રાજ્યકાળ ઈ.પૂર્વે ૧૭૫ થી ૧૬૪ સુધીનો હતો. સિરિયાના બધા રાજાઓ 'અંત્યોખસ' તરીકે ઓળખાતા. આ રાજા અંત્યોખસ એપિફાનસ તરીકે ઓળખાતો. પ્રભુ ઈસુના દેહધારીપણાના સમય અગાઉ એકસો સાઠ વર્ષ પૂર્વે તે થઈ ગયો.

તે યહૂદિયા ઉપર પણ હકૂમત ધરાવતો હતો, અને તેણે યહૂદીઓ ઉપર પુષ્કળ જુલ્મ ગુજાર્યો હતો. યહૂદી લોકો ગ્રીક સંસ્કૃતિ અપનાવે એ માટે તેણે યહૂદીઓ ઉપર જોહુકમી કરી. યહૂદી પ્રજા તેને પૂરા દિલથી ધિક્કારતી હતી. મંદિરમાંથી સોનાની વસ્તુઓ તે ઉઠાવી ગયો, મંદિરનો ખજાનો પણ તે લઈ ગયો, અને આ યરુશાલેમના મંદિરમાં થતાં યજ્ઞો અને અર્પણો બંધ કરાવી દીધાં, અને ત્યાં મૂર્તિ ઊભી કરી, તેમ જ તેણે યરુશાલેમના મંદિરની વેદી ઉપર ભૂંડ વધેર્યાં, અને એમ વેદી તથા મંદિરને અપવિત્ર કર્યાં. આથી યહૂદી લોકો ખૂબ ખીજાઈ ઊઠ્યા. પાછળથી મક્કાબીઓએ ઈ. પૂર્વે ૧૬૫માં મંદિરને શુદ્ધ કર્યું હતું, અને મંદિરનાં ભજનભક્તિ અને યજ્ઞયાગ ચાલુ કર્યાં હતાં. કેટલાક બાઇબલ-અભ્યાસીઓ દાનિયેલ ૯:૨૭માં આપેલા ભવિષ્યકથનને આ બનાવ મારફતે પૂરું થયું ગણે છે, એટલે કે, "એ અઠવાડિયાની અધવચમાં તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે; પછી ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર વેરાન કરનાર **[આવશે]**."

વળી બીજા કેટલાક બીજી જ જાતનો ખુલાસો કરે છે. તેઓનું કહેવું છે કે, અંતકાળનો ખ્રિસ્તવિરોધી તો આ ભવિષ્યકથનમાં આપ્યું છે તેમ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે આવશે જ. પણ ઘણીબધી ભવિષ્યવાણીઓ બે જુદા જુદા સમયે નજદીકના ભવિષ્યમાં અને દૂરના ભવિષ્યમાં, એમ બે વખતે પૂરી થતી હોય છે. એમ, આ ભવિષ્યવાણી પણ નજદીકના ભવિષ્ય તરીકે મક્કાબીકાળમાં અંત્યોખસ એપિફાનસમાં પૂરી થઈ, અને દૂરના ભવિષ્ય તરીકે પ્રભુ ઈસુના

પુનરાગમન સમયે બીજી વાર પૂર્ણ રીતે પૂરી થશે.

વળી કેટલાક ત્રીજો મત પણ ધરાવે છે. તેઓનું કહેવું એવું છે કે, આ કલમો ઇસ્લામ ધર્મરૂપી 'ખ્રિસ્તવિરોધી'ને બરાબર લાગુ પડે છે. યરૂશાલેમને તેમણે જીતી લીધું, અને મંદિરને અપવિત્ર કરીને તેનો પૂરો નાશ કર્યો, અને તેને સ્થળે સારાસેન મુસ્લિમોએ ઈ.સ. ૬૩૭માં 'ઓમરની મસ્જિદ' બાંધી, જે આજે 'ડોમ ઑફ ધ રોક' તરીકે ઓળખાય છે. આ 'નાનું શિંગડું' તે ઇસ્લામ ધર્મ છે.

પરંતુ આ બધા મતો, બાઇબલની ભવિષ્યવાણી સાથે સરખાવી જોતાં, વજૂત વગરના લાગે છે. કેમ ? આપણે તે જોઈએ:

(૧) બાઇબલ પોતાનાં એક જગાએ આપેલાં વચનોથી બીજી જગાએ ઊલટું પડતું નથી, પણ સર્વ જગાએ બાઇબલનાં વચનો એકબીજાને અનુમોદન આપનારાં અને પૂરક હોય છે. એટલે સાતમા અધ્યાયમાં આપેલા 'નાના શિંગડાં' જેમ આઠમા અધ્યાયનું 'નાનું શિંગડું' પણ પ્રભુના પુનરાગમનના સમયમાં થનાર **ખ્રિસ્તવિરોધી** વિશે જ સૂચન કરે છે.

(૨) **''એ રાજ્યોની આખરે એક વિકરાળ ચહેરાનો, તથા ગહન વાતો સમજનારો રાજા ઊભો થશે''** (૮:૨૩). પણ એલેકઝાન્ડરના સામ્રાજ્ય ('બકરો')ના પડેલા ચાર ભાગલાનાં ચાર રાજ્યોનો **'આખર'** સમય એકસામટો આવ્યો નથી. મિસર તો છેક ઈ. પૂર્વે ૩૦માં રોમનોના હાથથી જિતાઈ ગયું, એટલે કે, અંત્યોખસ એપિફાનસ તો ઈ. પૂર્વે ૧૬૪માં મૃત્યુ પામ્યો, અને તેના મૃત્યુ પછી ૧૩૪ વર્ષે મિસરનું રાજ્ય રોમનોથી જિતાઈ ગયું. એમ, દાનિયેલ ૮:૯, ૨૩ નું, 'નાના શિંગડાં' વિશેનું ભવિષ્યકથન અંત્યોખસ એપિફાનસમાં પૂરું થયું નથી.

(૩) આ વિકરાળ ચહેરાનો રાજા ''મહા બળવાન થશે'(૮:૨૪), એવું ભવિષ્યકથન છે, પણ અંત્યોખસ એપિફાનસ એવો ''મહા બળવાન'' કદીયે બન્યો નહિ. એટલે કે, આ ભવિષ્યકથન તેને લાગુ પડતું નથી. મકકાબીઓએ તેને હઠાવી પાછો કાઢ્યો, અને તે જ વર્ષે તે મરણ પામ્યો.

(૪) દાનિયેલ પ્રબોધકે ૯:૨૭માં 'ઉજ્જડની અમંગળપણાની

નિશાની' વિશે કહ્યું હતું, અને પ્રભુ ઈસુએ માથ્થી ૨૪:૧૫ માં એના જ વિશે ઉલ્લેખ કર્યો છે, ને એ **હજી ભવિષ્યમાં** થનાર છે એમ બતાવ્યું છે; અને એમ નથી જણાવ્યું કે એ બનાવ ભૂતકાળ (અંત્યોખસ એપિફાનસ)માં બની ચૂક્યો છે. દાનિયેલ, માથ્થી અને પ્રકટીકરણ પ્રમાણે 'નાનું શિંગડું' એ પુનરાગમનનો કોઈ ભવિષ્યમાં થનાર રાજા છે. કારણ, અંત્યોખસ તો ઈસુ ખ્રિસ્તના મૃત્યુ અગાઉ ૧૯૪ વર્ષ અગાઉ ગુજરી ગયો હતો.

(૫) "વળી તે (નાનું શિંગડું) વધીને તે સૈન્યના સરદાર સુધી પણ પહોંચ્યું' (૮:૧૧), અને "તે સરદારોના સરદારની સામે પણ બાથ ભીડશે" (૮:૨૫). અંત્યોખસ એપિફાનસે તો 'સરદારોના સરદાર' એટલે પ્રભુ ઈસુ સામે કદી હલ્લો કર્યો નથી, કારણ, પ્રભુ ઈસુના જન્મ અગાઉ લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે તે મરી ગયો હતો. માટે આ ભવિષ્યકથન અંત્યોખસ માટે નહિ, પણ ભવિષ્યમાં થનાર કોઈ રાજા (ખ્રિસ્તવિરોધી) વિશે છે.

(૬) "પણ **[કોઈ મનુષ્ય] હાથ વગર તેનો નાશ થશે"** (૮:૨૫) એ ભવિષ્યકથન પણ 'નાના શિંગડાં' વિશે જ લખવામાં આવ્યું છે. એ ભવિષ્યવાણી અંત્યોખસ એપિફાનસની બાબતમાં પૂરી થઈ નથી, કારણ, એપિફાનસ ઈ. પૂર્વે ૧૬૪માં કુદરતી મોતે ઈરાનના તાબે શહેરમાં મૃત્યુ પામ્યો. ઈશ્વરના હાથે તે મૃત્યુ પામ્યો નથી.

(૭) વળી એમ પણ કહી શકાય જ નહિ કે, ૮:૯-૧૨ કલમો અંત્યોખસ એપિફાનસ સંબંધી લખવામાં આવી હતી, અને ૮:૨૩-૨૫ કલમો અંતસમયે આવનાર ખ્રિસ્તવિરોધી માટે પણ લખવામાં આવી હતી, કારણ, ૮:૨૩-૨૫ કલમો તો ૮:૯-૧૨ કલમોનો ખુલાસો જ છે. એટલે બંને શાસ્ત્રપાઠમાં એક જ વ્યક્તિ વિશે કહેવાયું છે, એ તો તદ્દન સાદી સમજની વાત છે. જો ૮:૨૩-૨૫ કલમો ભવિષ્યમાં આવનાર ખ્રિસ્તવિરોધી માટે હોય, તો ૮:૯-૧૨ કલમો અંત્યોખસ એપિફાનસ સંબંધી હોઈ શકે જ નહિ.

(૮) સૌથી અગત્યનો મુદ્દો તો આ છે : સંદેશવાહક દૂત દાનિયેલને કહે છે. "આ સંદર્શન અંતકાળ વિશેનું છે" (૮:૧૭); વળી, "કોપને અંત સમયે જે થવાનું છે તે હું તને જણાવીશ, કેમ કે એ ઠરાવેલા અંતકાળ વિશે છે" (૮:૧૯); વળી, "પણ તું તે સંદર્શન ગુપ્ત રાખ, કેમ કે તે

ઘણા દૂરના કાળ વિશે છે'' (૮:૨૬). પ્રભુ ઈસુના પ્રથમ આગમન કે તે અગાઉ થોડા સમય માટે આ ભવિષ્યવચન નહોતું; પણ પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં, એટલે કે, અંતકાળના સમય માટે આ ભવિષ્યકથન (સંદર્શન) છે, અંત્યોખસ એપિફાનસને માટે લખાયું નહોતું.

(૯) આ મુદ્દો પણ અગત્યનો છે કે, કલમ ૧૩, ૧૪માં ''નિત્યના દેહનાર્યિર્પણ વિશેના, તથા ઉજ્જડ કરનાર અપરાધ પવિત્રસ્થાનને તેમ જ સૈન્યને બંનેને પગ તળે કચરી નાખવા વિશેના સંદર્શનની મુદત કેટલી છે ? તેણે મને કહ્યું કે, બે હજાર ત્રણસો સાંજ સવારની છે; ત્યાર પછી પવિત્રસ્થાનનું શુદ્ધિકરણ થશે.'' - એમ જે ભવિષ્યકથન 'નાના શિંગડાં'ના સંબંધમાં આપેલું છે, તે અંત્યોખસ એપિફાનસના સમયમાં પૂરું થયું નથી. (આપણે આ કલમો ઉપર થોડી જ વારમાં વિચાર કરવાનાં છીએ.)

(૧૦) ''તેણે તેની પાસેથી નિત્યનું [દહનાર્થિર્પણ] લઈ લીધું, ને **તેનું પવિત્રસ્થાન પણ પાડી નાખવામાં આવ્યું**'' (૮:૧૧). 'નિત્યનું દહનિયાર્પણ' એટલે યરુશાલેમના મંદિરમાં સવારમાં અને સાંજે અર્પવામાં આવતાં બલિદાનો. 'નાનું શિંગડું' પવિત્રસ્થાન પાડી નાખશે, એવું ભવિષ્યકથન અંત્યોખસ એપિફાનસના સમયમાં ફળ્યું નથી, કેમ કે યરુશાલેમનું મંદિર તેના વખતમાં પાડી નાખવામાં આવ્યું નથી. પણ પ્રભુ ઈસુના પુનરાગમન સમયમાં 'ખ્રિસ્તવિરોધી' યરુશાલેમના મંદિરનો નાશ કરશે. હાલ યરુશાલેમમાં મંદિર નથી. પણ પ્રભુ ઈસુ મંડળીને લેવા ગગનમાં ઊતરશે અને મંડળી ઉપર ઊંચકાઈ જશે, અને 'ખ્રિસ્તવિરોધી'ની સાથે ઘણાબધા યહૂદીઓ સાત વર્ષનો (દાનિયેલ ૯:૨૭) પાકો કરાર કરશે, એ પછી યહૂદીઓ યરુશાલેમમાં મંદિર બાંધશે. અને એ સાત વર્ષના પાછલા ભાગમાં ખ્રિસ્તવિરોધી એ મંદિરનો નાશ કરશે. એ પછી 'એક હજાર' વર્ષના રાજમાં (હઝકિયેલના પુસ્તકમાં જણાવેલું) મંદિર બંધાશે.

(૧૧) ''તેઓના રાજ્યની આખરે, **જ્યારે અપરાધીઓનો ઘડો ભરાયો હશે ત્યારે**.... રાજા ઊભો થશે'' (૮:૨૩). પાપનો ઘડો અંત્યોખસ એપિફાનસના સમયમાં ભરાયો નહોતો. પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં અંતકાળમાં એ પરિસ્થિતિ ઊભી થશે.

આમ, 'નાનું શિંગડું' તે અંત્યોખસ એપિફાનસ હોઈ શકે જ નહિ; પણ એવો રાજા પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ઊભો થશે.

આખરના સમયમાં આવનાર 'ખ્રિસ્તવિરોધી' રાજા સંબંધીનો ખુલાસો ૮:૨૩-૨૫ માં આપવામાં આવ્યો છે. તે 'વિકરાળા ચહેરા'નો તો હશે જ, પણ સાથે સાથે **'ગહન વાતો સમજનાર'** પણ હશે. **'પણ પોતાના જ બળથી નહિ,'** પણ શેતાન તેનો કબજો લેશે, અને શેતાન તેને ગહન બાબતો સમજવાની શકિત તેમ જ મહા પરાક્રમી કામો કરવાની શકિત આપશે. પ્રકટીકરણ ૧૩:૨ માં એ જ બાબત વિશે લખ્યું છે: "તે (શ્વાપદ અથવા ખ્રિસ્તવિરોધી)ને અજગરે (શેતાને) પોતાનું પરાક્રમ, પોતાનું રાજ્યાસન તથા મોટો અધિકાર આપ્યાં."

## ૭. બે હજાર ત્રણસો સાંજ સવાર

૧૩ "ત્યારે મેં એક પવિત્રને બોલતો સાંભળ્યો; જે અમુક પવિત્ર બોલતો હતો તેને બીજા પવિત્રે પૂછ્યું કે, નિત્યના [દહનિયાર્પણ] વિશેના, તથા ઉજ્જડ કરનાર અપરાધ પવિત્રસ્થાનને તેમ જ સૈન્યને બંનેને પગ તળે કચરી નાખવા વિશેના સંદર્શનની મુદત કેટલી છે ? ૧૪ તેણે મને કહ્યું કે, બે હજાર ત્રણસો સાંજ સવારની છે; ત્યાર પછી પવિત્રસ્થાનનું શુદ્ધિકરણ થશે" (દાનિયેલ ૮:૧૩-૧૪).

**"નિત્યના દહનિયાર્પણ"** એટલે યરુશાલેમના મંદિરમાં દરરોજ સવારમાં અને સાંજે વેદી ઉપર જે બલિદાનો ચઢાવવામાં આવતાં હતાં તે. સાંજનું બલિદાન બપોર પછી ત્રણ વાગે ચઢાવવામાં આવતું. **"ઉજ્જડ કરનાર અપરાધ"** એટલે "ખ્રિસ્તીવિરોધી", 'પાપનો માણસ' એટલે વિનાશનો પુત્ર (૨ થેસ્સા. ૨:૩-૪). દાનિયેલ ૯:૨૭માં એના જ વિશે લખવામાં આવ્યું છે: "ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર 'વેરાન કરનાર' [આવશે]". પ્રભુ ઈસુએ પણ દાનિયેલના આ લખાણનો માથ્થી ૨૪:૧૫માં નિર્દેશ કર્યો છે: "એ માટે ઉજ્જડની અમંગળપણાની નિશાની જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ...." **'પવિત્રસ્થાન'** એટલે મંદિર.

**"બે હજાર ત્રણસો સાંજ સવાર"**, 'સાંજ સવાર' એટલે ચોવીસ કલાકનો એક આખો દિવસ થયો, અને બે હજાર ત્રણસો સાંજ સવાર,

એટલે (૨૪ કલાકના) ૨૩૦૦ દિવસો થયા. એક આકાશી વ્યક્તિ બીજી આકાશી વ્યક્તિને પૂછે છે કે અંતસમયે આવનાર 'ખ્રિસ્તવિરોધી' અથવા 'પાપનો માણસ' યરુશાલેમના મંદિરમાં થતાં દરરોજનાં બલિદાનો બંધ કરાવશે અને મંદિરનો નાશ કરશે, તેમ જ યહૂદીઓ ઉપર ભયંકર સતાવણી લાવીને તેઓનો સંહાર કરશે એના દિવસો કેટલા છે ? એને જવાબમાં બીજી આકાશી વ્યક્તિ કહે છે કે, ૨૩૦૦ દિવસ. એટલા દિવસો પૂરા થશે ત્યારે યરુશાલેમના મંદિરનું શુદ્ધિકરણ થશે. અહીં એક વાત સમજી લેવાની છે કે મંદિરનો એક વખતે નાશ થયા પછી એને ફરી બાંધવામાં આવે ત્યારે જ એનું શુદ્ધિકરણ યા ભક્તિપૂજનને માટે યોગ્ય બને. એનો અર્થ એમ થયો કે સાત વર્ષના ગાળાના પાછલા અર્ધા ભાગ (સાડાત્રણ વર્ષ, યા ૧૨૬૦ દિવસ, યા ૪૨ મહિના) ના છેલ્લા તબક્કે મંદિરનો નાશ થાય એ પછી એક હજાર વર્ષના પ્રભુ ઈસુના પૃથ્વી પરના રાજ્યમાં, હઝકિયેલે કહ્યા પ્રમાણેનું મંદિર બંધાશે, અને એને ભજન ભક્તિ ઇત્યાદિ માટે શુદ્ધ યા પાવન કરવામાં આવશે.

દાનિયેલ ૯:૨૭માં એ વિશે આપ્યું છે: ''અને એ અઠવાડિયા (સાત વર્ષના સપ્તાહ) ની **અધવચમાં** તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે; પછી ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર વેરાન કરનાર આવશે. 'અધવચમાં' એટલે **સાડાત્રણ વર્ષ વીત્યા બાદ બાકી રહેલાં સાડાત્રણ વર્ષમાં આ બધી બાબતો બનશે.** પ્રભુ ઈસુ મંડળીને લેવા ગગનમાં ઊતરશે, અને મંડળી ઉપર ગગનમાં ઉપાડી લેવામાં આવશે, એ પછી પ્રભુ ઈસુ પોતાની મંડળી સાથે પૃથ્વી પર ઊતરશે એ ગાળો આ સાત વર્ષનો હશે. અને એ ગાળાનો પાછલો અડધો સમય, એટલે જ ઉપર જણાવેલાં સાડાત્રણ વર્ષ. આ પાછલાં સાડાત્રણ વર્ષમાં મંદિરનાં અર્પણો અને બલિદાનો ખ્રિસ્તવિરોધી બંધ કરાવશે, શ્વાપદની મૂર્તિ સ્થાપીને મંદિરને અપવિત્ર કરશે, અને કદાચ એનો પાછળથી નાશ પણ કરશે.

'સાડાત્રણ વર્ષ' એટલે ૧૨૬૦ દિવસો એ આપણે ઉપર જોઈ ગયા. હવે આ ૧૨૬૦ દિવસને ૨૩૦૦ દિવસમાંથી બાદ કરીએ, તો ૧૦૪૦ દિવસ વધે. આ ૧૦૪૦ દિવસ એટલે ૨ વર્ષ, ૧૦ માસ, અને ૨૦ દિવસ. આ સમય પૂરો થાય ત્યારે જ મંદિરનું શુદ્ધિકરણ થાય, અને

'નિત્યનું દહનિયાર્પણ' પાછું શરૂ થાય. એનું અર્થઘટન એમ કરી શકાય કે પેલાં પાછલાં સાડાત્રણ વર્ષ પૂરાં થાય, અને પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરે, એ સમય પછી ૧૦૪૦ દિવસમાં હઝકિયેલ ૪૧:૧-૪૩:૨૭માં આપેલું મંદિર બંધાઈ રહે, એનું શુદ્ધિકરણ થાય, અને પછી 'નિત્યનું દહનિયાર્પણ' ફરી પાછું શરૂ કરવામાં આવે.

ઘણા બાઈબલ-અભ્યાસકોનું માનવું છે કે આ દહનિયાર્પણો (અને અન્ય અર્પણો તે) પાપશુદ્ધિ કે પાપ દૂર કરવા માટેનાં અર્પણો નહિ હોય, પણ જેમ આજે આપણે પ્રભુની મેજ પાસે પ્રભુનું ભોજન લઈએ છીએ ત્યારે પ્રભુ ઈસુના પાછા આવતાં લગી તેમનું મરણ (બલિદાન) પ્રગટ કરીએ છીએ, એમ એક હજાર વર્ષના રાજ્ય સમયનાં આ અર્પણો તે આભારસ્તુતિ અને 'યાદગીરી'ના રૂપનાં હશે. આમેય દહનિયાર્પણો પાપશુદ્ધિ માટે હતાં જ નહિ. દહનિયાર્પણો તો, ચઢાવનાર વ્યક્તિ કે સમૂહ, સંપૂર્ણપણે ઈશ્વરને અર્પિત બની જાય છે એ દર્શાવતાં પ્રતીક હતાં. હિબ્રૂ શબ્દ 'ઓલાહ'નો (અર્પણનું નામ) અર્થ જ 'ઈશ્વરને પસંદિત અને સુવાસરૂપ ચઢતો ધુમાડો.' એમાં પાપશુદ્ધિ અંગેનો કોઈ અર્થ નહોતો. આ એકલું જ અર્પણ બિનયહૂદીઓ પણ ચઢાવી શક્તા હતા, જો તેઓએ કોઈ મોટું પાપ ન કર્યું હોય તો. તો હઝકિયેલ જણાવે છે તેમ, ઈશ્વરને સંપૂર્ણ સોંપણીના પ્રતીક તરીકેનાં દહનિયાર્પણો સહસ્ત્રાબ્દીના મંદિરમાં પણ દરરોજ સવારે અને સંધ્યાએ ચઢશે. કેવું હૃદયંગમ દશ્ય એ હશે - હજાર વર્ષના રાજમાં!

**૧૩. 'સિત્તેર અઠવાડિયાં' સંબંધી ભવિષ્યકથન, નહેમ્યાના સમયમાં યરુશાલેમને ફરી બાંધવાના હુકમથી માંડીને પ્રભુ ઈસુના પુનરાગમન સુધીના સમય અંગે ભવિષ્યવચનો: દાનિયેલ ૯:૧-૩, ૨૦-૨૩, ૨૪-૨૭.**

**૧. બાઈબલ પાઠ વિશે પ્રસ્તાવના :**

'સિત્તેર અઠવાડિયાં સંબંધીનાં ભવિષ્યવચનોનો પાઠ તો ૯:૨૪-૨૭માં આપવામાં આવ્યો છે, પણ ૯:૧-૩માં આ 'સિત્તેર અઠવાડિયાં'નાં ભવિષ્યવચનો આપવાની જરૂર કેમ ઊભી થઈ તે આપ્યું છે. અને ૯:૨૦-૨૩માં ગાબ્રિયેલ દૂત પ્રભુ પરમેશ્વરની હજૂરમાંથી નીકળીને પ્રાર્થના કરતા દાનિયેલ પાસે આવે છે, અને પોતાના આવવાનો

હેતુ જણાવે છે, - એ બધું જણાવ્યું છે. અને ૯:૨૪-૨૭માં 'સિત્તેર અઠવાડિયાં' સંબંધીનું ભવિષ્યકથન આપવામાં આવ્યું છે. આ અધ્યાયની બાકી રહેલી કલમો (૯:૪-૧૯) માં દાનિયેલે પ્રભુની આગળ ગુજારેલી પ્રાર્થના આપવામાં આવી છે. પોતાના યહૂદી લોકોને બદલે પાપકબૂલાતની પરાર્થપ્રાર્થના, એ લોકોનાં પાપ જાણે દાનિયેલે પોતે કર્યાં હોય એવી રજૂઆત, ભૂતકાળમાં પોતાના પિતૃઓને પ્રભુને આપેલાં અભયવચનો તથા આશિષવચનો પ્રભુને યાદ દેવડાવે છે, અને ઇઝરાયલને પુનઃસ્થાપિત કરીને, એનો મહિમા વધારે એ માટેની વિનંતીઓ અને આજીજીઓ - એ બધું દાનિયેલની પ્રાર્થનામાં સમાયેલું છે. આ પાઠ (૯:૪-૧૯) અતિ ભવ્ય છે, પણ સ્થળસંકોચને લીધે આપણે આ પુસ્તકમાં વિવરણ આપીશું નહિ.

**૨. સિત્તેર અઠવાડિયાં અંગે ભવિષ્યવચનો આપવાની જરૂર કેવી રીતે ઊભી થઈ ?**

**સમય :** ૧ ''માદીઓના વંશના અહાશ્વેરોશનો દીકરો દાર્યાવેશ, જે ખાલદીઓની શહેનશાહતનો રાજા થયો, તેના પહેલા વર્ષમાં; ૨ તેની કારકિર્દીના પહેલા વર્ષમાં..... '' ફારસી રાજા કોરેશે ખાલદી વંશના હાથમાંથી બાબિલોનનું સામ્રાજ્ય લઈ લીધું, અને પોતાના ૬૨ વર્ષના કાકા માદી વંશી દાર્યાવેશ (અં. ડરાયસ - Darius)ને બાબિલોનની ગાદી સોંપી એ જ વર્ષે, એટલે કે ઈ. પૂર્વે ૫૩૮માં આજના પાઠનો બનાવ બન્યો. એ જ વર્ષમાં દાનિયેલને સિંહોના બિલમાં નાખવામાં આવ્યો હતો.

**બાબેલમાં બંદિવાસનાં સિત્તેર વર્ષોની ગણતરી અંગે પ્રાર્થના દ્વારા દાનિયેલનું મનન અને સંશોધનઃ**

૨ ''તે (દાર્યાવેશ)ની કારકિર્દીના પહેલા વર્ષમાં હું દાનિયેલ, યહોવાની વાણી યિર્મેયા પ્રબોધકની પાસે આવી હતી તે પ્રમાણે, યરુશાલેમની પાયમાલી થતાં સુધીની મુદતનાં સિત્તેર વર્ષો વિશેની ગણતરી પવિત્ર શાસ્ત્ર પરથી સમજ્યો. ૩ હું ઉપવાસ કરીને, તાટ ઓઢીને તથા રાખ ચોળીને પ્રાર્થના તથા વિનંતીઓ કરીને શોધન કરવાને મારું મુખ પ્રભુ દેવ તરફ રાખી રહ્યો.'' (૯:૨-૩).

બાબેલનો ખાલદી વંશનો રાજા નબૂખાદનેસ્સાર ઈ. પૂર્વે ૬૦૬માં

યરુશાલેમ પર ચઢી આવીને ઘણાબધા યહૂદીઓને બાબિલોનમાં લાવ્યો હતો. એમાં દાનિયેલ અને એવા અનેક જુવાનો પણ બંદિવાસમાં લવાયા હતા. એ ૭૦ વર્ષ માટેનો બંદિવાસ હતો. એ વિશે યિર્મેયા પ્રબોધકે આ પ્રમાણે કહ્યું હતું: ૧૧ ''આ આખો દેશ ઉજ્જડ તથા ત્રાસજનક થઈ પડશે; અને આ પ્રજાઓ સિત્તેર વર્ષ સુધી બાબેલના રાજાની સેવા કરશે. ૧૨ અને સિત્તેર વર્ષ પુરાં થયા પછી હું બાબેલના રાજાને, તેની પ્રજાને, તથા ખાલદીઓના દેશને, તેઓના અન્યાયને લીધે જોઈ લઈશ, એવું યહોવા કહે છે....'' (યિર્મેયા ૨૫:૧૧-૧૨).

વળી યિર્મેયાએ આ પ્રમાણે પણ પ્રબોધવાણી ઉચ્ચારી હતી: ''કેમ કે યહોવા કહે છે કે, બાબેલમાં સિત્તેર વર્ષ પૂરાં થયા પછી હું તમારી મુલાકાત લઈશ, ને તમને આ સ્થળે (યહૂદિયામાં) પાછા લાવીને તમને આપેલું મારું ઉત્તમ વચન હું પૂરું કરીશ'' (યિર્મેયા ૨૯:૧૦).

દાનિયેલ પોતે પ્રબોધક હતો, અને વળી ભવિષ્યવાણીઓનો અભ્યાસક પણ હતો. આ દાનિયેલ, વિશ્વસામ્રાજ્યનો રાજા પછી બીજા નંબરનો માણસ, બાઈબલનો ઊંડાણથી અભ્યાસ કરે છે, - ખાસ કરીને ભવિષ્યવાણીઓનો અભ્યાસ કરે છે ! અત્યારે તે આ સિત્તેર વર્ષના બંદિવાસ વિશે પ્રાર્થના સાથે અભ્યાસ કરી રહ્યો હતો. દાનિયેલ પોતે જુવાન વયે, ઈ. પૂર્વે ૬૦૬માં, અહીં બંદિવાસમાં લવાયો હતો. હવે યિર્મેયાનાં ઉપર ટાંકેલાં વચનોનો અભ્યાસ કર્યા પછી તેને માલૂમ પડ્યું હશે કે હવે બંદિવાસને ૬૮ વર્ષ થઈ ગયાં છે (૬૦૬-૫૩૮=૬૮), અને બંદિવાસ પૂરો થવાને માત્ર બે જ વર્ષ બાકી છે. એટલે તે પાપ કબૂલાત સાથે પ્રાર્થના કરે છે કે પ્રભુ હવે જલદી આ બે વર્ષ પૂરાં કરાવે, અને પોતાના લોકોને પાછા વતનમાં લઈ જાય.

વળી દાનિયેલે યશાયાની ભવિષ્યવાણી વિશે પણ મનન કર્યું હશે. પ્રભુ કોરેશ નામના રાજાની મારફતે યહૂદીઓને બંદિવાસમાંથી છોડાવશે એ સંબંધીનું ભવિષ્યકથન ૧૭૫ વર્ષ અગાઉ યશાયાએ (યશાયા ૪૪:૨૬-૪૫:૭, આપ્યું હતું એ દાનિયેલે જોયું હશે, તેની ઉપર મનન કર્યું હશે - સંશોધન કર્યું હશે, અને તેના મનમાં એક વિચાર રમતો હશે કે, આ ઈ. પૂર્વે ૫૩૮માં કોરેશ રાજાએ ખાલદીઓનું સામ્રાજ્ય જીતી લીધું છે, અને પોતાના કાકા દાર્યાવેશને ગાદી સોંપી છે ! - અને હવે બેએક વર્ષમાં કંઈક નવી વાત જરૂરથી બનશે ! અને પોતાના યહૂદી

લોકો બંદિવાસમાંથી છુટકારો પામીને પોતાના વતનમાં પાછા જશે અને ફરી પાછા, અગાઉની જેમ, આબાદાની અને ગૌરવ પ્રાપ્ત કરશે!

પણ આવા આનંદના વિચારોની સામે, મૂર્તિવાળા સ્વપ્નનાં ચાર વિદેશી સામ્રાજ્યો, અને ચાર પ્રાણીઓના રૂપકવાળાં એ ચાર વિદેશી સામ્રાજ્યોના સમયો વચ્ચે વીતવાના છે એ શું ? એ બધાં ચાર સામ્રાજ્યોનો કુલ સમય એટલે કેટલો બધો લાંબો ગાળો! અને એ બધું વીત્યા પછી છેક "અંતકાળના સમયે" ઈશ્વર વિદેશી સામ્રાજ્યોનો નાશ કરશે, અને એ પછી પ્રભુ પોતે દાઉદની ગાદી પાછી સ્થાપશે, રાજ્ય કરશે, અને એ રાજ્યમાં યહૂદીઓ આબાદાની પામશે. એટલે એ કેટલો બધો લાંબો કાળ ? આ બધાં ભવિષ્યકથનો તેના મનને મૂંઝવણમાં મૂકી દેતાં હતાં, અને તેને અકળાવતાં હતાં. એટલે પ્રભુ ગાબ્રિયેલ દૂતને મોકલીને 'સિત્તેર અઠવાડિયાં' વિશેનું ભવિષ્યકથન જણાવીને તેને સમજણ પમાડે છે, - અને તેના લોકોને માથે હજી શું શું વીતવાનું બાકી છે તે બતાવે છે.

**પ્રભુનો મોકલ્યો ગાબ્રિયેલ દૂત દાનિયેલ પાસે આવે છે** (૯:૨૦-૨૩).

૨૦ "હું (દાનિયેલ) બોલતો હતો, અને પ્રાર્થના કરતો હતો, અને મારાં તથા મારા ઇઝરાયલ લોકનાં પાપ કબૂલ કરતો હતો, ને મારા દેવના પવિત્ર પર્વતને સારુ મારા દેવ યહોવાની આગળ મારી અરજ ગુજારતો હતો; ૨૧ હા, હું પ્રાર્થના કરતો હતો તે દરમિયાન ગાબ્રિયેલ, એટલે જે **માણસને** મેં સંદર્શનમાં પ્રથમ જોયો હતો, તેણે [પ્રભુની] આજ્ઞાથી વેગે ઊડી **આવીને** આશરે **સાંજના અર્પણની વેળાએ** મને સ્પર્શ કર્યો. ૨૨ તેણે મને સમજણ પાડી, ને મારી સાથે વાત કરીને મને કહ્યું કે, હે દાનિયેલ, હું હમણાં **તને બુદ્ધિ તથા સમજશક્તિ આપવા સારુ આવ્યો છું. ૨૩ તેં વિનંતી કરવા માંડી તે વખતે** [પ્રભુની] **આજ્ઞા થઈ** તેથી તને માહિતી આપવા સારુ હું આવ્યો છું; કેમ કે **તું અતિ પ્રિય છે.** માટે તું આ વાતનો વિચાર કર, ને સંદર્શન સમજ" (૯:૨૦-૨૩).

દાનિયેલ પ્રાર્થના કરતો હતો, ત્યારે પ્રભુએ ગાબ્રિયેલ દૂતને તેની પાસે મોકલ્યો. કલમ ૨૧માં ગાબ્રિયેલ દૂત માટે દાનિયેલે **માણસ** શબ્દ

વાપર્યો છે, એનું કારણ એટલું જ કે દૂતો આત્મિક શરીરમાં હોય છે, એટલે ભૌતિક યા સ્થૂળ શરીર ન હોવાથી આપણે તેને જોઈ શકીએ નહિ. આથી ઈશ્વરની આજ્ઞાથી જ્યારે દૂતો માણસને દર્શન દે છે, ત્યારે તેઓ માનવી જેવું ભૌતિક શરીર યા એવો દેખાય તેવો આકાર ધારણ કરે છે. બાઈબલમાં એના અનેક દાખલા છે. (જુઓ ઉત્પત્તિ ૧૮:૨. યોહાન ૨૦:૧૨. લૂક ૨૪:૪. પ્રે. કૃ. ૧:૧૦).

**'વેગે ઊડી આવીને'** (૯:૨૧). કલમ ૨૩માં આપ્યું છે: ''તેં વિનંતી કરવા માંડી તે **વખતે** પ્રભુની આજ્ઞા થઈ તેથી તને માહિતી આપવા સારુ હું આવ્યો છું''. દાનિયેલે પ્રાર્થના કરવા માંડી તે જ સમયે પ્રભુએ ગાબ્રિયેલ દૂતને હુકમ આપ્યો, ને મોકલ્યો. અને હજી પ્રાર્થના પૂરી થાય ત્યાર પહેલાં દૂત દાનિયેલ પાસે આવી પહોંચ્યો. છેક સ્વર્ગ (પારાદેસ) થી પૃથ્વી ઉપર. (અધ્યાયમાં આપેલી પ્રાર્થનાની લંબાઈ આશરે પાંચ-સાત મિનિટની હશે એટલામાં) દૂત આવી પહોંચ્યો ! કેટલી ગજબની ગતિ ! આપણે અગાઉ જોઈ ગયા કે કુલ ત્રણ આસમાન છે: પહેલું વાયુમંડળ, બીજું ગગનમંડળ જ્યાં સૂર્ય, ચંદ્ર અને તારાઓ છે, અને ત્રીજું પારાદેસ યા સ્વર્ગ જ્યાં ત્રૈક ઈશ્વર અને તેના દૂતો તેમ જ વિશ્વાસમાં મૃત્યુ પામેલાંના આત્માઓ રહે છે. હવે બીજા આસમાનનો સૂર્ય પૃથ્વીથી ૧૪ કરોડ અને ૯૬ લાખ કિલોમીટર (૯ કરોડ અને ૩૦ લાખ માઈલ) દૂર છે. તો પારાદેસ (સ્વર્ગ) તો કેટલું દૂર હશે ! એટલે દૂર કરોડો કિલોમીટર દૂરથી ગાબ્રિયેલ દૂત પાંચ-સાત મિનિટમાં જ પૃથ્વી પર દાનિયેલની પાસે આવ્યો ! એ કેટલી ગજબની ગતિ ! પ્રકાશ પ્રત્યેક સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલની ઝડપે ગતિ કરે છે. પણ આ દૂતની ગતિ તો પ્રકાશની ગતિ કરતાંયે અનેકગણી થઈ કહેવાય !

**''સાંજના અર્પણની વેળાએ.''** યરુશાલેમના મંદિરમાં સવારમાં અને સાંજે અર્પણો ચઢાવવામાં આવતાં હતાં. સાંજનું અર્પણ બપોર પછીના ત્રણે વાગે ચઢતું. પ્રભુ ઈસુ પણ 'સાંજના અર્પણની વેળાએ' મૃત્યુ પામ્યા, - પોતાનો પ્રાણ છોડયો. બરાબર ત્રણ વાગે પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા. એ સાંજના અર્પણની વેળાએ ગાબ્રિયેલ દાનિયેલની પાસે આવ્યો.

બાબિલોનમાં પ્રભુનું મંદિર નહોતું, અને યરુશાલેમમાં પણ મંદિરનો



ચિત્ર ૯

દાનિયેલ પ્રાર્થના કરે છે (દાનિયેલ ૯:૩-૨૦)

નાશ થયો હતો, - નબૂખાદનેસ્સારે કર્યો હતો. છતાં ભક્ત દાનિયેલ યરુશાલેમ (અને તેના મંદિર) તરફની બારી ઉઘાડી કરીને યરુશાલેમ તરફ મુખ રાખીને, મંદિરમાં થતાં ભજન-ભક્તિ-યજ્ઞોના સમયે પ્રાર્થના કરતો હતો. બાઇબલમાં ૧ રાજા ૮:૪૬-૫૩માં આપ્યું છે તેમ બંદિવાસમાં ગયેલા પ્રભુના લોક યરુશાલેમના મંદિર તરફ મોં ફેરવીને પ્રાર્થના કરે ત્યારે 'હે પ્રભુ, તું સાંભળજે', - એ પ્રમાણે દાનિયેલ કરતો. "જ્યારે દાનિયેલે જાણ્યું કે ફરમાન ઉપર સહી કરવામાં આવી છે, ત્યારે તે પોતાને ઘેર ગયો; (તેના ઓરડાની બારીઓ તો યરુશાલેમ તરફ ઉઘાડી રહેતી હતી;) અને તે અગાઉ કરતો હતો તેમ, દિવસમાં ત્રણ વાર ઘૂંટણિયે પડીને તેણે પ્રાર્થના કરી, ને પોતાના દેવની આભારસ્તુતિ કરી" (દાનિયેલ ૬:૧૦).

**"તને બુદ્ધિ તથા સમજશક્તિ આપવા સારુ આવ્યો છું"** (૯:૨૨). જન્મથી કુદરતી રીતે જે બુદ્ધિમત્તાનો આપણને વારસો મળ્યો હોય, અને બૌદ્ધિક કસરતો દ્વારા બુદ્ધિનો વિકાસ કર્યો હોય એ તો સામાન્ય વાત થઈ. પણ ઈશ્વર પણ બુદ્ધિ અને સમજશક્તિ આપે છે. સ્વપ્નના ખુલાસા કરવાની તથા મહા વ્યવસ્થા કરવાની શક્તિ પ્રભુએ યૂસફને આપી; એમ જ દાનિયેલને, અને એમ જ અનેક ભક્તોને. (વળી જુઓ, ગીતશાસ્ત્ર ૧૧૯:૯૮-૧૦૦).

**"તું અતિ પ્રિય છે"** (૯:૨૩). આ કેટલું ભવ્ય સર્ટિફિકેટ ! વિચાર તો કરો કે પૃથ્વી પરનો એક માનવી, રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુનો અને સ્વર્ગનો **'અતિ પ્રિય'** બની રહે ! આપણે માટે પણ એ પદ ખુલ્લું છે.

**૩. સિત્તેર અઠવાડિયાં સંબંધીનું ભવિષ્યવચન :**

૨૪ "અપરાધ બંધ પાડવાને, પાપનો અંત આણવાને, ને દુરાચારનું પ્રાયશ્ચિત કરવાને, ને સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવાને, ને સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરવાને, ને **પરમપવિત્ર**નો અભિષેક કરવાને, તારા લોકને શિર તથા તારા પવિત્ર નગરને શિર સિત્તેર **અઠવાડિયાં** નિર્માણ કરેલાં છે. ૨૫ એ માટે જાણ તથા સમજ કે, યરુશાલેમની મરામત કરવાનો તથા તેને [ફરી] બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી તે **અભિષિક્ત સરદારના** વખત સુધીમાં સાત

અઠવાડિયાં વીતશે; અને બાસઠ અઠવાડિયાંમાં, શેરીઓ તથા ખાઈસહિત, અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરીથી બંધાશે. ૨૬ એ બાસઠ અઠવાડિયાં પછી અભિષિક્ત [સરદાર] કાપી નંખાશે, ને તેનું કંઈ પણ રહેશે નહિ. **પછી જે સરદાર આવશે** તેના માણસો નગરનો તથા પવિત્રસ્થાનનો નાશ કરશે; અને તેનો અંત રેલથી આવશે, ને છેક અંત સુધી યુદ્ધ ચાલશે. તેની પાયમાલી નિર્માણ થયેલી છે. ૨૭ તે **ઘણાઓની સાથે** એક અઠવાડિયા સુધીનો પાકો કરાર કરશે; અને તે અઠવાડિયાની અધવચમાં તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે. **પછી ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર વેરાન કરનાર [આવશે]**; અને જે નિર્માણ થયેલું છે તે પૂરું થતાં સુધી વેરાન કરનાર પર ક્રોધ રેડવામાં આવશે'' (૯:૨૪-૨૭).

**'અઠવાડિયું', 'અઠવાડિયાં':** ગુજરાતી શબ્દ 'અઠવાડિયું' તે બરાબર નથી. 'અષ્ટ' એટલે 'આઠ', અને 'અઠવાડિયું' એટલે આઠવારિયું, જ્યારે 'અઠવાડિયા' માં તો સાત જ વાર હોય છે. ખરું જોતાં એને સપ્તવાડિયું અથવા સપ્તાહ કહેવું જોઈએ. **''સાર્થ જોડણીકોશ'**માં પણ આવું આપવામાં આવ્યું છે:

**અઠવાડિયું** ન૦ (सं. अष्टवारिक) સાત વારનો સમય.
**–ક વિ૰** દર આઠમે દિવસે થતું (૨) ન૦ દર આઠમે દિવસે પ્રગટ થતું પત્ર.

અમુક જમાનામાં અમુક દેશોમાં પાંચ દિવસનું 'અઠવાડિયું' હતું, અને કોઈ દેશો (દા. ત. રોમ)માં આઠ દિવસનું પણ હતું. ભારતમાં અગાઉ કોઈ સમયે આઠ દિવસનું અઠવાડિયું હતું, એટલે એ अष्टावारिक અથવા 'અઠવાડિયું' કહેવાયું. પાછળથી સાત વારનો સપ્તાહ થયો, તોપણ 'અઠવાડિયું' શબ્દ ચાલુ રહ્યો. હિબ્રૂ ભાષામાં બાઇબલમાં અઠવાડિયા માટેનો જે 'શાબુઆ' શબ્દ છે, તેનો બંધબેસતો અને ખરો તરજુમો 'સપ્તાહ' થાય છે.

બીજી એક વાત. આપણે ત્યાં તો સાત વારને માટે જ 'સપ્તાહ' શબ્દ છે. પણ યહૂદી પ્રજામાં સાત દિવસનો સપ્તાહ, સાત માસનો સપ્તાહ, સાત વર્ષનો સપ્તાહ, અને સાત સાત વર્ષનાં સાત ઝૂમખાંને પણ સપ્તાહ કહેવામાં આવતો (જુઓ લેવીય ૨૩:૮). જેમ કે સાત સાત વર્ષનાં

સાત ઝૂમખાં (એટલે ૪૯ વર્ષ) પછીનું વર્ષ તે **જ્યુબિલી વર્ષ** ગણાતું. અહીં દાનિયેલ ૯:૨૪ - ૨૭માં આપેલાં અઠવાડિયાં (સપ્તાહ) તે, સાત વર્ષનો એક સપ્તાહ ('અઠવાડિયું'), એ લેખે આપવામાં આવ્યાં છે. એમ, સિત્તેર અઠવાડિયાં એટલે (૭૦X૭=) ૪૯૦ વર્ષ. રોમન કેથોલિક ગુજરાતી બાઇબલમાં તેથી જ ''સિત્તેર ગુણ્યા સાત વર્ષ નક્કી થયાં છે'' એવો તરજુમો કર્યો છે (૯:૨૪).

યહૂદી ઇતિહાસમાં ૪૯૦ વર્ષોના ચાર તબક્કા આવી જાય છે. તે આ પ્રમાણે છે : આબ્રાહમની સાથેના કરારથી માંડીને કનાન-પ્રવેશ સુધીનાં ૪૯૦ વર્ષનો **પહેલો** તબક્કો; કનાન-પ્રવેશથી માંડીને શાઉલ રાજા થયો ત્યાં સુધીનાં ૪૯૦ વર્ષનો **બીજો** તબક્કો; રાજાશાહી શરૂ થઈ ત્યારથી માંડીને બાબેલના બંદિવાસ સુધીનાં ૪૯૦ વર્ષનો **ત્રીજો** તબક્કો; અને છેલ્લે યરુશાલેમ અને તેના કોટ બાંધવાના શાહી હુકમથી માંડીને એક હજાર વર્ષના રાજ્યની શરૂઆત સુધીનાં ૪૯૦ વર્ષનો **ચોથો** તબક્કો થાય. આ ચોથા તબક્કામાં 'મંડળી'નો સમય ગણવામાં આવ્યો નથી. બાઇબલના ઇતિહાસમાં યહૂદીઓ જ્યારે યરુશાલેમમાં અને વતનમાં ન હોય, અને મંદિર તેઓના કબજામાં ન હોય, તે વર્ષો તેમના ઇતિહાસમાં ઈશ્વર ગણતો નથી; વિદેશીઓની સત્તા યહૂદી ઇતિહાસમાં ગણાતી નથી. એટલે 'મંડળી'નો જમાનો ચાલે છે, એ વર્ષો વિદેશીઓના જમાનામાં ગણાતાં હોઈ, ઇઝરાયલના ધાર્મિક (બાઇબલ વિષયક), ઇતિહાસમાં ગણાતાં નથી. એટલે **ચોથા** તબક્કામાં 'મંડળીનો આખો જમાનો' નહિ ગણતાં, એ મંડળીના યુગ પછી આવનાર સાત વર્ષનું 'અઠવાડિયું' આગલા સમય સાથે જોડી દીધું છે.

ભવિષ્યકથનમાં 'સિત્તેર અઠવાડિયાં'ના ત્રણ ભાગ પાડયા છે. ૭ અઠવાડિયાંમાં (૪૯ વર્ષ) + ૬૨ અઠવાડિયાં (૪૩૪ વર્ષ), અને છેવટમાં ૧ અઠવાડિયું (૭ વર્ષ). પહેલા બે ભાગનો સરવાળો ૬૯ અઠવાડિયાં (૪૮૩ વર્ષ) થાય. એમાં છેલ્લાં સાત વર્ષ ઉમેરતાં ૪૯૦ વર્ષ થાય. પ્રથમનાં ૬૯ અઠવાડિયાં (૪૮૩ વર્ષ) અને છેલ્લા અઠવાડિયા (૭ વર્ષ) વચ્ચે મંડળીનો જમાનો છે.

આપણે અગાઉ જોઈ ગયા તેમ પ્રભુ ઈસુના પહેલા આગમન અને બીજા આગમન વચ્ચે મંડળીનો જમાનો અત્યારે ચાલે છે, તે સંબંધી

જૂના કરારના કોઈપણ પ્રબોધકે ભવિષ્યકથન કર્યું નથી, તેમને એ જમાના સંબંધી ખ્યાલ પણ નહોતો, અને ઈશ્વરે તેમને એ 'મર્મ' સંબંધી કોઈ સંદર્શન કે અણસારો આપ્યો નહોતો. એટલે જ મંડળીના જમાના અગાઉના બનાવો અને મંડળીના જમાના પછીના બનાવો વિશેનું સળંગ ભવિષ્યકથન જૂના કરારમાં જોવા મળે છે. અહીં આ નવમા અધ્યાયમાં પણ ૬૯ અઠવાડિયાં પછી તરત ૭૦મું અઠવાડિયું જણાવ્યું છે, અને એ અઠવાડિયામાં બનનારા બનાવો આગલા ભાગ સાથે સળંગ લીધા છે. મૂર્તિવાળા સ્વપ્નમાં પણ લોખંડના પગ અને પાટલીઓ - તેનાં દશ આંગળાં સાથે - એ બધું સાથે બતાવ્યું છે. દશ આંગળાંના પ્રતીકવાળા દશ રાજાઓની અગાઉ મંડળીનો આવનાર યુગ અંદર દર્શાવ્યો નથી. વળી, આ 'સિત્તેર અઠવાડિયાં'નું ભવિષ્યકથન મંડળીને માટે નથી, પણ ઇઝરાયલ પ્રજાને માટે છે.

કલમ ૨૪માં આપેલી છ બાબતો બને તે પહેલાં **"તારા લોકને શિર (ઈઝરાયલ લોકને શિર) તથા તારા પવિત્ર નગરને શિર (યરુશાલેમને શિર) સિત્તેર અઠવાડિયાં (સાત વરસનાં એવાં સિત્તેર સપ્તાહ) નિર્માણ કરેલાં છે"** (૯:૨૪). દાનિયેલ તો યિર્મેયાના ભવિષ્યકથન પરથી એમ સમજતો હતો કે ૭૦ વર્ષનો બંદિવાસ પૂરો થવામાં હવે બે જ વર્ષ બાકી છે. અને પછી પોતાના યહૂદી લોકો પાલેસ્તાઈનમાં પાછા જશે, તેમના હાથમાં રાજસત્તા આવશે, અને તેઓ ફરી મહિમાવાન પ્રજા બનશે. પણ મૂર્તિના ચાર ભાગસમાં અને ચાર પ્રાણીઓસમાં ચાર સામ્રાજ્યો થશે, તો પછી યહૂદીઓના હાથમાં રાજસત્તા આવે ને તેઓ મહિમાવંતી પ્રજા બને, - એ બધું કેવી રીતે બને ? આ વિચારથી દાનિયેલનું મન ગૂંચવાયું હતું. તે પ્રાર્થના દ્વારા આ જાણવા અને પોતાની પ્રજાને પ્રભુ મહિમાવંતી કરે તે માટે ઈશ્વરને આજીજીઓ કરતો હતો.

એ સમયે પ્રભુએ ગાબ્રિયેલ દૂત દ્વારા જણાવ્યું કે, તારી યહૂદી પ્રજાનો સુવર્ણયુગ ઊગે તે પૂર્વે એ (યહૂદી પ્રજા) ને માથે અને યરુશાલેમ શહેરને માથે ૭૦ અઠવાડિયાં યા ૪૯૦ વર્ષ વીતવાનાં છે. પણ એ પરથી પ્રશ્ન ઊભો થાય છે કે આ સિત્તેર વર્ષ ક્યાંથી ગણવાં ?

**આ સિત્તેર વર્ષની ગણતરી ક્યાંથી કરવી ?**

આ પ્રશ્નનો જવાબ અંદર જ આપવામાં આવ્યો છે. કલમ ૨૫માં જણાવ્યું છે કે, **"એ માટે જાણ તથા સમજ કે, યરુશાલેમની મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી...."** આ ગણતરી આપણે યરુશાલેમ શહેરને મરામત કરવાનો તથા તેને ફરી બાંધવાનો શાહી હુકમ પ્રગટ થયો હોય ત્યાંથી કરવાની છે. તો એ હુકમ ક્યારે પ્રગટ થયો ? એ વિશે જુદા જુદા ચાર અભિપ્રાય છે. એ ચારેને આપણે વારાફરતી જોઈએ.

**(૧) પહેલો હુકમ :** કોરેશ (અં. સાયરસ) રાજાએ ઈ. પૂર્વે ૫૩૬માં આપ્યો. એઝરા ૧:૧ - ૪માં એ આપવામાં આવ્યો છે.

૧ "ઈરાનના રાજા કોરેશને પહેલે વર્ષે (ઈ. પૂર્વે ૫૩૬માં) યહોવાએ, યિર્મેયાના મુખથી અપાયેલું યહોવાનું વચન પૂરું કરવા માટે, કોરેશ રાજાના મનમાં એવી પ્રેરણા કરી કે, તેણે પોતાના આખા રાજ્યમાં, લિખિત ઢંઢેરો પિટાવ્યો. ૨ તેમાં તેણે પોતે કહ્યું કે, આકાશના દેવ યહોવાએ મને પૃથ્વીનાં સર્વ રાજ્યો આપ્યાં છે, ને યહૂદિયામાંના યરુશાલેમમાં તેને સારુ મંદિર બાંધવાની મને આજ્ઞા આપી છે. ૩ તેના સર્વ લોકોમાંનો જે કોઈ તમારામાં હોય, તેનો દેવ તેની સાથે હો, ને તે યહૂદિયાના યરુશાલેમમાં જઈને ઇઝરાયલના દેવ યહોવાનું મંદિર બાંધે, (યહોવા તે જ [ખરો] દેવ છે). ૪ કોઈપણ સ્થળે એમાંનો જે કોઈ બાકી રહેલો હોય, તેને ત્યાંના લોકો યરુશાલેમમાંના દેવના મંદિરને માટે ઐચ્છિકાર્પણો ઉપરાંત સોનુંરૂપું, સરસામાન અને પશુઓ આપીને તેની સહાય કરે."

એ જ વાત ૨ કાળવૃત્તાંત ૩૬:૨૨ - ૨૩માં પણ આપવામાં આવી છે. પરંતુ આ ઢંઢેરામાં ફક્ત મંદિર બાંધવાની વાત આવે છે. એમાં યરુશાલેમ શહેરને ફરી બાંધવા વિશે કે એનો કોટ ફરી બાંધવા વિશે કોઈ ઉલ્લેખ નથી. એટલે ગાબ્રિયેલ દૂતે કહેલી યરુશાલેમને ફરી બાંધવાની તથા યરુશાલેમના કોટ ફરી બાંધવાની વાત અહીં પૂરી નથી થતી. તેથી આમાં એ હુકમ દેખાતો નથી. એટલે બીજી કોઈ વખતે અન્ય કોઈ રાજાએ એવો હુકમ આપ્યો છે કે કેમ તે જોઈએ.

એ પૂર્વે કોરેશે મંદિર બાંધવાના આપેલા હુકમ વિશે જોઈએ કે તેનું શું થયું. એઝરા ૨:૬૪-૬૭ પ્રમાણે લગભગ ૫૦,૦૦૦ જેટલાં માણસો યરુશાલેમનું મંદિર બાંધવા બાબિલોનથી યરુશાલેમ આવ્યાં. ત્યાં લખ્યું છે : "આખી જમાતની કુલ સંખ્યા બેતાળીસ હજાર ત્રણસો સાઠ હતી. તે ઉપરાંત તેઓનાં દાસો તથા દાસીઓ, સાત હજાર ત્રણસો સાડત્રીસ હતાં. તેમાં ગવૈયાઓ તથા ગાનારીઓ બસો હતાં. તેઓના ઘોડા સાતસો છત્રીસ હતા; ખચ્ચર બસો પિસ્તાળીસ હતાં. ઊંટ ચારસો પાંત્રીસ, અને ગધેડાં છ હજાર સાતસોવીસ હતાં." તેઓએ મંદિર બાંધવાનું હોંશે હોંશે શરૂ કર્યું, પણ તેમના શત્રુઓની ભારે પજવણી તથા ચઢવણીને કારણે કામ અટકી ગયું.

**(૨) બીજો હુકમ :** આ બીજો હુકમ ઈ. પૂર્વે ૫૧૯માં (એટલે કે કોરેશના ઈ. પૂર્વે ૫૩૬ના હુકમ પછી ૧૭ વર્ષ બાદ) દાર્યાવેશ (અં. દારિયસ) રાજાએ આપ્યો. એઝરા ૫:૧-૧૭માં વિગતવાર આપવામાં આવ્યું છે કે, યહૂદીઓ મંદિર બાંધતા હતા, ત્યારે એ કામ માટે રાજાએ તેમને પરવાનગી આપી નથી, પણ બંડ ઉઠાવવા માટે તેઓ મંદિર બાંધી રહ્યા છે, એવું તહોમત શત્રુઓએ મૂક્યું, અને રાજા (દાર્યાવેશ) ને એવી અરજી પણ કરી, અને લખ્યું કે કોરેશે મંદિર બાંધવાની કોઈ એવી મંજૂરી આપી હતી કે કેમ તેની તપાસ કરવામાં આવે. દાર્યાવેશે એ તપાસ કરી પણ ખરી. અને તે તપાસમાં કોરેશના હુકમનાં લખાણો મળી આવ્યાં.

એટલે દાર્યાવેશ રાજાએ **"નદી પારના સૂબાઓને"** હુકમ લખાવી મોકલ્યો કે યહૂદીઓને મંદિર બાંધતાં અટકાવવા નહિ, પણ બાંધવા દેવું, તેમ જ યથાયોગ્ય સહાય પણ કરવી. એટલે હવે મંદિરનું કામ પાછું શરૂ થયું, અને આખરે ૧૭ વર્ષના ગાળા પછી ઈ. પૂર્વે ૫૧૯માં પૂરું થયું. "દાર્યાવેશ રાજાના રાજ્યના છઠ્ઠા વર્ષમાં, અદાર માસને ત્રીજે દિવસે, એ મંદિર પૂરેપૂરું બંધાઈ રહ્યું" (એઝરા ૬:૧૫).

આમ, આ હુકમ નવો હુકમ નહોતો; માત્ર કોરેશના અગાઉના હુકમને ફરીથી માન્યતા આપવામાં આવી.

**(૩) ત્રીજો હુકમ:** આ ત્રીજો હુકમ ઈરાનના રાજા અહાશ્વેરોશે ઈ. પૂર્વે ૪૫૮માં બહાર પાડયો. પણ ખરેખર તો એ કોઈ હુકમ નહોતો, પણ એઝરાને અધિકારયુક્ત પરવાનો આપ્યો કે તે યરુશાલેમ જાય, અને નવા બંધાયેલા મંદિરની વેદી ઉપર યજ્ઞાર્પણો ચઢાવવા માટે જોઈતાં પશુઓ અને બીજી જરૂરી સામગ્રી ખરીદી શકે એ માટે નાણાં ઊભાં

કરે. એ વિશે વિગતવાર વર્ણન એઝરા ૭:૧ - ૨૨માં આપવામાં આવ્યું છે. એટલે આપણે જોઈએ કે યરુશાલેમ તથા તેનો કોટ બાંધવાનો હુકમ આપવામાં આવ્યો છે કે કેમ.

**(૪) ચોથો હુકમ :** આ હુકમ (ચોથો હુકમ) ઈ. પૂર્વે ૪૪૫માં આર્તાહશાસ્તાએ (આર્તઝર્કસિસ લોન્જીમાનસે) આપ્યો હતો. નહેમ્યા ૨:૧ - ૮માં એ વિશેની વાત છે. આર્તાહશાસ્તા રાજાના રાજ્યકાળના વીસમા વર્ષે નિસાન માસમાં આ હુકમ રાજાએ આપ્યો. રાજા ઈ. પૂર્વે ૪૬૫માં ગાદીએ આવ્યો. એના રાજ્યકાળનું વીસમું વર્ષ એટલે ઈ. પૂર્વે ૪૪૫. હવે **''નિસાન માસમાં''** એ વિશે જોઈએ. યહૂદી ઇતિહાસકાર જોસીફસ જણાવે છે તેમ, યહૂદીઓ રાજાઓની કારકિર્દી નિસાન માસની પહેલીથી ગણતા. એ પ્રથા મુજબ નિસાનની પહેલી એટલે આપણા કેલેન્ડર પ્રમાણે માર્ચની ૧૪મી થઈ. આમ, આ હુકમ ઈ. પૂર્વે ૪૪૫ના માર્ચની ૧૪મીએ આપવામાં આવ્યો.

આ રાજાનો પાત્રવાહક નહેમ્યા હતો. રાજાનો 'પાત્રવાહક' એટલે બહુ મોટી પદવી, અને એવું જ મોટું માન. રાજાના અંગત સલાહકાર જેવો એ માણસ. એ ધર્મે અને જાતે યહૂદી હતો. આ ચોક્કસ દિવસે નહેમ્યા રાજાને દ્રાક્ષારસ આપતો હતો, ત્યારે યરુશાલેમ શહેર અને એના કોટની બિસ્માર હાલત વિશે રાજા સાથે વાત થઈ. અને એ ઉપરથી અહાશ્વેરોશ રાજાએ નહેમ્યાને યરુશાલેમ જઈ, એ શહેરને તથા એના કોટને બાંધવા જવા પરવાનગી આપી, અને હુકમ કર્યો.

નબૂખાદનેસ્સારે યહૂદિયાના રાજ્ય પર ઈ. પૂર્વે ૬૦૬માં હુમલો કરીને એને જીતી લીધું હતું, યરુશાલેમ શહેર ઉજ્જડ બન્યું હતું, પાછળથી મંદિર પણ તોડી નાખ્યું હતું, અને લોકો બંદિ તરીકે લઈ જવાયા હતા, અને બંદિવાસમાં ઈઝરાયલી લોકોને ૬૮ વર્ષ પૂરાં થયાં હતાં, તથા બંદિવાસનાં બે જ વર્ષ બાકી રહ્યાં હતાં ત્યારે આ ભવિષ્યકથન કહેવામાં આવ્યું હતું કે, ''શેરીઓ તથા ખાઈ સહિત, અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરીથી બંધાશે'' (દાનિયેલ ૯:૨૫).

બાર વર્ષના ગાળામાં નહેમ્યાએ યરુશાલેમ શહેર અને એના કોટ બાંધ્યા. આસપાસના શત્રુઓએ એમને ખૂબ હેરાનગતિ પહોંચાડી અને હુમલા પણ કર્યા. એટલે હાથમાં શસ્ત્રો રાખીને નહેમ્યાના લોકોએ કામ બજાવ્યું. એમ, દાનિયેલ ૯:૨૫ પ્રમાણે ''શેરીઓ તથા ખાઈ સહિત, અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરી બંધાશે,'' એ પૂર્ણ થયું.

આ ચોથો હુકમ એ જ માત્ર યરુશાલેમ શહેર તથા કોટ બાંધવા માટેનો હુકમ છે. તેથી એ હુકમ પ્રગટ થયાની તારીખથી, એટલે કે ઈ. પૂર્વે ૪૪૫ના નિસાનની પહેલી તારીખથી અથવા માર્ચની ૧૪મીથી 'સિત્તેર અઠવાડિયાં'ની ગણતરી કરવાની છે. દાનિયેલ ૯:૨૫-૨૬નો પાઠ અસ્પષ્ટ છે. એ પાઠને, સ્પષ્ટ સમજને માટે ઘણા અંગ્રેજી તરજુમાઓ મુજબ આમ મૂકી શકાય :

૨૫ ''એ માટે જાણ તથા સમજ કે, યરુશાલેમની મરામત કરવાનો તથા તેને [ફરી] બાંધવાનો હુકમ પ્રગટ થયાના વખતથી તે અભિષિક્ત સરદારના વખત સુધીમાં સાત અઠવાડિયાં વીતશે; અને બાસઠ અઠવાડિયાંમાં, શેરીઓ તથા ખાઈ સહિત, અંધાધૂંધીના સમયોમાં પણ તે ફરીથી બંધાશે. ૨૬ એ બાસઠ અઠવાડિયાં પછી અભિષિક્ત સરદાર કાપી નંખાશે, ને તેનું કંઈ પણ રહેશે નહિ;....''

આ પ્રમાણે પાઠને મૂકવાથી અર્થ વધારે સ્પષ્ટ થાય છે, ઉપરાંત પાઠ ખરો બને છે.

પહેલાં 'સાત અઠવાડિયાં' (૪૯ વર્ષ)માં યરુશાલેમ શહેર ફરીથી બાંધવાનું, એના કોટ ફરી ચણવાનું, અને એની બહાર ખાઈઓ બનાવવાનું, એ બધું પૂરું થયું. અંદર કલમ ૨૫માં આપ્યું છે તેમ અંધાધૂંધીના સમયોમાં પણ, એટલે કે શત્રુઓના સખત હુમલાઓ સામે હથિયારો ધારણ કરીને પણ એ બધું કામ પૂર્ણ કર્યું.

ઉપર આપેલી ૨૫-૨૬ કલમો બતાવે છે કે, એ હુકમ પ્રગટ થયાના સમય (એટલે ઈ. પૂર્વે ૪૪૫ના માર્ચની ૧૪મી) થી તે અભિષિક્ત સરદારના સમય સુધીમાં ૭ + ૬૨ = ૬૯ 'અઠવાડિયાં' (સપ્તાહ) થશે. અને એ ૬૯ સપ્તાહ પૂરાં થયા **પછી** 'અભિષિક્ત સરદાર' કાપી નંખાશે. આમ, આ ૬૯ સપ્તાહ ગણવામાં બે અગત્યની ચાવીઓ આપણે તપાસી લઈ નક્કી કરવાની રહી.

**એક: 'અભિષિકત સરદાર' એ કોણ ?** ગુજરાતીમાં 'અભિષિક્ત' લખ્યું છે; પણ મૂળ હિબ્રૂ ભાષામાં **'મસીહ'** લખ્યું છે. 'મસીહ' એટલે ગુજરાતીમાં 'અભિષિકત', અને ગ્રીકમાં એનો તરજુમો **'ખ્રિસ્ત'** થાય છે. એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિશે એ લખાયું છે તે સ્પષ્ટ થઈ જાય છે. 'સરદાર' એ રાજા બનવાને રસ્તે એવી વ્યક્તિ. અંગ્રેજીમાં 'પ્રીન્સ' છે. પ્રભુ ઈસુ પહેલી વખતે આવ્યા ત્યારે, રાજા તરીકે નહોતા આવ્યા, એટલે એમના માટે 'મસીહ સરદાર' (અભિષિકત સરદાર) એવો ઈલકાબ બિલકુલ વાજબી છે.

**બીજી : ''અભિષિક્ત સરદાર' ના વખત સુધીમાં'', એ વાક્યમાં 'સુધીમાં' એટલે પ્રભુ ઈસુના જીવનનો કયો તબક્કો ?** ક્રૂસની વાત તો ૬૯ અઠવાડિયાં **પછી** આવે છે. આપણે પ્રભુ ઈસુના જીવનના જુદા જુદા તબક્કા વિશે વિચારી જોઈએ કે એ તબક્કો બંધબેસતો છે કે નહિ.

એ માટે પ્રથમ તો આપણે ૬૯ અઠવાડિયાં વિશેની ચોખ્ખી ગણતરી સમજી લઈએ. તો, ૬૯ અઠવાડિયાં (વર્ષોનાં અઠવાડિયાં) ને સાતે ગુણીએ તો ૪૮૩ વર્ષો થાય. આમ, ઈ. પૂર્વે ૪૪૫ના માર્ચની ૧૪મીથી પ્રભુ ઈસુના સમય સુધીમાં યહૂદીઓનાં બરાબર ૪૮૩ વર્ષો થાય. યહૂદીઓનું ધાર્મિક વર્ષ ૩૬૦ દિવસનું હતું (વર્ષના બાર મહિના, અને પ્રત્યેક મહિનાના ૩૦ દિવસ)* એ પ્રમાણે ૪૮૩ વર્ષને ૩૬૦ વડે ગુણતાં ૧,૭૩,૮૮૦ દિવસ થાય. માર્ચ ૧૪,૪૪૫ (ઈ. પૂર્વે) થી પ્રભુ ઈસુના સમય સુધીના ૧,૭૩૮૮૦ દિવસ થાય. હવે આ દિવસો ઉપરથી આપણા કેલેન્ડર પ્રમાણેનાં સૌરવર્ષ કાઢીએ. સૌરવર્ષમાં ૩૬૫¼ દિવસ હોય છે એ સૌને વિદિત છે.

---

***યહૂદી વર્ષ ૩૬૦ દિવસનું, અને એક માસના ૩૦ દિવસ હતા.**

(૧) ઉત્પત્તિ ૭:૧૧ : ''નહૂના આયુષ્યના છસેંમા વર્ષના **બીજા મહિનાને સત્તરમે દહાડે**, તે જ દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં.'' કલમ ૨૪:''અને દોઢસો દહાડા લગી પૃથ્વી પર પાણીનું જોર ચાલ્યું.'' કલમ ૮:૪: ''અને **સાતમા મહિનાને સત્તરમે દહાડે** વહાણ અરારાટના પહાડો પર થંભ્યું.'' **ખુલાસો** : એમ પાંચ મહિના માટે ૧૫૦ દિવસ અહીં ગણ્યા છે. એટલે એક માસમાં ૩૦ દિવસ થાય.

(૨) દાનિયેલ ૧૨:૭ માં 'કાળ, કાળો, ને અડધો કાળ' (વર્ષ, બે વર્ષ, ને અડધું વર્ષ = સાડાત્રણ વર્ષ. એ જ ગાળા માટે પ્રકટી. ૧૨:૧૪માં ''સમય, સમયો, ને અડધો સમય'' (એક વર્ષ, બે વર્ષ, ને અડધું વર્ષ) એટલે સાડાત્રણ વર્ષ થયાં. વળી પ્રકટી. ૧૨:૬ માં એજ ગાળા માટે ૧૨૬૦ દિવસ આપ્યા છે, એટલે પણ

૨ આ ૧,૭૩૮૮૦ દિવસનાં, આપણા કેલેન્ડર પ્રમાણેનાં, સૌરવર્ષ, કાઢવા માટે આપણે ૧,૭૩,૮૮૦ દિવસને ૩૬૫¼ દિવસ વડે ભાગવા પડે.

૧,૭૩૮૮૦÷૩૬૫¼=૪૭૬ સૌરવર્ષ અને ૨૧ દિવસ થાય. (૩૬૫¼ વડે ભાગવા માટે પહેલાં ૩૬૫ વડે ભાગો, તો જવાબમાં ૪૭૬ સૌરવર્ષ અને ૧૪૦ દિવસ થશે. એને ¼ વડે - એટલે ૪ વડે ભાગવાથી ૧૧૯ પ્લુત વર્ષો (લીપ ઈયર્સ) થશે. એના ૧૧૯ દિવસ ૧૪૦ દિવસમાંથી બાદ કરો, તો ૨૧ દિવસ બાકી રહેશે.) એટલે કુલ ૪૭૬ અને ૨૧ દિવસ થયા.

એક બીજી વાત પણ અહીં ધ્યાનમાં લેવી રહી. આપણા સૌર વર્ષના ૩૬૫¼ દિવસ આપણે ગણીએ છીએ, અને માનીએ છીએ કે, પૃથ્વીને સૂર્યની આસપાસ એક પૂરી પ્રદક્ષિણા કરવામાં ૩૬૫¼ દિવસ થાય છે. પણ એ સંપૂર્ણ સત્ય નથી. પૃથ્વીને સૂર્યની આસપાસ પૂરી પ્રદક્ષિણા કરતાં ૩૬૫¼ દિવસ કરતાં ૧૧ મિનિટ અને ૧૦.૪૬ સેકન્ડ ઓછી લાગે છે. (એટલે કે એક દિવસનો એકસો ઓગણત્રીસમો ભાગ - યા ૦.૧૨૯ દિવસ - ઓછો થાય છે.) એટલે દર વર્ષે ૧૧ મિનિટ અને ૧૦.૪૬ સેકન્ડ ઓછી કરવાને બદલે ૧૨૯ વર્ષે એક દિવસ કેલેન્ડરમાંથી ઓછો કરવામાં આવે છે. આમ, ૪૭૬ વર્ષમાં (૪૭૬ ને ૧૨૯ વડે ભાગતાં) ત્રણ દિવસ ઓછા કરવાના રહે. પણ અહીં ઉપરના દાખલામાં આપણે ઊલટેથી ગણતાં હોઈને ૨૧ દિવસમાં ત્રણ દિવસ ઉમેરવા પડે, એટલે ૨૪ દિવસ થાય. એટલે

---

સાડાત્રણ વર્ષ થયાં. વળી પ્રકટી ૧૩:૫માં બેંતાળીસ મહિના એ જ ગાળા માટે આપ્યા છે. એમ, આ ચારે માપ પરથી એક ચોક્કસ ખુલાસો સ્પષ્ટ થાય છે કે, એક વર્ષમાં બાર મહિના, અને પ્રત્યેક મહિનામાં ૩૦ દિવસ હતા.

છેલ્લા 'સિત્તેરમા અઠવાડિયા' (સાતવર્ષ)ની 'અધવચમાં' એટલે સાડાત્રણ વર્ષ વીત્યા પછીનાં સાડાત્રણ વર્ષ માટે ઉપરનું માપ આપ્યું છે.

યૂહદીઓનાં ૪૮૩ ધાર્મિક વર્ષના ૩૬૦ દિવસ લેખે જે ૧,૭૩,૮૮૦ દિવસો આપણે ગણી કાઢેલા, તેના સૌરવર્ષ આપણે ઉપર કાઢ્યાં, તો ૪૭૬ સૌરવર્ષ અને ૨૪ દિવસ થયા.

ઉપરની ગણતરી પ્રમાણે ઈ. પૂર્વે ૪૪૫ના માર્ચની ૧૪મીથી ૪૭૬ વર્ષ અને ૨૪ દિવસ ઉમેરીએ તો બરાબર ઈસવી સનનો તા. ૬-૪-૩૨નો દિવસ આવીને ઊભો રહે. અને બરાબર એ જ દિવસે, એટલે કે, તા. ૬-૪-૩૨ને રોજ પ્રભુ ઈસુએ યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો હતો. એ પહેલો 'પામ સન્ડે' હતો. ઈ. પૂર્વે ૪૪૫ના માર્ચની ૧૪મીથી તા. ૬-૪-૩૨ સુધીમાં બરાબર ૧,૭૩,૮૮૦ દિવસો પૂરા થાય છે. આપણે એને જરા ગણી લઈએ.

બીજી એક વાત પણ જોઈ લઈએ. **યોહાન બાપ્તિસ્તના જન્મનો સમય :** લૂક ૧:૨૯-૩૬ પરથી જાણી શકાય છે કે યોહાન બાપ્તિસ્ત પ્રભુ ઈસુ કરતાં છ મહિના મોટો હતો. એનો અર્થ એ જ થાય કે એલિસાબેતે ગર્ભ ધારણ કર્યા પછી છ મહિને ગાબ્રિયેલ દૂતે મરિયમને દર્શન દીધું. તો આપણે હવે પ્રથમ એ જાણવું જરૂરી છે કે દૂતે ઝખાર્યાને યોહાનના જન્મ વિશે કયારે ભવિષ્યકથન જણાવ્યું, અને યોહાનનો જન્મ કયારે થયો. લૂક ૧:૫, ૮, ૯ માં આપવામાં આવ્યું છે કે, "અબિયાના વર્ગમાંનો ઝખાર્યા નામે એક યાજક હતો......તે પોતાના વર્ગના વારા પ્રમાણે યાજકનું કામ દેવની આગળ કરતો હતો. એટલામાં યાજકપદના રિવાજ પ્રમાણે પ્રભુના મંદિરમાં ધૂપ ચઢાવવાનો તેનો વારો આવ્યો."

દાઉદ રાજાએ યાજકોના ૨૪ વર્ગ પાડયા હતા, અને તેમના ક્રમ પ્રમાણે એ વર્ગોએ વારાફરતી પંદર પંદર દિવસ માટે મંદિરમાં સેવા આપવાની હતી (૧ કાળવૃત્તાંત ૨૪:૭-૧૮). અબિયાના વર્ગનો વારો આઠમો હતો (જુઓ કલમ ૧૦). દરેક યાજકે વર્ષમાં ૧૫ દિવસ (એટલે કે એક પખવાડિયું) માટે યાજકપદ તરીકેની સેવા આપવી રહેતી. એ પ્રમાણે ઝખાર્યાનો વારો યહૂદી ચોથા માસ તામ્મુઝના બીજા પખવાડિયા (જુલાઈના પહેલા પંદર દિવસ) માં આવ્યો. આ સમયે પ્રભુના દૂતે ઝખાર્યાને યોહાનના જન્મ સંબંધીનું ભવિષ્યકથન જણાવ્યું.

આથી ઝખાર્યા યાજકપદના વારામાંથી છૂટો થઈ ઘેર પાછો આવ્યો તે પછી એલિસાબેતે ઑગસ્ટની શરૂઆતમાં યોહાનનો ગર્ભ ધારણ કર્યો હોવો જોઈએ. પછીના વર્ષના મે માસની શરૂઆતમાં યોહાનનો જન્મ થયો હોવો જોઈએ. એલિસાબેતે ગર્ભ ધારણ કર્યાને છઠ્ઠે મહિને, એટલે કે જાન્યુઆરીમાં ગાબ્રિયેલે મરિયમને ઈસુજન્મનું ભવિષ્યકથન કરી વધામણી દીધી. આથી સમજાય છે કે મરિયમે પવિત્ર આત્માના યોગે જાન્યુઆરીમાં ગર્ભ ધારણ કર્યો, અને ઑક્ટોબરની શરૂઆતમાં ઈસુને જન્મ આપ્યો. તો, ઈ. પૂર્વે ૪ ના ઑક્ટોબરમાં ઈસુનો જન્મ થયો.

ડિસેમ્બરમાં પ્રભુ ઈસુનો જન્મ હોઈ શકે જ નહિ, કારણ, એ દિવસો (ડિસેમ્બર)માં પાલેસ્તાઈનમાં ભારે ઠંડી પડતી હોય છે, અને વરસાદ જોરથી પડતો હોય છે. અને ભરવાડો ડિસેમ્બરમાં પોતાનાં ટોળાં વગડામાં પડાવ નાખીને ચરાવતા ન જ હોય. પાલેસ્તાઈનમાં ગામ-ઘરથી દૂર પડાવ નાખીને પડેલા ભરવાડો ઑક્ટોબરની આખરમાં તો ઘેર આવતા રહે છે. એટલે મોડામાં મોડો ઑક્ટોબરમાં ઈસુનો જન્મ થયો હોય.

**પ્રભુ ઈસુનો જન્મ, જીવનકાળ, વિજયપ્રવેશ, અને મૃત્યુ ક્યારે થયાં ?**

**'અભિષિક્ત સરદારના સમય સુધીમાં'**, એમાં **'સમય સુધીમાં'** આપ્યું છે તેનો ચોક્કસ સમય સમજવા માટે પ્રભુ ઈસુના જન્મનો સમય અને એમના જીવનની અન્ય તવારીખો જાણવી જરૂરી બને છે. માટે એ સમયો વિશે અછડતું અવલોકન કરી લઈએ.

ઘણા જણ એમ માને છે કે, પ્રભુ ઈસુના જન્મના દિવસથી જ 'ઈસવી સન' શરૂ થઈ, અને પ્રભુ ઈસુ ઈ.સ. ૩૩માં મૃત્યુ પામ્યા. ના, એમ નથી બન્યું. શરૂઆત (ઈ. સ. ૫૩૩)માં એક સિથિયન સાધુ ડાયોનિસિયસ એક્ઝીગસને ઈસુના જન્મની ગણતરી કરવાનું સોંપેલું. તેની ગણતરીની ભૂલને લીધે ચાર-પાંચ વર્ષનો તફાવત રહ્યો છે.

પ્રભુ ઈસુનો જન્મ મહાન હેરોદ રાજાના મૃત્યુ પહેલાં થયો, એ તો સ્પષ્ટ હકીકત છે. કારણ, માગીઓ હેરોદને પૂછવા આવ્યા હતા કે, યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે ? અને એ પછી એ જ હેરોદ

રાજાએ બેથલેહેમ અને તેની આસપાસના વિસ્તારમાંથી હજારો બાળકોને મારી નંખાવ્યાં હતાં. આ હેરોદ મૃત્યુ પામ્યો તે સમયે યૂસફ અને મરિયમ બાળઈસુને લઈને મિસરમાં રહેતાં હતાં (માથ્થી ૨:૧૯, ૨૦).

પહેલી સદીમાં થઈ ગયેલા યહૂદી ઈતિહાસકાર જોસીફસનાં લખાણો, તેમ જ રોમન રાજ્યની તવારીખો પરથી એક ચોક્કસ વાત ફલિત થાય છે કે મહાન હેરોદ ઈ. પૂર્વે ૪મા આખરી દિવસોમાં મરી ગયો. એટલે પ્રભુ ઈસુનો જન્મ પણ ઈ. પૂર્વે ૪ના આખરી દિવસો પહેલાં થોડા સમય પર થયો હોવો જોઈએ. ઘણા અભ્યાસકો સંમત થાય છે કે કદાચ ઈ. પૂર્વે ૪ના ઑક્ટોબરમાં થયો હોવો જોઈએ.

લૂક ૩:૧-૨૩માં લખ્યું છે કે, ૧ "હવે તિબેરિયસ કાઈસારની કારકિર્દીને **પંદરમે વર્ષે,** જ્યારે પંતિયસ પિલાત યહૂદિયાનો અધિપતિ હતો, તથા હેરોદ ગાલીલનો રાજા હતો, તથા તેનો ભાઈ ફિલિપ ઈતુરાઈ તથા ત્રાખોનીતી દેશનો રાજા હતો, .... ૨ અને આન્નાસ તથા કાયાફાસ પ્રમુખ યાજકો હતા, **તે વખતે ઝખાર્યાના** દીકરા યોહાનની પાસે (ઈ.સ. ૨૯માં) રાનમાં દેવનું વચન આવ્યું. ૩ તે યરદનની આસપાસના આખા પ્રદેશમાં પાપોની માફીને સારુ પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રગટ કરતો આવ્યો.....૭ ત્યારે ઘણા લોકો તેનાથી બાપ્તિસ્મા પામવા સારુ આવ્યા.... ૨૩ **ઈસુ પોતે** [બોધ] કરવા લાગ્યો, ત્યારે તે આશરે **ત્રીસ વર્ષનો** હતો."

રોમન તવારીખો પ્રમાણે ઉપર જણાવેલા બધા અધિકારીઓની ચોક્કસ તારીખ કાઢવામાં આવે તો ઈ. સ. ૨૯માં એ સંજોગ હતા. હવે જો પ્રભુ ઈસુ ઈ.સ. ૨૯માં ૩૦ વર્ષના હતા, તો ઈ. સ. ૩૨માં તે તેત્રીસ વર્ષના થયા ગણાય. પ્રભુ ઈસુ લગભગ સાડાતેત્રીસ (૩૩½) વર્ષની ઉંમરે ક્રૂસે જડાયા. હવે જો પ્રભુ ઈસ.સ. પૂર્વે ૪ માં ઑક્ટોબરમાં જનમ્યા હોય તો એપ્રિલ ૧૧ (શુક્રવારે) ઈ.સ. ૩૨માં તે ૩૩½ વર્ષના થયા ગણાય.

**બીજી એક સાબિતી :** લૂકના બીજા અધ્યાયમાં ઑગસ્તસ બાદશાહે બધાંને પોતપોતાના વતનમાં નામ નોંધાવવા જવા ફરમાવેલું. એ ફરમાન ડિસેમ્બરમાં વરસાદ તેમ જ પુષ્કળ ઠંડી વરસતી હોય ત્યારે જવા માટે ન હોય. એટલે કે મરિયમ અને યૂસફ ડિસેમ્બરની અગાઉના

કોઈક મહિનામાં બેથલેહેમ ગયાં હશે. અને અગાઉ પ્રમાણો દ્વારા આપણે જોયું કે તેઓ ઑક્ટોબરમાં ગયાં હશે.

**સમીક્ષા :** આગળ આપણે જોઈ ગયા કે પ્રભુ ઈસુનો જન્મ ઈ. પૂર્વે ૪ ના ઑક્ટોબરમાં થયો હશે. વળી અગાઉ આપણે એ પણ જોઈ ગયા કે ઈસવી સન પૂર્વેમાંથી આપણે ઈસવી સન કાઢવાની હોય, તો વચ્ચેનું એક વર્ષ ઓછું કરવાનું હોય છે. ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમિકલ)ની ગણતરીમાં ઈતિહાસનું ૪૪૫ તે -૪૪૪ ગણાય છે, અથવા ઈ. પૂર્વે ૪ તે ખગોળશાસ્ત્રનું -૩ ગણાય છે. એમ, પ્રભુ ઈસુ ઈ. પૂર્વે ૪ના ઑક્ટોબરમાં જનમ્યા.

| | | | | |
|---|---|---|---|---|
| એમ, ઈ. પૂર્વે ૪ ઑક્ટોબરથી | ઈ.સ. ૧ ઑક્ટોબર | સુધી | | ૩ વર્ષ |
| ઈ.સ. ૧ | ,, | ઈ.સ. ૨ ,, | ,, | ૧ વર્ષ |
| ઈ.સ. ૨ | ,, | ઈ.સ. ૩૧ ,, | ,, | ૨૯ વર્ષ |
| | | | કુલ | ૩૩ વર્ષ |

હવે, ઈ. સ. ૩૧ ઑક્ટોબર થી ઈ. સ. ૩૨ એપ્રિલ ૬ સુધી ૫ માસ ૬ દિવસ થયા, એટલે 'વિજયપ્રવેશ'ના દિવસે પ્રભુ ઈસુ ૩૩ વર્ષ, ૫ માસ અને ૬ દિવસના હતા, અથવા ક્રૂસારોહણ માટે બીજા ૫ દિવસ ઉમેરતાં એપ્રિલ ૧૧મી આવે. અને ઈસ્ટર (પુનરુત્થાન) સુધીના બીજા બે દિવસ ઉમેરતાં એપ્રિલ ૧૩મી આવે.

| | | | | |
|---|---|---|---|---|
| તા. ૧૪-૩-૪૪૫ | ઈ. પૂર્વેથી | ૧૩-૩-૪૫ | સુધીનાં ૪૦૦વર્ષ | થયાં. |
| ૧૪-૩-૪૫ | ,, | ૧૩-૩-૧ | ,, ૪૪ વર્ષ | થયાં. |
| ૧૪-૩-૧ | ,, | ૧૩-૩-૧ | ઈ.સ. સુધીનાં૧ વર્ષ | થયું* |
| ૧૪-૩-૧ | ઈ.સ.થી | ૧૩-૩-૩૨ | ઈ.સ. સુધીનાં૩૧ વર્ષથયાં, | અને |
| ૧૪-૩-૩૨ | ઈ.સ. થી | ૬-૪-૩૨ | ઈ.સ. સુધીનાં૨૪દિવસ | થયા |
| | | | | (બંને દિ. ગણતાં) |

એમ, તા. ૧૪-૩-૪૪૫ (યહૂદી નિસાન ૧,૪૪૫) ઈ. પૂર્વે થી તા. ૬-૪-૩૨ (યહૂદી નિસાન ૧૦,૩૨) સુધીનાં ૪૭૬ વર્ષ (સૌર) અને ઉપર ૨૪ દિવસ થયા. એ જ દિવસે એટલે કે તા. ૬-૪-૩૨ (ઈસવી સન) રોજ પ્રભુ ઈસુએ યરુશાલેમમાં વિજયપ્રવેશ કર્યો હતો.

ઉપર ગણેલો આખો દાખલો આપણે ઊલટી રીતે ગણીએ. તારીખ ૧૪-૩-૪૪૫ (ઈ.પૂર્વે) થી તા. ૬-૪-૩૨ (ઈસવી સન) સુધીનાં ૪૭૬ વર્ષ અને ૨૪ દિવસ આપણે ગણ્યા. હવે ગણીએ:

| | | |
|---|---|---|
| ૪૭૬ સૌરવર્ષ x ૩૬૫ = | ૧,૭૩,૭૪૦ | દિવસ થયા. |
| એમાં ૧૧૯ પ્લુત (leap) વર્ષોના | ૧૧૯ | દિવસ ઉમેર્યા. |
| એમાં તા. ૧૪ માર્ચ ૩૨ થી ૬ એપ્રિલ ૩૨ સુધીના | ૨૪ | દિવસ ઉમેર્યા. |
| | કુલ ૧,૭૩,૮૮૩ | દિવસ થયા. |
| એમાંથી ૧૨૯ વર્ષે ૧ દિવસ લેખે ૪૭૬ના | -૩ | દિવસ કમી કર્યા. |
| | ૧,૭૩,૮૮૦ | દિવસ થયા. |

---

*ઈ. પૂર્વે થી ઈસવી સન ગણવામાં એક વર્ષ ઓછું કરવાનું હોય છે. ગણિતની દષ્ટિએ ઈ.પૂર્વે ૧ની અને ઈ.સ. ૧ ની વચ્ચે ૦ (શૂન્ય) સમય આવે. અને ગણિતની દષ્ટિએ ઈ.પૂર્વે ૧ થી ઈ.સ. ૧ સુધીમાં બે વર્ષ થાય. પણ વાસ્તવિકમાં એ માત્ર એક જ વર્ષ ગણાય છે. ઈ. પૂર્વે ૧ તો ખરી રીતે ઈ. પૂર્વે ૦ (શૂન્ય) ગણાય, અને ગણિતનું ઈ. પૂર્વે ૨ તે ઈ. પૂર્વે ૧ ગણાય. ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમિકલ)ની ગણતરીમાં ઇતિહાસનું ઈ.પૂર્વે ૪૪૫ તે -૪૪૪ ગણાય છે. એમ, ઈ. પૂર્વે થી ઈસવી સન ગણવામાં એક વર્ષ કમી કરવાનું હોય છે.

**પ્રભુ ઈસુએ યરુશાલેમમાં વિજયપ્રવેશ ક્યારે કર્યો ?**

ઈ.સ. ૩૨માં પાસ્ખાપર્વ, એટલે કે નિસાનનો ૧૪મો દિવસ (જુઓ નિર્ગમન ૧૨:૬. લેવીય ૨૩:૫), ઈ.સ. ૧૦-૪-૩૨ રોજ ગુરુવારે આવતું હતું.* પ્રભુ ઈસુ, યહૂદીઓના રિવાજ પ્રમાણે પાસ્ખાપર્વમાં ૬ દિવસ વહેલા ગયા હતા. યોહાન ૧૧:૫૫માં અને ૧૨:૧માં આ પ્રમાણે આપ્યું છે : ''હવે યહૂદીઓનું પાસ્ખાપર્વ પાસે આવ્યું હતું; અને પાસ્ખા અગાઉ પોતાને શુદ્ધ કરવાને માટે ઘણા લોકો બહારગામથી યરુશાલેમ ગયા હતા,..... પાસ્ખાપર્વના છ દહાડા અગાઉ ઈસુ બેથાનિયા આવ્યો.'' પહેલી સદીનો યહૂદી ઇતિહાસકાર જોસીફસ પણ એના 'વોર્સ' નામના પુસ્તકના VI ભાગમાં ૫:૩માં આમ લખે છે: ''ઝાન્થીકસ **(નિસાન) માસના આઠમા દિવસે** બેખમીર રોટલીના પર્વમાં તે લોકોનાં મોટેમોટાં ટોળાં આવ્યાં હતાં.'' પાસ્ખાપર્વ,

----------

* પાસ્ખાપર્વ નિસાન માસની ૧૪મીએ આવતું. અને એની સાંજે ૬ વાગ્યાથી નિસાનનો ૧૫મો દિવસ બેસતો, અને તે સમયથી જ બેખમીરી રોટલીનું સાત દિવસનું પર્વ શરૂ થતું. ઈ.સ. ૨૨-૩૭ સુધીની પાસ્ખાની પૂર્ણિમા પ્રત્યેક વર્ષે નીચે પ્રમાણેની તારીખોએ, સર રોબર્ટ એન્ડરસનની ગણતરી પ્રમાણે, આવતી હતી :

| ઈ.સ. | | | ઈ.સ | | |
|---|---|---|---|---|---|
| ૨૨ | ૫મી | એપ્રિલ | ૩૦ | ૬ઠ્ઠી | એપ્રિલ |
| ૨૩ | ૨૫મી | માર્ચ | ૩૧ | ૨૭મી | માર્ચ |
| ૨૪ | ૧૨મી | એપ્રિલ | ૩૨ | ૧૪મી | એપ્રિલ |
| ૨૫ | ૧લી | એપ્રિલ | ૩૩ | ૩જી | એપ્રિલ |
| ૨૬ | ૩૧મી | માર્ચ | ૩૪ | ૨૩મી | માર્ચ |
| ૨૭ | ૯મી | એપ્રિલ | ૩૫ | ૧૧મી | એપ્રિલ |
| ૨૮ | ૧૯મી | માર્ચ | ૩૬ | ૩૦મી | માર્ચ |
| ૨૯ | ૧૭મી | એપ્રિલ | ૩૭ | ૧૮મી | એપ્રિલ |

(ધી કમિંગ પ્રિન્સ, સર રોબર્ટ એન્ડરસન, પૃ.૧૦૪)

નિસાનના ૧૪મા દિવસે ગુરુવારે હોય છે, એટલે પ્રભુ ઈસુ બેથાનિયામાં છ દિવસ અગાઉ, એટલે નિસાનના ૮મા દિવસે શુક્રવારે આવ્યા. તે સાંજે છ વાગે સાબ્બાથ (શનિવાર) નિસાનનો ૯મો દિવસ, બેઠો હશે,

એટલે પ્રભુ ઈસુએ બેથાનિયામાં જ, માર્થા, મરિયમ અને લાજરસને ત્યાં સાબ્બાથનો આરામ કર્યો હશે.

બીજે દિવસે, એટલે કે નિસાનના ૯મા દિવસને અંતે સાંજના ૭ વાગ્યા પછી, પૂનમ (નિસાન ૧૪ ગુરુવાર પ્રભુ ઈસુએ માર્થા, મરિયમને ત્યાં વાળુ કર્યું હશે (યોહાન ૧૨:૧-૮). એ પછી રવિવારે (નિસાન ૧૦મીએ દિવસને સમયે) પ્રભુ ઈસુએ યરુશાલેમમાં વિજય પ્રવેશ કર્યો હશે. આપણા (જુલિયન) કેલેન્ડર પ્રમાણે એ રવિવારે એપ્રિલ ૬, ૩૨ હતી. આપણે ઉપર જોઈ ગયા તેમ આર્તાહશાસ્તા રાજાએ નહેમ્યાને યરુશાલેમ શહેર તથા તેના કોટ બાંધવા માટે તા. ૧૪-૩-૪૪૫ (ઈ. પૂર્વે) હુકમ આપ્યો તે તારીખથી એપ્રિલ ૬, ૩૨ (ઈસવી સન) રવિવારના દિવસ સુધીમાં ૧,૭૩,૮૮૦ દિવસો બરાબર પૂરા થયા છે, અને એ દિવસે દાનિયેલ ૯:૨૫માં આપેલાં '૬૯ અઠવાડિયાં' પૂરાં થાય છે.

પ્રભુ ઈસુના સમગ્ર જીવનકાળ દરમિયાન તેમણે ફક્ત આ (વિજય પ્રવેશના) એક જ દિવસે પોતે જાહેરમાં ખાસ તૈયારીસહ રાજા તરીકે આવ્યા. એ અગાઉ કેટલી બધી વાર લોકોએ તેમને રાજા બનાવવા પ્રયત્નો કર્યા હતા, પણ પ્રભુ ઈસુ પોતે છટકી ગયા હતા. એટલું જ નહિ, પણ શિષ્યોને તેમ જ સાજાં થયેલાં લોકોને તે ભારપૂર્વક ફરમાવતા કે કોઈ તેમને જાહેર ન કરે. પણ આ એક જ દિવસે પ્રભુ ઈસુ પોતે, ઈરાદાપૂર્વક અને પૂર્વતૈયારી સાથે રાજાની પેઠે આવે છે. એવા ગૌરવથી તે આવ્યા કે આખું યરુશાલેમ શહેર ખળભળી ઉઠ્યું (માથ્થી ૨૧:૧૦)! સવાપાંચસો વર્ષ અગાઉ ઝખાર્યા પ્રબોધકે યહૂદીઓના રાજા વિશે આ પ્રમાણે ભવિષ્યકથન કર્યું હતું:

> "હે સિયોનની પુત્રી, બહુ આનંદ કર; હે યરુશાલેમની પુત્રી, જયપોકાર કર. જો, **તારો રાજા** તારી પાસે આવે છે. [તે] ન્યાયી તથા તારણ સાધનાર છે; [તે] નમ્ર [છે]; અને ગધેડા પર, હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સવાર થઈને [આવે છે]" (ઝખાર્યા ૯:૯).

આ ભવિષ્યકથન આ વિજયપ્રવેશકૂચ માટે જ હતું. પ્રભુના પવિત્ર આત્માએ પયગંબર ઝખાર્યા મારફતે લખાવ્યું હતું. પ્રભુ પવિત્ર આત્મા પ્રભુ ઈસુને અહીં રાજા તરીકે ગણાવે છે.

ઉપર જોયું તેમ પ્રભુ ઈસુના આખાયે જીવનકાળ દરમિયાન વિજયપ્રવેશના આ દિવસે જ પોતાને યહૂદી પ્રજા આગળ રાજા તરીકે પ્રગટ કર્યો છે. એટલે દાનિયેલ ૯:૨૫માં જણાવેલો "અભિષિક્ત સરદાર" (મસીહ સરદાર) તરીકે તે માત્ર આ જ દિવસે જાહેર થાય છે. તેથી યરુશાલેમની મરામત તથા કોટ બાંધવાના હુકમ (૧૪-૩-૪૪૫ ઈ. પૂર્વે) થી દિવસો ગણતાં '૬૯ અઠવાડિયાં'ના ૧,૭૩,૮૮૦ દિવસો બરાબર આ વિજયપ્રવેશને દિવસે જ પૂરા થવા જોઈએ. અને એમ જ થયું છે એ પણ આપણે જોયું.

**પ્રભુ ઈસુના જન્મદિન**ને આપણે આ તરફના છેડા તરીકે લીધો હોત તો ગણતરીમાં લગભગ ૩૩ વરસ ઓછાં પડત. અને જો એમનો **બાપ્તિસ્માકાળ** લીધો હોત તોયે ગણતરીમાં ત્રણ-સાડાત્રણ વર્ષનો તફાવત રહેત. પણ ૬૯ અઠવાડિયાંનો અંત પ્રભુ ઈસુના વિજયપ્રવેશ પ્રસંગે આવી જાય છે.

હવે 'રાજા' નકારાયો છે, અને એ નકારાયેલા રાજાએ જાણે કે હવે યહૂદીઓ તરફથી પોતાનું મુખ અવળું ફેરવી લીધું છે. જુઓને, તે કેવું હૈયાફાટ રુદન કરે છે, અને યરુશાલેમ પર આવી પડનાર મહાદુઃખ વિશે કેવી હચમચાવી નાખતી ભવિષ્યવાણી ઉચ્ચારે છે!

૪૧ "તે પાસે આવ્યો ત્યારે શહેરને જોઈને તેણે તેને માટે રડીને (ગ્રીક પ્રમાણે : ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડીને) કહ્યું કે, ૪૨ **જો તેં, હા તેં,** [તારી] શાંતિને લગતાં જે વાનાં છે તે **આજે** જાણ્યાં હોત તો કેવું સારું! પણ **હમણાં** તેઓ તારી આંખોથી ગુપ્ત રખાયેલાં છે. ૪૩ કેમ કે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જ્યારે તારા વૈરીઓ તારી સામા પાળ બાંધશે, તને ઘેરો ઘાલીને ચારે તરફથી તને સંકડાવશે. ૪૪ તેઓ તને તથા તારામાં વસતાં તારાં છોકરાંને જમીન પર પછાડી નાખશે; અને તેઓ તારામાં એક પથ્થર પર બીજો પથ્થર રહેવા દેશે નહિ, કેમ કે તારી કૃપાદષ્ટિનો સમય તેં જાણ્યો નહિ" (લૂક ૧૯:૪૧-૪૪).

**'અભિષિક્ત સરદાર કાપી નંખાશે.'**

દાનિયેલ ૯:૨૬: "એ બાસઠ અઠવાડિયાં **પછી** અભિષિક્ત [સરદાર] કાપી નંખાશે, ને તેનું કંઈ પણ રહેશે નહિ."

**''અભિષિક્ત સરદાર કાપી નંખાશે,''** એટલે, પ્રભુ ઈસુને ક્રૂસ પર જડી દેવામાં આવશે. પણ આ બનાવ ૬૯ અઠવાડિયાંમાં નહિ, પણ એ **'પછી'** એવા શબ્દો છે. વિજયપ્રવેશ વખતે ૬૯ અઠવાડિયાં પૂરાં થયાં, અને એ પછી સાત જ દિવસો બાદ અભિષિક્ત સરદાર કાપી નંખાયો.

**''ને તેનું કંઈ પણ રહેશે નહિ.''** એનો અર્થ એમ થઈ શકે કે, એનો કોઈ પણ રાજવી હક્ક રહેશે નહિ; બીજો અર્થ કે, તે ક્રૂસ પર સર્વથી તજાયેલો હશે. આ કલમ-ભાગનું બીજું વાચન કેટલાક તરજુમાઓ માન્ય રાખે છે કે, ''પણ પોતાને માટે નહિ.'' એ પણ સાનુકૂળ વાચન છે, કેમ કે પ્રભુ ઈસુ પોતાના માટે નહિ, પણ લોકોને માટે ક્રૂસ પર મર્યા.

**'પાછળથી આવનાર બીજો સરદાર'-ખ્રિસ્તવિરોધી.**

દાનિયેલ ૯:૨૬ બ:''પછી **જે સરદાર** આવશે **તેના માણસો નગરનો** તથા **પવિત્રસ્થાનનો** નાશ કરશે. અને તેના અંત **રેલથી આવશે,** ને છેક અંત સુધી યુદ્ધ ચાલશે. [તેની] પાયમાલી નિર્માણ થયેલી છે.''

**''પછી જે સરદાર આવશે''**: આ સરદાર ભવિષ્યમાં એટલે કે અંતના સમયમાં હજી આવવાનો બાકી છે. એ **'ખ્રિસ્તવિરોધી'** છે. ખ્રિસ્ત પોતાની મંડળીને લેવા સારુ ગગનમાં ઊતરશે, અને ખ્રિસ્તના લોકો ઉપર ગગનમાં ઊંચકાઈ જશે, એ પછી આ 'સરદાર' યા **ખ્રિસ્તવિરોધી** આવશે. પ્રભુ ઈસુ માથ્થી ૨૪:૧૫માં આ **ખ્રિસ્તવિરાધી** વિશે લખે છે કે, ''એ માટે ઉજ્જડની અમંગળપણાની નિશાની જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલું છે, તેને જ્યારે પવિત્ર જગાએ (મંદિરમાં) ઊભેલી જુઓ.....''એ ઉલ્લેખ આવનાર **ખ્રિસ્તવિરોધી** વિષે જ છે.

**''તેના માણસો''** એટલે 'રોમનો'. ઈ.સ.૭૦માં રોમન બાદશાહપુત્ર તિતસે રોમનું મોટું લશ્કર લાવીને યરુશાલેમનો પરાજય કર્યો, અને ''નગરનો'' એટલે 'યરુશાલેમનો', તથા 'પવિત્રસ્થાનનો' એટલે મંદિરનો નાશ કર્યો. પુરાણો રોમન વિસ્તાર ફરી ઉત્થાન પામશે (એટલે કે ફરી ચેતનવંતો બનશે, અને એ વિસ્તારમાંથી **ખ્રિસ્તવિરોધી**

આવશે. એ ભવિષ્યમાં આવનાર ખ્રિસ્તવિરોધીના માણસો (રોમનો) ૬૯ અઠવાડિયાં પૂરાં થયા પછી, (ઈ.સ.૭૦માં) યરુશાલેમ શહેરનો અને મંદિરનો નાશ કરશે. ઈ.સ.૭૦માં એ બની ગયું. **'રેલથી આવશે'**: ઘણાબધા લોકો રેલની પેઠે ચઢી આવીને નાશ કરશે.

અહીં ૨૬મી કલમમાં આપેલી બાબતો ૬૯ અઠવાડિયાં પૂરાં થઈ ગયા પછી, પણ ૭૦મું અઠવાડિયું બેસે તે પહેલાં થશે. એનો અર્થ એ કે એ બે ગાળા વચ્ચે અમુક સમય હશે. એ જ મંડળીનો જમાનો, અથવા 'વિદેશીઓનો જમાનો' છે. આ ૨૬મી કલમમાં ત્રણ બીનાઓનો ઉલ્લેખ છે : પહેલી : 'મસીહ સરદાર' કાપી નંખાશે; **બીજી** : યરુશાલેમ શહેરનો તથા મંદિરનો નાશ થશે; અને **ત્રીજી**: એમના નાશ પછી લાંબો ગાળો હશે, અને એમાં લડાઈઓ, વગેરે થશે. પ્રભુ ઈસુએ આ ગાળા વિશે લૂક ૨૧:૨૪માં કહ્યું હતું કે, ''તેઓ તરવારની ધારથી માર્યા જશે, એને ગુલામ થઈને બધા દેશોમાં લઈ જવામાં આવશે; અને **વિદેશીઓના સમયો પૂરા નહિ થશે, ત્યાં સુધી યરુશાલેમ વિદેશીઓથી ખૂંદી નંખાશે.**''

**'ખ્રિસ્તવિરોધીની કામગીરી':**

દાનિયેલ ૯:૨૭:''**તે ઘણાઓની સાથે એક અઠવાડિયા સુધીનો** પાકો કરાર કરશે; અને એ **અઠવાડિયાની અધવચમાં** તે બલિદાન તથા અર્પણ **બંધ કરાવશે.** પછી ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર **વેરાન કરનાર** [આવશે] ; અને **જે નિર્માણ થયેલું છે તે પૂરું થતાં સુધી** વેરાન કરનાર પર [ક્રોધ] રેડવામાં આવશે.''

**'તે'** એટલે ખ્રિસ્તવિરોધી, (પછી જે સરદાર આવનાર છે તે). **'ઘણાઓની સાથે'** એટલે યહૂદીઓમાંના ઘણાઓની સાથે, **એક અઠવાડિયાનો** એટલે સાત વર્ષનો, પાકો કરાર કરશે. પણ યહૂદીઓમાંથી બીજા કેટલાયે યહૂદીઓ ખ્રિસ્તવિરોધીને શેતાનનો માણસ જાણીને તેની સાથે કરારમાં ઊતરશે નહિ, પણ તેનાથી દૂર રહેશે.

**પાકો કરાર** કર્યો હોવા છતાં આ શેતાનનો માણસ (ખ્રિસ્તવિરોધી) **'અઠવાડિયાની અધવચમાં'** એટલે સાત વર્ષની અધવચમાં, અથવા પહેલાં સાડાત્રણ વર્ષ વીતી ગયા બાદ, તે કરારને

તોડી નાખશે. મતલબ કે થયેલી સંધિ (યા કરાર) કરતાં ઊલટી રીતે વર્તશે, યહૂદી પ્રજાને હેરાનપરેશાન કરશે, અને મંદિરમાં અર્પાતાં બલિદાનો તથા અર્પણો બંધ કરાવીને પોતાની મૂર્તિને મંદિરમાં મૂકીને તેનું ભજન કરાવશે. એ બધું પાછલાં સાડાત્રણ વર્ષમાં થશે.

**'ધિક્કારપાત્ર વસ્તુઓની પાંખ પર વેરાન કરનાર આવશે':** ખ્રિસ્તવિરોધી આવશે, અને એની મૂર્તિ મંદિરમાં પધરાવશે અને યહૂદીઓ પાસે ધિક્કારપાત્ર પૂજા કરાવશે (જુઓ ૨ થેસ્સા. ૨:૪). આ બનાવ વિશે જ પ્રભુ ઈસુએ માથ્થી ૧૨:૪૩-૪૫માં આ પ્રમાણે કહ્યું છે:

૪૩ "માણસમાંથી નીકળ્યા પછી અશુદ્ધ આત્મા ઉજ્જડ જગામાં વિસામો શોધતો ફરે છે, પણ નથી પામતો. ૪૪ ત્યારે તે કહે છે કે, જે ઘરમાંથી હું નીકળ્યો તેમાં જ હું પાછો જઈશ. અને જ્યારે તે આવે છે ત્યારે ખાલી તથા વાળેલું તથા વ્યવસ્થિત તે તેને જુએ છે. ૪૫ પછી જઈને પોતા કરતાં ભૂંડા બીજા સાત આત્માઓને તે પોતાની સાથે લેતો આવે છે, ને તેઓ તેમાં પેસીને ત્યાં રહે છે; અને તે માણસની છેલ્લી અવસ્થા પહેલીની કરતાં ભૂંડી થાય છે. તેમ આ દુષ્ટ પેઢીને પણ થશે."

આ દૃષ્ટાંત પ્રભુ ઈસુએ યહૂદીઓ (દુષ્ટ પેઢી)ને સંબોધીને કહ્યું હતું. મિસર અને કનાનમાંથી તેમની મૂર્તિપૂજા બાબિલોનના બંદિવાસ વખતે નાબૂદ થઈ ગઈ. એમ, યહૂદીઓનું ઘર (પ્રજા) "ખાલી તથા વાળેલું તથા વ્યસ્થિત" બન્યું. પણ પ્રભુ ઈસુને ન સ્વીકાર્યાને કારણે 'ખાલી' રહ્યું. તેથી આ ૭૦મા અઠવાડિયાની અધવચથી (અરે, શરૂઆતથી જ) ઘણા યહૂદીઓ ખ્રિસ્તવિરોધીની પૂજા કરશે. એમ, તેઓની છેલ્લી અવસ્થા આગલી કરતાં ભૂંડી થશે.

**"અને જે નિર્માણ થયેલું છે તે પૂરું થતાં સુધી વેરાન કરનાર પર ક્રોધ રેડવામાં આવશે."** જે નિર્માણ થયેલું છે = ભવિષ્યકથનો; વેરાન કરનાર= ખ્રિસ્તવિરોધી. આ ખ્રિસ્તવિરોધી ઉપર ઈશ્વરનો કોપ ઊતરશે, અને આખરે તેનો નાશ અગ્નિ તથા ગંધકની ખાઈમાં થશે.

અગાઉ આપણે જોઈ ગયા કે ૬૯ અઠવાડિયાં અને ૭૦મા અઠવાડિયા વચ્ચે લાંબો ગાળો છે. અને એ ગાળો 'મંડળીનો જમાનો' તથા 'વિદેશીઓ યરુશાલેમને ખૂંદી વળે' તે જમાનો છે. આ જમાનો

પૂરો થયા પછી જ 'સિત્તરેમું અઠવાડિયું' (સાત વર્ષ) શરૂ થશે. એ ''અઠવાડિયું'' બેસે તે પહેલાં મંડળી ગગનમાં, પ્રભુ ઈસુને મળવા, ઊંચકાઈ ગઈ હશે.

આ 'સિત્તેરમું અઠવાડિયું હજી બેઠું નથી તેનો સચોટ પુરાવો એ છે કે પ્રભુ ઈસુ પોતે એ 'અઠવાડિયામાં' (સાત વર્ષના એ સપ્તાહમાં) બનનાર મુખ્ય મુખ્ય બનાવોને પોતાના પુનરાગમન સાથે જોડે છે (માથ્થી ૨૪:૬,૧૫). પ્રકટીકરણ ૪:૨ થી ૧૯મા અધ્યાય સુધીના બધા અધ્યાયોમાં જેબધા અનર્થો (સાત મુદ્રા, સાત રણશિંગડાં, સાત પ્યાલાં) એ બધું આ સાત વર્ષના ગાળામાં બનનાર છે. આ પ્રકટીકરણનું પુસ્તક પ્રભુ ઈસુએ સ્વર્ગગમન કર્યું ઈ.સ. ૩૨ માં એ પછી ઈ. સ. ૯૬માં લખાયું, અને એમાં ઉપરના બધા અનર્થો અને કોપ વિશે આપ્યું છે. પહેલી ત્રણ સદીના ધર્મપિતૃઓ પણ એમ જ માનતા કે હજી ૭૦મું અઠવાડિયું બેઠું નથી.

આપણે આગળ વધીએ.એ પહેલાં એક વાત જોઈ લઈએ. દાનિયેલ ૯:૨૬માં બતાવેલો **'પછી જે સરદાર આવશે'** એ ખ્રિસ્તવિરોધી છે. પણ કેટલાકનું કહેવું છે કે એ સરદાર તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. પણ એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત હોઈ શકે જ નહિ, કારણ (૧) આ સરદાર તો 'એક અઠવાડિયાનો' કરાર કરશે, જ્યારે પ્રભુ ઈસુનો કરાર તો સદાકાળનો છે. હિબ્રૂ. ૧૩:૨૦માં લખ્યું છે, ''આપણા પ્રભુ ઈસુને સર્વકાળના કરારના રક્તથી મૂએલાંમાંથી પાછો ઉઠાડયો.'' (૨) આ સરદાર તો 'અઠવાડિયા'ની અધવચમાં કરાર તોડે છે, જ્યારે પ્રભુ ઈસુ તો કદી પોતાનો કરાર તોડશે નહિ. (૩) આ સરદાર 'ઘણાઓની સાથે' કરાર કરશે, જ્યારે પ્રભુ ઈસુનો કરાર સૌ કોઈ માટે છે. પ્રભુ ઈસુ કહે છે: **''આ [નવા] કરાર**નું મારું રકત છે'' (માથ્થી ૨૬:૨૮).

**આખરે યહૂદીઓનો સુવર્ણયુગ** (દાનિયેલ ૯:૨૪):

આ 'સિત્તેરેય અઠવાડિયાં' વીતી જશે, એ પછી યહૂદીઓનો સુવર્ણયુગ શરૂ થશે.કલમ ૨૪માં એ જ બાબત આપી છે:

''અપરાધ બંધ પાડવાને, પાપનો અંત આણવાને, ને દુરાચારનું પ્રાયશ્ચિત કરવાને, ને સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવાને, ને સંદર્શન

તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરવાને, ને પરમપવિત્રનો અભિષેક કરવાને, તારા લોકને શિર તથા તારા પવિત્ર નગરને શિર સિત્તેર અઠવાડિયાં નિર્માણ કરેલાં છે.''

આ છ બાબતો યહૂદીઓના હક્કમાં બને ત્યાર પહેલાં 'સિત્તેર અઠવાડિયાં' પૂરાં થશે, હા, પ્રકટીકરણના ચોથા અધ્યાયથી ઓગણીસમો અધ્યાય પૂરો થશે, એ પછી આ છ બાબતો બનશે.

બાબેલના બંદિવાસ ( ઈ. પૂર્વે ૬૦૬ ) થી માંડીને ''વિદેશીઓના સમયો'' શરૂ થાય છે, અને પાલેસ્તાઈન અને યરુશાલેમ ઉપર વિદેશીઓ હકૂમત ધરાવે છે. વળી ઈ.સ. ૭૦માં તિતસને હાથે પાલેસ્તાઈન જિતાઈ ગયું, અને યરુશાલેમ શહેરનો મહા નાશ થયો, ત્યારથી માંડીને અત્યારના જમાનામાં યહૂદીઓ દુનિયાના ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા છે. જેમ રેલવેના મુખ્ય પાટા ઉપરથી એન્જિનને કે આખી ગાડીને રેલવે યાર્ડમાં 'શન્ટિંગ' કરી દે, - યાર્ડમાં નાખી મૂકે, એમ આ લાંબા ગાળા સુધી યહૂદીઓને ઈશ્વરના ઇતિહાસના મુખ્ય પાટા પરથી દૂર કરીને તેમને 'યાર્ડમાં' નાખી મૂક્યા છે; અને 'મંડળી' મુખ્ય પાટા પર અત્યારે દોડી રહી છે.

પણ 'સિત્તેર અઠવાડિયાં' વીત્યા પછી યહૂદીઓ ( ઇઝરાયલ) ને મુખ્ય પાટા પર લાવવામાં આવશે, અને એ પછી યહૂદીઓનો કાયમી સુવર્ણયુગ આવશે. અને હવે એની પૂર્વતૈયારી ચાલી રહી છે. પ્રભુનાં વચનો પ્રમાણે ઇઝરાયલ પ્રજાને ઇઝરાયલના દેશમાં એકત્ર કરવામાં આવી છે. પણ હઝકિયેલના ૩૭મા અધ્યાયમાં સૂકાં હાડકાંથી ભરેલી ખીણનું સંદર્શન આપ્યું છે તેમ, ઇઝરાયલ લોકો સૂકાં હાડકાં જેવા હતા, તે હવે એકબીજા સાથે જોડાઈને ઉપર ચામડી તથા માંસ આવ્યું છે, પણ પ્રભુએ તેમને હજી સજીવન કર્યા નથી (હઝકિ. ૩૭:૮). હજી એ 'શબ' સમાન છે. શબને હાડકાં, માંસ અને ચામડી હોય છે, પણ જીવ નથી હોતો. એ હાલતમાં અત્યારે યહૂદીઓ છે, - વચનમાં દેશમાં પાછા આવ્યા છતાં. પણ શબને વધારે સમય સુધી રાખી મૂકીએ તો તે સડી ઊઠે, - ગંધાઈ ઊઠે !

એટલે જ હવે ટૂંક સમયમાં જ ઇઝરાયલ લોક ઉપર પ્રભુ જીવનનો

શ્વાસ ફૂંકશે, ને તેઓ ખરેખર પ્રભુના લોક બનશે (હઝકિ. ૩૭:૯). ટૂંક સમયમાં જ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે, અને તેમની 'મંડળી' ઉપર ગગનમાં ઊંચકી લેવાશે, એ પછી સિત્તેરમું અઠવાડિયું (સાત વર્ષનો સપ્તાહ) શરૂ થશે. એમાં ખ્રિસ્તવિરોધી અગત્યનો પણ ભૂંડો ભાગ ભજવશે. અને આ સાત વર્ષની આખરમાં પ્રભુ ઈસુ પોતાની મંડળી સાથે ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે (ઝખાર્યા ૧૪:૪), ખ્રિસ્તવિરોધીનો સંહાર કરશે, અને યહૂદીઓની અતિ ભયાનક હાલતમાંથી તેઓનો અજાયબ જેવો (ચમત્કારિક) બચાવ કરશે (ઝખાર્યા ૧૨:૯,૧૦). તે દિવસે પ્રભુ તેમને 'નવું હૃદય' આપશે, અને તે સમયથી તેઓ પ્રભુના પવિત્ર લોક બનશે. એ સમયે દાનિયેલ ૯:૨૪ ની છ બાબતો યહૂદીઓના હક્કમાં પૂર્ણ થશે.

એ બનાવ સંબંધી યશાયા પ્રબોધકે આ પ્રમાણે કહ્યું છે : "આ પ્રમાણે કોણે સાંભળ્યું છે ? આ પ્રમાણે કોણે જોયું છે ? શું એક દિવસમાં દેશનો પ્રસવ થાય ? શું પ્રજા એકાએક જન્મ પામે ? પરંતુ સિયોનને પ્રસવવેદના થઈ કે તરત જ તેણે પોતાનાં છોકરાંને જન્મ આપ્યો. યહોવા કહે છે કે, હું પ્રસૂતિ કાળ પાસે લાવીને પ્રસવ નહિ કરાવું શું ? " (યશાયા ૬૬:૮). એક જ દિવસમાં ઇઝરાયલ પ્રજાનો નવો જન્મ થશે, અને તેઓ પ્રભુ ઈસુનો પોતાના તારનાર અને મસીહ તરીકે સ્વીકાર કરશે.

એ સમયે નીચેની છ બાબતો યહૂદી પ્રજા માટે બનશે (જુઓ દાનિયેલ ૯:૨૪) : યહૂદી પ્રજામાંથી

(૧) અપરાધ બંધ પડશે;

(૨) પાપનો અંત લાવશે;

(૩) દુરાચારનું પ્રાયશ્ચિત્ત થશે: અને તેમને માટે

(૪) સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવામાં આવશે;

(૫) સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરાશે; અને

(૬) પરમપવિત્રનો અભિષેક કરવામાં આવશે.

યહૂદી પ્રજાના હક્કમાં બનનાર આ છ બાબતો સંબંધી આપણે એક પછી એક જોઈએ તે પહેલાં આટલુંક થોડું સમજી લઈએ. અત્યારે

મંડળીનો જમાનો છે, અને યહૂદી પ્રજાનો નથી. મંડળી પ્રભુ ઈસુનો સ્વીકાર કરતા વિદેશીઓની, તેમ જ પ્રભુ ઈસુનો સ્વીકાર કરતા યહૂદીઓની બનેલી છે. એટલે, જે યહૂદીઓ પ્રભુ ઈસુનો સ્વીકાર કરે છે, તેઓ મંડળીનું અંગ બની જાય છે, અને એ પછી તેઓ યહૂદી પ્રજા સાથે ગણાતા નથી. વિદેશીઓ સાથે તેઓ મળી જઈને ખ્રિસ્તની મંડળી બની જાય છે. સંત પાઉલે એ સંબંધી ગલાતી. ૩:૨૬-૨૮માં સ્પષ્ટ કર્યું છે : ''માટે હવે યહૂદી કે હેલેની (વિદેશી) કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો.'' વળી કલોસી. ૩:૧૦-૧૧માં પણ સંત પાઉલ એ જ વાત કરે છે : ''અને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે, તે તમે પહેર્યું છે. તેમાં નથી ગ્રીક (વિદેશી) કે યહૂદી, નથી સુન્નતી (યહૂદીઓ) કે બેસુન્નતી (વિદેશીઓ), નથી બર્બર, નથી સિથિયન, નથી દાસ કે સ્વતંત્ર; પણ ખ્રિસ્ત સર્વ તથા સર્વમાં છે.''

એમ, યહૂદીઓ ઈસુ ખ્રિસ્તને સ્વીકાર્યા પછી યહૂદીઓ તરીકે રહેતા નથી, પણ 'ખ્રિસ્તની મંડળી' બની જાય છે. તેથી તેઓને યહૂદી પ્રજાને જે આશીર્વાદો અને વચનો અપાયાં છે તેમાં હિસ્સો મળશે નહિ; પણ મંડળીને મળનાર આશીર્વાદોમાં હિસ્સો મળશે. યહૂદી પ્રજાને 'યહૂદી પ્રજા' તરીકે ખાસ પ્રકારના આશીર્વાદ મળનાર છે.

હવે આપણે 'સિત્તેર અઠવાડિયાં' વીત્યા બાદ યહૂદીઓના હક્કમાં બનનાર છ બાબતો એક પછી એક જોઈએ.

**(૧) અપરાધ બંધ પાડવામાં આવશે.**

પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બન્યા, અને પાપનો અંત આણ્યો. હિબ્રૂ. ૧૦:૧૨ માં જણાવ્યું છે તેમ, પ્રભુ ઈસુએ ''પાપોને માટે એક બલિદાન સર્વકાળને માટે કરીને'' પાપનો અંત આણ્યો છે. અને ''આપણને હમણાં તેના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે'' (રૂમી ૫:૯). આ આખા જગત માટેના બલિદાનની વાત અહીં આપણે કરતા નથી; પણ યહૂદી પ્રજાના એક પ્રજા તરીકે (કોઈ યહૂદી વ્યક્તિઓ, વ્યક્તિઓ તરીકે ખ્રિસ્તી બને તેઓ માટે નહિ, પણ યહૂદીઓની સમગ્ર

પ્રજા તરીકે) તેઓના અપરાધ બંધ પાડવાની વાત છે. યહૂદી પ્રજાના અપરાધો હજી દૂર કરાયા નથી, કેમ કે તેઓ એક પ્રજા તરીકે ઈશ્વરની 'કૃપાદષ્ટિ' આગળથી દૂર રખાયા છે. તેઓ એક સમગ્ર પ્રજા તરીકે પસ્તાવો કરશે અને ઈશ્વર તરફ ફરશે ત્યારે તેઓના સર્વ અપરાધ દૂર કરવામાં આવશે.

**(૨) પાપનો અંત લાવવામાં આવશે.**

દુનિયાના લોકોનાં પાપની વાત આમાં નથી, પણ 'યહૂદી પ્રજા'નાં પાપનો અંત લાવવામાં આવશે. રૂમી. ૧૧ : ૨૫ – ૨૭માં એ વિશે આમ લખ્યું છે : ૨૫ 'કેમ કે હે ભાઈઓ! (તમે પોતાને બુદ્ધિમાન ન સમજો, માટે) વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવે ત્યાં સુધી ઇઝરાયલમાં કેટલેક ભાગે કઠિનતા થઈ છે, એ રહસ્ય વિશે તમે અજાણ રહો, એવી મારી ઇચ્છા નથી. ૨૬ અને પછી તો **તમામ ઇઝરાયલ તારણ પામશે.** લખેલું છે કે, સિયોનમાંથી ઉદ્ધાર કરનાર આવશે; તે **યાકૂબમાંથી અધર્મને દૂર કરશે;** ૨૭ હું તેઓનાં પાપનું નિવારણ કરીશ, ત્યારે તેઓની સાથેનો મારો કરાર **(પૂર્ણ)** થશે.'' યહૂદીઓમાંથી પાપનો અંત લાવવાનું પહેલું થવું જોઈતું હતું, પણ એ છેલ્લે થશે; પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તેમના પાપનો અંત આવી જશે, કેમ કે તેઓ આખી પ્રજા તરીકે, તે સમયે, પ્રભુ ઈસુને અર્પાઈ જશે. એ થાય તે પહેલાં યહૂદી પ્રજા માથેનાં સિત્તેર અઠવાડિયાં પૂરાં થશે, અને પ્રભુ ઈસુનું પૃથ્વી ઉપર પુનરાગમન થશે.

**(૩) દુરાચારનું પ્રાયશ્ચિત કરવામાં આવશે.**

આ વાત વિદેશીઓ કે મંડળી માટે નથી, પણ સમગ્ર યહૂદી પ્રજા માટે છે. સમગ્ર યહૂદી પ્રજામાંથી દુરાચાર દૂર કરવામાં આવશે; અને એને માટે પ્રાયશ્ચિત કરવામાં આવશે. પ્રભુ ઈસુના પૃથ્વી ઉપરના બીજી વારના અવતરણ વખતે એ બનશે. પ્રભુ ઈસુ ગગનથી પૃથ્વી ઉપર ઊતરતા હશે ત્યારે યહૂદીઓ તેમને આવતા જોઈને, (યહૂદી વ્યક્તિઓ તરીકે નહિ, પણ એક પ્રજા તરીકે યહૂદીઓ) વિલાપ અને પશ્ચાતાપ કરશે.

યહૂદીઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે તેમની આગળ મોટો સમુદ્ર

રસ્તામાં આવ્યો હતો, એટલે તેઓ આગળ વધી શકે તેમ નહોતું. વળી તેમને જમણે તથા ડાબે ઊંચા પર્વત આવેલા હતા, તેથી તેઓ ડાબે કે જમણે વળી શકે તેમ પણ નહોતું. અને તેમનાથી પીછેહઠ તો કરાય તેમ હતું જ નહિ, કારણ, તેમની પાછળ મિસરીઓનું મોટું સૈન્ય તેમને પકડી લઈ જવા આવ્યું હતું. તેમને માટે બચાવનો કોઈ માર્ગ જ નહોતો. આવી ભયંકર પરિસ્થિતિમાં તેમણે ઈશ્વરને પોકાર કર્યો, અને ઈશ્વરે ચમત્કારિક રીતે સૂફ સમુદ્રના બે ભાગલા પાડી દીધા, જેથી યહૂદીઓ સહીસલામત પાર નીકળી જાય.

એમ, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ખ્રિસ્તવિરોધીએ આખી દુનિયાની પ્રજાઓનાં લશ્કરોને યહૂદી પ્રજાની સામે યરુશાલેમ પાસે હાર-મોગેદ્દોનના મેદાનમાં એકત્ર કર્યાં હશે, ત્યારે યહૂદીઓની આંખ આગળ પોતાનો સત્યાનાશ તરવરતો હશે, એવા મહા ભયંકર સમયે યહૂદી પ્રજા બચાવને માટે પોકારી ઊઠશે. અને તે જ સમયે પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરતા હશે. અને ''પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તે (ખ્રિસ્તવિરોધી) નો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે'' (૨ થેસ્સા. ૨:૮). અને યહૂદી પ્રજા તો અચંબો પામીને જોઈ રહેશે કે, આપણો બચાવ કોણે કર્યો ? ત્યારે તેઓ પ્રભુ ઈસુને જોશે, તેના વીંધાયેલા હાથો અને પગો જોશે, ત્યારે તેઓ રડીને કહેશે કે, અમારા બાપદાદાઓએ, હા, અમારી પ્રજાએ, જેને મારી નાખ્યા હતા એ જ આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે! અને તેમણે જ આપણો ઉદ્ધાર કર્યો છે ! એ પછી તો આખીયે યહૂદી પ્રજા પોકેપોક મૂકીને રડશે, અને પશ્ચાત્તાપ કરશે. ઝખાર્યા ૧૨:૯-૧૧માં એ બનાવનું કેવું હૃદયદ્રાવક વર્ણન આપ્યું છે !

''વળી **તે દિવસે** જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ. હું દાઉદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ. અને મને, જેને તેઓએ વીંધ્યો છે, તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે, ને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને

લીધે દુઃખી થશે. અને મગિદ્દોનની ખીણમાં હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ **તે દિવસે** યરુશાલેમમાં થશે'' (ઝખાર્યા ૧૨:૯-૧૧).

**'તે દિવસે'** એટલે પ્રભુ ઈસુના પુનરાગમનને સમયે.

આ પ્રમાણે ભારે પશ્ચાત્તાપ સહિત યહૂદી પ્રજા એકસામટી પ્રભુ ઈસુનો સ્વીકાર કરી લેશે. અને પ્રભુ ઈસુ તેઓને પોતાની પ્રજા તરીકે સ્વીકારી લેશે. એમ, તેઓના દુરાચારનું પ્રાયશ્ચિત્ત થશે. ઝખાર્યા ૧૩:૧માં જણાવ્યું છે, કે ''**તે દિવસે** દાઉદનાં વંશજોનાં તથા યરુશાલેમના રહેવાસીઓનાં પાપ તથા અશુદ્ધતા [દૂર કરવા] ને માટે એક ઝરો ઉઘાડવામાં આવશે.''

**(૪) સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવામાં આવશે.**

'સદાકાળનું ન્યાયીપણું' એટલે ઈશ્વર અને માણસ વચ્ચે અનુકૂળ વ્યવહાર યા પરિસ્થિતિ સ્થાપવી (યિર્મેયા ૨૩:૫,૬), અને એ વ્યવહાર તથા પરિસ્થિતિ કાયમી બને. એદેન બાગમાં આદમ-હવાનું પતન થયા પૂર્વે તેઓનો પરમેશ્વર સાથેનો જે સંબંધ અને વ્યવહાર હતો, તેવો સંબંધ એ જ ન્યાયીપણું. અને એ સદાકાળનું ન્યાયીપણું તો સહસ્ત્રાબ્દી (હજાર વર્ષના) રાજમાં જ સ્થાપન થશે. ઇઝરાયલમાંથી અપરાધો દૂર કરાય તથા પાપનો અંત આવે ત્યારે જ 'સદાકાળનું ન્યાયીપણું'' સ્થાપી શકાય.

એ વિશે યશાયા કહે છે: ૨૫ ''**તારા લોક (યશાયાના લોક એટલે ઇઝરાયલ પ્રજા) પર** હું મારો હાથ ઉગામીશ, અને જેમ ક્ષારથી મેલ કપાય છે તેમ તારો મેલ કાઢી નાખીશ, તારામાંથી બધો ભેગ હું દૂર કરીશ. ૨૬ આદિકાળની પેઠે હું તારા ન્યાયાધીશોને, અને પૂર્વકાળની પેઠે તારા મંત્રીઓને પાછા લાવીશ; ત્યાર પછી તારું નામ **ન્યાયનગર, ધર્મપુરી** કહેવાશે. ૨૭ સિયોન ઇન્સાફથી, અને [પ્રભુ પાસે] તેના પાછા ફરનારા **ન્યાયીપણાથી** ઉદ્ધાર પામશે'' (યશાયા ૧:૨૫-૨૭). વળી જુઓ, યિર્મેયા ૨૩:૫-૬.

સિત્તેર અઠવાડિયાં વીત્યા પછી પ્રભુ ઈસુના પૃથ્વી પરના પુનરાગમન સમયે સદાકાળનું ન્યાયીપણું ઇઝરાયલ પ્રજાને માટે

સ્થાપવામાં આવશે.

**(૫) સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરવામાં આવશે.**

આ વાક્યના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. અમુક બાઇબલ-અભ્યાસીઓનું કહેવું છે કે, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે બધાં ભવિષ્યકથનો પૂરાં થઈ ગયાં હશે, તે સમયે એ બધાંને સાચાં પડેલાં ભવિષ્યવચનો તરીકે સિક્કો અથવા મહોર મારવામાં આવશે.

બીજો મત માને છે કે, બધાં ભવિષ્યકથનો પૂરાં થઈ ગયાં હશે, એટલે તેમની ઉપર મહોર-સિક્કો મારીને રાખી મૂકવામાં આવશે.

ગમે તેમ, પણ ભવિષ્યવાણીઓ ફક્ત યહૂદીઓ મારફતે જ આપવામાં આવી છે. બાઇબલના બધા જ પ્રબોધકો યહૂદી હતા. અને ઈશ્વરે તેઓ દ્વારા જ ભવિષ્યવચનો આપ્યાં છે.

બાઇબલમાં આપેલાં બધાં ભવિષ્યવચનો પૂરાં થઈ જશે, એ પછી એ બધાં પર મહોર-સિક્કા મારીને બંધ કરી દેવામાં આવશે. એ પછી ભવિષ્યકથનો કરવાની જરૂર નહિ રહે, કારણ, સહસ્ત્રાબ્દી (એક હજાર વર્ષના રાજ) માં પ્રભુ ઈસુને યહૂદીઓ તેમ જ આપણે મોઢમોઢ જોઈશું, અને રૂબરૂમાં વાતચીત કરીશું. પછી ભવિષ્યવચનોની જરૂર રહેશે નહિ. ''હમણાં આપણે જાણે કે દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું; હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ હું પોતે જણાયેલો છું તેમ પૂર્ણ રીતે જાણીશ'' (૧ કોરિંથી ૧૩:૧૨). હા, જ્યારે આપણે અને યહૂદીઓ બધા પૂર્ણપણે જાણનારા બનીશું, ત્યાર પછી સંદર્શનો અને ભવિષ્યકથનોની જરૂર નહિ રહે.

**(૬) પરમપવિત્રનો અભિષેક કરવામાં આવશે.**

આ વાક્યમાંના 'પરમપવિત્ર' શબ્દના બે અર્થ કરવામાં આવે છે: કેટલાક કહે છે કે, પ્રભુ ઈસુ પૃથ્વી પરના પોતાના પુનરાગમન વખતે દુષ્ટોનો નાશ કરશે, ખ્રિસ્તવિરોધીનો સંહાર કરશે, અને શેતાનને ૧૦૦૦ વર્ષ માટે સાંકળે બાંધી ઊંડાણમાં રાખવામાં આવશે, એ પછી તે (પ્રભુ ઈસુ) યરુશાલેમમાં રહીને આખી પૃથ્વી પર ૧૦૦૦ વર્ષ (સહસ્ત્રાબ્દી) નું રાજ્ય કરશે, અને દાઉદની રાજગાદી પુનઃસ્થાપશે, તે

સમયે પ્રભુ ઈસુનો, રાજા તરીકે, અભિષેક (રાજ્યાભિષેક) કરવામાં આવશે. પણ આ માન્યતા સામે કહી શકાય કે પ્રભુ ઈસુ તો અભિષિક્ત છે જ, કારણ, તેમના નામ 'મસીહ' અથવા 'ખ્રિસ્ત' - એ બંનેનો અર્થ 'અભિષિક્ત' થાય છે જ.

બીજી માન્યતા એમ કહે છે કે, આ તો સહસ્ત્રાબ્દી રાજ્યકાળમાં બંધાનાર મંદિરના પરમપવિત્રસ્થાનનો અભિષેક કરવામાં આવશે. બાઇબલમાં કોઈ વ્યક્તિ માટે 'પરમપવિત્ર' શબ્દ વાપર્યો નથી, એટલે અહીં એ શબ્દ મંદિર માટે જ વપરાયો છે. 'સિત્તેરમા અઠવાડિયા' દરમિયાન યરુશાલેમનું મંદિર બંધાશે ખરું, પણ સાત વર્ષના અંતભાગમાં એ મંદિર તોડી નંખાશે. પણ સહસ્ત્રાબ્દી રાજમાં, હઝકિયેલ ૪૧મા અને ૪૨મા અધ્યાયમાં વર્ણવવામાં આવ્યું છે તે મંદિર બંધાશે, અને એનો અભિષેક કરવામાં આવશે. સુલેમાન રાજાના સમયમાં યરુશાલેમનું મંદિર બાંધવામાં આવ્યું, અને એની પ્રતિષ્ઠાક્રિયા કરવામાં આવી ત્યારે ઈશ્વરના દશ્ય ગૌરવ (શકીના) થી તે ભરાઈ ગયું (૧ રાજા ૮:૧૦-૧૧). એમ, ઈશ્વરે એ મંદિરનો અભિષેક કર્યો, એવું જ સહસ્ત્રાબ્દી મંદિરનું પણ થશે (હઝકિયેલ ૪૩:૧-૬).

આ પ્રમાણે પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તેમના પૃથ્વી પરના ઉતરણ સમયે યહૂદી પ્રજાને માટે દાનિયેલ ૯:૨૪ વાળીં છ એ છ બાબતો પૂર્ણ થશે. યિર્મેયા ૩૧:૩૩-૩૪માં એ વિશે સુંદર ભવિષ્યવાણી આપી છેઃ ૩૩ ''પણ યહોવા કહે છે કે, હવે પછી જે કરાર હું ઇઝરાયલના વંશજોની સાથે કરીશ, તે આ છે : હું મારો નિયમ તેઓનાં હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ. હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે. ૩૪ વળી યહોવાને ઓળખો, એમ કહીને તેઓ હવે પછી દરેક પોતાના પડોશીને, તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ, કેમ કે નાનાથી મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે. હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવા કહે છે.''

## ૧૪. દાનિયેલના પુસ્તકના ૧૦માથી ૧૨મા અધ્યાયોનો અછડતો ખુલાસો:

આપણા આ પુસ્તકનો હેતુ માત્ર દાનિયેલના પુસ્તકમાં પ્રભુ ઈસુના પુનરાગમનને લગતી ભવિષ્યવાણીઓ જોવા તથા સમજવાનો છે. એટલે જ આપણે આ પુસ્તકમાં દાનિયેલના માત્ર બીજા, સાતમા, આઠમા, અને નવમા અધ્યાયો વિશે જ છણાવટ કરી છે. પહેલા અને ત્રીજાથી છઠ્ઠા સુધીના અધ્યાયોમાં ઇતિહાસની વાત અથવા બનેલા બનાવો વિશે આપવામાં આવ્યું છે. એટલે આપણે એ અધ્યાયોનો ખાસ સ્પર્શ કર્યો નથી.

દશમાથી બારમા અધ્યાયમાં મોટે ભાગે તે જમાનાના પાછલા ભાગમાં થનારા ઉત્તર તથા દક્ષિણના રાજાઓ વિશે ભવિષ્યકથનો આપવામાં આવ્યાં છે. એટલે આપણે એ અધ્યાયો કંઈક બુદ્ધિપૂર્વક સમજી શકીએ માટે તેઓમાંની વાતો અને અમુક શબ્દોનો અછડતો ખુલાસો કરીશું. બારમા અધ્યાયમાં અંતકાળના સમય અંગે ઠીક ઠીક લખાયું હોઈ એ ઉપર જરા વધુ ધ્યાન આપીશું.

### ૧. દશમો અધ્યાય

**રૂપરેખા :**

૧. ઈશ્વરના મહિમાનું દર્શન ૧૦:૧-૯.

૨. દૂતો અને અપદૂતો વચ્ચે સંઘર્ષ ૧૦:૧૦-૨૧.

- ક. ઉપર જણાવેલો સંઘર્ષ ૧૦:૧૦-૧૩.
- ખ. દાનિયેલને સમજણ અને સામર્થ્ય ઈશ્વર તરફથી આપવામાં આવ્યાં ૧૦:૧૪-૨૧.

**સમજૂતી :**

**''ઈરાનના રાજા કોરેશને ત્રીજે વર્ષે :'' કલમ ૧.**

ખાલદી રાજાઓ પછી માદી-ફારસી રાજાઓ વિશ્વસામ્રાજ્યના ધણી બન્યા. કોરેશ (અં. સાયરસ) ફારસી વંશી હતો. એનું ત્રીજું વર્ષ એટલે કે એના રાજ્યકાળના ત્રીજે વર્ષે. એ ઈ. પૂર્વે ૫૩૬માં ગાદી પર આવ્યો, એટલે એનું ત્રીજું વર્ષ ઈ. પૂર્વે ૫૩૪.

**''હિદ્દેકેલ (તીગ્રિસ) ને કિનારે'' ૧૦:૪.**

એ હાલના ઈરાક દેશમાં આવેલી તૈગ્રીસ નદી છે. આ ઈરાક દેશનાં અનેક નામ બાઈબલમાં આપેલાં છે : બાબિલોન પ્રદેશ,

મેસોપોતામિયા, સિનયાર દેશ. ઈશ્વરે આબ્રાહમને આપેલા વચન પ્રમાણે આ ઈરાક દેશ યહૂદીઓને આપવામાં આવશે. એ ઉપરાંત લબાનોન, સિરિયા, જોર્ડન અને સાઉદી અરેબિયાનો અમુક ભાગ પણ ઇઝરાયલને મળશે. 'હિદેકેલ' નદી ઉત્પત્તિ ૨:૧૪માં આપવામાં આવી છે. અને એદન બાગને પાણી આપનાર ચાર નદીમાંની આ પણ એક હતી.

**''ઈરાનના રાજ્યના સરદારે''** ૧૦:૧૩.

**''ઈરાનના સરદાર''** ૧૦:૨૦.

**''યાવાન (ગ્રીસ)નો સરદાર''** ૧:૨૦.

આ બધા ઈરાનના કે ગ્રીસના રાજ્યોના સરદારો નહોતા. પણ શેતાન (ભૂંડાઈ)નાં આત્મિક લશ્કરોના સરદારો છે. પરમકૃપાળુ પરમેશ્વરે પોતાના દૂતોમાંથી, પ્રત્યેક માનવી સાથે, એક એક દૂત રાખેલો છે. તેમ જ દરેક દેશો તથા માનવસમૂહો માટે પોતાના દૂત રાખ્યા છે. એમ શેતાને પણ દરેક માનવી સાથે, અને દરેક દેશ તથા માનવ સમૂહો માટેપોતાના અપદૂતો રાખ્યા છે. 'ઈરાનના રાજ્યનો સરદાર' કે 'ગ્રીસનો સરદાર' એ શેતાનના અપદૂતો છે.

આ અપદૂતો પ્રભુના દૂતોની સાથે વારંવાર ઝઘડતા - અથડાતા હોય છે. 'ઈરાનના રાજ્યના સરદારે મારી સામે ટક્કર લીધી; એટલે શેતાનના અપદૂતો પ્રભુના દૂતો સાથે એમ ટક્કર લેતા હોય છે, અને એમનાં શુભ કામોમાં વિલંબ અને વિક્ષેપ નાખતા હોય છે.

**૨. અગિયારમો અધ્યાય**

**રૂપરેખાઃ**

૧. જુદી જુદી પ્રજાઓ વિશેની ભવિષ્યવાણી ૧૧:૨ - ૪૫.
   - ક. ઈરાન વિશે ૧૧:૨.
   - ખ. ગ્રીસ વિશે : મહાન સિકંદર (એલેક્ઝાન્ડર) વિશે ૧૧:૩ - ૪.
   - ગ. ઉત્તરના અને દક્ષિણના રાજાઓ વિશે ૧૧:૫ - ૨૦.
   - ઘ. સિરિયાના રાજા અંત્યોખસ એપિફાનસ વિશે (એ રાજા ઇઝરાયલને હેરાનપરેશાન કરશે) ૧૧:૨૧ - ૩૫.
   - ચ. અંતના સમયમાં આવનાર 'ખ્રિસ્તવિરોધી' રાજા વિશે ૧૧:૩૬ - ૪૫.

**સમજૂતી:**

**"માદી દાર્યાવેશને પહેલે વર્ષે"** ૧૧:૧.

દાર્યાવેશ (અં. દારિયસ) એ માદી વંશનો હતો. કોરેશ રાજાના રાજ્યમાં કોરેશે આ દાર્યાવેશને અમુક ભાગ (બાબિલોન પ્રદેશ) નો અધિકારી નીમ્યો હતો. એ રાજા સમાન જ હતો, પણ આખરી સત્તા કોરેશની રહેતી. કોરેશ મોટે ભાગે ઈરાનમાં રહીને રાજ્ય કરતો, જ્યારે દાર્યાવેશ બાબિલોનમાં રહેતો. ઘણાબધા ઇતિહાસકારો માદી દાર્યાવેશને બાબિલોનના અધિકારી (ગવર્નર) ગુબારુની સાથે એક ગણે છે, એટલે કે, તેઓ બંને એક જ વ્યક્તિ છે, એમ કહે છે. આ માદી દાર્યાવેશ કોરેશના કાકા હતો. એને બાબિલોન પર રાજ્ય કરવાનું કોરેશે સોંપ્યું હતું (૫:૩૧. ૯:૧). દાર્યાવેશને ઈ. પૂર્વે ૫૩૮માં રાજ્ય સોંપવામાં આવ્યું ત્યારે તે ૬૨ વર્ષની વયનો હતો (૫:૩૧), અને તેણે માત્ર બે જ વર્ષ રાજ્ય કર્યું. એ પછી તે મૃત્યુ પામ્યો. એનું પહેલું વર્ષ એટલે ઈ. પૂર્વે ૫૩૮.

**ઈરાનમાં ત્રણ રાજાઓ થશે' ૧૧:૨.**

કોરેશ પછીના આ ત્રણ રાજાઓ : અહાશ્વેરોશ, આર્તાહશાસ્તા, અને દારિયસ (ઇતિહાસમાં કામ્બીસસ તરીકે ઓળખાય છે). આ દારિયસ વિશે એઝરા ૪:૧-૨૪માં આપ્યું છે. એનો રાજ્યકાળ ઈ. પૂર્વે ૫૨૯-૫૨૨ હતો. એ પછી સ્મરદીસ (ઈ. પૂર્વે ૫૨૨-૫૨૧). એ બહુ ટૂંકો સમય રાજ્ય કરી શક્યો, એટલે ઈરાનના રાજાઓમાં એની ગણતરી મોટે ભાગે કરવામાં આવતી નથી. એના પછી દાર્યાવેશ (દારિયસ હિસ્ટાપસ) થયો (ઈ. પૂર્વે ૫૨૧-૪૮૫). બાઈબલમાં આપેલો "ચોથો" રાજા ઝર્કસીસ (ઈ. પૂર્વે ૪૮૫-૪૬૫). એ દારિયસ હિસ્ટાપસનો પુત્ર હતો. જેમ બાઇબલ (૧૧:૨) માં આપ્યું છે તેમ, એ બહુ દ્રવ્યવાન હતો. **'તે પોતાના દ્રવ્ય વડે બળવાન થઈને યાવાન ગ્રીસના રાજ્યની વિરુદ્ધ બધાને ઉશ્કેરશે.'** (૧૧:૨).

'તે' એટલે 'ચોથો રાજા' અથવા આપણે ઉપર જોયો તે ઝર્કસીસ રાજા. એની પાસે અઢળક દ્રવ્ય હતું, અને એ વડે તેણે મોટું લશ્કર જમાવ્યું

હતું. અને આ દ્રવ્યને જોરે એણે ગ્રીસ રાજ્યની વિરુદ્ધ ઈરાનને ખૂબ ઉશ્કેર્યું. ઈરાને ગ્રીસ સામે ચઢાઈ કરી (ઈ. પૂર્વે ૪૮૦), પણ એને જીતી શક્યું નહિ.

**'એક પરાક્રમી રાજા ઊભો થશે, તે મહા પ્રતાપથી રાજ ચલાવશે,'** (૧૧:૩).

આ પરાક્રમી રાજા તે મહાન એલેકઝાન્ડર (સિકંદર). બાઈબલમાં અમુક અમુક મુખ્ય વ્યક્તિઓ (બાઈબલના ઈતિહાસને સ્પર્શતી વ્યક્તિઓ) વિશે જ આપવામાં આવ્યું હોય છે, એમ ઈરાનના ઈ. પૂર્વે ૪૬૫ પછીના રાજાઓની નામાવળી ન આપતાં, ૧૫૦ વર્ષ પછીના મહાન એલેકઝાન્ડરની વાત આપવામાં આવી છે. એનો રાજ્યકાળ ઈ. પૂર્વે ૩૩૬ થી ૩૨૨ નો હતો. તે ગ્રીસ રાજ્યનો હતો, અને આખા વિશ્વસામ્રાજ્યને તેણે માદી અને ફારસી રાજાઓ પાસેથી જીતી લીધું હતું.

**'જ્યારે તે ઊભો થશે ત્યારે તેનું રાજ્ય ભાંગી પડશે, ને આકાશના ચાર વાયુ તરફ તેના વિભાગ પડી જશે. પણ તે રાજ્ય તેના સંતાનને [મળશે] નહિ.....'** (૧૧:૪).

આ પણ મહાન એલેકઝાન્ડરની વાત છે. માત્ર દશ જ વર્ષમાં તેણે દુનિયા જીતી લીધી. પણ તેની ૩૩ વર્ષની ભરજુવાનીમાં તે બીમાર પડીને (તાવથી) બાબિલોનમાં મરણ પામ્યો. અને અગાઉ આપણે જોયું તેમ તેના પુત્રને ગાદી મળી નહિ, પણ તેના રાજ્યના ચાર સરદારોએ તેનું રાજ્ય ચાર ભાગ પાડીને વહેંચી લીધું. માસેડોનિયા, સિરિયા, થ્રેસ, અને ઈજિપ્ત (મિસર). એલેકઝાન્ડરના પુત્રને મારી નાખવામાં આવ્યો.

**'દક્ષિણનો રાજા'** ૧૧:૫. ૧૪ ઇત્યાદિ.

મિસર (ઈજિપ્ત) ના ટોલેમી રાજાઓ.

**'ઉત્તરનો રાજા'** ૧૧:૬, ૭ ઇત્યાદિ.

સિરિયાના રાજાઓ.

**દાનિયેલ ૧૧: -૨૦**

આ બધી કલમોમાં દક્ષિણના રાજાઓ એટલે મિસરના રાજાઓ ટોલેમીઓ વચ્ચે અને ઉત્તરના એટલે સિરિયાના રાજાઓ સેલ્યુકી

વચ્ચેના સંઘર્ષો વિશે આપવામાં આવ્યું છે.

**૧૧:૫.** મિસરનો રાજા ટોલેમી પહેલો. એનો એક સરદાર સેલ્યુકસ પહેલો નિકાતોર હતો. આ ટોલેમી પહેલાનું રાજ્ય, છેવટના ભાગમાં, પાલેસ્તાઈનથી ભારત સુધી હતું.

**૧૧:૬.** મિસરના ટોલેમી બીજાએ પોતાની દીકરી સિરિયાના અંત્યોખસ પહેલા સાથે પરણાવી. પણ અંત્યોખસે તેને ત્યજી દીધી, અને પાછળથી એને મારી નાખી.

**૧૧:૭-૮.** મિસરના ટોલેમી ત્રીજાએ ઈ. પૂર્વે ૨૪૬માં સિરિયા ઉપર ચઢાઈ કરી.

**૧૧:૯-૧૩.** ઈ. પૂર્વે ૨૨૩ થી માંડીને ઈ. પૂર્વે ૨૦૦ સુધીના ગાળામાં મિસરના રાજાઓ ટોલેમીઓને અને સિરિયાના રાજાઓ સેલ્યુસીડોને એકબીજાની સાથે વારંવાર થતાં યુદ્ધો.

**૧૧:૧૫-૨૦.** સિરિયાના રાજા મહાન અંત્યોખસ ત્રીજાએ મિસરના લશ્કરને સિરિયાના સિદોન આગળ હરાવ્યું (૧૫-૧૬). પાછળથી તેણે મિસરના રાજા ટોલેમી પાંચમા સાથે સંધિ કરી, અને પોતાની દીકરીને ટોલેમી પાંચમા સાથે પરણાવી. મહાન અંત્યોખસ ત્રીજાએ એશિયા માઈનરનો કંઠારપ્રદેશ ખાલસા કર્યો, અને ગ્રીસ ઉપર ચઢાઈ કરી, પણ તે તેમાં ફાવ્યો નહિ (કલમ ૧૮). ઈ. પૂર્વે ૧૯૦માં રોમનોએ તેને મેગ્નેસિયા આગળ હરાવ્યો, અને તેની પાસે બળજબરીથી ખંડણી ભરવાનું કબૂલાવ્યું. એ પછી ટૂંકમાં જ આ મહાન અંત્યોખસ ત્રીજો મૃત્યુ પામ્યો (કલમ ૧૯). એના પછી એનો પુત્ર સેલ્યુકસ ચોથો (જે ફિલોપાતર તરીકે ઓળખાય છે) તે ગાદી પર આવ્યો.

**'પછી તેની જગાએ એક એવો ઊભો થશે કે જે જુલમથી કર લેનારને એ પ્રતાપી રાજ્યમાં સર્વત્ર ફેરવશે,** .....૧૧:૨૦.

મહાન અંત્યોખસના પુત્ર સેલ્યુકસ ફિલોપાતરની આ વાત છે. એના પિતાને ભારે ખંડણી ભરવી પડતી હતી, તેથી ભારે કર ઉઘરાવવાની કામગીરી એણે કરવી પડતી હતી. એ પોતે રાજા થયો ત્યારે ભારે નાણાંભીડને કારણે એણે પોતાના રાજ્યના ખજાનચી (હેલિયોડોરસ)ને યરુશાલેમ મોકલ્યો, એ માટે કે યરુશાલેમના મંદિરનો બધો ખજાનો

જપ્ત કરીને લઈ આવે.

**'એક પ્રતાપી રાજ્યમાં સર્વત્ર ફેરવે'.** ૧૧:૨૦

આ પ્રતાપી રાજ્યને યહૂદી પ્રજા. અને ઉપર જોયું તેમ સેલ્યુકસ ફિલોપાતરે પોતાના ખજાનચીને યરુશાલેમના મંદિરનો ખજાનો જપ્ત કરી લાવવા મોકલ્યો.

**'પણ થોડા જ દિવસોમાં તે નાશ પામશે, તે વળી ક્રોધથી નહિ, તેમ લડાઈથી પણ નહિ.'** ૧૧:૨૦.

આ સેલ્યુકસ ફિલોપાતરે ખજાનચીને યરુશાલેમ મોકલ્યા પછી થોડા જ દિવસોમાં કોઈએ તેને બહુ ગુહ્ય રીતે ઝેર આપીને મારી નાખ્યો. એમ તે ક્રોધથી વધ નથી કરાયો કે, લડાઈમાં મૃત્યુ નથી પામ્યો, પણ ચુપકીદીથી ઝેર દેવાઈને મારી નંખાયો.

**'તેની જગાએ એક તિરસ્કારપાત્ર પુરુષ ઊભો થશે,'** ૧૧:૨૧.

સિરિયાના એક રાજા અંત્યોખસ એપિફાનસ વિશે આ ઉલ્લેખ છે. આ ૧૧:૨૧ - ૩૫ કલમોમાં એના વિશે જ લખવામાં આવ્યું છે. એ અગાઉ સિરિયાના રાજા મહાન અંત્યોખસનો નાનો પુત્ર હતો. એ ધૂની, ક્રોધી, ઘાતકી અને સ્વભાવે જંગલી હતો. અધમ અને અકુદરતી એવી પાશવી વૃત્તિઓવાળો માણસ હતો.

**'જેને રાજ્યપદ આપવામાં આવ્યું નહોતું, પણ તે નિર્ભય વખતમાં આવીને ખુશામતથી રાજ્ય પ્રાપ્ત કરશે.'** ૧૧:૨૧.

આ અંત્યોખસ એપિફાનસ નાનો પુત્ર હોવાથી રાજગાદી ઉપર તેનો હક્ક નહોતો. પણ એના મોટા ભાઈના પુત્ર દેમેત્રીઅસનો હક્ક હતો. પણ પેર્ગામમના રાજા યુમેનસની સલાહ અને સહાયથી, તેમ જ એના ભાઈ અત્તાલસની મદદથી તે રાજ્ય મેળવી લેવામાં સફળ બન્યો.

**''તેની આગળથી લોકો રેલ [જેવા] બળથી ઘસડાઈ જશે''** ૧૧:૨૨. ઉપરના બે જણની સહાયથી અંત્યોખસના શત્રુઓ ઘસડાઈ ગયા.

**'તેના કરારમાં દાખલ થયેલો સરદાર પણ [નાશ પામશે]. તેની સાથે સંપ કર્યા પછી તે કપટ કરશે.'** ૧૧:૨૨ - ૨૩.

કરારમાં દાખલ થયેલો સરદાર તે યહૂદીઓનો વડો યાજક

ઓનેયસ ૩ જો. તેને અંત્યોખસ એપિફાનસ એ પદ પરથી ઉઠાડી મૂકશે. એણે પેર્ગામમના રાજા યુમેનસને તેમ જ અત્તાલસને દગો દીધો હતો.

**'કિલ્લાઓની વિરુદ્ધ'** ૧૧:૨૪.

મિસરના ત્રણ કિલ્લાઓ અંત્યોખસ એપિફાનસે જીતી લીધા હતા. **'દક્ષિણનો રાજા'** એટલે મિસરના ટોલેમી મોટું લશ્કર લઈને સામે થશે, પણ તે હારી જશે. એ સમયોમાં મિસરના રાજાઓ ટોલેમી તરીકે ઓળખાતા હતા. આ ટોલેમી તે ટોલેમી ફિલોમિતર નામનો હતો.

**'એ બંને રાજાઓના મનમાં ઉપદ્રવ કરવાનો વિચાર હશે, એક મેજ પર [બેસીને] તેઓ જૂઠું બોલશે; પણ તેમાં તેઓ ફાવશે નહિ;'** ૧૧:૨૭.

આ બંને રાજાઓ તે સિરિયાનો રાજા અંત્યોખસ એપિફાનસ અને મિસરનો રાજા ટોલેમી ફિલોમિતર. બંને જણ એકબીજાને સહાયરૂપ થવાની જ વાતો કરતા હતા, પણ અંત્યોખસ છળથી મિસરનો એલેકઝાન્ડ્રિયાનો કિલ્લો લેવા ખાબક્યો, જ્યારે ફિલોમિતરે પોતાના ભાઈની સાથે મળી જઈને અંત્યોખસ સામે વિરોધ પોકાર્યો.

**દાનિયેલ ૧૧:૨૮-૩૧**

એમાં અંત્યોખસ એપિફાનસ વિશે, અને યહૂદીઓ સાથેનો તેનો તુમાખીભર્યો અને છળકપટવાળો વર્તાવ બતાવ્યો છે.

અંત્યોખસ મિસરમાંથી જિતાયેલું અઢળક દ્રવ્ય લઈને પાછો સિરિયા જશે. પણ રસ્તામાં તેને સમાચાર મળશે કે, યહૂદીઓના વડા યાજક યાસને, અંત્યોખસ એપિફાનસ મૃત્યુ પામ્યો છે એવા ખોટા સમાચાર પામીને યરુશાલેમ સામે બળવો જાહેર કર્યો છે. (વડા યાજકનું પદ લઈ લેવામાં આવ્યું હતું માટે તેણે બળવો કર્યો). અંત્યોખસે આ બનાવને યહૂદીઓનો પોતાની સામેનો બળવો ગણ્યો. પોતાના મૃત્યુના જૂઠા સમાચાર જાણીને યહૂદીઓએ આનંદ પ્રદર્શિત કર્યો હતો તેથી અંત્યોખસ વધુ ખિજાયો. અને યરુશાલેમ સામે હલ્લો કર્યો ૪૦,૦૦૦ યરુશાલેમવાસીઓને મારી નાખ્યા, અને એથીય વધુ લોકોને ગુલામો તરીકે વેચી દીધા, અને યરુશાલેમના મંદિરને લૂંટી લઈને મંદિરનો અઢળક ખજાનો લૂંટી લઈ ગયો. (આ બધા વિશેનું વિશેષ વૃત્તાંત ૨ મક્કાબી

૫:૧૧ - ૨૧ માંથી વાંચો : 'સંપૂર્ણ બાઇબલ').

**'પવિત્ર કરાર' એટલે યરુશાલેમનું મંદિર.'**

અંત્યોખસ એપિફાનસનો રાજ્યકાળ ૧૭૫ - ૧૬૪ ઈ. પૂર્વે હતો. તે ઈ. પૂર્વે ૧૬૮માં ફરી મિસર ઉપર હલ્લો લઈ ગયો, પણ રોમન ધમકીને લઈને તેને પાછા ફરવું પડ્યું. એણે ચઢેલો ગુસ્સો યહૂદીઓ ઉપર ઠાલવ્યો, અને ભયંકર રીતે યહૂદીઓનો કચ્ચરઘાણ વાળી દીધો, યરુશાલેમના મંદિરમાં ભૂંડો વધેર્યાં, અને મંદિરમાં ઝીયુસ દેવની મૂર્તિ બેસાડી. એપિફાનસે મંદિરનાં યજ્ઞયાગ ('નિત્યનું દહનિયાર્પણ') બંધ કરાવ્યાં, યહોવાની વેદી ઉપર જ ગ્રીક દેવ ઝીયુસની મૂર્તિની પૂજા માટેની વેદી બનાવડાવી, અને ત્યાં ભૂંડો વધેર્યાં. **''વેરાનકારક ધિક્કારપાત્ર વસ્તુ (મૂર્તિ) ત્યાં ઊભી કરશે''** ૧૧:૩૧ એનો એ જ અર્થ થયો. યહૂદીઓએ આ બધી બાબતોનો જબરો વિરોધ કર્યો હતો. એવામાં અંત્યોખસ એપિફાનસ લશ્કર લઈને ઈરાનના મુલકો જીતવા ચાલી નીકળ્યો. પણ તેને ખબર મળ્યા કે યહૂદીઓના દેશમાં મક્કાબી ભાઈઓની આગેવાની નીચે એની સામે મોટો બળવો ફાટી નીકળ્યો છે. તે બાબિલોનમાં આરામ કરતો હતો ત્યાં તેને આ સમાચાર મળતાં તે હૃદયભંગ બનીને નિરાશાભરી સ્થિતિ (ઈ. પૂર્વે ૧૬૪)માં મૃત્યુ પામ્યો.

અગિયારમા અધ્યાય (કલમ ૧ થી ૩૧ સુધી) ની ઉપર જણાવી તે બધી વાતો દાનિયેલના જીવનકાળ દરમિયાન ભવિષ્યકથનરૂપે અગાઉથી કહેવામાં આવી હતી. અને એના સમયોમાં એ બધી અગમવાણીઓ અક્ષરશઃ સાચી પડી, અને એ જ પ્રમાણે બન્યું. અગાઉ એ અગમવાણીઓ હતી, હવે તે ઇતિહાસ બની ગયો છે.

**દાનિયેલ ૧૧:૩૨ - ૩૩**

કેટલાક યહૂદીઓ અંત્યોખસની ખુશામતના ભોગ બનશે, તેઓ ઇશ્વરવિરોધી બનીને અંત્યોખસની યોજનાઓને સાથ આપશે. પણ ઈશ્વરને વફાદાર એવા યહૂદીઓ એનો વિરોધ કરશે. પણ અંત્યોખસ તેઓનો સંહાર કરશે.

**દાનિયેલ ૧૧:૩૪ - ૪૫**

આ આખો વિભાગ પ્રભુ ઈસુના પુનરાગમનના સમયમાં આવનાર

**ખ્રિસ્તવિરોધી** વિશે વર્ણન કરે છે. પ્રકટીકરણના ૧૩ મા અધ્યાયમાં જે શ્વાપદ (ખ્રિસ્તીવિરોધી) વિશે લખવામાં આવ્યું છે, તે આ **ખ્રિસ્તવિરોધી.** તે પોતાને ઈશ્વર કરતાં મોટો ગણાવશે (જુઓ ૨ થેસ્સા. ૨:૪. પ્રકટી. ૧૩:૫-૬). કલમ ૩૮ સૂચવે છે કે તે **ખ્રિસ્તવિરોધી**નો દેવ લશ્કરી સત્તા અને લશ્કરી બળ હશે. કલમ ૩૯માં સૂચવેલો "પારકો દેવ" એટલે શેતાન. બાઇબલમાં શેતાનને "આ જગતનો દેવ" કહેલો છે (૨ કોરિંથી ૪:૪). તે પોતાની આરાધના કરનારાંને મુખ્ય મુખ્ય સ્થાને સ્થાપશે, અને આગેવાની સોંપશે; પણ પ્રભુના લોકોને ઘણા હેરાન કરશે, અને મારી પણ નાખશે. કેટલાક બાઇબલ-અભ્યાસકો આ વ્યક્તિને અંત્યોખસ એપિફાનસ તરીકે ઓળખાવે છે. પણ અંદર આપેલા વર્ણન સાથે એ સૂચન બંધબેસતું લાગતું નથી.

**૩. બારમો અધ્યાય**

**રૂપરેખા :** ઇઝરાયલ વિશેનાં ભવિષ્યવચન ૧૨:૧-૧૩.

ક. મહા વિપત્તિ ૧૨:૧.

ખ. પુનરુત્થાનો ૧૨:૨-૩.

ગ. દાનિયેલને ઈશ્વરનો આખરી સંદેશો ૧૨:૪-૧૩

**સમજૂતી :**

**૧૨:૧. "તે સમયે".** મહા વિપત્તિને સમયે (માથ્થી ૨૪:૨૧). પ્રભુ ઈસુ પોતાની મંડળીને લેવા ગગનમાં ઊતરશે, અને મંડળી ગગનમાં ઊંચકાઈ જશે ત્યાંથી માંડીને સાત વર્ષને અંતે પ્રભુ ઈસુ પોતાના લોકોની સાથે ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે, તે દરમિયાનનાં સાત વર્ષની અધવચથી, એટલે કે સાડાત્રણ વર્ષ પછી આખી પૃથ્વી પર મહા વિપત્તિ આવી પડશે. અને ખાસ કરીને યહૂદી પ્રજા "યાકૂબના સંકટનો સમય" અનુભવશે, અને મહા ભયંકર યાતનાઓમાંથી પસાર થશે તે સમયનો અહીં ઉલ્લેખ છે. પ્રકટીકરણ ૧૨મા અધ્યાયમાં એ વિશે લખવામ આવ્યું છે. વળી પ્રકટીકરણ ૧૨:૭માં મીખાએલ શેતાનની સામે યુદ્ધ કરશે.

**૧૨:૨. પુનરુત્થાનો :** "અને જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે તેઓમાંના ઘણા જાગી ઊઠશે; કેટલાક અનંતજીવનમાં દાખલ થશે, અને કેટલાક અનંતકાળ માટે લજ્જિત અને ધિક્કારપાત્ર થશે."

આ કલમમાં પુનરુત્થાનની વાત છે. પહેલી નજરે કેટલાકને આ કલમમાં સૌના સમગ્ર ભેગા પુનરુત્થાન જેવું લાગે છે. એટલે કે ન્યાયીઓ તેમજ દુષ્ટો એકસામટા ઊઠશે, અને ન્યાયીઓ "અનંતજીવનમાં દાખલ થશે," જ્યારે દુષ્ટો "અનંતકાળ માટે લજ્જિત અને ધિક્કારપાત્ર થશે."

પણ આ કલમમાં સૌનું સમગ્ર ભેગું પુનરુત્થાન સૂચવ્યું જ નથી. કલમમાં સ્પષ્ટ બતાવ્યું છે કે, "પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે **તેઓમાંના** ઘણા જાગી ઊઠશે," એટલે કે મૃત્યુ પામેલા બધા જ ઊઠશે એમ નહિ, પણ એમાંના **કેટલાક** જાગી ઊઠશે. અહીં ખ્રિસ્તના લોકોના પહેલા પુનરુત્થાનની વાત છે. "પણ દરેકને પોતપોતાને અનુક્રમે : ખ્રિસ્ત પ્રથમફળ; ત્યાર પછી જેઓ ખ્રિસ્તના છે **તેઓને** તેના આવવાની વેળાએ સજીવન કરવામાં આવશે" (૧ કોરિંથી ૧૫:૨૩). આ પહેલું પુનરુત્થાન છે. એ વિશે (૧ થેસ્સા. ૪:૧૬-૧૭. પ્રકટી. ૨૦:૪-૬). પ્રકટીકરણ ૨૦:૫ તો સ્પષ્ટ કરી દે છે કે, "મૂએલાંમાંના જેઓ બાકી રહ્યા તેઓ તે હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતા થયા નહિ." પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધી ખ્રિસ્ત રાજ્ય કરશે તે પછી બાકીનાં મૂએલાં, એટલે કે 'દુષ્ટો અને ઈશ્વરને વીસરનારાં' મૃત્યુમાંથી ઊઠશે, અને તેઓ અનંતકાળના નાશમાં જશે.

**૧૨:૩. 'સુજ્ઞો'** તે સમયે **ખ્રિસ્તવિરોધી**ની છેતરપિંડીને પારખી કાઢશે, એટલું જ નહિ, પણ બીજાંઓને પણ સત્યમાં દોરી લાવશે. તેઓને અનંતકાળમાં પ્રભુ પોતે બદલો આપશે.

**૧૨:૪, ૮, ૯.** આ કલમો બતાવે છે કે અંતના સમય,વિશે આ ભવિષ્યકથન છે. દાનિયેલના નજદીકના સમયમાં આ બધું બનનાર નથી. એટલે આ ભવિષ્યવાણી ઉપર મુદ્રા મારીને અંતકાળ માટે રાખી મૂકવા દાનિયેલને કહેવામાં આવ્યું. **'તું તારે રસ્તે ચાલ્યો જા,'** એટલે દાનિયેલ પણ એના પિતૃઓની જેમ મૃત્યુની ઊંઘમાં પડશે.

**"ઘણાઓ અહીંતહીં દોડશે, ને જ્ઞાનની વૃદ્ધિ થશે."** અંતના સમયમાં દુનિયાનું જ્ઞાન ઘણું વધી જશે. અને જ બનવા માંડયું છે. દુનિયાના તમામ પ્રકારના જ્ઞાનમાંથી અર્ધા ઉપરાંતનું જ્ઞાન માત્ર છેલ્લાં ૧૫-૧૭ વર્ષમાં જ ઉપલબ્ધ બન્યું છે. આદમથી માંડીને થઈ ગયેલા

બધા વિજ્ઞાનીઓના ૯૦ ટકા વિજ્ઞાનીઓ હાલમાં છે. ચંદ્ર પર પહેલ વહેલું ઉતરણ ૧૯૬૯માં થયું. શનિ, મંગળ અને શુક્ર તરફ અવકાશયાનો હમણાં જ મોકલ્યાં. શરીરના જુદા જુદા અવયવોનું એક શરીરમાંથી કાઢીને બીજાના શરીરમાં રોપણ કરી શકાય છે. દા. ત. હૃદય, કીડની, આંખનો ડોળો, ઈત્યાદિ. ખરેખર આ છેલ્લા જમાનામાં જ્ઞાનની પુષ્કળ વૃદ્ધિ થઈ છે.

**''ઘણા અહીંતહીં દોડશે.''** હિબ્રૂમાં લખાયેલા આ શબ્દોમાં કંઈક એવો અર્થ સમાયેલો છે કે માણસોની મુસાફરી અને એની ગતિ અનેકગણી વધી જશે. બોઈંગ અને જેટ વિમાનો, જમ્બો જેટ, 'સુપર ફાસ્ટ ટ્રેનો,' હવા ઉપર સરકતી ટ્રેનો, એક જ દિવસમાં ભારતથી ન્યુયોર્ક અને પાછા ભારત એમ ઉડ્ડયન કરી શકાય તેવાં વિમાનો - આ બધું બતાવે છે કે માણસોની મુસાફરી અને એની ગતિ, કેટલી બધી વધી ગઈ છે ! આ બધાં અંત સમયનાં ચિહનો છે.

**૧૨:૭. 'કાળ, કાળો, ને અડધા કાળ સુધીની.'** કાળ એટલે એક વર્ષ, કાળો એટલે બે વર્ષ, અને અડધો કાળ એટલું અર્ધું વર્ષ,- એમ સાડાત્રણ વર્ષ થયાં. પ્રકટીકરણ ૧૨:૧૪માં આપેલો ''સમય, સમયો, ને અડધો સમય,'' - એ પણ સાડાત્રણ વર્ષ થયાં. અને એ જ સમયને માટે બંને ચીંધે છે. વળી પ્રકટીકરણ ૧૨:૬માં ''બારસો સાઠ'' દિવસ આપ્યા છે તે પણ એ જ સમય સૂચવે છે. યહૂદી ધાર્મિક વર્ષ ૩૬૦ દિવસનું હોઈને ૧૨૬૦ દિવસ એટલે સાડાત્રણ વર્ષ થયાં. વળી પ્રકટીકરણ ૧૩:૫માં ''બેંતાળીસ મહિના'' બતાવ્યા છે, તે પણ સાડાત્રણ વર્ષ, અને એ જ સમય વિશે કહે છે. છેલ્લાં સાત વર્ષ ( દાનિયેલ ૯:૨૭ના છેલ્લા સિત્તેરમા અઠવાડિયા) નો પાછલો અડધો ભાગ દર્શાવે છે.

**''અને જ્યારે તેઓ પવિત્ર પ્રજાના બળનું ખંડન કરી રહેશે, ત્યારે આ બધી બાબતો સમાપ્ત થશે.'' 'પવિત્ર પ્રજા'** એટલે યહૂદીઓ. ઉપર જણાવેલાં છેલ્લાં સાડાત્રણ વર્ષમાં યહૂદીઓને **ખ્રિસ્તવિરોધી** પુષ્કળ સતાવશે અને ત્રાહે ત્રાહે પોકરાવશે. એ પ્રજાની સામે લડવા દુનિયાની બધી પ્રજાનાં લશ્કરોને યહૂદીઓની સામે લડવા **ખ્રિસ્તવિરોધી** એકત્ર કરશે. યહૂદીઓ બળહીન અને અસહાય બની

જશે. એ પછી પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરીને ખ્રિસ્તવિરોધીનો નાશ કરશે. ત્યારે સાડાત્રણ વર્ષ તેમ જ એ સમય માટેનાં ભવિષ્ય કથનો પૂરાં થશે.

**૧૨:૧૧. ''નિત્યનું [દહનિયાર્પણ] બંધ કરવામાં આવશે, ને [તેની જગાએ] વેરાનકારક ધિક્કારપાત્ર વસ્તુ ત્યાં રાખવામાં આવશે તે વખતથી એક હજાર બસો નેવું દિવસ થશે.''**

**'નિત્યનું દહનિયાર્પણ,'** એટલે યરુશાલેમના મંદિરમાં દરરોજ સવારમાં અને સાંજે વેદી ઉપર જે બલિદાનો અને અર્પણો ચઢાવવામાં આવતાં હતાં તે. સાંજનું બલિદાન બપોર પછી ત્રણ વાગે ચઢાવવામાં આવતું. **ખ્રિસ્તવિરોધી** આવીને મંદિરનાં અર્પણો અને બલિદાનો બંધ કરાવશે (સાડાત્રણ વર્ષના ગાળામાં).

**'વેરાનકારક ધિક્કારપાત્ર વસ્તુ.'** 'ખ્રિસ્તવિરોધી' બલિદાનો તથા અર્પણો બંધ કરાવશે, અને એ બધાંને સ્થાને પોતે પોતાની મૂર્તિ મંદિરમાં ઊભી કરશે. એ જ વાત દાનિયેલ ૮:૧૨. ૯:૨૭. ૧૨:૧૧. અને માથ્થી ૨૪:૧૫, એ બધે આ વિશેની વાત આપવામાં આ છે.ખ્રિસ્તવિરોધી પોતાનું ભજન સૌની પાસે કરાવશે.

**'૧૨૯૦ દિવસ', અને '૧૩૩૫ દિવસ.'** ૧૨:૧૧,૧૨.

આ દિવસોની ગણતરી 'નિત્યનું દહનિયાર્પણ' બંધ કરાવવામાં આવે અને ખ્રિસ્તવિરોધી મંદિરમાં બેસે ત્યારથી શરૂઆત કરવાની છે, એટલે કે 'સિત્તેરમાં અઠવાડિયા (૭ વર્ષ) ની અધવચથી ગણવાની છે. અગિયારમી કલમના ૧૨૯૦ દિવસ તેમાં સાડાત્રણ વર્ષ (૧૨૬૦ દિવસ) પછી વધારાના ૩૦ દિવસ છે. સાડાત્રણ વર્ષ (૧૨૬૦ દિવસ)ને અંતે પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઊતરશે એ પછી તે પ્રજાઓનો ન્યાય કરશે (માથ્થી ૨૫:૩૧-૪૬. યોએલ ૩:૧-૨. અને ઝખાર્યા ૧૪:૧૨). એ બધા માટે આ વધારાના ૩૦ દિવસ છે.

કલમ ૧૨ ના **૧૩૩૫ દિવસ,** - ઉપર જણાવ્યાં તે સાડાત્રણ વર્ષ (અથવા ૧૨૬૦ દિવસો) પછી વધારાના ૭૫ દિવસ (૧૩૩૫ - ૧૨૬૦ = ૭૫) એ પ્રભુ ઈસુ સહસ્ત્રાબ્દી (૧૦૦૦ વર્ષનું) રાજ્ય સ્થાપે તે દિવસ સુધીના છે. બારમી કલમમાં કહ્યું છે કે,

**"જે વાટ જુએ છે, ને એક હજાર ત્રણસો પાંત્રીસ દિવસ સુધી નભી રહેશે, તેને ધન્ય છે."** એટલે કે પ્રભુ ઈસુ સહસ્ત્રાબ્દી (૧૦૦૦ વર્ષનું) રાજ્ય સ્થાપે તે સમયે જે હયાત હશે તે બધા એ સહસ્ત્રાબ્દી રાજ્યમાં પ્રવેશ પામશે. માથ્થી ૨૫:૩૧-૪૬ માં આપેલા પ્રજાઓના ન્યાયકાળમાં ડાબા હાથની 'બકરાંરૂપી પ્રજાઓ'ને પ્રભુ ઈસુ કહેશે કે, "ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ." એમ, એ 'બકરાંપ્રજા' નાશમાં જશે. પણ જમણી તરફની 'ઘેટાંરૂપ પ્રજાઓ'ને પ્રભુ ઈસુ કહેશે કે, "મારા બાપના આશીર્વાદિતો, આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો." આ બચેલી 'ઘેટાંપ્રજા' તેમ જ તે સમયે હયાત યહૂદીઓ સહાસ્ત્રાબ્દી (૧૦૦૦ વર્ષના) રાજ્યના વારસદાર બનશે. અને તેઓને "ધન્ય છે" એમ કહેવામાં આવ્યું છે. **"જે વાટ જુએ છે,"** એટલે પ્રભુ ઈસુના આકાશના રાજ્યને માટે ઝંખે છે, શોધે છે, અને વાટ જુએ છે, અને એમાં પ્રવેશવા માટે પોતાને તૈયાર રાખે છે, તેઓ ધન્યતાને પાત્ર છે. એટલે જ પ્રભુ ઈસુએ કહ્યું : "પણ તમે પહેલાં **તેના રાજ્યને** તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે" (માથ્થી ૬:૩૨).

**૧૨:૧૩. "પણ અંત આવે ત્યાં સુધી તું તારે માર્ગે ચાલ્યો જા; કેમ કે તું વિશ્રામ પામશે, ને તે મુદતને અંતે તું તારા હિસ્સા [ના વતન] માં ઊભો રહેશે."**

"તું તારે માર્ગે ચાલ્યો જા, કેમ કે તું વિશ્રામ પામશે," દાનિયેલ મૃત્યુ પામશે, અને શાંતિમાં પ્રભુમાં ઊંઘી જશે.


**"ને તે મુદતને અંતે તું તારા હિસ્સાના વતનમાં ઊભો રહેશે,"** એટલે કે ખ્રિસ્તમાં મૂએલાંનું પુનરુત્થાન થશે ત્યારે દાનિયેલ પણ મૃત્યુમાંથી સજીવન થઈને ઊઠશે. "તારા હિસ્સાના વતનમાં ઊભો રહેશે," એટલે કે સહસ્ત્રાબ્દી (એક હજાર વર્ષના) રાજ્યમાં યહૂદી પ્રજાને પોતપોતાનાં કૂળો પ્રમાણે દેશનો હિસ્સો મળશે, તેમાં દાનિયેલ પણ પોતાના હિસ્સામાં વસશે. એક હજાર વર્ષના રાજ્ય (સહસ્ત્રાબ્દીના રાજ્ય)માં ઇઝરાયલનાં કુળોને પ્રત્યેકને વતન ફાળવવામાં આવશે.


(જુઓ હઝકિયેલ ૪૭:૧૩ - ૪૮:૩૫). પુનરુત્થાન પામેલો દાનિયેલ પ્રભુએ પોતે ઠરાવી આપેલા પોતાના હિસ્સાના વતનમાં રહેશે. આ તો માત્ર એક હજાર વર્ષ (સહસ્ત્રાબ્દી) ના રાજ્યની વાત થઈ. નવા આકાશ, નવી પૃથ્વી અને નવા યરુશાલેમમાં તો પરમકૃપાળુ પરમેશ્વરની કેવી અજાયબ વ્યવસ્થા અનંતકાળ માટે હશે!


પ્રભુ ઈસુએ કેવું પરમ મધુરું વચન આપ્યું છે! - "હું તમારે માટે રહેઠાણ તૈયાર કરવાને જાઉં છું....હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો."

**આમીન, હે પ્રભુ ઈસુ, તમે વહેલા આવો.**

Δ


૧
દાનિયેલનાં ૭૦ અઠવાડિયાં
૭ અઠવા.
૬૨ અઠવાડિયાં
૪૯ વર્ષ યરુશાલેમ ફરી બંધાયા સુધી
૪૩૪ વર્ષ અભિષિક્ત સરદાર સુધી
૬૯મા અને ૭૦મા અઠવાડિયા વચ્ચેનો ગાળો
મંડળીનો યુગ
દાનિયેલનું સિત્તેરમું અઠવાડિયું
અઠ.ની મધ્યવયમાં
૪૨ માસ
૧૨૬૦ દિવસ
કાળ, કાળો, અર્ધો કાળ
૩½ વર્ષ
પ્રાગટય



૨
બાબિલોન સોનું
માદી - ફારસી રૂપું
ગ્રીસ પિત્તળ
રોમ લોખંડ
333
63
31
વિદેશીઓના સમયો (લૂક ૨૧:૨૪)
દિવસો
૭૦મું અઠવાડિયું



૩
૪૯૦ વર્ષ
કનાનથી રાજ્ય-સ્થાપના
૪૯૦ વર્ષ
રાજ્યકાળથી બંદિવાસ સુધી
૪૯૦ વર્ષ
૭૦ અઠવાડિયાનો રહસ્યમય કાળ. દાનિયેલ ૯:૨૪-૨૭
ઈઝરાયલ
પડદિયા
૭૦મું અઠવાડિયું
૧૦૦૦ વર્ષ
ઈ.પૂ. 1500
1400
1300
1200
1100
1000
900
800
700
600
500
400
300
200
100
ઈ.સ.1
32

## ચાર્ટની સમજૂતી

ઈ. પૂર્વે

૧૫૮૫ યહૂદીઓનો કનાનમાં પ્રવેશ (૪૦ વર્ષની અરણ્યમાં મુસાફરી પછી)

૧૦૯૬ યહૂદીઓનું રાજ્ય સ્થપાયું, અને શાઉલ પહેલો રાજા થયો.

૧૦૫૬ દાઉદ ગાદી પર આવ્યો.

૧૦૧૬ સુલેમાન ગાદી પર.

૯૭૬ ઈઝરાયલનાં ૧૦ કૂળો છુટાં થયાં, અને ઈઝરાયલનું અલગ રાજ્ય સ્થાપ્યું.

૯૬૦ થી ૮૧૦ સુધીમાં એલિયા અને એલિશા પ્રબોધકો થયા.

૮૫૦ થી ૭૭૦ સુધીમાં યૂના, યોએલ, આમોસ, અને હોશિયા પ્રબોધકો થયા.

૭૫૦ થી ૭૨૦ સુધીમાં યશાયા અને મિખાહ પ્રબોધકો થયા.

૭૨૧ ઈઝરાયલનું રાજ્ય ખતમ થયું, અને ઈઝરાયલીઓને આશ્શૂરમાં ગુલામો તરીકે લઈ જવામાં આવ્યા.

૬૬૦ થી ૬૦૦ સુદીમાં નાહૂમ, સફાન્યા, યિર્મેયા, હબાક્કૂક, અને હઝકિયેલ પ્રબોધકો થયા.

૬૦૬ યહૂદિયાના રાજ્ય પર નબૂખાદનેસ્સારનો પહેલો હલ્લો. ઘણા યહૂદીઓને બાબિલોનમાં બંદિ તરીકે લઈ જવામાં આવ્યા, – એમાં દાનિયેલ અને એના ત્રણ મિત્રો પણ હતા. ''વિદેશીઓના સમય'' (લૂક ૨૧:૨૪) અહીંથી શરૂ થયા.

૫૮૭ યરુશાલેમનો વિનાશ. નબૂખાદનેસ્સાર મંદિરનાં સોનાનાં પાત્રો અને અઢળક દ્રવ્ય બાબિલોન લઈ ગયો નબૂખાદનેસ્સારનો આ બીજો હલ્લો.

૫૭૦ થી ૫૪૦ના અરસામાં હાગ્ગાય અને ઝખાર્યા પ્રબોધકો થયા.

૫૩૮ ખાલદી બેલ્ટશાસ્સાર પાસેથી માદી–ફારસી રાજાઓએ (કોરેશે) રાજ્ય લઈ લીધું.

૫૩૦ થી ૫૧૫ ના અરસામાં હાગ્ગાય અને ઝખાર્યા પ્રબોધકો થયા.

૫૧૫ પાછા આવેલા યહૂદીઓએ યરુશાલેમનું મંદિર ફરી બાંધ્યું.

૪૪૫ યરુશાલેમની મરામત કરવાનો અને કોટ બાંધવાનો પરવાનો આર્તાહશાસ્તા રાજાએ નહેમ્યાને આપ્યો (નહેમ્યા ૨).

૪૧૦ થી ૪૦૦ ના અરસામાં માલાખી પ્રબોધક થયો.

૩૯૭ પ્રબોધકોનો કાળ બંધ થયો. (દાનિ. ૯:૨૫ નાં પહેલાં સાત અઠવાડિયાં (૪૯ વર્ષ)ને અંતે).

૩૩૩ ઈસસ આગળનું યુદ્ધ. ગ્રીસના મહાન એલેકઝાન્ડરે માદી–ફારસી રાજાઓના હાથમાંથી સામ્રાજ્ય જીતી લીધું.

૧૭૦ સિરિયાના રાજા અંત્યોખસ એપિફાનસે યરુશાલેમ કબજે લીધું.

૧૬૫ યહૂદી મક્કાબી ભાઈઓએ યરૂશાલેમ પાછું મેળવ્યું.

૬૩ યરુશાલેમ રોમનોના હાથમાં આવ્યું. રોમનું સામ્રાજ્ય સ્થપાયું.

૪૦ મહાન હેરોદ યરુશાલેમનો રાજા નિમાયો.

૩૧ એક્ટીયુમનું યુદ્ધ.

ઈ.પૂ. ૪ પ્રભુ ઈસુનો જન્મ.

ઈ.સ. ૩૨ પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બન્યા. (''અભિષિકત સરદાર કાપી નાખવામાં આવ્યો'').

૪૭૬ રોમન સામ્રાજ્ય વિલય પામ્યું.

ઈ.સ. ૧૯૫૮ થી ૧૯૮૧ યુરોપનાં 'દશ રાજ્ય' (E.C.C.) ની સ્થાપના.



## રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો

(ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક - પથદર્શક)

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાર્ધ શતાબ્દી


**પ્રકાશક :** રેવ. હેમંતકુમાર જે. પરમાર સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**મુદ્રક :** સુરમીલ એસ. ક્રિશ્ચિયન
૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.